ગાંધી સ્મૃતિ પુસ્તકાલય

ભાવનગર

અનુક્રમાંક ૧૭૫૨૯

વર્ગાંક
ગ્રંથાંક

કિંમત

તારીખ 30-૧૧-૬૧

ભેટ પ્રો. કાંદી સાકુજ તાસ્કૂથી

17529

17529

श्रीजडग पत्रिका
वर्ष-४

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI-4
17529

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૮૫

અંક ૧ લો
ફાલ્ગુન

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

નરી વાતથી શું થઇ શકે? વાતની પાછળ કામ જોઇએ. હાથ પગ હલાવીને મહેનત કરવી જોઇએ. પણ એકલો ઉદ્યોગ શા ઉપયોગનો ? પ્રવૃત્તિ, પ્રવૃત્તિ, પ્રવૃત્તિ આપણને કયાં લઇ જશે ? ત્યારે ? એની પાછળ વિચાર જોઇશે. સદ્ અસદ્ વિવેક-બુદ્ધિ જોઇશે. આ કાર્ય કરવા યોગ્ય કે નહિ ? આ કાર્ય હિતકર કે અહિતકર ? પણ આ વિવેક-બુદ્ધિ એકલી એકલી ટકી રહેશે બરી ? આ બુદ્ધિની નિર્મળતાનું બળ શામાંથી જન્મશે ? એનું બળ, એનો સાચો ઉપયોગ માનવી માનવી માટેની લાગણીમાંથી જાગશે; મનુષ્ય મનુષ્યનાં દર્દો માટે દુઃખી થશે, તેનાં સુખો સાથે હસશે, તેની નિર્બળતાઓ ઉપર કરુણા પાથરશે, ત્યારે તેનો વિવેક જીવંત થશે. ત્યારે તેમાંથી બરું કર્તવ્ય જાગશે. ત્યારે વાત મટી ક્રિયા થશે. પણ આ બધાની પાછળ પણ કંઇક જોઇશે. હા, પ્રભુકૃપા જોઇશે. પરમ દયાળુ પરમાત્માની દય[illegible]દ જોઇશે.

ચૂમી

બધાં બહારથી ફરીને આવ્યાં ને બાએ કહ્યું: "ચાલો છોકરાંઓ, પગ ધોઈ લ્યો. રસ્તાની ધૂળ લાગી હશે."

બા આરોગ્યની દૃષ્ટિએ નાની નાની બાબતોની સારી કાળજી રાખતાં. રોજ ના આવરાથી બાળકો પણ ગંદકી સ્વચ્છતાનો તફાવત સમજ્યાં હતાં, અને તેમને પણ કેટલીએક ગંદી બાબતો ગમતી નહિ.

બચુએ કહ્યું: "આ રસુનું જરા મ્હોં પણ ધોવરાવજો. એને કાકીએ એમને ત્યાં ગયાં હતાં તે બચી લીધી હતી. કાકીને તાવ આવતો હતો."

રસુએ કહ્યું: "અહીં બચી લીધી હતી. અહીં ધોવું પડશે."

બાળકોએ હાથ મ્હોં ધોઈ નાખ્યાં. હું આ જોઈને મનમાં પ્રસન્ન થયો. ખાસ કરીને મારું ધ્યાન બચુના ઉદ્‌ગાર તરફ ખેંચાયું.

બચુનું કહેવું બરાબર હતું. પછી મારા મનમાં બાળકોને બચી લેવા ન લેવાની બાબતમાં કેટલાએક વિચારો આવી ગયા.

મને લાગ્યું કે ઘણી વાર ગમે તે માણસ સારાં બાળકોને જોઈને બચી લેવા લલચાય છે ને થોડોક પરિચય હોય છે ત્યાં તો બચી લઈ પણ લે છે. આવો તેને અધિકાર છે? ના, નહિ. કોઈના બાળકને બચી લેવાનો બીજાને અધિકાર નથી જ.

કોઈનાં રૂપાળાં બાળકોને જોઈને બચી લેવા કેમ લલચાવાય? એ બાળકો ઉપર આપણી પ્રીતિ તો નથી પણ એના રૂપ ઉપર પ્રીતિ છે. અને રૂપને જ માત્ર બચી લેવાની વૃત્તિનું પૃથક્કરણ આપણે કરી લેવું જોઈએ. કાળીમેશ એવી દીકરીને મા બચી લે છે ત્યાં માતૃપ્રેમ છે. પણ જ્યાં આપણામાં નૈસર્ગિક સ્નેહસંબંધ નથી છતાં રૂપથી આકર્ષાઈ આપણે બચી લેવા દોડીએ ત્યાં તો મનમાં વિચારવું પડે છે. નાનાં બાળકોને આપણે બચી લઈએ ત્યાં તેઓ તો નિર્દોષ જ છે. પણ તેથી આપણે નિર્દોષ છીએ કે નહિ તે જોઈ લેવું જોઈએ.

સગાંસંબંધીને પણ સગાંવહાલાનાં બાળકોને બચી લેવાનો અધિકાર તો ન જ હોય. પ્રેમના પ્રદર્શન રૂપે બાળકોને સગાંઓ બચી લે છે તેના કરતાં એ એક જાતની પ્રેમપ્રદર્શનની ખોટી રૂઢિ છે. એવો પ્રેમ સગાંસંબંધીઓમાં ઊભરાતો ન હોય તો પણ ઘણી વાર સગાંઓને જાણે કે બચી લેવી પડે છે. કેમકે તે એક પ્રકારનું પ્રીતિદર્શનનું કાર્ય છે. અને સગાંસંબંધીઓ પણ પોતાની બચી પાછળ અજાણપણે કેવી માનસિક સ્થિતિમાં હોય છે તે તેમણે ધીરે ધીરે જાણતાં શીખવું જોઈએ.

બચીનો અધિકાર હોય કે ન હોય, બચી પાછળ વિકૃત માનસ હોય કે ન હોય, છતાં બચી લેતા પહેલાં આરોગ્યની દૃષ્ટિને કદિ પણ ભૂલવી ન જોઈએ. સગી મા પણ જો પોતાને ક્ષયરોગ હોય તો તે પોતાના બાળકને ભૂલે ચૂકે પણ બચી ન જ લઈ શકે. તે બચી લઈને પોતાનો રોગ બાળકને આપે તેવું ખરાબ કામ બીજું કયું હોઈ શકે? અને બચી દ્વારા રોગો ફેલાય છે એ બાબતમાં આજે ડાક્તરોનો મત મજબૂત છે. કેટલાંયે બાળકોના રોગો બચી દ્વારા જ ફેલાય છે.

માબાપનો પ્રીતિનો ઉભરો બચીથી શમે છે. બચી એ એક કુદરતની બક્ષીશ છે. ઉછળતા હૈયાનો આવિર્ભાવ છે, પ્રેમથી હલબલી રહેલા જ્ઞાનતંતુઓનો વિરામ છે, પ્રેમના અંતરની શાન્તિ છે. પ્રેમ પાત્ર પર અંતરનો અભિષેક છે, ટૂંકમાં બચી એ અંતરને અંતર આપવાનો પ્રકાર છે અને અંતરને અંતરથી જીવવાનો પ્રકાર છે. આથી ઊભરાતા અંતરવાળી ગાય વાછરડાને ચાટવા લાગે છે. આથી

મા બાળકને રમતું હસતું જોઇ હર્ષ ઘેલી થતાં પોતાનો ઉભળકો બાળક પર એક બચી દ્વારા ઠાલવે છે, અને ન કહી શકાય તેવી અંતરપ્રેમની ઉંડી કથા અને લાગણી બાળકને કહે છે; અને બાળક તે જાણે કે સમજી જઇ તેને જાણે કે શેર લોહી ચઢયું હોય તેમ તે બચીનો આનંદ લઇ પાછું વધારે રમવા લાગે છે.

આવા સ્વાભાવિક સ્નેહના પ્રસંગે બચીને અવકાશ છે. એમાં પણ સૂક્ષ્મ વિકૃત અવસ્થા હોય તો પણ તે ક્ષમ્ય છે કારણ કે એ રીતે મનુષ્ય હજી મનુષ્ય છે. પણ બચીને માબાપ પણ જ્યારે ફેશન કરે છે ને બચીને જ્યારે એક લાલચ અથવા લાંચ બનાવે છે અથવા બચીને ખોટા લાડનું રૂપ મળી જાય છે, ત્યારે તો બચી ત્યાજ્ય જ છે; અને જ્યારે માબાપને રોગ હોય છે છતાં તે બચી લે છે ત્યારે તો તે અજ્ઞાનને લીધે ભયંકર ગુન્હો જ કરે છે. અજ્ઞાનને લીધે જ એમ કહેવા માટે કહેવું પડે છે કે જો માબાપ જાણે કે બચી લેવાથી રોગ ચોટે છે તો તો તે ન જ લે. લેવાનું પણ તાન તે રોકવા પ્રયત્ન કરે જ.

બચી લેવામાં બાળકના શરીરનો તેમજ માનસનો વિચાર કરવો જોઇએ. બાળક ઘણી વાર પ્રેમઘેલું થઇ બચી લેવરાવવા આવે છે. તેને આપણે બીજી રીતે અન્તરાય ન હોય તો સંતોષ આપીએ. તેના અન્તરના આવિષ્કરણને વધાવવું જોઇએ. આપણે બચીની સખ્ત વિરુદ્ધ થઇ બાળકની સહાનુભૂતિ આપણા પર પ્રેમ ઠલવવાની રીતનો પ્રતિકાર કરીશું તો બાળકને ધક્કો લાગે છે. તે હિંમ રાય છે. અનુભવીઓને ખબર છે કે જેમ સુખી અને તંદુરસ્ત બાળકને ખુશનુમા રમતું જોઇને મા તેને બચી લેવા દોડે છે તેમજ માને જોઇને બાળકને જૂદા જૂદા કારણે હેત ચંડે છે ને તે તેને બચી લે છે. મા એટલે બાળપણ સમજવું. આ હેતને રોકવાથી હેતના પ્રવાહને અટકાવ્યો છે; અને હેતનો પ્રવાહ અટકાવવાથી માણસમાં મંદતા, ખિન્નતા, નિરાશા અને કોઇ કોઇ વાર ખીજ અને ધિક્કાર કે તિરસ્કારની લાગણી જન્મે છે. બાળકને પણ માબાપને હેત કરવાનો કુદરતી હક છે. જે કુદરતે માબાપ અને બાળકનો સંબંધ જોડ્યો છે, જે સ્ત્રી-પુરુષના પ્રેમાકર્ષણથી બાળકનું આગમન છે, તે કુદરતી આકર્ષણનો વિરોધ કરવો નહિ.

પણ બાળકને હમેશ બચી લેવરાવવી કે લેવી ગમતી નથી. બાળકને કોઇ કોઇ વાર બચી લઇએ છીએ ત્યારે તે અત્યંત ત્રાસ પામે છે. એમ જ કોઇ વાર આપણે તેની પાસે બચી લેવરાવીએ છીએ તો તે ના પાડે છે ને પરાણે બચી લેતાં તે હિજરાય છે. માટે પરસ્પરના પ્રેમાકર્ષણને લીધે જ્યારે બચી લેવા પરસ્પર દોડે ત્યારે જ તેને ખરો અવકાશ છે ત્યારે જ માબાપને અને બાળકને આનંદ અનુભવ થાય છે. અને છતાં આપણે બાળકને પોતાને ઉભળકો આવે ત્યારે આપણને બચી લઇ લેવાનો હક્ક આપીએ. કેમકે નકાર કરવાથી તેને કેટલું નુકશાન થશે તે આપણે સમજીએ છીએ. અને બાળક અણસમજુ છે માટે તેની લાગણી દુખાય તેવું હોય ત્યારે આપણો તીવ્ર વેગ પણ અટકાવીએ અને સંયમ વડે આપણી ઉત્કટતા ઉંચે ચડાવીએ.

આ બધું બચીની બાબતમાં વિચારવા જેવું લાગે છે. મથાળે આપેલા નાના એવા પ્રસંગને લીધે મને આટલું વિચારવાનું સૂઝ્યું.

એટલામાં તો બાળકોએ હાથ મ્હોં ધોઈ લીધાં હતાં અને નાની રમુ પોતાનો ગાલ ઘસીને લૂતી હતી, કેમકે તેને કાકીની બચી માની બચી જેવી મીઠી નહોતી લાગી. તેને તો બચીની હુંફ લાગવાને બદલે ચુંક લાગ્યું હતું.

શિ.

બાપુ

[૧]

"બાપુ, કાલે ફરવા જઈશું?"

"હા હા, કાલે જઈશું."

"બાપુ આજે હવે જઈશું ના? કાલે તમે કહ્યું હતું."

"ના ભાઈ આજે તો જરા કામ છે. કાલે વાત."

* * *

"બાપુ કાલે વાર્તા કહેવાની કે નહિ?"

"હા, કાલે તો ચોક્કસ જ કહેવાની."

"બાપુ, ચાલો હવે કાલની અધૂરી વાત પૂરી કરીએ."

"ઓંહ, આજ તો આળસ આવે છે. કાલે વાત, કાલે."

* * *

"બાપુ, આપણે પેલી દાળવાળી સાઇકલ ક્યારે સમી કરીશું?"

"કાલે નિરાંતે એ કામ કરીશું."

"બાપુ, ચાલો સાઇકલ બહાર કાઢી છે. અમે બધાં તૈયાર છીએ."

"જવા દોને આજે. આજે મારે આરામ લેવાનો વિચાર છે. કાલે વાત, કાલે."

* * *

"છોકરાંઓ, ત્યારે કાલે આપણે શાંતિ-ભાઈને ત્યાં થઈ સરકસમાં જઈશું."

"બાપુ, હવે સરકસમાં ક્યારે જઈશું? ચાલોને વખત થયો છે?"

"પણ આજે તો જીવરામ અહીં આવવાના છે. મેં તેમને ચા-પીવા બોલાવ્યા છે. હવે આવતે રવિવારે જઈશું."

[૨]

"છોકરાંઓ, આવતી કાલે આપણે ફુટબોલ રમવા જવાનું છે. ચાર વાગે તૈયાર થજો."

"ચાર વાગે? બહુ સારું. તૈયાર રહીશું."

"શામજીભાઈ, આજે જરા ચાર વાગે મારે ત્યાં ચા પીવા પધારશો? બે મહેમાન આવ્યા છે."

"માફ કરો, નહિ આવી શકું. મેં આજે છોકરાંઓ સાથે રમવા જવાનું વચન આપ્યું છે."

* * *

"જીવનલાલ, રંભા, રસિક સહુ ક્યાં ગયાં? ચાલો કાલે કયા મુજબ આજે વાર્તા પૂરી કરવી છે, બરાબર? ચાલો, પછી મારે કાગળો લખવા બેસવું છે."

* * *

"બાપુ, આપણી ઓરડી ક્યારે સાફ કરવી છે? કાલે કે પરમ દિવસ?"

"કાલે વખત નથી. પરમ દિવસે વાત."

"બાપુ ક્યાં છો? ચાલો ઓરડીમાં. સાફ કરીએ."

"અરે! હું તો ક્યારનો ઓરડીમાં આવી ગયો છું."

* * *

"બાપુ, આજે અમને વાજું અપાવવા. ગામમાં તેડી જવાના હતા ને? ગયે રવિવારે તમે કહ્યું હતું, બરાબર?"

"હું, તે તેનો જ વિચાર કરું છું. ચાલો તૈયાર થવા માંડો. જવાનું તો છે જ."

ગિ.

...રા વિચાર્યું હોત તો ?

કોઇએ મને કહ્યું કે બાબુએ ચીમની ફોડી, ને સાંભળતાંવેંત મારો પિત્તો ઉછળ્યો.

સફાળો ઉઠ્યો ને બાબુને બે તમાચા લગાવી દીધા.

બાબુ હેબતાઇ જ ગયો. પહેલાં તો તે કંઇ બોલી જ ન શક્યો અને પછી તે ખૂબખૂબ રડવા લાગ્યો.

પણ મને બબર પડી કે ચીમની તો ગઇ કાલે સાફ કરતાં એની બાથી તૂટી હતી.

મને ઘણો પસ્તાવો થયો. મેં બાબુને પાસે બોલાવ્યો ને મુંગા મુંગા પંપાળ્યો. બાબુ હુસકાં ભરતો હતો. તે મારી પાસેથી દૂર ગયો ને વધારે રડ્યો.

* * *

ચંદ્રા હિંડોળેથી પડી ને ચીસ નાખી રડવા લાગી. ઘરમાંથી એની બાએ બૂમ પાડી: "એ રતિયા, પાછી એને પછાડી કે ?"

સાંભળતાં જ હું વાંચતો હતો તે ચોપડી રતિયા ઉપર ફેંકી ને તેને માથામાં જોરથી લાગી. તે રડતો રડતો બેસી ગયો.

ચંદ્રાએ થોડીવારે કહ્યું: "બાપુ, રતુભાઇએ મને નહોતી પછાડી. એ તો હું સરી પડી હતી. રતુભાઇને શું કામ માર્યો ?"

મને બૂમ લાગી આવ્યું. રતુને મેં પાસે બોલાવ્યો પણ તે મારી પાસે આવ્યો જ નહિ. તેણે કયાંય સુધી રડ્યા કર્યું. મારી સામે પણ ન જોયું.

* * *

ઘરમાં બાબી અને જીવન દોડાદોડ કરતાં હતાં. હું વાંચવાના ઓરડામાં બેઠો હતો. મેં એની બાને બોલતાં સાંભળી: "અરે આ તે હવે કેમ બમાય ?" હું સાંભળી બહાર આવ્યો તો ઘરમાં દૂધ ઢોળાએલ હતું ને છોકરાંની બા સાફ કરતી હતી. મારો મિજાજ ગયો. જોરથી ઘાંટો પાડી છોકરાંને બોલાવ્યાં. "આમ આવો તોફાની !" છોકરાં સમજ્યાં નહિ કે કોણ જાણે, પણ તેઓ તો ઘરમાંથી ફળીયામાં દોડતાં હતાં. મેં ત્યાં જઇ તેમને એક એક લગાવી દીધી ને વાંચવાના બંડ તરફ પાછો વળ્યો. મારા કાન પર બન્નેના રડવાનો અવાજ આવતો હતો.

દૂધ લેતી લેતી એની બા બોલી: "શું કામ એમને નકામાં માર્યાં ? દૂધ તો બિલાડીએ ઢોળ્યું હતું. એ તો બિચારાં એને હાંકવા દોડ્યાં હતાં."

હું બસીયાણો પડી ગયો. છોકરાંને શું મોઢું બતાવવું ? તેઓ મારી પાસે રાત સુધી આવ્યાં જ નહિ. હું તેમની પાસે જઇ શક્યો નહિ.

* * *

નલિની અને નાનુ એના ઓરડામાં રમતાં હતાં. હું બાજુની ઓરડીમાં લખતો હતો. એકા-એક નલિનીએ ચીસ પાડી. હું ભડક્યો ને દોડ્યો. વગર તપાસે નાનુના કાન એચી થપાટ લગાવી. "આટલી નાની છોડીને રડાવે છે ? હજી સમજતો નથી ?" પણ નલિની ત્યાં તો હસી પડી. એ કહે: "કાકા એ તો અમે ગમ્મત કરીએ છીએ. મને કોઇએ નથી રડાવી."

મને ભાગતાં ભોં ભારે થઇ પડી. રડતી કરડી આંખે નાનુ મારી સામે જોઇ રહ્યો. મને મારી જાતને ધિક્કારવાનું મન થયું. નાનુ તે દિવસથી મારી ઓરડીની બાજુમાં રમતો નથી.

* * *

ઘરમાંથી આવીને એણે કહ્યું: "આને કંઈ કહેવું છે? મારું કહ્યું કરતો નથી ને ઉલટા જવાબ આપે છે. ચંપક મને તો ગાંઠતો જ નથી."

મારી લગામ ખસી ગઇ ને ચંપકને મેં ચખાડી દીધી. "કેમ અલ્યા, શું સમજે છે?"

ચંપક બોલ્યો નહિ. આંખમાં આંસુ આવ્યાં. તે બહાર ચાલ્યો ગયો. ચંપક મોટો હતો ને સમજુ હતો.

બીજે દિવસ તે મારી પાસે આવ્યો ને ખુલાસો કર્યો ને સ્પષ્ટ કર્યું કે એની બાનું કહેવું તદ્દન અતિશયોક્તિ ભરેલું હતું. પોતે કહ્યું કરતો જ હતો પણ બાને બહુ અધીર આવી ગઇ હતી.

મને ચંપકની માફી માગવાનું મન થયું પણ ન બની શક્યું. મારા મનને ઘણું દર્દ થયું.

* * *

જીવી ને રસુ ને વસુ કુંડીમાં નહાવા પડેલાં. અરધોએક કલાકથી પડેલાં હશે. પણ હું ગામમાંથી આવ્યો ને એની બાએ કહ્યું: "આ કયારનાં બે કલાકથી નહાય છે ને નીકળવાનું કહું છું પણ નીકળતાં નથી."

મેં કહ્યું: "ચાલો, નીકળી જાઓ. ઝટ નીકળો."

પણ છોકરાં નહાવાની મજામાં હતાં. મને તો ગુસ્સો આવ્યો. મગજ તપ્યો ને મેં તેમને ખેંચી ખેંચીને બહાર કાઢ્યાં ને ધક્કા મારીને દૂર કર્યાં. તેમનાં આવડાં વીંજી નાખ્યાં.

તેઓ હસતાં હતાં તેનાં રડતાં થઈ ગયાં.

કોઇએ કહ્યું: "ભાઇ, એ બિચારાં હમણાં જ નહાવા પડ્યાં હતાં. ને આ તો ઉનાળો છે. જીવી વહુને તો એવી વધારીને બોલવાની ટેવ પડી છે."

મારું મ્હોં પડી ગયું. મને થયું બરોબર ભૂલ થઇ. મેં છોકરાંને કહ્યું: "કાલે ખૂબ નહાજો."

તેઓએ કહ્યું: "નથી નહાવું અમારે."

મને થયું: "ઠીક વાણીનો પ્રહાર થયો."

* * *

ઑફિસમાંથી આવું છું તો વિનુએ મારી લાલ શાહી વાપરી નાખેલી. એનાથી એણે ભીંત પર લીંટા કાઢેલા. કાળી શાહીથી એણે મ્હોં ઉપર ચાંદલા કર્યા હતા, ને લુગડાં ને હાથ બગાડેલા હતા. એ દેખાવ જોઈ મારો ગુસ્સો ફાટી નીકળ્યો. "વિનુડા, આમ આવ. હરામખોર આ ભીંત બગાડી, મોટું બગાડ્યું; આ શું કર્યું?" વિનુ નાસવા ગયો પણ ત્યાં તો મેં એને બુટ સુદ્ધાં ઘરમાં જઇ પકડ્યો ને ત્રણ ચાર સોટી લગાવી દીધી. વિનુ ખૂબ રડ્યો. વાળુ પણ ન કર્યું. એમ ને એમ સૂઇ ગયો. રાતમાં તે રડી ઉઠ્યો ને રડતાં રડતાં બોલ્યો: "એ બાપાજી મારો મા. એ બાપાજી મારો મા."

હું છાપું વાંચતો બેઠો જ હતો. મારા દિલમાં કારી ઘા લાગ્યો. શા માટે મેં એને માર્યો? કેવી એની કરુણાજનક ચીસ છે! મેં વિનુને પંપાળ્યો. પાણી પાવા પ્યાલો ધર્યો પણ આંખ ઉઘાડી મને જોઈ મ્હોં ફેરવી ગયો. એની બાએ પાણી આપ્યું ત્યારે પીધું.

મને થયું કે હું બરોબર રાક્ષસ બની ગયો હતો. એટલી શાહી બગડી એમાં મે એનું કેટલું બગાડ્યું?

* * *

હું ચિત્રોની એક સુંદર ચોપડી જોતો હતો. નાનો રસિક હસતો હસતો આવ્યો ને

ચોપડી ખેંચી કહે: "બા બોલાવે છે. ચાલો ચાલો, ઝટ બોલાવે છે."

ચોપડી ખેંચાઇ ને ચિત્ર ફાટ્યું. હું ચીડાઇ ગયો. મેં કહ્યું: "જા નથી આવતો. કેવો જંગલી છું."

રસિક રડતો રડતો નાસી જ ગયો. બાની પાસે જઇને રડી ઉઠ્યો ને રડતો રડતો જ એના ખોળામાં સૂઇ ગયો.

બાએ મને ન જ બોલાવ્યો. એણે મારી ધમકીનો અવાજ સાંભળ્યો હશે.

હું મોડેથી રસોડામાં ગયો. રસિક ઊંઘતો હતો. બાનું મ્હોં પડી ગયું હતું. રસિકના ગાલ પરનાં આંસુના લીંટા સૂકાઇ ગએલા તગતગતા હતા.

મને શરમ આવી ગઇ. મને થયું: "ચિત્ર ફાટ્યું તે તો ફાટ્યું જ હતું; પણ આ બાળકના ગાલનું ચિત્ર કાઢી એની ક્રાઇ વાર્તા લખે તો?"

ગિ.

વિમળનો ગંજીપો

વિમળ, અંબુ અને લીલુએ ગંજીપા લીધા. અંબુ અને લીલુ મોટાં હતાં. તેઓને ગંજીપાથી રમતાં આવડતું પણ વિમળ ચાર વર્ષની હતી; તે તો ગંજીપાને પણ એક રમકડું ગણી જ્યાં ત્યાં ફેરવતી અને ખૂબ સાચવતી. રાત્રે સૂઇ જાય ત્યારે પણ પાસે ને પાસે જ રાખે. વિમળને ગંજીપો રમવાનો નહિ પણ પાસે રાખવાનો ભારે શોખ હતો.

એક દિવસ ગંજીપો ક્યાંઇ આડોઅવળો મૂકાઇ ગયો; અથવા વિમળ ન્હાવા બેઠેલી હશે કે વાડામાં ગઇ હશે તે વખતે કોઇએ ક્યાંઇ મૂકી દીધો હશે. વિમળે પાછા આવી તુરત જ તે શોધવા માંડ્યો. ગંજીપો ક્યાંઇ જડે નહિ. વિમળ વીલી પડી ગઇ. તે મોટાભાઇ પાસે ગઇ.

"મોટાભાઇ, મારો ગંજીપો ખોવાયો છે. મને શોધી આપોને?"

"હું તો મારા પાઠ કરું છું. જા, લીલુબેનને કહે; તે શોધી આપશે."

વિમળ નાની બેન પાસે ગઇ.

"લીલુબેન, મારો ગંજીપત્તો ખોવાયો છે. શોધી આપશો?"

"ભઇ મને નવરાશ નથી. હું તો આ કપડાં ધોવા જાઉં છું. પડ્યો હશે ક્યાંઇ; શોધી લે."

વિમળ અંબુબેન પાસે ગઇ.

"અંબુબેન, મારો ગંજીપત્તો તમે દીઠો? ક્યાંઇ ખોવાયો છે. મને શોધાવશો?"

"હું કાંઇ નવરી નથી. જો મારે તો શાક સુધારીને વઘારવું છે તું ગંજીપત્તો એમ રખડવો શા માટે મૂકયો?"

વિમળ રડવા જેવી થઇ ગઇ. ગંજીપત્તો તેને બહુ વહાલો હતો.

વિમળ બાની પાસે ગઇ.

"બા, મારો ગંજીપત્તો ખોવાયો છે. તમે ભાળ્યો છે?"

"નહોતી કહેતી કે ગંજીપત્તો નથી લેવો? જે હવે ખોવાયો તે મ્હોં વાળી બેઠી છે. જા, જા, અહીંથી આઘી જા. મારે હજી ઘણું કામ છે. તારા ગંજીપત્તાનું અત્યારે ક્યાં કરૂં?"

વિમળ ડુસકાં ભરતી પાછી ગઇ.

ઘરનાં બધાં માણસોને પૂછી વળી, પણ

કોઇએ તેને દાદ ન દીધી. સૌએ સંભળાવી દીધું કે અમારે તો કામ છે. રાંધવું, શાક સુધારવું, કપડાં ધોવા જવાં એ બધું કામ. એક વિમળનો ગંજીપત્તો શોધી આપવામાં મદદ કરવી એ કામ નહિ!

વિમળ એક ખૂણામાં ઠંડી પડીને બેઠી. તેના ગાલ પરનાં આંસુ ધીરે ધીરે સુકાતાં હતાં. તે કોઇની રાહ જોતી હતી. પણ તેનાથી બેસી રહેવાયું નહિ. તે ઉઠીને ફરી ફરીને ગંજીપત્તો શોધવા લાગી. પણ પાછી નિરાશ થઇ એક ખૂણામાં જઇને બેઠી. ભાઇ, અંબુ કે લીલુ કોઇ હમણાં તો કામમાં ન હતાં પણ ફરી વાર વિમળે તેમને પૂછ્યું નહિ. પૂછવાનો વિચાર કરવા જતાં તેને રડવું વધારે આવતું હતું.

વિમળ ગંજીપત્તો સંભારતી હતી. તેનો જોકર અને રાણી અને બાદશાહ સંભારતી હતી. ઉંદર લઇ ગયા હશે તો તે ફાડી નાખશે તો ગંજીપત્તો કેવો ખરાબ થશે તેના વિચારમાં રોકાતી હતી. ત્યાં જોડાનો અવાજ આવ્યો ને બાપુએ હસતાં હસતાં ટોકો કર્યો: "કાં છોકરાંઓ, લીલુ, અંબુ, રમુ, વિમળ શું કરો છો?"

અંબુ અને લીલુ ઓશરીમાં જ ઉભાં હતાં. રમુ બારણામાં ઉભો ઉભો છાપું જોતો હતો. વિમળ ન દેખાઇ. બાપુએ કહ્યું: "વિમળ ક્યાં છે?"

"એ પણે બેઠી. કયારની ર..."

"અરે વિમળાબાઇ, આવો તો; કેમ ત્યાં બેઠાં છો?"

લાડથી વિમળને બોલાવી એટલે વિમળને વધારે દુઃખ થયું, ને તે મોટેથી રડવા લાગી.

બાપુએ કહ્યું: "શું છે?"

વિમળે કહ્યું: "ગંજીપત્તો. અમારો ગંજીપત્તો બોવાઇ ગયો."

બાપુ: "અરે એમાં શું? ચાલો શોધીએ અને ન મળે તો પછી બીજો લાવીએ. એમાં રડવું શાને?"

"પણ મને કોઇ શોધાવતું પણ નથી."

"ચાલ હું શોધાવું. બીજાંઓ કંઇક કામમાં હશે." બાપુએ કોઇની ટીકા કર્યા વિના કે કોઇને માથે કશો વાંક મૂક્યા વિના જ નવો માર્ગ કાઢ્યો.

બાપુએ ગંજીપત્તો આખા ઘરમાં શોધ્યો પણ છતાં તેનો પત્તો ન લાગ્યો.

"વિમળ, ફિકર નહિ. ગંજીપત્તો નહિ જડે તો બીજો લાવીશું. એમાં રડવા જેવું નથી."

તેઓ ગાદલાંની ઓરડીમાં ગયાં. ત્યાં પણ ન દેખાયો. પણ પાછાં ફરતાં હતાં એટલામાં ગોદડાની કોર નીચે ઢંકાએલો પડેલો. બાપુએ અને વિમળે એકી સાથે જોયો ને બન્ને બોલી ઉઠ્યાં: "એ રહ્યો ગંજીપો!"

વિમલનું હૈયું હરખી ઉઠ્યું. વિમળને હરખભરી જોઈ બાપુને આનંદ થયો. વિમળે દોડીને સૌને બોવાએલો ગંજીપો દેખાડ્યો. ઘરમાં દોડાદોડ કરી મૂકી. "એ ગંજીપો જડ્યો. બાપુએ શોધી આપ્યો. ના ના, મેં શોધ્યો. ના ના, બાપુએ શોધ્યો." ગિ.

ડૉલ્ટન યોજના — શિક્ષકો માટે ખાસ ઉપયોગી ગ્રંથ: દરેક શાળામાં સંધરવો જોઇએ.
લેખક: હરભાઇ. — હમણાં જ બહાર પડ્યો છે. પાકું પૂઠું. એક રૂપીઓ પો ૨ આના

શારદાએ આજે કેવું કામ કર્યું ?

વિદ્યાર્થી: " મને લાગે છે કે આજે ઓરડામાં કામ સારું ચાલ્યું."

શિક્ષક: " મને બહુ સંતોષકારક નથી લાગ્યું."

વિદ્યાર્થી: " એમ કેમ ? આજે તો શાંતિ હતી. ગયા અઠવાડિયા જેટલી ગડબડ ને ઘોંઘાટ આજે ન હતાં. બધાં બાળકો ચિત્રકામ પર બેસી ગયાં હતાં."

શિક્ષક: " ને બધાં ચિત્રકામ પર હતાં, એટલે જ મને સંતોષ ન થયો. કારણ કે તેમાં ઘણા ખરાં તો અમસ્તાં જ ચિત્રકામ પર હતાં. હા, કામની શરૂઆતમાં બધાં અભિમુખ હતાં. બેસવાની, હારમાં ગોઠવાઈ જવાની, એક બીજાની ઉંચાઈ જોઈ લેવાની વગેરે બાબતોમાં તેઓ સાચે જ અભિમુખ હતાં. પણ બધાં ચિત્રો કાઢવા બેઠાં હતાં તે સાચું ન હતું."

વિદ્યાર્થી: " એમ કેમ કહેવાય ? આપણે કાંઈ કોઈને ફરજ તો પાડી ન હતી. ને સૌ મારી પાસે કાગળ પેન્સિલ લેવા તો ઉત્સાહથી આવતાં હતાં."

શિક્ષક: " એ તો ઠીક. પણ એક જ દાખલો લઈએ. જુઓ આજે શારદાએ શું શું કર્યું છે ? તમારું ધ્યાન હતું ?"

વિદ્યાર્થી: " હા, તે ઘણો વખત ચિત્ર જ કાઢતી હતી."

શિક્ષક: " ને ચિત્રકામમાં તે કેક ખોટી બેડી હતી. મારે ખરી ખાત્રી કરવી હતી, એટલે ચિત્ર કેમ કઢાય તે તેને બતાવવા હું જાતે જ બેઠી. પણ આખર સુધી એકાદ ક્ષણ પણ તેનું ધ્યાન ચિત્ર કાઢવા ઉપર ચોટયું ન હતું. આકૃતિ લાવવી ને મૂકવી ને બીજાની પાસેથી લેવી, ને આ મારી છે ને કલાણા લઈ ગયા, વગેરેની ભાંજગડમાં જ એ હતી. આકૃતિ એને જૂદી આપી ને જૂદી બેસાડીને જોયું ત્યારે જૂદી જૂદી પેન્સિલ લાવે ને અણી છે ને નથી એની, ને કાગળ વગેરેની ધમાલમાં પડી. પણ એક લીટો પણ તેણે ધ્યાનપૂર્વક કાઢવાનો પ્રયત્ન કર્યો નહિ. એવાં જ બીજાં પણ બે ચાર બીજાં કામદારો એમાં હતાં."

વિદ્યાર્થી: " એનું કારણ શું ?"

શિક્ષક: " શારદા ની બાબતમાં તો હું ધારું છું કે તે વધારે પડતી બહિર્મુખ દેખાય છે. મોટે ભાગે તે લીધેલા કામમાં એકાગ્ર થવાને બદલે કામની બહારની બાબતોમાં જ વધારે પડેલી હોય છે. એની સાથે જ ગોપાળ હતો તે આકૃતિ ફરતો લીટો કાઢવામાં એટલો મશગુલ થઈ ગયો હતો કે પોતાની પેન્સિલને અણી નથી એ વાત પણ તે ઘડીભર ભૂલી ગયો હતો. જ્યારે શારદા કેટલી પેન્સિલ રાખવી, ને કાગળની નોટ જોઈએ ને એવા એવામાં જ હતી."

વિદ્યાર્થી: " કદાચ ચિત્રમાં તેને રસ ન પડ્યો હોય."

શિક્ષક: " ના, એમ નહિ. શારદાએ કશી પસંદગી જ કરી ન હતી, ને ત્યાં એની ભૂલ હતી. ઘણાં બાળકો સાચા આકર્ષણથી એકાદ કામ લે છે પણ એકાએક તે કેમ થાય તે ધ્યાનમાં કે હાથમાં આવતું નથી એટલે તેમનું ધ્યાન તે કામમાંથી ઉડી જાય છે, તે વાત જૂદી છે. જેમ કે ઈંદુભાઈ રોજ અક્ષર શીખવા આવે છે પણ ઘડીકમાં નથી શીખવા

કરીને ચાલ્યા જાય છે. પણ તે સાચા જ આવે છે. રોજ આવ્યા વગર રહેતા નથી આ એક જાતનો દાખલો. વળી બીજાં કેટલાંએક બાળકો પસંદગીથી જ કામ લે છે પણ થોડા જ વખતમાં પસંદગી બોટી હતી એમ તેઓ જાણે છે. એટલે કામ છોડી ઉભાં થાય છે. જેમ કે જસુમતી તરત ચિત્ર છોડીને ફ્રેમ લઈને બેઠી હતી. આ વાત પણ જૂદી. પણ શારદાની વાત તદ્દન જૂદી છે. શારદા અંતર્મુખ થઈને પસંદગી નાપસંદગીમાં ઉતરી જ ન હતી. બહિર્મુખ મનથી અર્થાત્ સામાજિક મનથી તે સમાજ–બીજાં બાળકો–ની સાથે સાથે રહેવાનો પ્રયત્ન કરતી હતી. બાળકના મોટા ભાગે ચિત્ર લીધાં માટે તેણે ચિત્ર લીધાં; બાળકો અક્ષર શીખવા આવ્યાં ત્યારે તે પણ અક્ષર શીખવા આવી; તેમણે માટીકામ લીધું, ત્યારે તેણે પણ માટીકામ લીધું. પણ એકે કામ તેનું અંતરની માગણી પ્રમાણે ન હતું ને તેથી તેને માટે સાચું નં હતું. માત્ર તેણે સમાજની સાથે રહીને શાળાનો અને જીવનનો વખત નકામો કાઢયો. તેમાં તેનો પોતાનો વિકાસ જરાએ સધાયો નથી. માટે મારે મન શારદાના કામની એક પાંઈભાર પણ કિંમત નથી.”

વિદ્યાર્થી: “શારદામાં એમ તો ઘણો ફેર દેખાય છે.”

શિક્ષક: “હા. શારદા કોઈ વખતે સાચું કામ કરતી જ નથી એમ નથી. પણ તે સામાજિક ભાંજગડમાં જેટલો વખત ને શક્તિ ખર્ચે છે તે પોતાના કામ ઉપર ખર્ચે તો બહુ સારું.”

વિદ્યાર્થી: “તેનો કાંઇ ઉપાય?”

શિક્ષક: “હવે જોઇએ છીએ. તેને સમાજથી છૂટા પાડી એકાંત આપવાનો પ્રયોગ અજમાવવો જોઇએ. વળી બીજી બાજુએ આજે જે તેની સામાજીક ભાંજગડ રૂપે લાગે છે તે સ્વભાવને સારાય રૂપમાં ફેરવી શકાય તો તેમ કરવું જોઇએ. જેમ કે બધાંને પાણી પાવું, હાથ ધોવરાવવા ને નાનાં છોકરાંને પેશાબ કરવા લઇ જવાં વગેરે શારદાને બહુ જ પસંદ છે. પીરસવું ને જમાડવું વગેરે પણ તેને પસંદ છે. નકામી ગડભાંજમાં પડવાને બદલે આવાં આવાં કામો મોટા પાયા ઉપર વ્યવસ્થિત રીતે કરે તો તે સારું. હવે આવતા અઠવાડિયામાં આ બે રીતો અજમાવી જોઇએ. તમે નોંધ રાખતા જજો.”

વિદ્યાર્થી: “હા જી. બરાબર નોંધ રાખીશ. પણ આગે આખા ઓરડાના કામ પરત્વે અસંતોષ કેમ બતાવ્યો? એક શારદાની વાત તો સમજાઈ.”

શિક્ષક: “આખો ઓરડો એટલે મેં કહ્યું ને કે કેટલાંએક તો ખરે માર્ગે હતાં. પણ ઘણાં બરાબર માર્ગે ન હતાં એટલે અસંતોષ. જેમ કે બીજાં બે ત્રણ તો માટીકામ મળે ત્યાં સુધી વખત કાઢવા માટે ચિત્રકામ હાથમાં લઇને બેઠાં હતાં. એ તો ઠીક. પણ જ્યારે માટી મળી ત્યારે પણ કાંઇ સાચે કામે ન લાગ્યાં. તેથી અસંતોષ. તેમની માટીકામની હોંશ સાચી સર્જનાત્મક ન હતી. પણ માત્ર આજે જ નવી માટી આવી હતી તેથી તેમને ‘માટી માટી’ થઈ ગયું હતું એટલું જ. આવતી કાલથી તેમને પહેલેથી જ માટી આપવાનો વિચાર જ્યાં

આવતો હતો ત્યાં તો જણાયું કે તેઓ માટી કામમાં પણ ઉપલક જ હતાં. એટલે કે જ્યે કે તેઓ પણ બધો વખત કામમાં દેખાતાં હતાં પણ એકેય સાચું કામ તેમને હાથ આવ્યું ન હતું."

વિદ્યાર્થી: "વળી બીજાં બે ત્રણ તો ઓરડામાં જ આવ્યાં ન હતાં. એટલે હવે મને પણ અસંતોષનું કારણ લાગે છે."

શિક્ષક: "પણ તેમના પરત્વે મને અસંતોષ નથી. ઈંદુભાઇ આજે અક્ષરમાંયે ન આવ્યા તેથી મને અસંતોષ નથી. તેઓ મોટી મંડળીનાં ચિત્ર જોવામાં એટલા મશગુલ હતા કે કલાકથી વધારે વખત શાંત બેસી રહ્યા હતા. આ કાંઇ એકાગ્રતાનો નાનો પ્રકાર કહેવાય? વાસંતિકા નાની મંડળીમાં ઉત્સાહથી રમતી હતી. તેથી પણ મને સંતોષ જ થયો. કેમ કે એ હજી એ મંડળી માટે જ લાયક છે. વિમલાબેન ઝાડને પાણી પાતાં હતાં. ને તે નવાં આવેલા પ્રભાકરની સારવાર કાંઇ ઓછી નથી રાખતાં. યોગેશ્વરી લપસણું ને ઘોડી ઉપર હતાં. ઓરડામાં ન આવ્યાં તેથી શું?"

વિદ્યાર્થી: "ત્યારે મેં ધારેલું તેનાથી તો બધું ઉંધું જ નીકળ્યું. ઓરડામાં રહીને જેમણે સતત કામ કર્યું તેનાથી મને સંતોષ થયો હતો ને નહોતાં આવ્યાં તેમને માટે જરા ઠીક લાગતું નહોતું. જ્યારે આપ તો ઓરડા પ્રત્યે જ અસંતોષ બતાવો છો ને બહારનાંને માટે તો પૂરો સંતોષ બતાવો છો."

શિક્ષક: "હા એમ જ. માનસશાસ્ત્રનું કામ જ એવું છે. વસ્તુની પાછળ જઇને તપાસીએ ત્યારે સાચી ખબર પડે છે."

વિદ્યાર્થી: કામ અઘરું લાગે છે." તા.

આપણો ધંધો ખીલવો

કદિ એમ ન ધારો કે આપણે કશી વિસાતમાં નથી. જરા થોભો અને ઝીણી નજરે વિચાર કરો. આપણે ગામ આખાનાં, પ્રાન્ત આખાનાં ને દેશ આખાનાં બાળકોને ભણાવનારા છીએ. આપણે તેમના મનનો અને શક્તિનો વિકાસ કરનારા છીએ. આપણે તેમની અંતઃશક્તિને બહાર આણનારા છીએ. આપણે તેમની નીતિમત્તા અને ધર્મના મૂળમાં સિંચન કરનારા છીએ. ટુંકમાં આપણે તેમના દ્રષ્ટા, માર્ગદર્શક ને તેમના નેતા છીએ.

પણ આપણે માનીએ છીએ કે આપણે પંતુજી છીએ, મહેતાજી છીએ, આપણે કંઇ વિસાતમાં નથી. આપણે એટલા દીન થઇને રહીએ છીએ અને રહીએ છીએ કે એક સાધારણ પોલિસનો સિપાઇ આપણને સહેલથી ગોદ્દો મારી શકે છે. એક વહીવટી કારકુનની પ્રતિષ્ઠા આપણાથી વધારે છે. સરકારના કાગળીયાની વ્યવસ્થા કરનાર એક ટપાલ માસ્તરનો દરજ્જો આપણાથી વધારે ગણાય છે.

આ દીનતા શા માટે રાખવી? આપણને ઓછો પગાર મળે કે વધારે, પણ શા માટે આપણે ઉંચું માથું રાખી ન ચાલવું? શા માટે આપણે આપણી છાપ ન પાડવી કે આપણી પદવી એક ડાકતર, વકીલ કે હરકોઇ ધંધાદારીને તોલ ન આવી શકે?

આપણે હજી આપણા ધંધાનું બળ અને

તેની કિંમત સમજ્યા નથી. આપણો ધંધો એટલે શરીરના રોગીઓને સાજા કરવાનો નહિ; કજીયાળા લોકોના કજીયા પતાવવાનો નહિ; તોફાની લોકોને યોગ્ય ન્યાય આપી જેલમાં મોકલવાનો નથી; અવ્યવસ્થિત પ્રજાને નિયંત્રણમાં રાખી રાજ્યતંત્ર ચલાવવાનો નહિ. પરંતુ આપણો ધંધો રોગ ન થાય, કજીયા કંકાસનાં મૂળ બળી જાય, તોફાની વૃત્તિ નાશ પામે અને વ્યવસ્થા અને શાન્તિ ફેલાય તેની દવા-તેનો ઉપાય મૂળમાંથી કરવાનો છે.

બાળક મનુષ્ય જાતનું મૂળ છે. એનું શિક્ષણ આપણા હાથમાં છે. એનું ભાવિ આપણા હસ્તક છે. એનામાં જે આપણે વાવ્યું: તે ઉગશે. જે સીંચ્યું તે ઉતરશે અને તેથી જ આપણી એતી બીજની છે. અને તેથી જ આપણો ધંધો સર્વોત્કૃષ્ટ છે.

અને છતાં આપણી હાલત આવી કેમ છે? કારણ કે આપણે આપણો ધંધો બીલવતા નથી. આપણે આપણાપણું કેળવતા નથી. આપણે સાચા શિક્ષક થતા નથી. સૌને સાચી વસ્તુની ગરજ છે. વૈદ્ય અને વકીલની ગરજ છે તેને હજારગણી વધારે સાચા શિક્ષકની જરૂર છે. સાચા શિક્ષક થઇશું એટલે લોકો ઘેર પૂછતા આવશે. પગ ધોતા આવશે. ઘેર ઘેર ભણાવવા ભટકવું નહિ પડે. પૂર્વકાલના ઋષિમુનિઓને ત્યાં રાજાઓના પુત્રોને પણ ભણવા જવું પડતું; એટલું જ નહિ પણ ત્યાં તેમને તેમની સેવા કવી પડતી. એ જ સ્થિતિ આજે આવી શકે છે. પણ તે માટે આપણે આપણો ધંધો બીલવવો જોઇએ.

આજે શું આપણો ધંધો આપણે બીલવીએ છીએ?

ના. આપણી પાસે જ્ઞાનની મૂડી કશી જ નથી. સારા તો ઠીક પણ સાધારણ વિદ્વાન પણ આપણે નથી. સાહિત્યકાર તો શું પણ શુદ્ધ ગુજરાતી લખી જાણનાર આપણામાંના ઘણા નથી. જ્ઞાનભંડારી તો શું પણ લગભગ અતિ અલ્પજ્ઞાનવાળા આપણે છીએ. અને શિક્ષકનું નામ તેવા જ્ઞાનહીન માણસને કોઈ આપે? દાક્તરને વૈદ્યનું જ્ઞાન જ ન હોય તો એને દાક્તર કોણ કહે?

સામાન્ય જ્ઞાનમાં આપણે લગભગ શૂન્ય જેવા છીએ એટલું જ નહિ, પણ આપણે જે વિષયો ભણાવવા છે તેમાં પણ પાઠ્યપુસ્તકોમાં જેટલું છે તેટલું પણ ભાગ્યે જ જાણીએ છીએ. આપણે ઇતિહાસ, ભૂગોળ વગેરે વિષયો જાણીએ છીએ તે કરતાં વધારે જાણવા ન જોઇએ?

અને આપણે ભણાવવાની પદ્ધતિનો વિચાર કેટલો કર્યો છે? આજે જે અનેક નવી નવી પદ્ધતિઓ દુનિયાભરમાં યોજાઇ રહી છે ને જેને લીધે શિક્ષણનું કામ સરલ થઇ રહ્યું છે તે આપણે જાણીએ છીએ પણ ખરા?

આપણું જૂનું પુરાણું જ્ઞાન હવે ક્યાં સુધી ચાલે? એ જૂની પાવડી, જૂનું પોતીયું, જૂની હજામત અને જૂની પુરાણી શીખવવાની રીત જ્યાં સુધી આપણે છોડીને નવી પદ્ધતિને ઝીલશું નહિ ત્યાં સુધી આપણો ધડો કોઇ જ નહિ કરે, અને તે વ્યાજબી છે.

શું આપણે માનસશાસ્ત્રના કંઇ બને પણ જાણીએ છીએ? અને માનસશાસ્ત્રના જ્ઞાન વિના બાળકોને ભણાવવા નીકળવું એટલે શરીરશાસ્ત્રના જ્ઞાન વિના દવા આપવા નીકળવા બરાબર છે. આજની નવી દુનિયાનો નવો શિક્ષક

નવા દાક્તર જેવો છે. નવા વૈજ્ઞાનિક જેવો છે. તે પોતાના કામમાં અદ્યતન છે.

આપણે પણ બધી બાબતમાં 'અપટુડેટ' રહેવું જોઇશે ફેંકી દો બધું સડેલું જૂનું પુરાણું. નવા પ્રકાશને ઉત્સાહથી ઝીલો ને જોર કરીને આપણો ધંધો ખીલવો. પછી કોના ભાર છે કે આપણને કોઇ મેતલો કે પંતુજી કહે? એક વાર શક્તિ જોશે એટલે સૌ ભક્તિ કરશે.

ગિ.

બાતું કેવા શિક્ષકોથી શોભે?

બાતાને વફાદાર હોય તેવાથી.

બાતાની બોટી બીક ન રાખે તેવાથી.

બાતાની મોઢે સ્તુતિ અને પાછળથી નિંદા ન કરે તેવાથી.

બાતાની સદા ઉન્નતિ ચાહે તેવાથી.

બાતાની પદ્ધતિમાં વિશ્વાસ હોય તેવાથી.

બાતાની પદ્ધતિમાં શંકા પડે તો નિખાલસપણે તે દૂર કરે પણ શંકાયુક્ત રહ્યા ન કરે તેવાથી.

બાતાનું બોટું વાંકું સહન ન કરી શકે તેવાથી.

બાતાના સૌ ભાઇઓને મિત્ર જેમ સમજે તેવાથી.

બાતાને વધારે માનવંતું અને વગદાર અને પ્રતિષ્ઠાવાન બનાવવાનું પોતાને શિર પણ છે એમ માને તેવાથી.

બાતાની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ છે તેમ માનતા હોય તેવાથી.

પોતાનાથી બાતું ઉન્નત છે અને પોતાનાથી અવનત થશે એમ માની ચાલનારા હોય તેવાથી.

ગિ.

શું ગમે ત્યારે?

"એક પ્રશ્ન છે કે બાળક ગમે ત્યારે 'ચિત્ર બતાવો' 'વાર્તા કહો.' 'અમારી સાથે રમવા આવો.' વગેરે કહે તો મા-બાપની તે કહે તેમ કરવાની ફરજ છે? આપણાં અગત્યનાં કામો મૂકીને પણ શું માબાપોએ બાળકને વાર્તા કહેવા બેસી જવું જોઇએ?"

નહિ જ તો. ગમે તે વખતે બાળકને વાર્તા કહેવા બેસવાની કે તેની સાથે રમવાની જરૂર નથી. પણ 'અગત્યનાં કામો'માં મશગુલ રહેતાં ચોવીશ કલાકમાંથી બાળકને એકાદ કલાકે ન મળે એવું ન બની જાય-જે બનવાનો ઘણો સંભવ હોય છે.

બાળકનાં કામો બે જાતનાં છે. વાર્તા કહેવી, ચિત્રો બતાવવાં કે ફરવા રમવા જવું વગેરે હમેશનાં કામો છે; જેને માટે નિયમિત વખત રાખવો. ને નિયમિત વખત ઉપરાંત બાળક ન જ માગે એમ પણ જરૂર હોય ત્યાં કરી શકાય.

બીજાં કામો તે જ વખતે કરી દેવા જેવાં હોય છે. બાળકને તાવ આવ્યો હોય કે બેચેન હોય તે વખતે કાંઇ ગાવાથી, વાર્તાથી કે ચિત્રથી તેને થોડો આરામ મળવાનો હોય તો તે વખતે નિયમને અપવાદ કરવો ઘટે.

બાળકે કાંઇ બનાવ્યું હોય ને આપણને બતાવવા તલસતું હોય તો તે શક્ય તેટલું વહેલાં કરવું.

બાળકના કામમાં ક્યાંઇ આપણી મદદ જોઇતી હોય-જેમકે ઉપરથી ચિકોની પેટી ઉતારી દેવાની

કે એવું હોય તો તે તુરત કરી દેવું.

પણ એટલું તો ચોક્કસ કે જેમ આપણે બાળકની પ્રવૃત્તિ, તેમની માગણી વગેરેને સન્માનવા લાગ્યાં તેમ બાળકે આપણાં કામકાજને, વખત વગેરેને સન્માનતા થવું જોઇએ. એ કહે ત્યારે ને કહે તેમ કરી દેવાવાળાં આપણે તેના એક ગુલામ તો નથી જ થવાનું. કેમકે આપણને ગુલામ બના-વવા દેવામાં આપણે બાળકને પણ ગુલામ થવાનું જ શિક્ષણ આપીએ છીએ.

એટલે કે આપણો વખત ને આપણાં કામોના મહત્ત્વ તરફ તેનું ધ્યાન ખેંચવું જ જોઇએ. ને તે બાબતમાં આપણે દૃઢતાથી નિયમો પળાવવા જ જોઇએ.

લખી જણાવશો ?

કમલા મારી પાડોશણની દીકરી. દીકરીને કેળવવાની બાબતમાં પાડોશણ મારી સાથે સંમત છે. હમણાં ચાર મહિનાથી જ એ મારી પડખે રહેવા આવી છે.

કમલા ચાર વર્ષની છે. એક રીતે ચાલાક ને દીર્ઘબુદ્ધિની છે ને એક રીતે મંદ બુદ્ધિની છે. ઘરનાં કામકાજ ને બીજી વ્યાવહારિક બાબતોમાં તેને ઉંમરના પ્રમાણમાં સારું સૂઝે છે. બીજી બૌદ્ધિક બાબતોમાં તેનું બહુ ધ્યાન નથી પડતું.

કમલા અમારી પડખે રહેવા આવી ને પ્રશ્ન ઉભો થયો. કમલા વગર પૂછે આવે, જ્યાં ત્યાં અડે, ગમે તે વસ્તુ ઉપાડે ને તેનો ગમે તે ઉપયોગ કરે. તાળાંકુંચી, સ્ટવનો સામાન, મારી દીકરીનાં રમકડાં, પુસ્તકો, રેંટીયો કશું જ સુરક્ષિત રહે નહિ. ના પાડીએ તો સમજે નહિ અથવા ભૂલી જાય, અથવા ધ્યાનમાં રાખીને વિરુદ્ધ વર્તે.

મને પ્રશ્ન થયો કે એને બીજાની મિલકતને સન્માનવાનું ભાન નથી. માટે તે ખ્યાલ આપવો જોઇએ.

મેં પાડોશણને સલાહ આપી કે કમલાને તમારી વસ્તુ લેવાની બાબતમાં નિયમો આપજો ને કમ-લાને પોતાની વસ્તુઓ રાખવા દેજો. તેની વસ્તુઓ તેની રજાથી જ લેવાય વગેરે રાખજો એટલે તે બીજાની વસ્તુઓ પ્રત્યે પણ યોગ્ય માન જાળવશે.

મારે ત્યાં તો તેને રજા વગર આવવાની મેં 'ના' પાડી. બારણામાંથી તે પૂછે: "આવું ?"

હું તેને મારા કામની વસ્તુઓને રજા વગર ન અડવાની શરતે આવવા દઉં.

તેના ઘરમાં પરિણામ કાંઇક ઠીક દેખાયું. તેની બાની વસ્તુ હવે તે વીંખી નાખતી નથી. પોતાનાં કપડાં ને રમકડાં બરાબર ગોઠવે છે.

પણ મારા ઘર પ્રત્યે સમાધાનકારક પરિણામ આવ્યું નથી. થોડા દિવસ તેણે સંવેદી રાખી એટલે રજા લેવાની પદ્ધતિ મેં ઢીલી મૂકી. તે ગમે ત્યારે આવે ને રમે. પણ હું પોચી થાઉં કે તે વસ્તુનો ગેરઉપયોગ શરૂ કરે છે. હું સખ્ત થાઉં કે સીધી ચાલે છે. આ એક મુશ્કેલી.

બીજું અત્યાર સુધી 'આ મારું છે, અમારું છે; એને અડતાં નહિ' વગેરે ભાષા તેની પાસે ન હતી. તે હવે તેને મળી ગઇ છે. તેની સાથેની છોકરીઓને તે હમેશ ના પાડ્યા જ કરે છે: "આ અમારું પગથિયું છે; એને અડવાનું નહિ. આ અમારો થાંભલો છે. આ અમારું ઝાડ છે." વગેરે. ગમે તેને 'અમારું' કહીને બીજાને અડવાની ના પાડવાનો તેને શોખ લાગ્યો છે.

આ બાબતમાં મારી ક્યાં ભૂલ થઇ છે તેમજ હવે શું કરવાથી કમલા 'મારા તારા'ના જંજાળમાંથી છૂટે ને બીજાનું વીંખી નાખતી અટકે તે સવિસ્તર લખી જણાવશો. તા.

ચર્ચાપત્ર

શાહપુર ચકલો—અમદાવાદ
તા. ૨૧–૧૦–૨૮

મુરબ્બીશ્રી તારાબેન,

મારી થોડીક મુંઝવણોનો ખુલાસો આપની પાસેથી ઇચ્છું છું. આશા રાખું છું કે આપનું અભ્યાસી મગજ મને સંતોષ આપશે.

(૧) મારો એક પુત્ર છે તેને ખૂબ ખાવાની ટેવ છે. બસ ખાયા જ કરે. અને તે એટલું અને એટલી વખત કે ભલા ભલા મોટા માણસો પણ પચાવી ન શકે. વધુ ખોરાકથી એને નુકશાન થાય છે તે પ્રત્યક્ષ જોઇ શકાય છે. મેં ઘણાય પ્રયત્નો કર્યા પણ ખોરાક ઓછો નથી કરાવી શકયો. ઓછો ખોરાક આપીએ છીએ તો આખો દિવસ કકળ્યા કરે છે. પ્રસંગોપાત ત્રણ વરસનો હોવા છતાં છાનો-માનો ખાઇ જાય છે અને એમ ન કરે ત્યારેય એનું મન ખાવામાં જ ભમતું હોય છે. એને અમુક ભાવે છે તેવું નથી. ગમે તે અને ગમે તેટલું ખાવાનું એ માગે છે. નાનપણથી એના દાદાએ એ ટેવ પાડી દીધી છે. ટૂંકામાં એટલું કે એ ખૂબ ખાવાનું માગે છે. ખૂબ એટલે અપરિમિત—એની શક્તિથી વધારે તો શું પણ મોટા માણસથીય વધારે શું કરું?

(૨) એને અંગુઠો ચૂસવાની ટેવ છે. મેં હાથ બાંધ્યા અને બન્યું તેટલું કર્યું છતાં તે ટેવ નથી જતી. કડવો પદાર્થ ચોપડીએ તો તે પણ સાફ કરી નાખે છે.

(૩) એ કશુંય શીખતો નથી. ફરવા સિવાય રમત, ગમત નિરીક્ષણ કે બીજી બાલપ્રવૃત્તિ કરતો નથી. કોઇક વખત જરા રમી લે એટલું જ. નથી જાગતી એનામાં જીજ્ઞાસા કે નથી ઉત્પન્ન થતો રસ. બોલતાં શીખવવા મથીએ તો બોલે જ નહિ. બે ચાર શબ્દો શીખ્યો છે પણ તેની જાતે જ. 'બાપા' જેવો સહેલો શબ્દ નથી બોલતો પણ 'પૈસા' જેવો અઘરો શબ્દ બોલે છે. વાતાવરણમાંથી એ અમુક અમુક ઝીલે છે પણ તેનો વેગ ખૂબ ઓછો છે. એની પ્રવૃત્તિને વેગ આપવા મથીએ પણ એ પ્રવાહ દેખી શકાય તેમ હોય ત્યારે ને?

મને આ ત્રણ ગુંચવણોમાંથી મુક્ત નહિ કરો? "શિક્ષણ પત્રિકા"માં આની નજીક હોય તેવી એક શંકા-અડચણનું સમાધાન છે. પણ આપ કબુલ કરશો કે મારી મુશ્કેલી જુદા પ્રકારની છે. મને કોઇ સારો રસ્તો બતાવવા કૃપા કરશો તો ઉપકૃત થઇશ.

લી. સેવક,
હિંમતલાલ ચુ. શાહ
ના સ્નેહવંદન.

ઉત્તરઃ—

તમારા વર્ણન ઉપરથી લાગે છે બાળક કાંઈક માંદું અને કાંઇક પછાત હોવું જોઇએ. સમધારણ અને તંદુરસ્ત બાળકોના સામાન્ય નિયમો તેને લાગુ પડે નહિ.

(૧) ડાકતરની સલાહ લઇ તેને એકલા દૂધ, છાશ અને ફળો ઉપર રાખવો. ખાવાનો વખત સપ્ત રીતે નિયમિત રાખવો. ખાવાનું ચાર ચાર કલાકે દેવું. ખાવાના સમયો વચ્ચે તેને ખાવાની વસ્તુથી દૂર રાખવો. એટલે તેને ફરવા લઇ જવો, બહાર રમાડવો અને થોડું એક રડવા દેવો. જો વચ્ચે ખાવા આપ્યા વગર ન જ ચાલે એમ હોય તો ચાર ચાર કલાકે દૂધ ને વચ્ચે બે કલાક પછી દાડમ કે સંત્રાં કે એવાં ફળો દેવાં. એટલે તેને બબ્બે કલાકે કાંઇક ખાવાનું મળ્યાથી સંતોષ રહેશે. શરૂઆતના એકાદ બે દિવસ ખાવા માટે બહુ જ કજીયો કરશે પણ તે સહુન કરવો, ને ફરવા લઇ જઇ કાંઇ બતાવી, વગાડી તેનું મન વાળવું. જ્યારે તેનું પેટ ઠેકાણે આવશે ત્યારે તેની હદ વિનાની ખાવાની વૃત્તિ ઠેકાણે આવશે. દૂધ કેટલું દેવું વગેરે ડાકટરની સલાહથી જ નક્કી કરવું.

એકાદ બે દિવસ કેવળ ઉપવાસ કરાવશો તોયે હરકત નથી. ચોકખું પાણી અથવા મગનું પાણી પાવું. ખોરાક ઓછો છતાં ઝાડો સાફ આવે તેનું ધ્યાન રાખવું. ઝાડો ન આવે તો દવા આપવા કરતાં બરતી વધુ સારૂં કામ કરશે એમ લાગે છે. એ બાબતમાં પણ ડાકટરની સલાહ લઇ ચાલવું.

(૨) પાછળ હાથ બાંધી રાખવા; રાત્રે હાથ ઉપર કોથળીઓ બાંધવી, વગેરે કાંઇ કાંઇ કરી ટેવ છોડાવવી. એક બે વાર નહિ પણ ટેવ છૂટે ત્યાં સુધી આવું કરતા રહેવું. અંગૂઠો ચૂસવાનો અવકાશ ન જ મળે તે જોવું.

(૩) ખાવા ઉપર સતત ધ્યાન અને અંગુઠો ચૂસવાની ટેવ એ બેને કાઢવા માટે સીધા ઉપાયો ઉપર કહ્યા છે. આની સાથે જ ચાલુ રાખવાનો ત્રીજો ઉપાય તો એ લેવો કે તેને કોઇ પણ કામમાં પરોવવો. કાંઇક જુએ, રમે, કરે, સુંઘે, હાથ ફેરવે વગેરે. તમારો ત્રીજો પ્રશ્ન જ સૂચવે છે કે તેને માનસિક પ્રવૃત્તિ નથી. આપણે જે સામાન્ય બાળકોની રમતગમત કહીએ છીએ તેમાં તેને રસ ન પડે તો તેને શામાં રસ પડે છે તે શોધી કાઢવું જોઇએ. બજારમાં લઇ જઇ કપડાં, રમકડાં ને બીજી બધી દુકાનોમાં (કંદોઇ વગેરે ખાવા સિવાયની) ફેરવી જુઓ. બગીચામાં લઇ જાઓ. મંદિરમાં લઇ જાઓ. સ્ટેશન ઉપર લઈ જાઓ. કઈ બાબતમાં તેનું ચિત્ત ઠરે છે તે તપાસી જુઓ. ગૃહ ઉદ્યોગે માં પણ તેને જૂદાં જૂદાં સાધનો આપી જુઓ. બંગલા બાંધવાની પેટીઓ, મોઝેક વર્કની ગોળીઓની અને તખ્તીઓની પેટીઓ, કાગળ-પાતર, રમકડાં બનાવવાની માટી, ખાડા ગાળવા માટે મોટા ખીલાઓ, નાનાં દાતરડાં, ઝાડને પાણી પાવા માટે નાની ઝારીઓ, નાની ડોલો, જોવા માટે ચિત્રો વગેરે કાંઈક કાંઇક આપો ને જુઓ કે તેનું ચિત્ત કયા કામ ઉપર ચોટે છે. દડા વગેરે રમત પણ આપી જુઓ.

અમદાવાદમાં બે બાલમંદિરો છે. ત્યાં લઇ જઇ ત્યાંની કોઈ પ્રવૃત્તિ ઉપર તેનું ધ્યાન જાય છે કે કેમ તે પણ જોજો.

વાર્તામાં કે ગીતોમાં, કે ઘરની રમતોમાં તેને રસ પડે છે કે નહિ તે પણ જુઓ.

તેનો જરા અભ્યાસ કરી તમારે તેનો રસ ક્યાં છે તે શોધી કાઢવો પડશે. ને કાંઇ જ ગમતું નથી એમ જણાય તો તે સાચે જ માંદો છે એમ જાણી સારા ડાકતરની સલાહથી તેને દવાપાણી કરજો. તેની આંખ, કાન, નાક, ગળું, મોઢું, દાંત વગેરે બધું તપાસાવી લેજો ને ડાકટરની સલાહ પ્રમાણે ઇલાજ કરજો.

શારીરિક અને માનસિક પ્રગતિ આ ઉંમરે પરસ્પર અવલંબીને હોય છે. તેને ખાવાનું જ મન થાય છે, તેથી તેને કામકાજ સૂઝતું ન હોય તે સંભવનીય છે; ને કામકાજ કાંઇ જડતું નથી તેથી ખાવાનું જ સૂઝે છે એમ પણ સંભવિત છે. એ જ નિયમ અંગુઠો ચૂસવાની બાબતને લાગુ પાડી શકાય. અંગુઠો ચૂસવાની ટેવ છે માટે કામ લેવાનું મન થતું નથી ને કામ નથી માટે અંગુઠો ચૂસ્યા કરે છે એમ પણ બને. માટે ખાવા સંબંધે અને અંગુઠા સંબંધે ઉપાયો લેવાની સાથે જ તેને માનસિક વ્યાપાર શોધી આપવો જોઈએ. એટલે પહેલી બે ટેવો છોડાવવામાં આની મદદ થશે. ને પહેલી બે ટેવો છોડાવવાથી તેને પોતાનો ઉદ્યોગ શોધી લેવાનું સહેલું પડશે.

પહેલાં એક બે દિવસ વધારે અઘરૂં પડશે. ને તેની પાછળ જ એકાદ માણસનો બધો વખત જશે. પણ તેમ કર્યા વગર બાળકને સુધરવાની આશા નથી. એમ ને એમ ચાલવા દેશો તો બાળક સારી રીતે પછાત પડશે, ને મોટી ઉંમરે તેની જીંદગી તેને ને તમને દુઃખરૂપ થઇ પડશે. **તા.**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૮૫

અંક ૨-૩ જો
ચૈત્ર-વૈશાખ

:તંત્રી:
ગિન્નુભાઇ
તારાબેન

તે માણસ જીવનના પ્રવાસમાં દિન પ્રતિદિન આગળ વધતો જાય છે કે જે કોઇ નિશ્ચિત સ્થળે પહોંચવા માટે નીકળેલો છે. લક્ષ્યને નિશ્ચિત કર્યા વિના ચાલ્યા કરવું એનું નામ ભટકવું. ભટકનાર સવારથી સાંજ સુધી ચાલે છે, પગ થાકે છે, જુદા જુદા અનુભવો કરે છે પણ છતાં તેના કાર્યમાં સંગતતા અને સરવાળો નથી મળતાં. જીવન ભટકવા માટે નથી, સામે લક્ષ રાખીને આગળ ધપવા માટે છે. દરેક માણસ સામે કયું લક્ષ છે તે તે જાણી લે અને પછી ચાલે. ફિકર નથી કે તે ધીમો ચાલે છે કે ઉતાવળો. આખરે તે ત્યાં પહોંચશે જ.

દ્વીતીય મોન્ટીસોરી સંમેલન

તારીખ ૨૨-૨૩-૨૪ માર્ચ ૧૯૨૯ : અમદાવાદ

(દૂંકી રૂપરેખા)

અમદાવાદના શ્રી શારદામંદિરના મનમાં દ્વિતીય મોન્ટીસોરી સંમેલન ગૂજરાતના પાટનગરમાં બોલાવવાનો સુસંકલ્પ થયો અને એક સ્થાનિક કાર્યવાહક મંડળે સંમેલનની તૈયારીઓ કરવા માંડી. સંમેલનના મંત્રીઓ શ્રી. ભોગીલાલ ઠાકર અને રણછોડલાલ અમૃતલાલ શેઠે સંમેલનના કાર્યને પત્રિકાઓ દ્વારા જનસમૂહ પાસે રજુ કરવા માંડ્યું અને બહારગામ ફરીને તેમજ અમદાવાદમાં વ્યાખ્યાનો કરીને સંમેલન તરફ લોકોને અભિમુખ કર્યા. મંત્રીઓએ સંમેલનને સફળ કરવા જાતે જઈને રાજ્યોને, કેળવણીના વડાઓને, ટ્રેનિંગ કોલેજોને અને સંભાવિત માનનીય ગૃહસ્થોને આમંત્રણ આપ્યાં. પરદેશની મિત્ર મોન્ટીસોરી સંસ્થાઓ અને અન્ય કેળવણીકારોની આ કામમાં સહાનુભૂતિ માગી, તેમજ પ્રદર્શનને અંગે ત્યાંનાં બાળકોના કામના નમૂના માગ્યા.

સમગ્ર કામને પહોંચી વળવા માટે પેટા સમિતિઓ નીમવામાં આવી હતી, જેવી કે નિબંધ-સમિતિ, રંજનસમિતિ, ભોજનસમિતિ, મંડપ-સમિતિ, પ્રદર્શનસમિતિ, સ્વયંસેવકમંડળ વગેરે.

અગાઉથી નિબંધો મંગાવવામાં આવ્યા હતા અને મંજુર થયેલા નિબંધો છાપીને એક પુસ્તક બહાર પાડવામાં આવ્યું હતું.

સંમેલનનો પહેલો દિવસ

પ્રથમ લેડી તનુમતી ગિરિજાપ્રસાદે સંમેલનને અંગે જે પ્રદર્શન રચવામાં આવ્યું હતું તેને ખુલ્લું મૂકયું હતું. આ પ્રદર્શનમાં દેશ પરદેશનાં જુદાં જુદાં બાલમંદિરનાં બાળકોનાં કામો જેવાં કે ચિત્ર, લેખન, ગણિત વગેરેના નમૂનાનો વિભાગ હતો. બીજો વિભાગ બાલ-ગૃહનો એટલે એક બાળક માટે તેનું પોતાનું ઘર કેવું હોવું જોઈએ તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. આવાં બે ઘરો હતાં: એક મધ્યમ વર્ગના બાળક માટે અને બીજું ગરીબ વર્ગના માટે. ત્રીજો વિભાગ બાલપ્રવૃત્તિમાં ઉપયોગી એવી વસ્તુઓના સંગ્રહસ્થાનનો હતો. ચોથો વિભાગ કલાદર્શનનો હતો. આ વિભાગમાં ચોખાની રાંગોળી, બ્રતર રાંગોળીઓ, પાણીમાં રાંગોળી, દીપમંડળ, જુવારા, ફૂલ, શાકભાજીના મંડપો તથા જાતજાતના કાપડ ઉપર છાપના નમૂના હતા. એક વિભાગમાં મોન્ટીસોરી સાધન અને સાહિત્યો હતાં.

પ્રદર્શનની પાછળ ઘણાં ઉત્સાહી ભાઈ-બહેનોનો સહકાર અને શ્રમ હતો એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. પ્રદર્શનના મંત્રીઓએ પ્રદર્શનની માર્ગદર્શિકા પ્રગટ કરીને પ્રદર્શન જોવાનું કામ સરલ અને ઉપયોગી કર્યું હતું.

પ્રદર્શન ખુલ્લું મૂકાયા બાદ સવારમાં નીચેનો કાર્યક્રમ ચાલ્યો:

સ્વાગતાધ્યક્ષ શેઠ ચિનુભાઈ લાલભાઈનું વ્યાખ્યાન.

ભાઈ ભોગીલાલ ઠાકરનું સંમેલનના પ્રયોજનનું ભાષણ.

પ્રમુખ શ્રી. ગિજુભાઇનું ભાષણ.

શ્રીમતી તારાબેને વાંચેલો મોન્ટીસારી સંઘનો અહેવાલ.

શ્રી. ભોગીલાલ ઠાકરે આપેલો ડૉ. મેરીઆ મોન્ટીસોરીનો પરિચય.

ભાઇ ચમનભાઇએ ગૂજરાતી બાલકેળવણીની પ્રગતિ ઉપર કરેલી સમાલોચના.

સવારનો આખો કાર્યક્રમ સંપૂર્ણ શાંતિ અને ઉત્સાહથી પાર પડ્યો હતો. લોકોની હાજરી ખૂબ સંતોષકારક હતી. આ પ્રસંગે અમદાવાદનો જનસમાજ, શ્રીમંત વર્ગ, શિક્ષક વર્ગ, અધિકારી વર્ગ, સરકારી અને રાષ્ટ્રીય, દેશી અને પરદેશી જનો હાજર હતા. સંમેલન એક આંતર્ રાષ્ટ્રીય પ્રવૃત્તિનું પ્રતીક હતું.

પહેલો દિવસ : બપોર

કાકાસાહેબનું પ્રવચનઃ પ્રાથમિક કેળવણીમાં નવી દૃષ્ટિ.

શ્રીમતી તારાબેનઃ પ્રાથમિક શાળામાં મોન્ટીસોરી દૃષ્ટિએ સુધારા.

મિસિસ પગારનું નિબંધવાચન.

પ્રાથમિક શાળા સંબંધે પ્રશ્નોત્તર.

પ્રથમ સંમેલન પ્રમાણે જ આ સંમેલનમાં પણ પ્રશ્નોત્તરને સારૂં સ્થાન આપવામાં આવ્યું હતું. પ્રશ્નોની પરંપરા હતી. વ્યાખ્યાનોમાં રસ આવતો હતો તેના કરતાં પણ વધારે રસ પ્રશ્નોત્તરમાં પડતો હતો એમ જણાતું હતું. દરેક દિવસે પ્રશ્નોત્તર રાખવામાં આવ્યા હતા. પ્રશ્નો વ્યવહાર તેમજ તાત્ત્વિક બન્ને જાતના હતા. સંમેલનમાં પ્રશ્નોત્તરની વિશેષતા હતી.

પહેલો દિવસ : રાત્રે

રંજનસમિતિએ ત્રણે દિવસ માટે રંજન આપ્યું હતું. રંજનસમિતિના પહેલા દિવસના કાર્યક્રમમાં નાટ્યપ્રયોગો, લોકગીત, નૃત્ય વગેરે મનોરંજક પ્રવૃત્તિઓ હતી. બીજા દિવસે પણ નાટ્યપ્રયોગો, પ્રહસન, મૂક અભિનય, નૃત્ય વગેરે સુંદર હતાં. ત્રીજે દિવસ સંગીત અને સિનેમા હતાં. આખા દિવસના કામ પછી રાતનો આ કાર્યક્રમ બરોબર વિરામજનક હતો. જુદી જુદી સંસ્થાઓએ અને વ્યક્તિઓએ સુંદર સહકાર આપી રંગભૂમિને શોભાવી હતી. બોટી સભ્યતાને છોડીને પ્રમુખ તેમજ સંમેલનના મંત્રી શ્રી. ભોગીલાલ પણ નાટ્યપ્રયોગમાં ઉતર્યા હતા.

આવા પ્રસંગે નાના મોટા સૌ ભાગ લે તો જ કામ શોભી ઉઠે છે.

બીજો દિવસ : સવાર

વ્યાખ્યાનો

તારાબેનઃ વિષય : સ્વાતંત્ર્ય.

ચમનભાઇ વૈષ્ણવઃ

પ્રશ્નોત્તર.

ઉક્ત વ્યાખ્યાનો તેમજ મોન્ટીસોરી શિક્ષણ પદ્ધતિ ઉપર પ્રશ્નોત્તર થયા હતા. પ્રશ્નોત્તરની યોજનામાં પહેલે દિવસે પ્રાથમિક શાળાના પ્રશ્નો લેવામાં આવ્યા હતા. બીજી બેઠકે મોન્ટીસોરી પદ્ધતિ ઉપર અને ત્રીજી બેઠકે માબાપની દૃષ્ટિએ કે બાળઉછેર ઉપર પ્રશ્નોત્તર થયા હતા. 'શિક્ષણ પત્રિકા'માં આ પ્રશ્નોત્તરો આગળ ઉપર આપવામાં આવશે.

બીજો દિવસ : બપોર

બપોરની બેઠકનું કામ માબાપોને ઉદ્દેશીને ચાલ્યું હતું. વ્યાખ્યાનો નીચે પ્રમાણે થયાં હતાં.

મિસ મેકેાનકીઃ બાળકોનું આરોગ્ય.

સમેલનના બહેનો બાળકો પ્રત્યેની ફરજ.

લીંબડીના મે. દિવાન સાહેબના બે બોલ.
ચંદુલાલ કાનદવેઃ માબાપ તરીકેનો અનુભવ.
શ્રીઃ રણછોડભાઇઃ મોન્ટીસોરી શિક્ષકોને.

છેલ્લાં બે વ્યાખ્યાનો ખૂબ લોકપ્રિય થયાં હતાં. ચંદુભાઇએ પોતાનો અનુભવ હસાવતાં હસાવતાં મૂકયો હતો.

ત્યાર બાદ પ્રશ્નોત્તર થયા હતા.

ત્રીજો દિવસ : સવાર

વ્યાખ્યાનો

શ્રી. ભોગીલાલ દોકરઃ સર્જનાત્મક પ્રવૃત્તિઓ
" ગિજુભાઇ
" ગોવિંદરામ
" ઇન્દુભાઇ
} બાલમંદિરના અનુભવો

પ્રશ્નોત્તરઃ

'બાળકોને વાર્તા'

સંમેલનમાં આ પણ એક નવીનતા અને વિશેષતા હતી. બાળકો માટેના આ સંમેલનમાં બાળકોને વાર્તા કહેવાથી બાળકોને યોગ્ય સ્થાન મળી ગયું હતું. સંમેલનની મહત્ત્વની વસ્તુ શું છે તેની પ્રતીતિ અહીં થવા પામી હતી. મંત્રમુગ્ધ થઈ બાળકો વાર્તા સાંભળતાં હતાં એ દૃશ્ય જોવા જેવું હતું. વાર્તાને અંતે પ્રમુખે બાળકો સાથે થોડીએક વાતચીત કરી હતી. અને તેમની વિદાય માગી હતી.

ત્રીજો દિવસ : બપોર

વ્યાખ્યાનો

શ્રી. ગો. રા. કુલકર્ણીઃ
બાલમંદિરનાં બાળકોનો અનુભવ
શ્રી. ચંદુલાલ વ્યાસઃ બાળપોથી
શ્રી. હરરાયભાઇઃ રમતો.

ત્યાર બાદ પ્રમુખે સંમેલનનું કાર્ય સંકેલતાં સૌનો ઉપકાર માન્યો અને પ્રભુએ આ કામ પાર પાડયું તે માટે તેની પ્રાર્થના કરી.

ઔપચારિક કાર્યોમાં લેડી વિદ્યાબેન રમણભાઇએ પ્રમુખનો ઉપકાર માન્યો, સવિતાબેને સર્વ મહેમાનોનો અને શ્રી. કે. એન. શાહ અને શ્રી. દાણીએ મહેમાનો તરફથી ઉપકાર માન્યો હતો. છેવટે વન્દેમાતરમ્‌ના ગીત સાથે સંમેલનની પૂર્ણાહૂતિ થઇ.

સંમેલન પ્રસંગે

ડૉ. મોન્ટીસોરીનો સંદેશ

I am among you with deepest love for the children of the most spiritual human race.

Maria Montessori.

મનુષ્ય જાતિમાં સર્વ શ્રેષ્ઠ આધ્યાત્મિક પ્રજાનાં બાળકો માટેના ઉંડા પ્રેમ સાથે હું આપની સાથે છું.

મેરીઆ મોન્ટીસોરી

મિલાનના મોન્ટીસોરી કમિટિનો સંદેશ

"મિલાનની મોન્ટીસોરી સમિતિ પોતાના અંતરના મન વાણીના સહકાર સાથે સંમેલનને બંધુત્વભાવભર્યાં અભિનંદન મોકલે છે."

પ્રદર્શન પરિચય કરાવતી વખતે

"મોન્ટીસોરી પદ્ધતિની વિશિષ્ટતા તો એના સર્જનશક્તિના વિકાસના દાવામાં છે. આજની કેળવણી તો વેદવાક્યં પ્રમાણમ્‌ની પેઠે શિક્ષકવાક્યં પ્રમાણમ્‌ જેવી જ જડ છે, 'શિક્ષક કહે તે ખરું,'

'શિક્ષક માને તે સાચું,' 'બાળકને આવડત નથી,' 'વિચાર નથી,' 'ભાન નથી,' 'શીખવીએ તેમ જ બોલે,' 'શીખવીએ તેમ જ શીખે' આવાં આવાં અનેક શિક્ષણ-સૂત્રોથી બાળકની શક્તિનું રુંધન થાય છે. અને પછી મોટપણે આપણે સર્જન ઇચ્છીએ છીએ! સર્જન શી રીતે આવે? હૃદય પર ભાર મૂકો તો હૃદય શી રીતે ચાલે? પરતંત્રતાની બેડીમાં જડો અને પછી સ્વતંત્રતાની અપેક્ષા રાખીએ એ કેમ મળે? અને પારતંત્ર્યના આઘાતોનો પ્રત્યાઘાત સ્વચ્છંદમાં જ ન આવે તો બીજું શું થાય?

"સર્જન એ તો માનવનો મૂળગત સ્વભાવ છે. સંસ્કારો પડે, ઘારણ થાય, ગોઠવાય અને પૂરા થતાં તે તેના પ્રદેશમાં મૂર્ત રૂપ લે જ લે, પણ ત્યારે જ કે જો મનુષ્યને સ્વતંત્ર હવામાં ઉછરવાનું મળ્યું હોય તો. સ્વતંત્રતા વિના સર્જન સંભવે જ નહિ." (સવિતા બેન)

પ્રદર્શન બુલ્લું મૂકતી વખતે

"આપણાં બાળકો સત્યને અને સૌંદર્યને પૃથ્વીના ગમે તે છેડેથી લાવવાં પડે તો લાવવા તૈયાર રહે એટલી વિશાળ દૃષ્ટિનાં બને, જ્ઞાન કરતાં ચારિત્ર્ય જ જીવનને વધારે ઉપયોગી છે તે ભાવનાનાં ઉપાસક બને અને વખત આવે પોતાના અંતરની ઉંડામાં ઉંડી વ્યથાને દાબીને હસ્તે મ્હોંએ પરિસ્થિતિને સ્વીકારવા તૈયાર રહે. આવાં તેજસ્વી અને પ્રાણવાન બાળકો ગૂજરાતમાં ઘેર ઘેર દેખાય એવી મારી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે."

(લેડી તનુમતી)

સ્વાગતાધ્યક્ષ કહે છે

'એક વાક્ય એવું છે કે આપણો ઉદ્ધાર આપણે જાતે જ કરી લેવો જોઇએ. બીજા કોઇ પણ ક્ષેત્ર કરતાં કેળવણીના અને તેમાંયે વળી બાળકોની કેળવણીના ક્ષેત્રમાં આ વાક્ય વધુ લાગુ પડે છે. કારણ મોન્ટીસોરી પદ્ધતિ એટલે બાલમાનસનો વિકાસ કરનાર મુખ્ય પદ્ધતિનો સંપૂર્ણ વિજય માબાપ અને શિક્ષકો કે બાલમંદિરોના પરસ્પર સહકાર પર જ આધાર રાખે છે. જેમ આપણે અત્યાર સુધી કરતા આવ્યા છીએ તેમ બાળકોને શિક્ષકો પાસે સોંપી દઇ થોડો પગાર અગર ફી આપી છૂટીને સંતોષ માનીશું તો તો એમાં નથી કંઈ આપણું વળવાનું કે નથી બાલમંદિરોનું વળવાનું. ઉલટું વિરોધીઓને એમ કહેવાની તક મળશે કે તમારાં બાલમંદિરોથી શું વધારે દાળદર ફીટયું? જો કે મોન્ટીસોરી પદ્ધતિમાં સમયપત્રક જેવું કંઇ હોતું નથી છતાં એને પણ સ્થળ અને કાળનાં બંધન છે. અમુક જ કલાક તે બાલમંદિરમાં રહે છે; બાકીનો વખત તો તે માબાપોની શીળી છાયામાં જ હોય છે. માબાપો અને શિક્ષકો, આ બન્નેમાં માબાપની અસર વધારે બળવાન નીવડે છે. આ દેશમાં બાળકો સામાજિક નિયમો પ્રમાણે યુરોપનાં બાળકો કરતાં મોટી ઉંમરે માબાપની અસરથી મુક્ત થાય છે. એટલે સ્વાભાવિક રીતે જ માબાપના વલણની અસર તેમના પર વિશેષ થવાની. એટલે માબાપોને માથે શિક્ષક કરતાં વધારે જોખમદારી છે એમ હું માનું છું."

(શેઠ ચિનુભાઇ લાલભાઇ)

પ્રમુખનું ભાષણ

"નવા યુગનાં આ પૂર્વચિન્હો કયાંક ભાવિના

ગર્ભમાં છે, કયાંક સ્પષ્ટાસ્પષ્ટ દેખાઇ રહ્યાં છે. પણ આ બાળયુગની નવી શરૂઆત તો થઇ જ ચૂકી છે. આજે આખી દુનિયા બાલશિક્ષણ, બાલવિકાસ, બાલસાહિત્ય, બાળપોશાક, બાળખોરાક વગેરેના અનેક પ્રશ્નો ઉત્સાહ અને આગ્રહથી જોસભેર ચર્ચી રહી છે. બાલઉદ્ધારમાં જગતનો ઉદ્ધાર જોનારાળા વિદ્વાનો ક્રાંત દૃષ્ટિએ કહે છે કે નવી પેઢીને હાથમાં લો, નવી પેઢીને વ્યક્તિત્વ આપો, નવી પેઢીને પારતંત્ર્યમાંથી બચાવો, નવી પેઢીને વ્યક્તિ સમષ્ટિના જીવનનો મેળ સમજાવો. આ દુનિયાના ઝગડાઓમાંથી, વેરઝેરમાંથી, લડાઇઓમાંથી, અનાથાશ્રમો અને પાગલખાનાંમાંથી, કોર્ટો અને કેદખાનાંમાંથી, ગરીબી અને વિલાસમાંથી, સત્તા અને ગુલામીમાંથી બચાવવી હોય તો નવી પેઢીનું શિક્ષણ નવું કરો. જે ઘર–જે શાળાએ આજની દુનિયા બનાવી છે (અને ઘર અને શાળા જ દુનિયાને બનાવે છે) તેને તોડી નાખીએ અને અંધારાને દૂર કરવા નવા પ્રકાશને આવવા દઇએ.

* * *

"આપણે મોન્ટીસોરીને હિંદુસ્તાનમાં અપનારતાં તેને હિંદી પ્રાણથી અલંકૃત કરવાની છે. એટલે જ મોન્ટીસોરી શાળા પ્રયોગભૂમિ રહે છતાં તે હિંદુસ્તાનનાં છાપરા નીચે, હિંદુસ્તાનની બોંય ઉપર, હિંદુસ્તાનના આસન ઉપર બેસશે. આપણે મોન્ટીસોરીનાં ટેબલ ખુરશીની જગ્યાએ બાજોઠ ઉપર બાળકોને સ્વયંસ્ફૂરિત ચિત્રો કાઢવા મૂકીશું. હિંદુસ્તાનનાં મોન્ટીસોરી બાળકો નાસ્તો લેશે, પણ તે ટેબલ ખુરશી ઉપર કે જોડા પહેરીને નહિ. મોન્ટીસોરી ગૃહમાં બાળકોને કલાનું વાતાવરણ આપણે આપશું પણ આપણો કૂલ શણગાર માટીના લોટકામાં આવળ બાવળનાં ને લીમડાનાં પાંદડાંથી પણ થઇ શકશે. હિંદની મોન્ટીસોરી શાળામાં બાળકોના હાથમાં એકતારો અને મંજીરાં હોય. પ્લાસ્ટીસીનને બદલે સાદી કુંભારની માટીથી બાળકોના હાથ જાતજાતનાં રમકડાં બનાવતા હોય. આપણી શાળાના આંગણામાં બાળકો રાઇ, મેથી, તુલશી, મરવો, કરેણ, બારમાસી વગેરે વચ્ચે ફરતાં હોય; અહીંના બાગમાં આવળ પણ હોય.

* * *

"આપણે એટલે ગામડાંઓ. અને ગામડાના શિક્ષણનો ઉકેલ એટલે રાષ્ટ્રજીવનનો ઉકેલ. બાલજીવનના પ્રશ્નો ઉકેલવા આપણે મોન્ટીસોરીને પણ ત્યાં લઇ જઇએ. સ્વાશ્રય અને સ્વાધીનતા એ મોન્ટીસોરી પદ્ધતિનો પ્રાણ છે. એ વસ્તુ મોન્ટીસોરી પદ્ધતિ પાસે ન હોત તો આપણને તેનો કશો ખપ ન પડત. પણ ગામડું આજે શ્રમનું જીવન માગે છે. ચોદી જીવન, પરાવલંબી જીવન, એ જ આજે આપણા જીવનની મહાન્ બદી છે. ગામડું એટલા માટે લૂંટાય છે કે તે અજ્ઞાનમાં છે, વહેમના અંધકારમાં છે, બુદ્ધિની જડાઇમાં છે. અને એથી સૌથી વધારે આજે ગામડું ભયમાં છે. અને ગામડું એટલે આપણે સૌ: આપણે, આપણાં શહેરો, આપણું આખું રાષ્ટ્ર. એ ગામડાં માટે આપણને મોન્ટીસોરી પદ્ધતિ ફેંકી દેવા જેવી લાગત જો તે નિર્ભયતાની કેળવણી આપનારી ન હોત, સ્વાશ્રયી બનાવનારી ન હોત, નિર્મળ જ્ઞાનદાતા ન હોત અને ગુલામીમાંથી મુક્તિ આપનારી ન હોત.

* * *

"હવે આપણે મોન્ટીસોરી શિક્ષકો સામે જોઇએ. એમને હું કહું છું કે આપણે હજી થોડાં છીએ, અને મોન્ટીસોરી પ્રગતિનો બધો મદાર આપણા ઉપર છે. આપણે જ્યાં જ્યાં કોઠી નાખી પડ્યાં છીએ ત્યાં ત્યાં આપણે અડગ ઉભાં રહીએ. હું તમને જાણું છું. મને તમારામાં શ્રદ્ધા છે. મારી ખાત્રી છે કે તમે મોન્ટીસોરી ઉપાસના નિશ્ચળ રહો કરશો. ધનથી ન લોભાતાં. તમારી પદવી સ્વતઃ જ મોટી છે. તમારી પ્રવૃત્તિ પોતે જ કલ્યાણનો માર્ગ છે. તમે નમ્ર થઇને બાળકની સાથે તમારી પ્રગતિ સાધનાં સાધતાં જીવન સાર્થક કરજો. તમારું ભવિષ્ય ઉજળું છે.

* * *

"હું ઘણું બોલ્યો. પણ બોલતાં બોલતાં આપણે જેને માટે એકઠાં થયાં છીએ, જેને નામે આપણે આ સમારંભ કર્યો છે તે બાળકને ન ભૂલીએ. આપણી આડે તે તો કયાંઇ દેખાતું નથી. તેના હાથપગ નાના છે. તેની ઇન્દ્રિયો અણવિકસી છે. એની ભાષા ઘડાતી છે. એની બુદ્ધિ ખીલતી છે. પણ તેનો આત્મા મહાન્ છે. તેની વિકાસશક્તિ અમર્યાદ છે. બાળક કે જે આપણી આશા છે, જે આપણું અનંત ચિરંજીવપણું છે, જે આપણું સર્વસ્વ છે તેને આપણે ન વિસરીએ. તે સર્વથા આપણી આગળ ને આપણે તેની પાછળ હોઇએ. તેને સર્વથા વિકસવાના હક્કો હોય અને આપણી તેને વિકાસ સાધવા દેવાની જવાબદારી હોય. આપણે ભવિષ્યમાં તેની પાછળ જઇએ અને તેની સાથે આપણે આપણું ભાવિ ઘડીએ. આપણી સમસ્ત જીવનપ્રવૃત્તિમાં આપણી સામે બાળક હોય. ઘરમાં બાળકનું સ્થાન; બજારમાં બાળકનું સ્થાન; બાગમાં, બગીચામાં, રેલ્વેમાં સર્વત્ર બાળકનું સ્થાન આપણે પ્રથમ મૂકીએ.

"માટે બાળકને યોગ્ય સ્થાન આપવા અપાવવા ચાલો આપણે કમર કસીએ, હથિયારો હાથ ધરીએ અને લડનો લડીએ. આપણે બાળક આડે આવતું ચાલો હઠાવી દઇએ. વિકાસરોધક વસ્તુને નિર્મૂળ કરી બાળી નાખીએ. બાળક માટે એટલે આપણે જ માટે ચાલો. આપણે આજની દુનિયાને અસ્થિર કરીએ, બંડ કરીએ, અશાંત કરીએ. શિક્ષકો અને માબાપોએ કરેલી અને બાળકોના હક્ક માટે થએલી લડત ભલે ઇતિહાસમાં ન થઈ હોય પણ આપણે તો કરીએ. આ લડતમાં આપણે નાતજાત ભૂલી જઇએ, ધર્મભેદ ભૂલી જઇએ, ચામડીભેદ ભૂલી જઇએ. અને એક બાળકને માટે, સમગ્ર મનુષ્યજીવનની ઉમેદને માટે, સમગ્ર મનુષ્યજીવનની મનુષ્યતાના ફળને માટે વિજયી યુદ્ધ કરીએ. આ યુદ્ધ આપણે આપણી સંકુચિતતા સામે, આપણા મતાગ્રહ સામે, આપણા અજ્ઞાન સામે, આપણી પોતાની ગુલામી સામે, આપણા ભેદભાવ સામે અને આપણી નાસ્તિકતા સામે કરીએ. આપણે પહેલાં આમાંથી સ્વતંત્ર થઇએ; અને ત્યાં જ બાળક માટેનું આપણું યુદ્ધ પૂરું થાય છે. ત્યાં જ આપણું જીવનકર્તવ્ય સમાપ્ત છે. ચાલો આપણે એક થઇએ અને આ આપણું કાર્ય સફળ થાય તે માટે જે તેજમય છે તે આપણને તેજ આપો, જે ચેતનમય છે તે આપણને ચેતન આપો, જે અનંત વિજય છે તે આપણને વિજય આપો." (ગિજુભાઇ)

મૉન્ટીસોરી શિક્ષણસંઘના રિપોર્ટમાંથી

"આપણા સંઘમાં એક ગરીબ ફ્રાન્કુન છે એક રાજા છે; એમાં એક નાનો એવો શિક્ષક છે, એક મોટા એવા વિદ્યાધિકારી છે; એક પ્રાકૃત સાધારણ વાંચી લખી જાણે તેવો પોસ્ટમેન છે ને એક પ્રખર વિદ્વાન્ પણ છે. આપણા સંઘમાં સ્ત્રીઓ છે, પુરુષો છે. બ્રાહ્મણો, મુસલમાનો, અંત્યજો, પારસી ભાઇઓ, ઈસાઇઓ અને યૂરોપીઅનો છે. એમ આપણો સંઘ ઘણો વિશાળ અને વિવિધરંગી છે. આપણે સૌ એનાં સભ્ય છીએ. આપણે સૌ એની સેવા કરીએ ને એનું બળ પ્રતિદિન વધારીએ.

"પારસી અને મુસલમાન ભાઇઓ હજી થોડા છે. એટલા થોડા હોય તે ન ચાલે. પણ એની ચિંતા તો આપણાં પારસી મુસલમાન ભાઇઓને જ સોંપીએ છીએ. જે થોડા ભાઇઓ સંઘીઓ છે તેઓએ ખૂબ પ્રીતિ દર્શાવેલી છે, મુબારકબાદી આપેલી છે ને દુવા કરેલી છે."

ડૉ. મોન્ટીસોરીનો પરિચય

વિલાયતમાં પોતાને થયેલો તે આપતાં ભાઇ ભોગીલાલ ઠાકરે કહ્યું: "ડૉ. મોન્ટીસોરી જરૂર કોઇ અસામાન્ય આત્મા છે. તેમનામાં ગહન ઉંડાણ અને ગંભીરતા છે. બાળકોને સમજવાની તેમનામાં અદ્‌ભુત ભેદી દૃષ્ટિ છે.

"ડૉ. મોન્ટીસોરી પોતે માને છે કે પોતાનો જીવનસંદેશ સૌથી વધારે હિંદુસ્તાનમાં સ્વીકારાશે, કેમ કે હિંદુસ્તાનમાં તેમના શિક્ષણના તત્ત્વજ્ઞાનનો પાયો છે. તેમના સિદ્ધાંતની સફળ કૅાંરત હિંદુસ્તાનમાં ચણાશે. હિંદુસ્તાન આધ્યાત્મિક ભૂમિ છે; બીજા દેશો જડવાદમાં છે. એટલે હિંદુસ્તાનમાં તેમના આદર્શો સફળ થશે."

શ્રી. ચમનલાલ વૈષ્ણવ

ગૂજરાતમાં છેલ્લાં થોડાંએક વર્ષોમાં થએલી બાળકેળવણીની પ્રગતિની સરવૈ કરતાં ભાઇ ચમનલાલ વૈષ્ણવે કહ્યું: "ગૂજરાતમાં મોન્ટીસોરી પદ્ધતિ લાવનાર તરીકે દરબાર ગોપાળદાસ અને પુરાણીને માન ઘટે છે.

"મોન્ટીસોરી શાળાઓ વધતી જાય છે. બાનગી ઘરોમાં પણ તેનો પ્રચાર થયો છે અને રાજ્યોમાં પણ તેનો પ્રવેશ થવા લાગ્યો છે. મજુરોને પણ મોન્ટીસોરીનો લાભ મળવા લાગ્યો છે. શિક્ષકની જરૂર ઉભી થઇ છે અને તેની સાથે જ અધ્યાપનમંદિરના વિસ્તારની પણ જરૂર છે. સાધનોની મુશ્કેલી દૂર થઇ છે, કેમ કે હાલમાં વધવાણમાં વિલાયત જેવાં સસ્તાં અને સાચાં સાધનો બનાવવાની વ્યવસ્થા થઇ છે."

કાકા સાહેબના પ્રવચનમાંથી

આગલા જમાનાનો કેળવણીનો આદર્શ જુદો હતો. માબાપો જે જાતની કેળવણી માગતાં હતાં તે જાતની કેળવણી શિક્ષકો આપતા હતા. સાક્ષરોની માગણી પણ આ જ પ્રકારની હતી. જ્યાં મોટા વિદ્વાનોનો આદર્શ એવો હોય ત્યાં ગરીબ બિચારા શિક્ષકો એથી બીજું શું આપે? આથી જ કે ધૂડી–જૂની નિશાળના શિક્ષકોને બચાવી લઇએ તો પણ તેમની શિક્ષણપદ્ધતિની ખામીને તો નહિ જ બચાવી લેવાય. એ જમાનો જબરજસ્તીનો હતો. ધર્મમાં, સમાજમાં, સર્વત્ર જબરજસ્તીનું સામ્રાજ્ય હતું. ત્યાં કેળવણીમાં બીજું શું જડે?

હજી આજનો સમાજ, માબાપ અને વિદ્યાર્થીઓ પરીક્ષાનું શિક્ષણ માગે છે. તો જમાનો ફેરવવાનો પ્રયત્ન આવશ્યક છે. માબાપો અને

શિક્ષકોનાં મંતવ્યો જુદાં છે તે એક કરવાં જોઇશે. માટે કેળવણીનું અસ્ત્ર એકલા શિક્ષકો ઉપર નહિ પણ માબાપો પર પણ ફેંકવાની જરૂર છે.

આપણી જીવનપદ્ધતિ જબરજસ્તીના દોષથી દૂષિત છે. આપણે કેળવણીમાંથી જબરજસ્તી કાઢી નાખવી જોઇએ. પરાક્રમ એ કેળવણીનું પ્રથમ પગથિયું છે. બાળકોને પોતાને રસ્તે પોતાની ઢબે વિકાસ સાધવાની તક આપવી જોઇએ. એ વિના બાળકેળવણી શોભે નહિ. જવાબદારી હોય, જબરજસ્તી ન હોય અને પરાક્રમને અવકાશ હોય એટલી મુખ્ય વસ્તુઓ કેળવણીમાં જરૂરની છે. એના અમલથી બધાં તત્ત્વો મળી રહેશે.

શ્રીમતી તારાબેનના વ્યાખ્યાનમાંથી

આજની પ્રાથમિક શાળા સાથે મોન્ટીસોરી શાળા સરખાવતાં મોન્ટીસોરી દૃષ્ટિએ પ્રાથમિક શાળામાં કેવા ફેરફારો થઇ શકે તેવો વિચાર જ શક્ય નથી. કેમ કે એક બગડી ગયેલી ઘડિયાળમાં સુંદર કિંમતી ઘડિયાળનાં ચક્કરો લગાડી બગડી ગયેલી ઘડિયાળ સમી કરવા બરાબર મોન્ટીસોરી પદ્ધતિએ પ્રાથમિક શાળા સુધારવા જેવું છે.

આજની પ્રાથમિક શાળા એટલે સત્તા નીચે ચાલતું એક યંત્ર છે. અભ્યાસક્રમ, સમયપત્રક, પરીક્ષા અને પરીક્ષકો બધાં સુધારાની આડે ગોઠવાયાં છે. તે સુધારાને પેસવા દે તેમ નથી.

છતાં કેટલાએક શક્ય સુધારાઓ પ્રાથમિક શાળાના શિક્ષકો કરી શકે.

દરેક પ્રાથમિક શાળા હાથ ધોવાને પાણી, વાળ ઓળવા દાંતીઓ, મ્હોં જોવા કાચ અને વાળવા માટે સુપડી સાવરણી રાખી આપણા જીવનની ગંદકીને દૂર કરવાની શરૂઆત કરે.

દરેક શિક્ષક બાળકનાં નખ, આંખ, કપડાં વગેરે તપાસી માબાપને તે બાબતમાં કહેવડાવી શકે અને પોતે સુધારા કરવા પ્રયત્ન કરી શકે.

બારે તો આ બધું વિદ્યાધિકારી પોતાના એક હૂકમથી અમલમાં લાવી શકે. વિદ્યાધિકારી જાગતા જોઇએ.

આજે પ્રાથમિક શાળાના મહત્ત્વના વિષયો વ્યાકરણ, ગણિત, ઇતિહાસ અને ભૂગોળ છે; પણ તેના કરતાં મહત્ત્વના વિષયો કાન, આંખ, નાક અને નખની સ્વચ્છતાના છે.

બીજો ફેરફાર બાળકની સર્જનાત્મક પ્રવૃત્તિને પ્રથમ સ્થાન અને બૌદ્ધિક પ્રવૃત્તિને ગૌણ સ્થાન આપવાનો છે. બાળક નાની ઉંમરે કેટલીયે જાતની સર્જનાત્મક પ્રવૃત્તિઓ એકાગ્રતા અને પ્રેમથી કરે છે, જ્યારે શાળાનું બૌદ્ધિક શિક્ષણ આપતાં શિક્ષકને તસ્દી પડે છે. સંગીત, ચિત્રકામ, માટીકામ, રેંટીયો, શીવણ વગેરે પ્રવૃત્તિઓ પ્રાથમિક શાળામાં અભ્યાસક્રમ અને પરીક્ષાના દબાણ વિના દાખલ કરવામાં આવે તો પ્રાથમિક શાળાનું આજનું કામ વધારે સંગીન થશે. જેની સર્જનાત્મક શક્તિ સારી રીતે ખીલેલી છે તેવું બાળક ઉલટું બૌદ્ધિક કામમાં વધુ ખીલશે.

શ્રીમતી તારાબેનના બીજા ભાષણમાંથી

આ સંમેલન એક મહા ઉત્સવ છે; કારણ કે આ ઉત્સવ મારફતે આપણે મનુષ્ય જાતિના સ્વાતંત્ર્યનો પાયો નાખીએ છીએ. આજે આપણા દેશમાં અનેક રીતે આપણે સ્વાતંત્ર્ય

માટે તલસીએ છીએ, મુંઝાઇએ છીએ, ફાંફાં મારીએ છીએ. આપણે ગુલામ છીએ. ગુલામ બનાવનાર અને બનનાર બન્ને ગુલામ છે. આ જાતની ગુલામી રાજકીય, સામાજીક અને ધાર્મિક ત્રણે પ્રકારની આજે સર્વત્ર પ્રવર્તે છે. આ ગુલામીનો ઉપાય સ્વાતંત્ર્યમહોત્સવ હોઇ શકે.

હજી મનુષ્ય જાતને સ્વાતંત્ર્યનો પાયો હાથ નથી લાગ્યો તેથી દુનિયાભરમાં અનેકવિધ પારતંત્ર્યની અકળામણ છે. પણ ડૉ. મોન્ટીસોરીએ આનો ઉપાય પોતાની આર્ષ દૃષ્ટિથી શોધી કાઢયો છે. આ ઉપાય બાળસ્વાતંત્ર્યનો છે. આજે એ બાળકના સ્વાતંત્ર્યનું સંમેલન છે, માટે તે મહોત્સવ છે.

કોઇ પણ જાતનો જુલમ ભલે તેની પાછળ પ્રેમ હોય તો પણ તે અસહ્ય છે. વર્ષોથી બાળક પ્રેમ દ્વારા પણ પારતંત્ર્યમાં રહ્યું છે ને ઉછર્યું છે. તેથી મોટા માણસના વિકાસનો વિચાર કરતાં તુરત જડી આવે છે કે તેની અપૂર્ણતાનું કારણ બાલ્યાવસ્થાના પારતંત્ર્યમાં છે. અપત્ય-પ્રેમ આપણને ભૂલ ખવરાવે છે માટે તેનાથી પણ ચેતવું જોઇએ.

એક વાર બાળકને નાનપણમાં પારતંત્ર્યની બેડીમાં નાખ્યું, પછીથી મોટી ઉંમરે તેના વિકાસ માટે ગમે તેટલા પ્રયત્ન કરીએ તો પણ તે મિથ્યા છે. માટે મૂળમાં જ પ્રયત્ન કરવો જોઇએ. ડૉ. મોન્ટીસોરીની આર્ષ દૃષ્ટિએ જોયું કે કેળવણીનો સઘળો પ્રયત્ન બાળક આગળ કરીએ અને પાયાને જ મજબૂત કરીએ.

શ્રી. ચમનભાઇ વૈષ્ણવના વ્યાખ્યાનમાંથી

ઈશ્વરે જે પ્રાણીમાત્રને પેદા કરેલ છે તે સર્વને સુખી થવાનો સરખો હક્ક છે. કોઇની લાગણી પર દબાણ કરવું તેને માટે અસહ્ય છે. આપણે બાળક પર દબાણ કરી આપણી સત્તા તેના પર જમાવવા લોભ રાખીએ છીએ પરંતુ તેમાં આપણે અને તે બન્ને દુઃખી થવાનાં છીએ.

બાળકનો કુદરતી સ્વભાવ ગુન્હા કરવાનો નથી. પરંતુ જ્યારે તે પોતાની સ્વાભાવિક હાજતો રોકાતી જુએ છે ત્યારે તે આડે માર્ગે જાય છે અને તેને આપણે ગુન્હા કહીએ છીએ. આપણા જુલમો અને આપણું બાળકોના માનસનું અજ્ઞાન તેમને ગુન્હેગાર બનાવે છે. આપણે અધિકારના લોભે આપણાં મન્તવ્યો બાળક પર લાદીએ નહિ. બાળકને સ્વાતંત્ર્ય આપતાં તે બગડી જશે એ આપણો ભ્રમ છે.

બાળકને સમજીને તેને સંપૂર્ણ છૂટ આપવી જોઇએ. તેના માટેના નિયમો દબાણથી નહિ પણ વિકાસને અનુકૂળ હોવાથી તેને માન્ય થવા જોઇએ.

આજની એક જ રૂઢિથી ચાલતી શાળાઓથી ઘણો અનર્થ થયો છે. બાળકોના માનસ પર માત્ર નહિ, પણ તેમનાં શરીર પર પણ દબાણ આવ્યું છે. આપણે માનેલ બાળકોનું હિત જ તેમનું આજે તો અહિત છે.

બાળકનો સાચો વિકાસ જોઇતો હોય તો આપણે તેને સ્વાતંત્ર્ય આપીએ.

મિસિસ પગારના વ્યાખ્યાનમાંથી

બાળકને જોઇએ તે ન મળવાથી તે ગુન્હો કરે છે. બધી રીતે બાળક નિર્દોષ છે તેને આપણે ગુન્હેગાર બનાવીએ છીએ. માટે બાળકનો નિરર્થક વિરોધ કરવો નહિ પણ જીવંત વાતાવરણ આપવું.

લીંબડીના મે. દિવાન સાહેબ

'શિક્ષણમાં નવી પદ્ધતિ શોધવાની જરૂર છે. મોન્ટીસોરી પદ્ધતિની શાળાઓ દુનિયામાં ઘણી છે. એ પદ્ધતિ પ્રસિદ્ધ છે. એના સ્વીકાર વિષે એ મત હોય જ નહિ. આ પદ્ધતિને હું ફક્ત ઇચ્છું છું. મને આ પદ્ધતિમાં વિશ્વાસ છે, અને અમારા રાજ્યમાં તેને દાખલ કરવાનો અમારો અભિલાષ છે."

શ્રીમતી સુલોચના દેસાઇ

શિક્ષણની ખરી ભૂમિકા ઘર છે. માબાપે તે તૈયાર કરવાની છે. જેવા ઘરના સંસ્કાર તેવું બાળક. માબાપ બાળશિક્ષણમાં સમજતાં નથી તેથી બાળકને પણ સમજતાં નથી. બાળકને માબાપે બરાબર ઓળખવું જોઇએ. સફળ શિક્ષણનો આધાર માબાપ છે.

આપણો ઘરસંસાર બાળક માટે છે. બાળક સાચી દોલત છે, પણ એને વેઠની પેઠે ઉછેરીએ છીએ. માબાપ થવું એટલે સુખનો ત્યાગ. માબાપ પોતાની દૃષ્ટિએ વિચાર કરે તેને બદલે બાળકની દૃષ્ટિએ વિચાર કરે તે અગત્યનું છે.

શિક્ષક અને માબાપ વચ્ચે સહકાર હોય તો બાળકને સાચો લાભ થાય. માબાપો પોતાની ફરજ બરાબર અદા કરે.

શ્રી. ચંદુભાઇના ભાષણમાંથી

માબાપ તરીકેની આપણી જવાબદારી ઘણી જબર છે. માબાપ થવું ઘણું અઘરું છે. અણસમજુ માબાપ થવું તેના કરતાં વાંઝીયા રહેવું બહેતર છે. જ્યાં સુધી ઘરની મદદ નથી ત્યાં સુધી બાલમંદિર પાંગળાં છે.

આપણે જીવનકલહમાં પડ્યાં છીએ ને બાળકની દરકાર કરી શકતાં નથી. આપણે જવાબદારીમાંથી છૂટી જવા માગીએ છીએ. માબાપ તરીકેના આપણા બાળક પ્રત્યેના પ્રેમમાં કેટલો સ્વાર્થ છે ને કેટલો પ્રેમ છે તે આપણે વિચારવું ઘટે છે.

આપણે બેદરકાર ન રહીએ તેમ બાળકને લાડ પણ ન લડાવીએ. તેથી બાળક સ્વાશ્રયી બનતું નથી. જ્યાં સુધી બાળક માબાપને વળગી રહે છે ત્યાં સુધી તેનો સામાજીક વિકાસ થતો નથી.

મોન્ટીસોરી પદ્ધતિ બાળઉછેર માટે ઉત્તમ માલમ પડી છે, અને તે પદ્ધતિમાં બાળક રઝળી પડે છે તે ખોટું છે એવો મારો એક માબાપ તરીકેનો અનુભવ આપું છું.

શ્રી. રણછોડલાલભાઇ

શિક્ષકોને સંબોધીને બોલ્યા: "જેમ માબાપે બાળશિક્ષણમાં સહાય આપવી જોઇએ, બાળક માટે લાયક થવું જોઇએ તેમજ શિક્ષક પણ બાળહિત માટે લાયક બનવું જોઇશે. શિક્ષક શિક્ષણનો ફકીર હોય. તે સામાન્ય મનુષ્યની નિર્બળતાથી ઉંચે રહેવા માટે પ્રયત્નશીલ હોય. માબાપોએ શિક્ષકને પૂરી સહાય આપવી જોઇએ તેમ શિક્ષક પોતાનું કર્તવ્ય સુંદર રીતે ધનલોભ વિના બજાવવું જોઇએ. શિક્ષક કેળવણીના કામને કદિ વેપાર ન સમજે. તેની ઉચ્ચતાથી તે માબાપ પર પણ છાપ પાડે. આવા સારા શિક્ષકો અધ્યપનમંદિરો મારફતે તૈયાર થવા જોઇએ."

શ્રી. ભોગીલાલ ઠાકર

સર્જનાત્મક પ્રવૃત્તિઓ ઉપર કહેતાં તેમણે જણાવ્યું કે બાળક એ યંત્ર નથી, પણ ચેતનામય સેન્દ્રિય પ્રાણી છે. બાળકની વૃદ્ધિ અને

વિકાસની બને. ક્રિયાઓ Rotation Revo-Intionની જેમ એક સાથે સાથે થાય છે. યોગ્ય સ્વાતંત્ર્ય વિના બાળક સંપૂર્ણ વૃદ્ધિ પામી શકતું નથી.

વૃદ્ધિ અને વિકાસનો પ્રાણ સ્વાતંત્ર્ય છે. સ્વાતંત્ર્ય મળતાં સ્વભાવમાંથી જ સ્વયંસ્ફૂર્તિ ઉદ્‌ભવે છે; અને તે સ્વયંસ્ફૂર્તિ તેને સર્જન તરફ પ્રેરે છે. સ્વયંસ્ફૂર્તિને અનુકૂળ વાતાવરણ સર્જન માટે અનિવાર્ય આવશ્યકતા છે.

પ્રવૃત્તિ સર્જનની સૂચક છે. પ્રવૃત્તિની રૂંધાવટ એટલે સર્જનનો રોધ.

બાળક અનેક બાજુમાં સર્જનવૃત્તિ પ્રદર્શિત કરે છે: જેમ કે ચિત્ર, સંગીત, નૃત્ય, શિલ્પ વગેરે. મૌલિકતાના વિકાસ માટે સર્જનને પૂરેપૂરું સ્થાન હોવું જોઈએ.

બાલમંદિરોના અનુભવો

ત્યાર પછી શ્રી. ગિજુભાઈ, ગોવિંદભાઇ અને ઇન્દુભાઇએ બાલમંદિરના અનુભવો રજુ કર્યા.

ગિજુભાઇએ અનુભવ આપતાં સારરૂપે જણાવ્યું કે "બાલમંદિરના કામની પૂર્વતૈયારી કરવામાં શિક્ષકે ઘણી કુશળતા મેળવવી જોઇએ. માત્ર સિદ્ધાંત જાણવાથી કામ થઇ શકતું નથી. જેમ અનુભવ વધતો જાય છે તેમ ઉણપો દેખાતી જાય છે.

"બાળકો વ્યવસ્થિત વાતાવરણમાં વ્યવસ્થિત થાય છે. પરિસ્થિતિ રચતાં આવડે તો સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના સિદ્ધાંતનો ચોક્કસ સાક્ષાત્કાર થાય. એવો સાક્ષાત્કાર કરવા શિક્ષકે તદાકાર થવું પડે છે.

"બાળકોમાં એવું જોવામાં આવ્યું છે કે તેઓને જાતિભેદનું ભાન નથી. તેમને તે કૃત્રિમ-પણે બતાવીએ તો જ તે આવે છે. બાલમંદિરનાં બાળકો ભવિષ્યની એક જ જ્ઞાતિ-મનુષ્ય જ્ઞાતિ સ્થાપવા તરફ જશે."

શ્રી. ગોવિંદભાઇ પોતાનો અનુભવ કહેતાં બોલ્યા: "બાલમંદિર જોવું અને જાતે કામ કરવું એમાં મહત્ત્વનો ફેર છે. બાળકને બને તેટલું વધારે વાતાવરણ બાલમંદિરનું આપવું જોઇએ.

"બાળકના હિતને માટે પરિસ્થિતિ અવલોકીને અને સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિની મર્યાદા સાચવીને બાળકો તરફ આપણે વિવેકભર્યું વર્તન ચલાવવું પડે છે. સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિનો સૂક્ષ્મ ભેદ શિક્ષકે સમજતાં શીખવાનું છે. માબાપો ઘણી વાર ફરિયાદો કરે છે; તેઓને જો આપણે પદ્ધતિના જ્ઞાનથી વાકેફ કરતા જઇશું તો તેમની ફરિયાદ ઓછી થશે. છેક નાનાં બાળકો પણ સર્જનનાં સુંદર કામો તથા એકતાનો અદ્‌ભુત અનુભવ કરાવે છે, અને આવા ફળ માટે શિક્ષકે પોતાને ઘણો કેળવવાનો છે. શિક્ષક દિવસ રાત જાગૃત હોય તો જ તે સફળ થઇ શકશે."

મીલ મજુરોનાં બાળકો સંબંધે બોલતાં શ્રી. ઇન્દુભાઇએ કહ્યું: "આ આખી કામ અપૂજ્ય દેવ જેવી છે. જ્યાં સુધી સમાજ એની પૂજા નહિ કરે ત્યાં સુધી તેણે મહત્ત્વનું કામ અધૂરું જ રાખ્યું છે. મજુરોનાં બાળકોનું શિક્ષણ હાથ ધરવું મુશ્કેલ છે. એ કામ હાથ લેતા પહેલાં શિક્ષકે પોતાના જીવનનું આંતરદર્શન કરવું જોઇશે. જીવનમાં આપણે જે સ્વાતંત્ર્ય માગીએ છીએ તે સ્વાતંત્ર્ય આપણે મજુરોને અને તેમનાં બાળકોને આપવું જોઇશે. મજુરના કાર્યકર્તા-ઓએ પ્રજ્ઞા અને ભાવના કેળવવી પડશે અને

મજુરનાં બાળકોને પોતાનાં બાળકો જેમ ગણવાં જોઇશે જ. આ કામ ઘણું અઘરું છે, તેટલું જ તે મહત્ત્વનું છે. મજુરોના જીવન ઉપર દુનિયાના જીવનનો આધાર છે, અને મજુરોનાં બાળકોની સાચી કેળવણી ઉપર દુનિયાની મુશ્કેલીનો અંત ઉભેલો છે.

શ્રી. ગો. રા. કુલકર્ણી

મોન્ટીસોરી શાળામાં રહેલું બાળક કામ કરવામાં થાકતું નથી, જ્યારે બીજી શાળામાંથી આવેલાં બાળકો ઝટ થાકી જાય છે. બીજાં બાળકો શિક્ષક પાસે આવીને કહે છેઃ "નથી આવડતું." અને ઉભાં રહે છે. બાલમંદિરનું બાળક ફરી ફરીવાર કામ કરે છે અને થાકતું નથી. બુદ્ધિનો થાક બાલમંદિરનાં બાળકોને લાગતો જણાતો નથી. બપોરની રજા દરમ્યાન પણ બાળકો કામ કરે છે.

બીજી શાળામાંથી આવતા વિદ્યાર્થીઓ પોતાની પ્રગતિનો નિર્ણય બીજાની પ્રગતિ સાથે સરખાવીને કરે છે, જ્યારે બાલમંદિરનું બાળક પોતાની ગતિએ કામ કરે છે. બાલમંદિરના બાળકમાં કોઇ પણ શારીરિક કામ કરવાનો ઉત્સાહ અથવા શારીરિક મજુરીનો પ્રેમ સારો જોવામાં આવ્યો છેઃ વાળવું, કપડાં ધોવાં વગેરે. શણગાર રાંગોળીમાં તે થાકતાં નથી. અખંડ ધીરજથી કામ કરે છે. બાલમંદિરનું બાળક બોટી દલીલ કરતું નથી, સારી વસ્તુ સ્વીકારે છે અને તે ઉપાડી લે છે. ન ઉપાડી લેવી હોય તો નિખાલસ 'ના' પાડે છે પણ બોટી દલીલ નથી કરતું.

શ્રી. યદુલાલ વ્યાસ

બાલવાચન સંબંધે વિચાર દર્શાવતાં તેમણે એક નવી જાતની બાળપોથીની યોજના રજુ કરી હતી. હાલની બાળપોથીઓને અસંતોષકારક જણાવી હતી. નવી યોજનામાં પાઠોની પસંદગી, વાર્તાકથન, ચતુરાઇ ને અક્કલની વાર્તા, કવિતાનો પરિચય અને ચિત્રપરિચય ઉપર ખૂબ ભાર મૂકયો હતો. કેટલાકોએ પસંદ કરેલા પાઠો તેમણે વાંચી સંભળાવ્યા હતા.

શ્રી. હરરાયભાઇના વ્યાખ્યાનમાંથી

બાળક રમત દ્વારા જીવનની અનેક તૈયારીઓ કરે છે. જનાવરો પણ નાનપણમાં રમત દ્વારા જીવનનો પાઠ લે છે.

રમતો જૂના જમાનાથી છે; તેનું મહત્ત્વ ભારે છે. રમતથી તંદુરસ્તી વધે છે, લાંબો વખત સુધી પ્રવૃત્તિ કરવાની ટેવ પડે છે, તરત વિચાર કરી નિર્ણય કરી અમલ કરવાની શક્તિ ખીલે છે. તાબામાં રહેતાં, સહકારથી કામ કરતાં અને હૂકમનું પાલન કરવાની તાલીમ રમત દ્વારા મળે છે. રમતમાં ગરીબ શ્રીમંતનો ભેદ ભૂલાઇ જવાય છે. રમત જીવનવિકાસની સ્વાભાવિક શાળા છે.

મર્દાનગીની બીજી રમતો બંધ કરી માણસો પત્તાં રમે છે તેને પરિણામે જુગાર શરૂ થાય છે અને માનસિક અને નૈતિક હાનિ થાય છે.

શિક્ષકે રમતમાં પોતાની ઉંમર ભૂલી જઇ ઉત્સાહથી આગળ આવવું જોઇએ.

પોળે પોળે રમતો રમાવી જોઇએ. દરેક શેરી રમતની શાળા બનવી જોઇએ. રમત સાચી કેળવણીનો પાયો થવી જોઇએ.

દ્વિતીય મોન્ટીસોરી સંમેલન પ્રસંગે

પરદેશથી સંમેલનના મંત્રી શ્રીઃ ભોગીલાલ ઠાકર પર આવેલા

સંદેશાઓ

૪

જીનીવા
૪ માર્ચ ૧૯૨૯

હિંદના મારા વ્હાલા મિત્રો,

અમદાવાદમાં ભરાતું દ્વિતીય મોન્ટીસોરી સંમેલન ભારતવર્ષમાં બાળ કેળવણીની જે ચોક્કસ પ્રગતિ થઇ રહી છે તેનું સૂચક છે. તમારી પ્રવૃત્તિને મારી સહાનુભૂતિ છે.

એડોલ્ફ ફેરીઅર

૫

ઍમસ્ટરડામ
૨ ફેબ્રુઆરી ૨૯

મોન્ટીસોરી સંમેલન અને પ્રદર્શન ફત્તેહમંદ નીવડો.

એમ. સ્ટ્રેન્જર્સ

૬

ગ્રેટર ફેલકૉર્ટઃ ઇસ્ટ ગ્રીનસ્ટેડ
સસેક્સઃ તા. ૬-૩-૨૯

હું આશા રાખું છું કે તા. ૨૨મી માર્ચે મળનાર મોન્ટીસોરી સંમેલન વખતે મારાં આ અભિનંદન તમને પહોંચશે. તમારા કામમાં હું ઉત્તમ અને વિપુલ ફત્તેહ મળે એમ ઇચ્છું છું.

ઇંગ્લાંડની પ્રાગતિક શાળાના શિક્ષકોની હિંદુસ્તાનના સહકારી ભાઇઓ પ્રત્યે સહાનુભૂતિ અને સહકાર છે, અને આશા રાખીએ છીએ કે આ સંમેલન આપની સૌની વચ્ચે વધારે સમજણ પેદા કરે.

સંપૂર્ણ ફત્તેહ ઇચ્છીને આપની
ઈસાબેલ બી. કિંગ.

ગાર્ડન સ્કૂલ, લેઇન એન્ડ
એન. આર. હાઇ વાઇ કોમ
૯મી માર્ચ ૧૯૨૯

અમદાવાદમાં થનાર દ્વિતીય મોન્ટીસોરી સંમેલનના ખબર જાણી આનંદ થયો છે.

હું સંમેલનની ફત્તેહ ઇચ્છું છું. આખી દુનિયાનાં બાળકોને ચાહનારા આપણે ડૉ. મોન્ટીસોરીની જેહમતનો લાભ જેટલો વધારે લેવાય તેટલો લેવો જોઇએ. એક ઇટાલિયન વિદૂષીની તપશ્ચર્યાથી પૂર્વ પશ્ચિમનો સંબંધ આવી રીતે કેળવણીમાં બંધાય છે તે આપણને જરૂર પાસે ને પાસે લાવશે.

સિસિસ નિકલસ

૨

એસ્બજરગ, ડેનમાર્ક.

દ્વિતીય મોન્ટીસોરી સંમેલન
શારદામંદિર-હિંદ

સંમેલનને સંપૂર્ણ ફત્તેહની ઇચ્છા. આન્તર રાષ્ટ્રીય સમભાવ અને શાન્તિ માટે, બાળકના આત્માની મુક્તિ અને સ્વાતંત્ર્ય માટે, નવીન શિક્ષણની પ્રગતિ માટે મારાં અન્તરની આશાઓ.

બો ગે ટુન્ડ.

૩

મોન્ટીસોરી સોસાઇટી, લંડન.
૭૦ વિક્ટોરીયા સ્ટ્રીટ. S.W.1.
માર્ચ ૧૪મી ૧૯૨૯

તમારા સંમેલનને સંપૂર્ણ ફત્તેહ ઇચ્છું છું.

નેસ્ટાડીનઃ મંત્રી

૭

૧૧ ટેવિસ્ટોક સ્કવૅર, ૭
લંડન. ૨૦ ફેબ્રુઆરી ૨૯

ન્યુ એજ્યુકેશન ફેલોશીપ હિંદુસ્તાનમાં ભરાતા દ્વિતીય મોન્ટીસોરી સંમેલનને કૃતેહ મળે તેવી શુભેચ્છાઓ અને બંધુત્વનાં અભિનંદન મોકલે છેઃ અંતઃકરણ પૂર્વક.

મંત્રીઃ ન્યુ એજ્યુકેશન ફેલૉશીપ
ઇન્ટર્નલ સેક્શન

૮

લિટલ ફેલકૉર્ટઃ ઇસ્ટ ગ્રીનસ્ટેડ
સસેક્સઃ ૭ માર્ચ '૨૯

અમારી મોન્ટીસોરી શાળાનાં સૌનાં હેતાળ અભિનંદન ને ૨૨મી માર્ચ ઉપરના સંમેલન માટે અમારા અંતરની શુભેચ્છાઓ.

એમ. કે. વિલ્સન
એમ. બી. રેડ

૯

સ્ટુડીયો હાઉસ, રોઝલીન હિલ,
હેમ્પસ્ટીડ, એન. ડબલ્યુ. ૩.
૨૭ માર્ચ ૧૯૨૯

તમારા સંમેલનની કૃતેહ માટે અમે અમારી શુભેચ્છા અહીંથી મોકલીએ છીએ. મારા અંતઃકરણના સહકારની સભાસદોની ખાત્રી આપશું.

તમારો અંતઃકરણથી
સી. એ. કલેરમૉન્ટ

૧૦

ઑડનવૉલ્ડ શાળાનાં બાળકોનો સંદેશો

તમારા સંમેલનના ભવ્ય કાર્યને અમારો બાળકોનો પ્રેમ અને અમારાં ભાઇબહેનોનાં અભિનંદન પાઠવીએ છીએ.

૧૧

ઑડનવૉલ્ડ સ્કૂલઃ ઓબર હેમ્બેક,
પોસ્ટ હેપનહૅમ,
તા. ૯-૩-૨૯

અમદાવાદના મોન્ટીસોરી સંમેલનના સભાસદો,

દૂર હિંદુસ્તાનમાં આવેલાં વહાલાં ભાઇઓ અને બહેનો,

તમને ઑડનવૉલ્ડ શાળાનાં બાળકો પ્રેમભર્યાં અભિનંદન મોકલે છે અને ઇચ્છે છે કે તમારું કામ ઉત્તમ રીતે પાર પડો. વળી અમારી શાળામાં કામ કરતાં સૌ સ્ત્રીપુરુષો તમારા કામને પ્રેમાળ મમતાથી જુએ છે. મોન્ટીસોરી સંમેલનમાં ઘણાં બધાં માણસો એકઠાં થશે એ જાણથી તેમને સુખ થાય છે. અને તેમની હેતાળ સહાનુભૂતિ તમને જણાવે છે.

સમગ્ર જગતમાં નવીન શિક્ષણનો સાક્ષાત્કાર કરવા માટે અમે ઑડનવૉલ્ડ શાળાના કામ કરનારાઓ સાચા સહકારમાં અને આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ઉંડો રસ દાખવીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે આપ જેઓ આ તરફ પધારો તેઓ અમારી શાળાને મુલાકાત આપી અમને આનંદ આપશો.

આપના કામને સંપૂર્ણ કૃતેહ ઇચ્છું છું.

અંતઃકરણ પૂર્વક આપનો
પૉલગેહેમ.

સાદા વાતો

૨

થૂંકવું.

મેં જ્યારે સાંભળ્યું કે યૂરોપ અમેરિકાના દેશોમાં જ્યારે કોઇને થૂંકવું હોય છે ત્યારે તેઓ રૂમાલમાં થૂંકનો ગળફો કાઢે છે ને રૂમાલને ખિસ્સામાં મૂકી દે છે, ત્યારે મને સૂગ ચડી અને ગંદું લાગ્યું. અને એમ તો ગંદું લાગે તેવું છે. આપણને તેવી ટેવ નથી તેથી વધારે ગંદું લાગે છે.

પણ મેં પૂછ્યું: "આવી ગંદી ટેવ શા માટે?" મને જવાબ મળ્યોઃ "ત્યાંના દેશોમાં જ્યાં ત્યાં થૂંકવાની બંધી છે. એટલું જ નહિ પણ કોઈ કોઈ ઠેકાણે તો એમ થૂંકવાનો ગુન્હો પણ છે." અને તેમ શા માટે છે? ત્યાંના આરોગ્યશાસ્ત્રીઓએ લાંબા વખતના અનુભવથી નક્કી કરેલું છે કે થૂંક જમીન ઉપર પડી જ્યારે તે સૂકાય છે ત્યારે થૂંકમાં રહેલા અનેક રોગના જંતુઓ ધૂળના રજકણો સાથે હવામાં ઉડે છે ને શ્વાસોચ્છ્વાસ દ્વારા આપણા ફેફસામાં પેસી આપણામાં રોગો દાખલ કરે છે. વાત સાવ સાચી છે. માંદા માણસના બળખામાં ઘણા રોગના જંતુઓ રહે છે અને ધૂળ સાથે મળી તે ઉડે જ છે, અને હજારો લાખો માણસોને ત્યાંથી રોગ લાગે છે. જો આમ છે તો કયાંય થૂંકાય નહિ એવો જ કાયદો બરાબર છે. અને તે કાયદાનું સખ્તાઇથી પાલન થવું જોઇએ. અને તેમ કરવા માટે થૂંકવું જ પડે તો રૂમાલમાં થૂંકી રૂમાલને પાછળથી ફિનાઇલ અને ગરમ પાણીથી ધોઇ નાખવો જોઇએ એ જ એક ઉપાય છે.

આપણા દેશમાં થૂંકવા બાબતની શી દશા છે? માણસોનું લક્ષ આ બાબત પર ખેંચાયું જ નથી. માણસો રસ્તા પર, રેલગાડીમાં, પોતાના જ ફળીયામાં, બજારમાં, ઘરની ભીંતો પર ને રસોડામાં સુદ્ધાં થૂંકે છે. થૂંકવું એ એટલું સામાન્ય છે. એની ભાગ્યે જ થોડાઓને જ સુગ હોય છે. આથી રેલ્વેનાં પાયખાનાંમાં અને જ્યાં ત્યાં થૂંકના લબકા જોઇ સારા માણસને હુબકો–ઉલટી આવે છે. આ થૂંક પગે કચરાય છે, પગ ગંદા થાય છે; એ ગંદકી ઘરમાં અને ઠેઠ રસોડા સુધી જાય છે એનો પણ વિચાર સરખોય નહિ. બેાં કરતો માણસ બોંબારો મારે છે, થૂંક-ગળફો નિરાંતે કાઢે છે અને જ્યાં ઉભો હોય છે ત્યાં નાખે છે; અને પછી જે ચાલે છે તેના પગે તે ચગદાય છે. ચાલનાર પગને ઘસી નાખી આગળ જાય છે. કેટલું બધું ગંદાપણું! અને આ ગંદાપણાનો જરા વિચાર કરવા તો બેસીએ!

આ થૂંકમાં જંતુઓ પડેલા જ છે. ધૂળ સાથે મળી તે ઉડે છે અને હજારોના જીવલેણ થઇ પડે છે. પણ આપણા દેશમાં ન થૂંકવાનો કાયદો નથી અને ન થૂંકવાની કેળવણી નથી. ન થૂંકવાનો શિષ્ટાચાર પણ નથી. આપણે કેટલાએક શિષ્ટાચારો કેળવેલા છે તેમાં ન થૂંકવાનો નથી. સારા સારા મોટા, મોટા માણસો પણ પાનની પિચકારી માર્યા કરે છે. બાળ, ચોકડી, ભીંત વગેરે લાલ થૂંકથી અલંકૃત કરે છે. બાંધીને પ્રસંગે પણ બાંધું થૂંક પણ જ્યાં ત્યાં

થૂંકાય છે. થૂંકદાની રાખવાનો રિવાજ પણ થોડામાં જ છે. અને એ થૂંકદાનીનું થૂંક પાછું આજુબાજુમાં જ તેનાં જંતુઓ ધૂળમાં મળી ઉડવા માટે જ જાણે કે નખાય છે.

આ આપણી સ્થિતિ. આપણે થૂંકના રોગમાંથી વળવું જોઇશે.

આ માટે પ્રથમ આપણે ન થૂંકવાની ટેવ કેળવીએ. માંદાને બળખા આવે ને થૂંકવું પડે એ અનિવાર્ય છે, પણ હજારો સાજા માણસ થૂંક થૂંક છે. આનું કારણ ટેવ છે. આ ટેવ એક વાર પડયા પછી આખી જિંદગી ચાલે છે. થૂંકયા વિના મોઢાને સોરવતું નથી. ઘરમાં એક જણ થૂંકતુ હોય છે તો લગભગ ઘણા માણસોને ખોંખારા ખાવાની, ગળું ઢસરડવાની અને થૂંકવાની ટેવ પડે છે. આ ટેવ અજાણપણે પડે છે. માટે પ્રથમ આ ટેવ ન પડે તે જોવું. આ માટે જો આપણને ટેવ પડી હોય તો તેને ફેરવવી. ફેરવી શકાય એવી એ ટેવ છે. બીજાઓના અને આપણા હિત ખાતર ફેરવવી જોઇએ. બીજું નાનાં બાળકોને થૂંકવાની ટેવ સ્વાભાવિક પણે નથી; પણ જ્યાં આવી પડવા લાગે ત્યાં તરત જ તેનો નિષેધ યોગ્ય રીતે કરવો. અને બાળકો એટલે નવી પેઢી થૂંકવાના રોગમાંથી બચી જશે એટલે લોક-સમૂદાય એવી રોગોમાંથી બચવા માંડશે. સ્વચ્છતા વધશે અને આરોગ્ય તરફ જવાશે. ભવિષ્યની દૃષ્ટિએ આ ટેવ પડાવવી એ અગત્યનું છે. છતાં માંદા સાજા પ્રસંગે કે મેળામમાં કે એવે વખતે થૂંકવું પડે છે. આ થૂંક જ્યાં ત્યાં ન નખાય, એની કાળજી રખાવવી. અને બને ત્યાં સુધી તો થૂંકદાનીનો પ્રચાર વધારવો અને ફિનાઇલ થૂંકદાનીમાં રખાવવું. પણ આ બનવું ઘણું જ આકરું છે માટે તેને અભાવે ઘરથી, રસ્તાથી દૂર થૂંકવા જવું અને તે પર સારી પેઠે ધૂળ વાળવી. અને કોઈ ત્યાં ન જાય તેવી જ જગા પસંદ કરી સૂર્યના તાપે તે સૂકાઇ જાય તેમ થૂંકવું.

બાકી પાનની પિચકારી, તમાકુની પિચકારી જ્યાં ત્યાં કોઇથી નખાય જ નહિ. તે માટેની સૂગ બાળકોમાં દાખલ કરવી. તે અશિષ્ટાચાર છે એવી છાપ બાળકોમાં પાડવી. રેલ્વે કે જાહેર સ્થળોમાં તો થૂંકાય જ નહિ, નહિ ને નહિ એ વાત પણ બાળકો પાસે વ્યવહારમાં ને વાતમાં મૂકવી.

આ કામ માત્ર એકાદ માબાપનું નથી. આ કામ આખી પ્રજાનું, આખી પ્રજાની સમગ્ર શાળાનું, ટૂંકમાં સૌનું છે.

આ વાત સાદી છે છતાં મહત્ત્વની છે, કારણ કે થૂંકના એક ગળફામાં કેટલાયે રોગોના જંતુઓ પડ્યા છે. ને તે કોઇને પણ ખબર ન પડે તેમ આપણને જીવલેણ થઈ વળગે છે.

ગિ.

આ છોકરો કોનો છે ?

(૧)

આ છોકરો કોનો છે ?

આમ છે તો કતડિયા જેવો. આંખ મારણી છે. પગની પીંડીઓ ભરેલી છે. જે સોંપે છે તે કામ ઝટ ઝટ કરે છે. બાપા માગે છે તે લાવી આપે છે. "એલા, ઓવર કોટ લાવ." ઓવર કોટ ઢસરડી આવ્યો. "એલા આ કૂતરૂં લાંક." કૂતરાને એક પથરો માર્યો. તે કૂતરૂં

ડાઉ ડાઉ કરતું ચાલ્યું ગયું. "એલા જા દુકાને ને એ પૈસાનાં પાન લઇ આવ." દોડતો જઇને એ પૈસાનાં પાન લઈ આવ્યો.

બાપા બહાર ગયા. છોકરો ઘોડી પાસે જઇને હાથ ફેરવવા લાગ્યો. "બાપો, બાપો." છોકરાની માએ સાદ પાડ્યોઃ "એ છોકરા, જા તો સામે ઘેરથી છાશ લઇ આવ." છોકરો દોડતો દોડતો છાશ લઇ આવ્યો.

છોકરો નવરો પડ્યો. એક સુતરનો દડો લીધો ને એક ગેડી લીધી. ફળીયામાં એકલો એકલો એક કલાક રમ્યો.

ત્યાં બાપા આવ્યા ને કહેઃ "એલા જા, બજારે જા. મેં મૂળા લઈ રાખ્યા છે તે ઉપાડી આવ."

છોકરો દોડતો ગયો ને લઇ આવ્યો.

(૨)

આ છોકરો કોનો છે?

પગથી માથા સુધી કિંમતી લુગડાં પહેર્યાં હતાં. રખેને ટાઢ લાગે ને શરદી થાય માટે એક ઉપર એક એમ ત્રણ કપડાં હતાં. માથે કિંમતી કાનટોપી હતી. પગમાં નાનાં એવાં મોજાં ને તેની ઉપર બૂટ હતા. હાથમાં એક કિંમતી વીંટી હતી. ગળામાં પણ કંઈક દાગીનો હતો તો ખરો. ચહેરો ચોકખો હતો વાળ ઓળેલા હતા. હાથ પણ ચોકખા ને ઉજળા હતા.

છોકરો ચાલવા જતો હતો તો તેની પાછળ ચાલનાર તેને ઉંચકી લેતો હતો. છોકરો દોડવા જતો હતો તો નોકર કહેતો હતોઃ "જાગવજો, પડી ન જાઓ." મોટે ભાગે તો તે તેને દોડવા ન દેતો. તેને આંગણાએ જ વળગાડી રાખતો. ભાઇ, ચાલતાં જરા હલી ગયા એટલે નોકરે કહ્યું: "ભાઇ ખમા." ભાઇએ પૂછ્યું: "આ શું છે?" નોકરે કહ્યું: "જી, બાપુ એ તો ગાડું છે." ભાઇએ ટોપી કાઢી નાખવાને માટે હાથ કાન આગળ લીધો. નોકરે કહ્યું: "બાપુ, શરદી લાગે. બાએ ટોપી કાઢી નાખવાની ના કહી છે."

છોકરે પાણી માગ્યું ને નોકર પાણી લેવા દોડ્યો. પાણી લાવતાં વાર થઇ એટલે છોકરે કહ્યું: "એયુ, ગધ્ધા, કેટલી બધી વાર?" નોકરે અદબથી કહ્યું: "બાપુ, હશે. હું તો દોડતો આવ્યો છું."

(૩)

આ છોકરો કોનો છે?

આંખમાં ચીપડા છે. માથે મોટા લાંબા વાળ વધેલા છે. નખમાં મેલ છે ને તે ખૂબ વધેલા છે. ડીલે આખે ઉઘાડો છે. પગે ને હાથે મેલ છે ને ન નહાવાથી ઓઘરા વળ્યા છે.

હાથમાં બટકું રોટલો છે ને તડકે બેઠો બેઠો ખાય છે. નાકમાં શેડા આવે છે તે સરડ દઇને ઉંચે ચડાવે છે. રોટલો ખાતો જાય છે ને હરતો ફરતો એક પગે કૂદતો જાય છે.

એની બા નીકળે છેઃ "એલા, હું આવું ત્યાં સુધી અહીં રમજે હોં. આ હમણાં બડ લઇને આવી." છોકરો કહેઃ "હું સાથે આવું." મા કહે છેઃ "રોયા, ત્યાં શું દાટયું'તું. અહીં પડ્યો રહે. આ લખમો આવ્યો. એની સાથે રમ."

બા ગઇ. આસપાસથી એના જેવા છોકરા ભેગા થયા. ધૂળના ઢગલા કરવા માંડ્યા. ઢગલા કરીને એની ઉપર મૂતર્યા. પછી એના ગોળા કર્યા. એમ કરતાં બાઝી પડ્યા ને એક બીજાને ગાળો ભાંડી. પણ થોડી વાર થઇ ત્યાં પાછા ધૂળના ઢગલા કરવા માંડ્યા ને મોટો હુંગરો

કર્યો. પછી બધા ફરતા ફેરા ફરવા લાગ્યા. આ બાઇનો છોકરો પણ એમાં એક હતો જ.

(૪)

આ છોકરો કોનો છે ?

કેડે કંદોરો, પગમાં સાંકળાં, હાથે વીંટી ને ગળામાં ગળચવો.

કપડાં મેલાં ને મ્હોં એવું સરખું ઉજળું પણ ગંદું.

છોકરો બોલે ત્યારે જરા જરા તોતડાય. છોકરાને કાછડી પૂરી પહેરતાં ન આવડે. કંદોરા નીચે માંડ માંડ રહે.

છોકરો ઉઠે કે તરત દફ્તર પાટી કાઢે ને આંક લખવા બેસે. આંક બહુ આવડે. છોકરો તોતડું બોલતો બોલતો કવિતાઓ મોઢે કરે.

'એટ અડપલો ટોટરો
જીવો ડેનું નામ
એટશે ટરતો અડપલા
જીધ બેટે જે ઠામ.'

છોકરો દાતણ કરે કે ન કરે તેનું કોઇ ન પૂછે. છોકરો પાઠ કરે તેની કાળજી સૌ રાખે.

છોકરો રોજ હાટે જાય ને બાપા પાસે બેસે. છોકરો પાઈ, પૈસા, બે પૈસા, રૂપીઓ બરાબર સાચવે. છોકરાને પાઇની ટીકડી બરાબર ગણીને લેતાં આવડે. છોકરો બાપાને સંભારી આપે: "બાપા, તમારા ખિસ્સામાં રૂપીઆ છે. કોઇ લઇ ન જાય." ગિ.

બાપુ મુંઝાયા

"બાપુ, ચાલો હવે છૂટદડી રમીએ."

"પણ મારે ચંપકલાલને ત્યાં જવું છે."

"પણ તમે દડી રમવાનું નો'તું કહ્યું ?"

"હા, પણ મેં ચંપકલાલને ત્યાં જવાનું વચન આપ્યું છે."

"પણ અમનેય તમે વચન જ આપ્યું હતું ના ?"

"પણ ચંપકલાલને માઠું લાગે."

"પણ ત્યારે અમને ?"

"પણ આપેલું વચન પાળવું જોઇએ ના ?"

"પણ અમને આપેલું વચન તોડાય ?"

"પણ ચંપક ?"

"પણ અમે ?" ગિ.

બા મુંઝાયાં

"ચાલો ઝટ માથાં ઓળી દઉં. પછી મારે માશીને ત્યાં પાપડ કરાવવા જવું છે."

"પણ આજ તો તું અમને દર્શને લઇ જવાની હતી ને ? તેં કહ્યું હતું ને ?"

"પણ માશી આવ્યાં હતાં ને મેં તેમને પાપડ કરાવવા જવા હા પાડી છે."

"પણ તે પહેલાં તો અમને હા પાડી હતી; દર્શને જવાની."

"પણ ત્યારે હવે શું થાય ? માશીને વચન આપ્યું એ તોડાય ?"

"પણ અમને આપેલું વચન કાંઇ તોડશો ?"

"પણ માશીનું ?"

"પણ અમારું ?" ગિ.

બુતાન બીડી આપો

સાત વર્ષની નાની કીકી જ્યારે ને ત્યારે મારી પાસે આવે છે ને કહે છે: "બુતાન બીડી દોને."

અને મારે બુતાન બીડી દેવાં પડે છે. જો

હું બુતાન બીડી ન દઉં તો એને એની બા પાસે જવું પડે છે. એ ન બીડી દે તો કાકા પાસે જવું પડે. કોઇ ન બીડી દે તો બુતાન બીડાવ્યા વિના તેને ફરવું પડે. બુતાન બીડયા વિનાનું ફરાક તેને ગમે નહિ, કામ કરવું ફાવે નહિ, અને વારે વારે જીવ તેમાં જ રહે. એટલે હું બુતાન બીડી દઉં છું, પણ મને દરેક વખતે કંટાળો આવે છે. મનમાં થાય છે કે ન બીડી દઉં; પણ પછી બીડી દઉં છું કારણ કે એમાં ફોફીનો દોષ નથી. ફોફી પોતે જાતે બુતાન બીડી શકતી નથી. તેને બીજાની મદદ લેવી પડે તેમ જ છે. કારણ કે તેના ફરાકનાં બુતાનો પાછળ છે અને તેની બાએ તેવું ફરાક કરાવ્યું છે કારણ કે પાડોશીનાં સમજુબેનની દીકરીનું ફરાક તેવું જ છે, કારણ કે સમજુબેને અમદાવાદ જઇ આવ્યા પછી ત્યાં એની જાતનું ફરાક જોઇ પોતાની દીકરીને તેવું ફરાક કરાવ્યું છે. અને અમદાવાદનાં સુંદરબેનનાં બાળકોનાં ફરાકો મુંબઇની ફેશન પ્રમાણે કરવામાં આવેલાં છે.

હું મારી ફોફીની આ પરાધીનતા તોડવા માંગું છું. ફોફીની બાને કહું છું: "આપણે આવું ફરાક ન જોઇએ. મોઢા આગળ બુતાન હોય તો ફોફી એની જાતે બુતાન બીડી લેશે. બાળકને નાની નાની બાબતમાં પરાધીન શા માટે રાખવું?"

પણ ફોફીની બા કહે છે: "ફરાક સારું લાગે છે. ફોફી સુંદર દેખાય છે. જુઓને, બીજાં બધાં બાળકો એવાં જ ફરાક પહેરે છે."

હું કહું છું: "સારું દેખાવું એ ઠીક છે પણ આવી સગવડ વેઠીને વારે વારે બીજાની મદદ લઇને સારું દેખાવું એ તો ગુલામની સુંદરતા છે. કોઇકને સલામ ભર્યા પછી જ સુંદર દેખાઇ શકાય. હું, તું કે કોઇ બુતાન ન બીડી આપે તો પછી વગર બુતાને બીડેલું ફરાક કેવું લાગે? અને બીજાં બાળકો એવું પહેરે છે એટલે શું એ ફરાક સુંદર બની ગયું? અથવા સગવડવાળું બની ગયું? એ તો દેખાદેખી નથી શું?"

ફોફીની બા કહે છે: "આ એક તમારે વખતે વખતે બુતાનો બીડવાં પડે છે તેને લીધે આટલી પંચાત છે. વારૂ, હવેથી તમે બુતાનો ન બીડતા; હું બીડીશ. પોતાની દીકરી માટે એટલું કરતાંયે આળસ!"

હું ફોફીની બાને વળી એમ સમજાવું છું: "એમાં મારી આળસ નથી. ફોફી મને નવા નવા શબ્દોના અર્થો પૂછવા આવે છે ત્યારે તરત હું તેનો જવાબ આપું છું. તેમાં મને કંટાળો પણ નથી. પણ જ્યાં ફોફી પોતાની જાતે કરી શકે એમ છે ત્યાં પણ આપણે એને મદદ કરવી? અને જાતે કરી શકે તેવું હોય ત્યાં તે ન કરી શકે તેવું બનાવી પછી આપણે કરી દેવું એમાં કઇ અક્કલ છે? દીકરી માટેની કઇ લાગણી છે? એમાં કઇ ખુબી છે?"

ફોફીની બા કહે છે: "તો શું બુતાન આગળ ટાંકવવાં? ફરાક મોઢા આગળ પહેરાવવું? તો તો સારું ન લાગે."

મેં કહ્યું: "આપણે તો એવાં કપડાં જોઇએ કે બાળક પોતાની મેળે તે પહેરી શકે. પછી આગળ બુતાન રાખો કે પાછળ રાખો કે પડખે રાખો. સગવડ બરાબર સચવાતી હોય તેની સાથે શોભા આવતી હોય તો ભલે આવે.

નહિતર ભલે સારૂં ન લાગે."

ફીફીની બા કહે છે: "હજી આ ફરાકો પડ્યાં છે તે ફાટી જાય પછી વાત. પછી નવી જાતનાં ફરાક કરાવીશું. છે તે ફરાકો કાંઇ નાખી દેવાય એમ થોડું છે? આપણે તો સાધારણ માણસ રહ્યાં."

હું કહું છું: "તો ત્યાં સુધી ભલે હું પણ બુતાન બીડી દઇશ. પણ હવે આ જાતનાં ફરાકો જેટલાં હોય તેટલાં કાઢીને વાપરવા માંડો એટલે ઝટ અંત આવે."

ફીફીની બાએ મને તેમ કરવા હા પાડી છે. હું ફરાકો વપરાઇ જાય ત્યાં સુધીની રાહ જોઉં છું.

પણ મને પોતાને પ્રશ્ન થાય છે કે બાળકની સગવડતા અને સ્વાધીનતાનો વિચાર આગળ લાવીએ તો આજે ને આજે શું મારે બધાં ફરાકો રદ કરવાં ન જોઇએ? અને નવાં ન કરાવવાં જોઇએ? અને મારી પાસે ચોખ્ખા પૈસા છે તો મારે એક બે પહેરણ હમણાં ન કરાવવાં અગર ફીફીની બાએ એક સાડલો હમણાં ન લેવો એ ઠીક નથી?

ગિ.

ગાળ દેતાં ક્યાંથી આવડી

શાન્તા એક વાર બીજાઇ ગઈ અને પોતાની બા ઉપર ગુસ્સે થઇ. હમેશની ટેવ પ્રમાણે ચંદ્રાબેને તેની સામે ન જોયું અને મૂંગાં રહ્યાં. શાન્તાએ વધારે રોષ કરી ગાળો દેવા માંડી.

ચંદ્રાબેન ચમકી ગયાં, હબકી ગયાં. તેમના હાથમાંથી કામ પડી ગયું. તે વિચારમાં પડી ગયાં.

હા, શાન્તા કોઇ કોઇવાર ચીડાતી હતી. પણ ગાળ તો આ પહેલવહેલી જ દીધી. અને તે આવી ગલીચ ગાળ!

ચંદ્રાબેન મનમાં બોજવા લાગ્યાં કે શાન્તાને ગાળ દેતાં ક્યાંથી આવડી?

તેમણે શાન્તાનું આજુબાજુનું વાતાવરણ વિચારવા માંડ્યું. ધીરે ધીરે તેમને સૂઝ્યું: "શાન્તા આજુબાજુનાં બાળકો સાથે શેરીમાં રમે છે ત્યાંથી તો ગાળ નહિ લાવી હોય?"

ચંદ્રાબેને શાન્તાને કંઇ જ ન કહ્યું. શાન્તાનો રોષ ધીમે ધીમે શાંત પડ્યો. તે પોતે જ શરમાઇ અને ધીરે ધીરે ગુસ્સાને ભૂલવા લાગી. ધીરજથી મૂંગા રહેવાનું ચંદ્રાબેનને કેળવ્યું હતું તેનું આ ફળ હતું.

ચંદ્રાબેનના મનમાંથી ગાળની વાત જતી ન હતી. દાંતમાં કોતરું ભરાય ને જીભ વારે વારે ત્યાં જ જાય એમ મન આ વાત પર જતું હતું.

સાંજ પડી અને મા દીકરી એકાન્તમાં બેઠાં હતાં. શાન્તા આનંદમાં હતી. ચંદ્રાબેને શાન્તાને બોલેલી ગાળ બોલીને કહ્યું: "શાન્તા, આવું બોલવું તેં ક્યાંથી સાંભળ્યું?"

ચંદ્રાબેને આ ગાળ છે, તે ગંદી છે, માટે બોલીશ નહિ, એવું કશું કહ્યું નહિ. તેમણે તો આ ક્યાંથી સાંભળ્યું તેટલું જ પૂછ્યું.

શાન્તા એમ તો હજી સરલ હતી, તેમ ચંદ્રાબેનની તેને બોટી બીક લાગતી નહિ, તેથી આ ગાળ છે અને બરાબ છે તેની તેને બબર પણ નહિ. તે તો બાળકોને બોલતાં સાંભળી

બોલતાં શીખેલી. બાળકો અંદર અંદર ગુસ્સે થતાં હતાં ત્યારે વાપરતાં હતાં; તેથી તેણે પણ ગુસ્સા સાથે ગુસ્સાના એક આભૂષણ રૂપે વાપરી.

શાન્તાએ કહ્યું: "એ તો મેં શેરીમાંથી સાંભળ્યું. છોકરાં રમતાં રમતાં લડી પડે છે ત્યારે એમ બોલે છે. ખીજાય છે ત્યારે એમ બોલે છે."

ચંદ્રાબેને પૂછ્યું: "ત્યારે તું શું કામ બોલી?"

શાન્તા: "હું તારા પર ખીજાઇ ગઈ હતી. ખીજાઉં ત્યારે બોલું જ ના?"

ચંદ્રાબેને ત્યાં વાત પડતી મૂકી. ગાળનો અર્થ અને તેનું ખરાબપણું સમજાવવાની જરૂર ન લાગી.

બાળક વાતાવરણનું પણ પ્રાણી છે એ વાત દીવા જેવી ચંદ્રાબેનને લાગી. અને તેમને થયું આ શેરીનો ઉકરો ચેપી રોગ છે. શેરીમાં તે ન ગઇ હોત તો ન ચોંટત. હજી તેને સાચેસાચો ચોંટયો પણ નથી, ત્યાંથી જ હું તેનો ઉપાય કરું.

-તેમણે ઉઘાડી રીતે શાન્તાને શેરીમાં જવાની ના પાડી. પણ શેરીમાં જવાને વખતે તો વાર્તા માંડી અને શાન્તાને શેરીમાં જવાનું ન મળ્યું. શેરીના ગોડીયાઓ શાન્તાને બોલાવવા આવ્યા ત્યારે તેમને દૃઢતાથી કહ્યું: "શાન્તા ઘરમાં રમે છે. તે શેરીમાં નહિ આવે. તમારે એને તેડવા ન આવવું. કદિ આવશો નહિ."

શાન્તાને આ જરા સારું ન લાગ્યું. તેણે પૂછ્યું: "બા, શેરીમાં શું કામ ન જઉં? શું કામ તેડવા ન આવે?"

બાએ કહ્યું: "શેરીમાં તારે નથી જવાનું એનું કારણ હું પછીથી કહીશ. ચોક્કસ કહીશ. અને જો આ મિંકેનો છે, આ નવી ચોપડી છે, એ વાંચ જો ન ગમે તો ચાલ આપણે ચોપાટ રમીએ."

શાન્તા સાત વર્ષની હતી. શેરીના દોસ્તદારોને જતા જોઈ રહી. જરા ન ગમ્યું. પણ બાની દૃઢતા સ્પષ્ટ હતી.

આખરે તેણે વાંચવા માંડ્યું. બે ચાર દિવસ સુધી શાન્તાને શેરીમાં જવાનું સાંભર્યું. પણ બાની દૃઢતા સ્પષ્ટ હતી. પછી તો શાન્તા શેરીની વાત ભૂલી જ ગઇ અને બેઉ બાળકો તો ચેતી જ ગયાં. ફરીને ત્યાંથી નીકળ્યાં પણ નહિ.

આમ વાત તો પાર પડી પણ ચંદ્રાબેન શાન્તાને માટે સારા મિત્રોની શોધમાં તો હતાં. શાન્તાને એકલાં ઘરમાં વાંચ્યા કરવું ન ગમે તે તેમના ધ્યાનમાં જ હતું. પણ શેરી તો છોડાવવી જ જોઇતી હતી ને છોડાવી. ગિ.

એક પ્રસંગ

બાપાએ ઘણાં બધાં બોર આણ્યાં ને સૌના ભાગ પાડ્યા.

ચંદુબેન રસોડામાંથી આવ્યાં ને સંભળાવ્યું: "જુઓ બોર આણ્યાં તો ભલે આણ્યાં. કોઇ જ્યાં ત્યાં ઠળીયા પાડશે તે નહિ ચાલે. આ ડબલું છે એમાં સૌ ઠળીયા નાખજો. જેને રમુ, જી, રમણ કોઇએ જ્યાં ત્યાં ફેંકયા છે તો."

ચંદુબેન હૂકમ સંભળાવી રસોડામાં રસોઈ કરવા ગયાં. બાપુ પોતાની વાંચવાની ઓરડીમાં ગયા.

ચંદુબેન કડક હતાં. વ્યવસ્થાનાં શોખીન હતાં. વ્યવસ્થા માટે સાધનો રાખતાં પણ હૂક-

મથી વ્યવસ્થા રાખતાં જ. હૂકમ ન માને તેને વ્યવસ્થાની ખાતર શિક્ષા પણ કરતાં.

હૂકમની વાત એવી છે કે તે બીક પેદા કરે છે. બીકને લીધે માણસ હૂકમ માનવાની કાળજી રાખે છે; અને તે જ બીકને લીધે માણસ કોણ જાણે કેમ હૂકમનો જાણેઅજાણે ભંગ પણ કરી બેસે છે.

ચંદુએન હૂકમ આપીને ગયાં ને બાળકો બોર ખાવાનો આનંદ લેતાં ડાબલા ફરતાં બેઠાં. થોડી વારમાં ત્યાંથી એક બિસકોલીનું બચ્ચું નીકળ્યું.

બચ્ચું નાનકડું મજાનું હતું. ખરરર કરતું બાજુના ઓરડામાં ગયું ને હાથમાં બોર લઈ બાળકો તેની પાછળ ગયાં. બિસકોલું એક કોડી પાછળ ઘૂસી ગયું અને છોકરાં ત્યાંથી તેના નીકળવાની રાહ જોતાં બેઠાં.

બેઠાં બેઠાં મોઢાં ચાલવા માંડ્યાં અને બોરના ઠળીયા ત્યાં પડવા લાગ્યા. બિસકોલીમાં તેઓ બાનો હૂકમ ભૂલી ગયાં ને જ્યાં ત્યાં ઠળીયા પડ્યા.

જમવાનો વખત થયો અને સૌ જમ્યાં. જમ્યા પછી બા ફરતાં ફરતાં એ ઓરડામાં આવ્યાં અને જુએ છે તો ત્યાં નકરા ઠળીયા ઠળીયા! ઓરડી આખી ઠળીયા.

બાનો મિજાજ ગયો. તે તાડુકી ઉઠ્યાં: "કયાં ગયાં રમુ, જીવી, રમણ? આ અહીં ઠળીયા કોણે પાડ્યા?"

છોકરાંઓ બિચારાં કોડી પાછળથી ભાગીને બીજા ઓરડાના કબાટ નીચે બિસકોલું ગયું હતું તેને કાઢવાની મહેનતમાં પડ્યાં હતાં. તેઓ એક જબરું સાહસ કરી રહ્યાં હતાં. નાનો ત્રણ વર્ષનો રમણ પાસે ઉભો ઉભો આ બધું જોતો હતો.

બાની બૂમથી સૌ ઝબકી ગયાં હતાં. બાની વારંવારની આવી બૂમોથી હજી તેઓ રીઢાં બન્યાં નહતાં. હજી તેઓમાં કુણપ હતી.

છોકરાંઓએ પાછું વાળીને જોયું ત્યાં તો બાનો ચહેરો લાલચોળ હતો ને હાથમાં સોટી હતી.

"મેં કહ્યું ન હતું કે આ ડબલામાં બોરના ઠળીયા નાખજો? આખું ઘર ઠળીયા ઠળીયા કરી મૂક્યું! તમારા મોઢાને બોર હોય? કહો જોઈએ, આ ઠળીયા કોણે નાખ્યા?"

પણ બીક આગળ સત્ય હમેશ છૂપાય છે ને જૂઠાણું મદદે આવે છે તેમ સૌ એકી સાથે બોલી ઉઠ્યાં: "મેં નથી નાખ્યા. મેં નથી નાખ્યા."

પણ બાએ જોરથી કહ્યું: "તમે નહિ ત્યારે મેં નાખ્યા? ઉભાં રહો. એક એકની આજે ખબર લેવી છે."

બાએ રમુનો હાથ પકડ્યો ને રમુ થરથર ધ્રૂજવા લાગી. તે બાનો ભારે હાથ જાણતી હતી. તેણે કહ્યું: "એ બા, હવે નહિ નાખું. એ તો ભૂલમાં ભૂલમાં ત્યાં ગયાં ને..."

બાએ એક સોટી ચોડી દેતાં કહ્યું: "હવે નહિ નાખીએ તારે પહેલેથી જ શું કામ નાખ્યા?"

રમુના વારા પછી જીવીનો વારો તો હતો જ. જીવી ગભરાઇ ગઇ. તે કહે: "બા, બા, હવે કોઇ દિવસ નહિ કરીએ. અમે ભૂલી ગયાં."

બા કહે: "તે બાનાં કયાં ભૂલી જાવ છો? કહીએ તે ભૂલી જવું! બાકી બધું તો એ યાદ રહે છે."

જીવી જવાબ આપે તે પહેલાં તો તેને એક સોટી લાગી ચૂકી.

રમણુ તો ક્યારનો રડતો જ હતો. બાએ તાડુકીને કહ્યું: "હં, રડે છે શાનો? નો'તું કીધું કે ઠંડીયા ડબલામાં નાખજો? આવ આવ તનેય..."

રમણુ ધ્રૂજતો હતો. બિચારો ત્રણ જ વરસનો છોકરો. કાયદામાં પણ ગુન્હેગાર ન ઠરે તેવડો. બોરબોર જેવડાં આંસુ પડતાં હતાં.

બાએ કાન આમળી એક થપાટ મારીને એક ચોંટીયો લીધો: "રોયાઓને બાતાં સારૂં લાગે છે. પણ બાઇપીને બધું બગાડી નાખે છે એનો કાંઇ વિચાર!"

રમણુનું મ્હોં લાલચોળ થઈ ગયું. તે ઉંચેથી રડી ઉઠ્યો ને મ્હોંમાંથી લાળ પડી ગઇ.

પછી બાનો ગુસ્સો ઓછો થયો. પોતે જ કંટાળી. લાકડી ભાંગી નાખીને હાથ ઘસતી હોય એમ બોલી: "આ રોયાં જીવ બાઇ ગયાં. ઘરમાં કશું સરખું રહે જ નહિ. ડીકડીક કરવા મરી જઇએ પણ આ કચરો પાડ્યો જ છે! મારે તે શું કરવું, હવે મરવું?"

છોકરાં સૌ આજુબાજુ વીંખાઇ ગયાં. રમણુ તો એક ખૂણામાં શેતરંજી પડી હતી ત્યાં જઇને સૂનો ને ડુમકાં ભરતો ઊંઘી ગયો.

બાપુ ગામમાં ગયા હતા તે પાછા આવ્યા. ચંદુબેન સમુનમું કરી પરવાર્યાં. ચા પાણીનો વખત થયો. બાપુએ રમણુને શેતરંજી પરથી ઉઠાડ્યો પણ તેનું શરીર ગરમ હતું. વહેમ આવ્યો ને થરમામિટર મૂક્યું તો ૧૦૪ ડિગ્રી તાવ હતો.

રમણુને બાટલો પાથરી સૂવાર્યો, અને બાપુએ તેની પાસે બેસીને જ ચ્હા પીધી. તાવ હજી વધતા પર હતો. માથું સખત દુખતું હતું એટલે રમણુ વારે વારે માથું ઘડીક આ બાજુ ને ઘડીક પેલી બાજુ પછાડતો હતો.

બાપુએ ફરી વાર થરમામિટર મૂક્યું. તાવ ૧૦૫ ઉપર ગયો હતો. બાપુ ગભરાયા; તેમણે ચંદુબેનને બોલાવ્યાં.

ચંદુબેન કહે: "દાક્તરને બોલાવો જાવ. હું હમણાં બેડી છું. તમે કહેશો કે છોકરાંને મારે છે ને વઢે છે; પણ તમને બેમ નથી કે બાટલાં બધાં બોર ન બણાય. દિ' બધો બોર બાધા કરે ત્યારે માંદાં જ પડે ને? લ્યો હવે દાક્તર ને બાક્તરની દોડાદોડ કરો."

રામદાસનો સ્વભાવ ગરવો હતો. હમણાં જ તે ગરમ થઇ જાત પણ બામોશ રાખી તે દાક્તર પાસે ગયો.

પાસે ચંદુબેન બેઠાં હતાં ને "બાપા રમણુ, શું થાય છે?" બેમ કહી માથું દાબતાં હતાં. રમણુ કોલન વૉટરનું પોતું માથા પરથી નાખી દેતો હતો.

બેટલામાં દાક્તર આવ્યા ને તાવ માપ્યો. જીભ તપાસી. પલ્સ (નાડી) જોઈ. રમણુ તાવમાં ધ્રૂજતો હતો ને બલતો હતો.

ચંદુબેને કહ્યું: "સાહેબ, બોર બહુ બાધાં છે. કયાંક બાંચકી થાય નહિ. સાહેબ, દવા બાપો." ચંદુબેને રમણુના માથા પર હાથ ફેરવી દાક્તર તરફ દયામણી બાંખે જોઇ કહ્યું.

બાખરે ચંદુબેન મા હતાં ને! રમણુ નાનો ત્રણ વરસનો. રમણુ તેને બહુ વહાલો હતો. સૌમાં તે હમણાં છેલ્લો હતો. રમણુ બકતો હતો તેથી તેને કાંઇ ને કાંઇ થઇ જતું હતું.

રમણુ બકવા લાગ્યો: "બે બાં...બાં...બાં.

નહિ નહિ. મેં ઠળીયા નથી નાખ્યા."

રમણે આંખો ફાડીને બા સામે જોયું ને ઝબકીને તે જાણે ભાગવા જતો હોય તેમ ઉઠ્યો ને પાછો પથારીમાં પછડાઈને પડ્યો.

દાક્તરે પૂછ્યું: "આ છોકરો કશાકથી બ્હીતો લાગે છે. એને બીકનો તાવ છે. કાંઈ બન્યું હતું?"

ચંદુબેનની છાતી બેસી ગઈ. તેનું હૃદય જાણે તૂટું તૂટું થઈ ગયું. તેને થયું: "આ તો પોતે એને માર્યો હતો તેનું જ ફળ છે."

ત્યાં તો રમણે ફરી લવારો શરૂ કર્યો: "જીવુ કહેને, મેં બોરનાં ઠળીયા નાખ્યા છે? મેં તો બોર તને આપી દીધાં હતાં. બાએ મને....."

લવારો બંધ પડ્યો ને રમણની આંખો ફાટી રહી. તે ધ્રૂજવા લાગ્યો.

રામદાસ ગભરાઈ ગયો. ચંદુબેનની આંખમાં પાણી આવી ગયાં. તે તો...ગુંગળાઈને હેઠે જ બેસી ગયાં.

દાક્તરે હિમત આપી: "અકળાશો નહિ. હમણાં જ ઠીક કરું છું આ દવા માથા પર ઘસો. આ દવા ચાલો પાઈ દઈએ. આ દવા શરીરે ઘસો. એને શરદી આવે છે."

દાક્તરે દવા આપી. રામદાસ પગે ને હાથે દવા ઘસવા લાગ્યો, ને ચંદુબેન બોલવા લાગ્યાં: "બાપા, રમણ, બાપા, મોઈ હું કે મેં તને માર્યો. દીકરા તેં બોર તો'તાં બાધાં ને ઠળીયાયે નહોતા નાખ્યા. પણ હું અભાગણી....."

ચંદુબેનનું ગળું રૂંધાઈ ગયું ને આંખમાંથી ચોધાર પાણી પડવા લાગ્યાં.

દાક્તરે ચંદુબેનનો હાથ હલાવી કહ્યું: "ગાંડાં ન થાઓ, ગાંડાં. છોકરાને કંઈ નહિ થાય. પણ હવેથી..."

દાક્તર આટલું બોલી અટકી ગયા. એમને આ પ્રસંગે કડવું વેણ કહેવું ઠીક નહિ લાગ્યું હોય.

રમણનાં પેટમાં દવા ગઈ ને જરા ઠીક લાગ્યું. રમણનો તાવ ઓસરો થયો. રમણને પૂરેપૂરું ભાન આવ્યું અને ત્યાર પછી દાક્તર ગયા.

કોઈને કંઈ શિખામણ દેવાની જરૂર ન જ પડી. રમણ બે ચાર દિવસ પછી સાજો થઈ સૌની ભેગો ફરવા લાગ્યો. સૌ જૂની વાત ભૂલી પણ ગયું.

પણ ચંદુબેનને જીંદગીનો પાઠ મળ્યો ને તે કદિ પણ ન ભૂલ્યાં.

એક વાર ચંદુબેને જ મને આ વાત કહેલી તે અહીં ફરી કહું છું.

ગિ.

શાળાએ જતી વખતે

કોઈએ જોયું છે કે ગામડામાં શાળાનો ઘંટ થાય છે ત્યારે નિશાળીઓ કેવા ઝટપટ પાટી દફ્તર લઈ શાળા ભણી દોડે છે? વળતે રસ્તામાં કોઈની અડફેટે આવી જાય છે. વખતે દોર ઠાંખને અંધેડાઈ પડે છે. વખતે પોતે પછાડી ખાઈ જાય છે. પાટી ફુટે છે. કુલડી ફુટે છે. હાથ પગ ઘસાઈ પણ જાય. રસ્તે જતાં માણસો સામે જોઈ રહે. આ દોડવાનું કારણ વખતસર નિશાળે પહોંચવું હોય છે.

શહેરમાં પણ વખતસર પહોંચવા માટે દોડા-

દોડ જતાં છોકરા છોકરીઓ આપણે જોઇશું. આડું અવળું કયાંઈ જોયા વિના ભાગ્યાં જતાં હશે. પેટમાં પાણી ડચક ડચક થતું હશે, ગાડી ઘોડામાં આવી જવાની મ્હોં પર બીક હશે, તે છતાં દોડમદોડ જતાં હશે. મોટાં શહેરોમાં પણ ટ્રામ કે રેલ્વે પકડવાને માટે અધિરાઇથી દોડતાં છોકરા છોકરીઓ પણ આપણે જોયાં છે. ઘણી વાર તેઓ અકસ્માતના સંભવમાં આવી પડે છે. કેટલીએક વાર તો બહુ મુશ્કેલીથી જ બચે છે.

આટલી ઉતાવળથી બાળકો શાળાએ જાય છે છતાં તેઓ કંઇનું કંઇ વેર ભૂલી ગયાં હોય છે. કાં તો ચોપડી, કાં તો કાંગળ, કાં તો કંઇ ને કંઇ. અને ભૂલી ગએલી ચીજ લેવા પાછા જવાનું શક્ય ન હોવાથી અથવા પાછા જતાં શાળામાં વધારે મોડું થઈ જવાથી ચીજ વિના ચલવવું પડે છે; અને જો શિક્ષકનું તે તરફ ધ્યાન જાય છે તો ઠપકો પણ ખાવો પડે છે.

દોડમદોડ શાળાએ ગએલાં અને રોજ જતાં છોકરાંઓના જ્ઞાનતંતુઓ ઉપર તાણ આવે છે. શાળાનો સમય તુરત જ શરૂ થતો હોવાથી અને તેમાં ધ્યાન ન અપાય તો કાં તો નંબર કે માર્ક જાય અથવા શિક્ષક વઢે માટે તેમને આ તાણ ઠેકાણે આવી જાય તે પહેલાં જ બીજા વિરોધી તાણથી પરાણે સ્વસ્થ થવું પડે છે ને પાઠમાં ધ્યાન આપવું પડે છે.

એક વાર ઉતાવળ અને દોડાદોડમાં તેમજ ચીજ વિના શાળાનું કામ શરૂ થયું એટલે તેની અસર સાંજ સુધી પહોંચે છે ને બાળકને જુદી જુદી રીતે નુકશાન કરે છે. શાળા શરૂ થતા પહેલાં શાળાની આસપાસ જે ધોંધાટ અને દોડમદોડી જોવામાં આવે છે તેનું કારણ પણ એ હોવા પુરો સંભવ છે કે બધાં બાળકોમાં એક જાતનું તાણ આવેલું છે; તેઓ નિરાંતે ખાઇ પીને સ્વાભાવિક ગતિએ બધું લઇને શાન્તિથી આવી પૂગેલાં નથી. ઘરથી જ તેમનામાં જે અવ્યવસ્થિત ગતિ ભરાઇ છે તેનું આ બહિર્ દર્શન છે.

આપણે કોઇ બાળકોના ઘરમાં જઇને જોઇશું તો 'શાળાનો સમય થવા આવ્યો છે,' 'તૈયાર થાઓ,' 'જમવા બેસો,' એવા અવાજો કાને આવશે. કોઇના ઘરમાં ઝટઝટ જમવા બેસારવા માટે અને બીજી રમતો પડતી મૂકવા માટે વઢવાનું ચાલતું જણાશે. કોઇ ઘરોમાં બાળકો પાઠ કરતાં કેમે ઉઠતાં નહિ હોય ને વખત ભરાઇ જતાં બાવા માટે ભાગતાં હશે, તો કોઈ ઘરમાં બાળકો ખાવા માટે ટાંપીને બેસી રહ્યાં હશે પણ જમવાનું તૈયાર થયું નહિ હોય. બાળકો મોડાં થશે તે માટે મનમાં કચવાઈ રહ્યાં હશે. કોઈ ઠેકાણે તો શાળાનો ઘંટ થાય ત્યારે જ ખબર પડતી હશે કે શાળાનો સમય થયો. શાળાના સમય સામે જોઇને લુરા લુરા બાંધને ઉઠવાવાળાં બાળકો ઘણાં જણાશે. જમ્યા પછી અશાંકેશથી લૂગડાંલત્તાં પહેરી ચોપડી વગેરે લઇ નિરાંતે જવા પૂરતો સમય ઘણાં બાળકોને નહિ મળતો હોય. ઘણાંને રોજ ને રોજ દોડીને જવું પડતું હશે. કેટલાંક બાળકો કોઇ કોઇ વાર ભૂખ્યાં પણ શાળામાં આવેલાં માલૂમ પડે છે.

વાત એમ છે કે આપણાં ઘરોમાં ઓફિસમાં જનારાઓ માટેનો સમય સચવાય છે; તેઓને અમુક સમયે જ જમવા બેસવું જોઇએ. બીજી કેટલીએક બાબતોને પણ ઘરના સમયપત્રકમાં સ્થાન છે: જેમ કે પાઠપુજનનો સમય હોય છે, દેવદર્શને જવાનો સમય હોય છે, ફરવા જવાનો સમય હોય છે, પાણી ભરવા જવાનો, દળવાનો, ન્હાનો વગેરેનો સમય હોય છે. પરંતુ બાળકોને શાળાએ જતાં પહેલાંની તૈયારીનો સમય નથી રાખવામાં આવેલો.

આ રીતે ઘરના સમયપત્રકમાં "શાળાએ

જવાની તૈયારી" એ બીનાને પણ સ્થાન જોઇએ. આ તૈયારીમાં ખાસ કરીને બાળકો જમે. જમ્યા પછી બે ઘડી બેસે, કપડાં પહેરે, પાટી ચોપડી લે અને નિશાળનો રસ્તો કાપે. આ બાબતનો સમાવેશ થવો જોઇએ. બાળકોની જરૂરીઆતો હવે આપણે જોવી જોઇશે. જેમ એને ઘરમાં નાનું એવું ઘર આપવું પડશે તેમજ તેને આપણા સમયમાંથી ખાસ સમય પણ આપવો પડશે. આપણે આપણું સમયપત્રક ગોઠવીએ ત્યારે બાળકોની જરૂરીઆતો લક્ષમાં રાખીએ. બાળકોને વખસર સ્વસ્થ ચિત્તે શાળાએ પહોંચાડવા માટે આપણે અરધો કલાક કે કલાક રસોઇનો સમય વહેલો કરવો પડે. વહેલું રંધાય, વહેલાં જમે, જમ્યા પછી વખત રહે તો જ બાળકો બરાબર તૈયાર થઇને શાળાએ જાય.

જમવાને અને શાળાએ જવાના સમયને સંબંધ ન હોય ત્યાં પણ 'શાળાએ જવાની તૈયારી' એ એક વિગત સમયપત્રકમાં હોવી જ જોઇએ. આ વિગત સાથે બીજી વિગતો અથડાવી ન જોઇએ. આ સમયે ગાડીવાળાને ત્યાં ગાડી હાજર હોય. આ સમયે નોકરો મદદગાર હોય તો નોકર શેઠના બીજે કામે ન જાય. આ સમયે જે જે માણસો અને વસ્તુઓની અગત્ય હોય તેની વિના બાળકોને બેસી રહેવું પડે એમ ન બનવું જોઇએ. બતલબે ઘરનાં સૌ માણસોએ બાળકના આ સમયપત્રકનું માન રાખવું જોઇએ એટલું જ નહિ પણ તે બરાબર પળાય તે માટે તેમને મદદ કરવી જોઇએ, અને પોતે ઉપદ્રવ કરવો ન જોઇએ.

બાળકોને પણ સમયસર કામ કરવાને ટેવતાં જવું. નહાવા ધોવાના, પાઠ કરવાના, આરામના એવા સમયોનો અંદાજ ગોઠવી આપવાથી અને ખાલી પ્રયોજન વિના તેમાં અપવાદ ન કરવાથી તેઓ અનુક્રમે અને સમયની યોજના વિચારી કામ કરતાં થશે એટલે 'શાળાની તૈયારી'નો સમય વધારે સારી રીતે સચવાશે.

'સમયપત્રક' નો હેતુ કદિ ન ભૂલાય. શાળામાં સ્વસ્થપણે પહોંચવા માટે સમયપત્રક છે. સમયપત્રક પળાવવામાં જ અસ્વસ્થતા ઉભી ન થવી જોઇએ. તે માટે ઉતાવળું વઢવું અને લડવું ન થવું જોઇએ. તેમ બાળકોને ઘડીયાળનો હાઉ વારે વારે ન બતાવવો જોઇએ.

ગિ.

શામજી માસ્તર

શામજી માસ્તર શિક્ષણશાસ્ત્રમાં શ્રદ્ધાવાળા હતા. ટ્રેનિંગ કોલેજમાં આ વિષયમાં તેમણે ચંદ્રક મેળવ્યો હતો. પોતાના મિત્રશિક્ષકોને કહેતા: "શિક્ષણશાસ્ત્ર શિક્ષકની કામદુઘા છે. ફરી ફરીને એનું મનન કરો."

શામજી માસ્તર શાસ્ત્રના જેટલા ભક્ત હતા તેટલા જ વિચારક વૃત્તિના પણ હતા. શાળામાં કોઇ પણ બનાવ બને કે તુરત જ શાસ્ત્રાજ્ઞા શું છે તે જાણી લે અને પછી તે ઉપર સ્વતંત્ર વિચાર કરવા પણ બેસે.

એક વાર તેમણે પોતાના વર્ગના વિદ્યાર્થીઓના ખિસ્સા તપાસવા માંડ્યા. શામજી માસ્તર વારંવાર આવું નવું નવું કર્યા કરતા. તેમના સ્વભાવમાં વિચિત્રતા હતી. આવામાંથી તેમને કંઇ કંઇ શિક્ષણના વિચારો સૂઝતા ને કોઇ કોઇ વાર પોતાની મર્યાદામાં રહી નાના નાના અખતરા પણ કરતા.

ખિસ્સા તપાસતાં લાખાના ખિસ્સામાંથી પીંપેલી બીડીઓનાં બોખાં નીકળ્યાં. લાખો ભણવામાં સાવ છોકરો હતો. સૌ છોકરા પર

તેની છાપ પડતી. તેને આજ દિવસ સુધી શામજીભાઇએ ડાહ્યો માનેલો.

બિસ્સામાં બીડીઓ જોઇ શામજી માસ્તરનું મ્હોં લાલચોળ થઈ ગયું. હમણાં જ લાખાને મારી દેશે એમ લાગ્યું. લાખો પણ ધ્રૂજવા જ લાગ્યો. આખો વર્ગ તો હેબતાઇ જ ગયો હતો.

પણ શામજી માસ્તરે ખામોશ પકડી. તેમને શિક્ષણશાસ્ત્ર યાદ આવ્યું. "ગુન્હા માટેની સજા તરત કરવી નહિ. તે વખતે આપણું મન ઉશ્કેરાએલું હોય છે. મન શાન્ત પડયા પછી ગુન્હાનું પ્રમાણ નક્કી કરી શિક્ષા કરવી."

તે ત્યાંથી બસી ગયા. છોકરાઓને પાઠ વાંચવાનું કહી ખુરશીએ બેઠા અને મનને શાન્ત પડવા દેવા લાગ્યા.

એટલામાં ઘંટ વાગ્યો ને શાળા છૂટી.

જમી કરીને બપોરે જરા આડે પડખે થયા. એકાદ ઝોકું આવ્યું ને જાગી ગયા. ખાટલા પર પડયા પડયા જ લાખાના વિચાર આવ્યા. "કેટલીક શિક્ષા કરું? સોટીની કે બીજી? જાહેરમાં કે બાનગીમાં?"

થોડી વાર વિચાર કરી શામજીભાઇ મનમાં બોલ્યા: "બરી રીતે શાસ્ત્ર પ્રમાણે તો આવા ગુન્હા માટે વધારેમાં વધારે અને જાહેરમાં જ સજા થવી જોઇએ. લાખાને સજાનું વધારેમાં વધારે અપમાન લાગવું જ જોઇએ. તેને સજા સાંભરે તેવી થવી જોઇએ."

બીજું પડખું ફેરવી શામજીભાઇ થોડી વાર પડ્યા. તેમની વિચાર કરવાની પ્રકૃતિએ ડોકીયું કર્યું. તે પૂછવા લાગી. "લાખાને આવી ટેવ ક્યાંથી પડી?" એના બાપા ને કાકા તો બીડીઓ તાણે જ છે. એની નાતમાં પણ બધા પીએ છે. બીડી પીવાનું વાતાવરણ તો છે જ. એના કાકાએ એને એક વાર ચોરીને બીડીઓ પીવા માટે ખૂબ માર્યો એમ મેં એક વાર સાંભળ્યું હતું. શેરીમાં બધાં છોકરા છાના છાના આવા ધંધા કર્યા કરે છે બરૂ? અને પકડાય છે ત્યારે માબાપ હાડકાં પણ ભાંગે છે. ત્યારે? આ લાખાને શિક્ષા કરવાથી તે બીડી પીતો અટકશે? માર બાઇને રીઢો થયો હશે. આ માર તેને વધારે રીઢો નહિ કરે? છાની રીતે બીડી પીવાની આદતમાં લિજ્જત લાગી હશે તો હવે તે મારાથી પણ બૂમ છાની રીતે અને વધારે લિજ્જતથી બીડી નહિ પીએ? અને તો તો મારૂં મારવું નકામું જાય. હા, શાળામાં બીડીઓનાં બોખાં નહિ લાવે. પણ એ તો કયાંક બાડો ગાળી સંતાડી રાખશે."

શિક્ષા કરવાના વિચારમાંથી શામજી માસ્તરનું મન ચળવા લાગ્યું. વળી પાછા તે વિચારે ચડયા: "છોકરાને મારે શું કહેવું? વઢીશ કે ઠપકો આપીશ તો તો તેની અસર શી થશે? એમ તો એ પાકો થઇ ગયો છે. બે ઘડી નીચું મ્હોં રાખી સાંભળી લેશે. વખતે બે આંસુ પડી જશે. પણ પછી પાછા એ ભગવાન એના એ."

"વાત તો એમ લાગે છે કે બીડીને એ છાની રીતે પીએ છે એમાં તેને વધારે ચસ્કો છે. તેથી તો કો'કના બેઠાં બોખાં પીએ છે. એનો બાપ તો બાસી દુકાનેથી બરીદીને પીએ છે. ત્યારે શું બીડી પીવાની ઉઘાડી રીતે રજા આપવી? રજા આપવી એ તો ઠીક નહિ, પણ બોખાંને બદલે સારી પીવી એમ તો કહેવું જોઇએ. છાનીને બદલે જાહેરમાં પીવી એમ કહેવું જોઇએ. પણ હું અને એનો બાપ આ વાત નજરોનજર જોઇ

શકીશું? શાળામાં તે બીડી લાવીને પીએ તો?"

શામજી મારતરનું કોકડું ગુંચવાયું. તે વધારે વિચાર કરવા લાગ્યા: "એના બાપને વાત કહું, મારતા અટકાવું અને તેને પોતાને જ બીડી પીતા અટકાવું. પોતાના દીકરાને બીડી પીતો અટકાવવા કાંઇ નહિ તો પોતે થોડોએક દાબલો તો બેસારવો જ. અથવા પીવાય નહિ એટલું કહેવા પૂરતો અધિકાર તો મેળવવો જ. અને પછી લાખાને મિત્ર બનાવું તો? એને અમે દબડાવશું તો તે અંતઃકરણ ચોરશે. મિત્ર થઇને તેને કહીએ કે 'જો લાખા, બીડી પીવી હોય તો ચાલ તને સારી બીડી અપાવું. આ આવી બીડી પીએ તો બેપી રોગો લાગે. કોકે પીધેલી બીમાં કોકના હોઠેથી મોંમાંથી રોગ લાગેલા હોય. અને જો બીડી ન પીએ તો તો ઘણું જ સારું. એ તો એક આદત છે.' અને લાગે છે કે જો હું પ્રેમથી મિત્રભાવે કહીશ અને તેનું મન હરી લઇશ તો તે પ્રેમથી બંધાઇને બીડીને છોડશે."

શામજીભાઇ હોંશિયાર થઇને ઉઠતા હતા ને મગજમાં વિચાર પ્રસાર થતો હતો: "પ્રેમ જ મોટામાં મોટી શિક્ષા છે. હું એના પર પ્રેમ કરીશ એટલે તે વ્યસનમુક્ત થશે."

શામજી માસ્તરે બપોરે બીડીની વાત કાઢી જ નહિ. પણ તેમણે યોગ્ય ઉપચારો લીધા અને લાખો તેમનો મિત્ર થયો.

લાખો બોખાં પીતો નથી. બીડી બરી-દીને પણ પીવાનું મન થતું નથી. લાખો બીડી પીવામાંથી છૂટ્યો ને તેની સાથે તેના દોસ્તો પણ છૂટ્યા. કેમ કે તેઓ તેના દોસ્તો હતા, ગિ.

પોતાના પગ પર ઉભા રહો

સૂતેલા સિંહના મોઢામાં મૃગ જઇને પડતો નથી એ જૂનું વાક્ય છે. એમાં ઘણું સત્ય છે. ઇશ્વર તેને મદદ કરે છે કે જે જાતે મદદ કરે છે. ઘણા વખતથી આપણી વૃત્તિ પરાધીન થઇ ગઇ છે: આપણે પોતાના પગ પર ઉભા રહેવાનું ભૂલી ગયા જ છીએ. આપણને થાય છે આપણા બાતામાં સુધારા થાય તો સારું. આપણને થાય છે કે આપણી ગરીબી ફીટી જાય તો સારું. આપણને થાય છે પગાર વધી જાય તો સારું: આપણને થાય છે કે આપણી પદવી વધે તો સારું. પણ આપણે શું કરીએ છીએ? કોક કરે તો તેના ઉપર આપણે બેહા છીએ. એ વાત છોડી દો. આપણે આપણા પગ પર ઉભા રહીએ.

પણ કેવી રીતે ઉભા રહીશું? પહેલી વાત હવે બીજી જ રીતે વિચાર કરતાં શીખો. આપણે સ્વાધીન છીએ ને રહેવું જોઇએ. આપણે જાતને ઉંચે ચડાવવી જોઇએ. તે ચડાવશું એટલે આપણે એની મેળે ઉંચે જઇશું જ. આમ પ્રથમ વિચારતાં શીખીએ. આમ આપણી શ્રદ્ધા થવા લાગે.

પછી આપણે બાતાના સુધારાનો વિચાર કરીએ. બાતું પ્રતિભાશાળી શિક્ષકો માટે છે. તેવા નથી તેવી તેની ફરીયાદ છે. આપણે તેવા થઇ બાતાનું દુઃખ મટાડીએ ને બાતાની આજની મૃત સ્થિતિમાંથી ઉગારીએ. પ્રતિભા બહારથી કોણ લાવી આપશે? પ્રતિભા આપણે માટે કોણ ખરીદશે? પ્રતિભા વધવા માટે બાતું કેવી રીતે પ્રયત્ન કરે? એ વાત આપણા હાથમાં છે. આપણે બધા પ્રતિભાવાળા માણસોની ટોળી થઇએ એટલે બાતામાં આપણે જ સુધારા કરી શકીશું. શાળાનું ભણતર સારું કરવું તે

આપણે કરીશું. પરીક્ષાની હાડમારી બાળકોને લાગે જ નહિ તેવું આપણે જ કરી શકીશું. શાળાની ગંદકી આપણે જ દૂર કરવા ઉહાપોહ અને પ્રયત્ન કરવા નીકળશું. અને જ્યારે શિક્ષકોનો મોટો વર્ગ નવી વાત સમજીને શાળાઓમાં દાખલ કર્યે જશે ત્યારે કયું એવું ટૂંકી બુદ્ધિનું ખાતું હોય કે જે તેને વધાવી ન લે? ખાતું તો શિક્ષકોનું બનેલું છે ને તેથી તે તેમનું છે. આજે ખાતું સારૂં નથી એમ કોઈ કહે તો તેનો અર્થ એ છે કે શિક્ષકો સારા નથી, મજબૂત નથી, શક્તિવાન નથી, પ્રતિભાવાળા નથી.

આપણી ગરીબી આપણે ઈટાડી શકીએ. પણ આપણી શક્તિમાં આપણને શ્રદ્ધા નથી. કારણ કે મૂળે આપણામાં શક્તિ નથી. શક્તિની ગરમી નથી. આપણે કોઇ માની શકીએ કે શક્તિવાળો માણસ બેસી રહી શકે? શક્તિવાળો માણસ પૈસા વિના મરે? શક્તિવાળા માણસને કોઇ પૈસા ન આપે? વાત જ બોટી. રાજ્યના મોટા અમલદારને શા માટે સૌથી વધારે પગાર મળે છે? તેનામાં તંત્ર ચલાવવાની શક્તિ છે. ડિરેક્ટરને શા માટે મોટો પગાર મળે છે? તેણે શિક્ષકોથી વધારે શક્તિ કેળવી છે. ને કોઇ પણ અમલદાર આખરે શક્તિમાન્ નથી નીકળતો તો તેને જગા છોડવી પડે છે, તેનો પગાર બંધ થાય છે.

આપણે શક્તિ કેળવીએ. પછી આપણે પગાર માગવાની જરૂર નહિ પડે. જ્યાં સુધી રાજ્યોને લાગે છે કે આ ખાતું પાંજરાપોળ જેવું છે ત્યાં સુધી તે તેમાં પૈસા નહિ ખરચે: ન જ ખરચવા જોઇએ. પણ આપણે આપણી શક્તિથી બતાવી આપીએ કે આ ખાતું એક જ સુધરે તો બધાં ખાતાંઓના બોટા ખર્ચા ઓછા થાય, તો તો આપણને સૌએ શક્તિ પ્રમાણે સરપાવ આપવો જ જોઇશે.

આપણે આપણા બુદ્ધિબળથી હજી કયાં લોકોને ઠસાવ્યું છે કે શિક્ષણનું કામ અઘરું અને મહત્ત્વનું છે? આપણે એમ કયાં સાબીત કરી આપ્યું છે કે બરા શિક્ષણથી આજની બોટી રાજ્યવ્યવસ્થા ને નકામી ઉપાધિનો અંત આવશે? આપણે ભણાવીને સારા શહેરીઓ કયાં તૈયાર કર્યા છે કે ચોરોના, બૂનીના ને ગુન્હેગારોનાં ટકા ઘટયા છે તેમજ વેપારની બુદ્ધિ વધી છે, કળાબરો અને કારીગરો વધ્યા છે ને તેથી રાજ્યની સંપત્તિ પણ વધી છે?

આ વાત આપણે એક વાર બતાવીએ; ને પછી જોઇએ કે આપણે ભીખ માગવી રહે છે કે નહિ. આપણે એક વાર તો બતાવી આપીએ કે શિક્ષકનો જ સૌથી વધારેમાં વધારે પગાર હોઇ શકે; તેની જ સૌથી વધારેમાં વધારે ઉંચી પદવી હોઇ શકે. અને એક વાર રાજાઓ શિક્ષકના પગમાં પડતા જ હતા ને?

ગિ.

નીચલા ધોરણનો શિક્ષક

અત્યાર સુધી આપણે એમ કરતા આવ્યા કે જેમ જેમ ધોરણ ઉંચું તેમ તેમ તેનો શિક્ષક ઉંચા દરજ્જાનો. તેનું જ્ઞાન ઉંચું, તેનો પગાર ઉંચો, તેનો મોભો ઉંચો. એથી ઉલટું નીચલા ધોરણનો શિક્ષક એટલે બધી રીતે નીચો: જ્ઞાનમાં, પગારમાં અને મોભામાં. નીચલા

ધોરણમાં અન્ટ્રેન્ડ, ગૂજરાતી સાતમી અને કોઇ વાર પાંચમી ભણેલો શિક્ષક પણ ચાલે, જ્યારે કોલેજમાં પ્રોફેસર એટલે બી.એ. કે એમ.એ. એમ જોઇએ. આ વ્યવસ્થા કોઇ ઇમારત સાથે સરખાવીએ તો પાયામાં ગારો અગર ગારાની ઇંટો અગર ભુખરીયા પત્થર ને તેની ઉપર ધ્રાંગધ્રાના અને તેની ઉપર આરસ જેવું થાય. આવું મકાન કોઇ કરે તો ગાંડો કહેવાય. તે મકાન પહેલું જ પડે. આમ જ કેળવણીની શાળાનું મકાન છે.

બાળકના નાનપણમાં જેટલી ઉચ્ચ કેળવણી આપીએ તેટલી ઓછી છે. બાલ્યાવસ્થા એ બીજારોપણનો કાળ છે. એક વાર એ અવસ્થામાં સારા શિક્ષણનો પરિચય થયો એટલે એ બધું બાળક મોટું થશે તેમ તેમ તે વિકસશે, વધશે મોટું થશે. પણ બાલ્યકાળમાં કશી દરકાર ન રાખીએ, બાલ્યકાળ સાધારણ માસ્તરોને હાથે ઘડીએ તે પછી એ અણઘડ પત્થરોને ઘડવાને આગળનાં વર્ષોમાં ઉંચા કારીગરો રાખીએ તે પગને બદલે માથાથી ચાલવા બરાબર છે.

આપણું ઘણી બાબતમાં અવળું અર્થશાસ્ત્ર છે. નિરોગી રહેવા માટે ઉપાયો યોજવાને બદલે માંદા પડયા પછી સાજા થવાનાં સાધનો ઉપજાવી રહ્યા છીએ. મનુષ્ય જાતિ વિગ્રહ ન કરે ને શાન્તિમાં આત્માનો વિકાસ સાધે એની પાછળ પડવાને બદલે,આત્માને અવનતિએ લઇ જાય એવું જીવનઘોરણ થવા દઇ આખરે થતા વિગ્રહોને દબાવવા માટે તેનાં સાધનો વિચારીએ છીએ; ગુન્હેગારો ન થાય તેનો ઉપાય શો છે તે શોધવાને બદલે ગુન્હેગારોને જેલમાં નાખીએ છીએ. આમ જ પહેલેથી સંગીન શિક્ષણનો માર્ગ નાખવાને બદલે ખોટા માર્ગને ખરે માર્ગે લઇ જવા માટે આગળનો ખર્ચ અને શ્રમ વધારીએ છીએ.

સામાન્યતઃ કોલેજના પ્રોફેસરો નબળા વિદ્યાર્થીઓ માટે હાઇસ્કૂલને દોષ દે છે. હાઇસ્કૂલના શિક્ષકો કહે છે કે પ્રાથમિક શાળામાંથી કચરો આવે છે. પ્રાથમિક શાળામાં પણ અનુક્રમે નીચલાં ધોરણની નબળાઇનો વાંક કઢાવામાં આવે છે. અંતે આ બધો વાંક બાળધોરણ અને પહેલા ધોરણ પર આવે છે. અને બાળધોરણમાં જઇને જુઓ તો એક કાં તો કાચી ઉંમરનો અને કાં તો વૃદ્ધ એવો શિક્ષક છે. તેનું ભિચારાનું જ્ઞાન તદ્દન થોડું છે. તે બેચન્દર તદ્દન નકામા જેવો છે. અને આને હાથે પાયો નખાય છે.

હજી સમજાતું નથી કે આમ શા માટે ચાલતું હશે. નીચલા ધોરણમાં મુખ્ય મહેતાજીએ, ઉંચેનામાં સ્પેશીયલે અને ઉંચે જઇએ તેમ સાધારણ સારા શિક્ષકોએ કામ શા માટે ન કરવું?

આજે માન્યતા એવી છે કે બાળપોથીમાં તો એકડા બગડા અને કકા બારાખડી શીખવવાં ને પહેલીમાં સાધારણ વાચન લેખન ને ગણિત શીખવવાનું. અને એમાં તે શું શીખવવું છે? છઠ્ઠી અને સાતમીમાં તો ઇતિહાસ, ભૂગોળ, ઉંચુ ગણિત, નિબંધ ને એવું એવું શીખવવાનું; એ સાધારણ શિક્ષકથી કેમ શીખવાય?

હા, અત્યારના પહેલા કે બાળવર્ગના શિક્ષકથી તે ન શીખવાય. તે માટે પણ સારા શિક્ષકો તો જોઇશે જ. પણ તેથીયે સારા શિક્ષકો તો નીચલા ધોરણ માટે જોઇએ જ. બાળકની

ઇંદ્રિયોને ખીલવવી એટલે કે તેમને અવલોકન કરતાં શીખવવું: તેમની માનસિક શક્તિઓ જેવી કે બુદ્ધિશક્તિ, તુલનાબુદ્ધિ, તર્કબુદ્ધિ નિર્ણયબુદ્ધિ ખીલવવી; બાળકને સાહિત્યરસિકતા આપવી અને ભૌગોલિક વસ્તુમાં રસ લેતું કરવું: આ બધું છેક નાનપણનાં બાળ અને પહેલા ઘોરણમાં થવું જોઇએ. આ તેના પાયાનું ભણતર છે. તેના ઉપર વિષયજ્ઞાનની ઇમારત છે. વિષયોનું જ્ઞાન મહત્ત્વનું નથી. પણ તેનો રસાસ્વાદ કે ઉપયોગ, તેના મહત્ત્વની સમજણ કે તેનાથી જીવનનો ઉત્કર્ષ વગેરે બરાબર થાય તે માટે જે અંતઃશક્તિઓ છે તેના પાયાની ખીલવણી એ જ અગત્યની વસ્તુ છે; ને તે ન કરતાં જ્યારે ક કો માં અને ૧, ૨, માં બાળ ઘોરણના શિક્ષણને સમાવી દઇએ છીએ ત્યારે જ ભીંત જેવડી ભૂલ થાય છે.

બરી રીતે ગમે તેમ કરીને પણ નીચલા ઘોરણમાં સારા શિક્ષકો મૂકાવા જોઇએ જ જોઇએ. એક વાર સારા શિક્ષકો નીચલા ઘોરણમાં મૂકશું એટલે ઉપલા ઘોરણના શિક્ષકોની ફરીયાદ મટશે; પાછળથી કાચા મકાનને મરામત કર્યા કરવામાં મહેનત નહિ કરવી પડે અને સહેલથી સાધારણ કામદારો પણ પથરા ઉપર પથરો ચડાવી દેશે; અને કોલેજ જેટલે બાળકો પહોંચશે એટલે તો તેઓ પોતાની વધેલી શક્તિને બળે જાતે જ ભણી લેવા સમર્થ થશે. ગિ.

માબાપોની મુંઝવણ ટળશે

બાળઉછેરમાં નવી દૃષ્ટિએ કેમ કામ કરવું એ પ્રશ્ન ઘણા વખતનો છે. છેલ્લા મોન્ટીસોરી સંમેલન પ્રસંગે પ્રગટ થએલ નીચેનું સાહિત્ય આ પ્રશ્નના ઉકેલમાં ઘણી મદદ આપશે.

મોન્ટીસોરી સાહિત્ય
પ્રકાશનમાળા

૧ પાઠ આપનારાઓને
૨ બાલચારિત્ર્ય
૩ મોન્ટીસોરી પદ્ધતિ ખર્ચાળ છે?
૪ બાલવાર્તાની શ્રેણીઓ
૫ મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ
૬ શીવણ અને ભરત

પોસ્ટેજ સાથે આઠ આનાં

ઘરમાં મોન્ટીસોરી

લખનાર
તારાબેન

બાળઉછેરના પ્રશ્ન ઉપર અનુભવ ને અભ્યાસને બળે ઉત્તમ પ્રકાશ પાડનારું આ પુસ્તક દરેક ઘરમાં વસવું જોઇએ.

કિંમત આઠ આના
પોસ્ટેજ દોઢ આનો

વસંતબાળાનાં બીજાં પુસ્તકો

૧૧ બાલગૃહ
૧૨ નવી દૃષ્ટિ: નવી બાળશાળા
૧૩ દવાખાને જઇ ચઢ્યો
૧૪ બાલપ્રેમ
૧૫ બાળકની માગણી ને હઠ
૧૬ તોફાની બાળક
૧૭ બાળકની આવડતનું પ્રદર્શન
૧૮ સાંજની મોજ
૧૯ ઢીંગલીની રમત
૨૦ નવા આચારો

પોસ્ટેજ સાથે બાર આના

વ્યવસ્થાપક: શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર: ભાવનગર
આર. આર. શેઠની કું.: પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઇ | એસ. જે. શાહ, માદલપુર: અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. એક લખો: તંત્રી; શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિકની શિક્ષકો માટે

સસ્તી યોજના

દોઢ રૂપીઆમાં વાર્ષિક પાંચસો પાનાં

વણા શિક્ષક ભાઈઓની કેળવણીનું આ ત્રૈમાસિક મગાવવાની ઇચ્છા અમે જાણીએ છીએ. ત્રૈમાસિકનું વાર્ષિક ચાર રૂપીઆનું લવાજમ **શિક્ષકોને મોંઘું** પડે છે એવી ફરીયાદ ઉભી છે. કેળવણીના વિચારોનો ફેલાવ કરવાનો અમારો અભિલાષ હોઇને

શિક્ષકોને ખાસ સસ્તી કિંમતે મળે

તેવી ત્રૈમાસિકની સસ્તી આવૃત્તિ અમે કાઢવા ધારી છે. તેની યોજના આ પ્રમાણે:—

(૧) ત્રૈમાસિકના બીજા ગ્રાહકોની પેઠે આ યોજનામાં ગ્રાહકો તરીકે નામ નોંધાશે.

(૨) આ યોજનાનો લાભ કોઈ પણ શાળાના માસિક રૂપીઆ ચાળીશ કે તેથી ઓછા પગારવાળા શિક્ષકો લઈ શકશે.

(૩) શિક્ષકોએ ગ્રાહક તરીકે નામ નોંધાવવા માટે પોતે શિક્ષક છે અને માસિક રૂપીઆ ચાળીશ કે તેથી ઓછો પગાર મળે છે એવો દાખલો પોતાના ઉપરીનો અથવા તે તે ગામના કોઇ સદ્‌ગૃહસ્થનો લેખિત મોકલવો પડશે.

(૪) આ પ્રમાણે ગ્રાહક થનાર શિક્ષકને વાર્ષિક રૂપીઆ દોઢમાં સસ્તી આવૃત્તિ મળશે.

(૫) આ યોજના માટે વર્ષની શરૂઆતથી જ ગ્રાહક થઈ શકાશે; એટલે દરેક ઑગસ્ટથી બીજા વર્ષના જુલાઈ સુધીના અંકો તેને મળે.

(૬) આ યોજનાનો લાભ લેનારે મોડામાં મોડું જુલાઇની પંદરમી સુધીમાં ગ્રાહક થવા માટેનું લવાજમ અમારા કાર્યાલયમાં પહોંચે તેવી અચૂક વ્યવસ્થા કરવાની છે.

: વ્યવસ્થાપક :

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક

ભાવનગર

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૯૫

અંક ૪ થો
જ્યેષ્ઠ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

રાહ ન જુઓ.

"બીજો કરશે ત્યારે હું કરીશ." બીજો કરશે જ નહિ તો તમે પછી કયારે કરશો ?

"બીજાને હજી વાર છે; એટલામાં તો હું કરી છૂટીશ." બીજાની વાર ખટશે જ નહિ તો તમે પછી કયારે કરી છૂટશો ?

"બીજો આવે પછી ચાલીએ." બીજાને આવવું જ નથી. પછી તમે કયારે ચાલશો ?

રાહ ન જુઓ. તમારે કરવું છે તે તમારે કરવું જ હોય તો કોની રાહ જુઓ છો ? રાહ જોવી એ બહાનું પણ છે. રાહ જોવી એમાં આળસ પણ છે. રાહ જોવી એમાં બચી જવાનું મન પણ છે.

પ્રાથમિક શાળામાં મોન્ટીસોરી દૃષ્ટિએ ફેરફારો*

આ વિષય ઉપર બોલતાં મને હમેશ સંકોચ થાય છે. ફેરફારો સૂચવતાં હું બ્હીઉં છું એનું કારણ એ છે કે મોન્ટીસોરી પદ્ધતિના જેમ જેમ વધારે પરિચયમાં હું આવું છું તેમ તેમ મારી ખાત્રી થતી જાય છે કે એ પદ્ધતિ એવી નથી કે અરધા કલાકમાં હું તમને સમજાવી દઉં ને તમે ઘેર જઈ તે અમલમાં ઉતારી દો. આ પદ્ધતિ ઉંડો અભ્યાસ માગે છે. મનન ને ચિંતન માગે છે. ઉપાસના માગે છે. અને સત્યનિષ્ઠા તો તે પ્રથમ દરજ્જે માગે છે. તેમાં પરિણામ લાવવાપણું નથી ને પરિણામ દેખાડવાપણું તો નથી જ નથી. હું અજની પ્રાથમિક શાળાઓથી પરિચિત છું. પ્રાથમિક શાળાના શિક્ષકના માનસને જાણું છું. ને તેથી જ મોન્ટીસોરી પદ્ધતિ તેમની આગળ લઈ જતાં અચકાઉં છું.

ઘણાં શિક્ષક–શિક્ષિકાઓ મને કહે છે: "બેન, અમે તો મોન્ટીસોરી પદ્ધતિએ જ શીખવીએ છીએ." કોઇ કહે: "અમારી શાળામાં અમે પૂર્ણ સ્વાતંત્ર્ય રાખ્યું છે." કોઇ વળી વધારે ઉત્સાહથી જણાવે છે: "અમારે ત્યાં મોન્ટીસોરી સાધનો અમે મગાવ્યાં છે." દરેક ઉદ્‌ગાર સાથે મારું હૃદય કંપે છે. હું ખુરા થવાને બદલે દુઃખી થાઉં છું કારણ આની પાછળ હું મોન્ટીસોરી પદ્ધતિનો ઉત્કર્ષ જોતી નથી પણ મોન્ટીસોરી પદ્ધતિની કબર જોઉં છું–મોન્ટીસોરી પદ્ધતિનું વિકૃત સ્વરૂપ જોઉં છું.

આજે આપણે સૌ જાણીએ છીએ કે આપણી શાળામાં કિંડરગાર્ટનની શી અવસ્થા થઈ છે. કેટલાંક સાધનો ધૂળ ખાય છે; કેટલાંક ખૂણે ખાંચરે રખડે છે ને કેટલાંકનો તો પદ્ધતિનું રહસ્ય ન સમજેલા શિક્ષકોના હાથમાં ખોટો ઉપયોગ થાય છે, મોન્ટીસોરી પદ્ધતિને ઉતાવળે દાખલ કરવામાં તેના મૃત્યુને જ આપણે આમંત્રીશું. તેથી ફેરફાર સૂચવું તે પહેલાં આપ સૌને ચેતવું છું કે જે કાંઇ થોડું પણ કરવું હોય તે અભ્યાસ અને વિચાર પછી કરજો; વૈજ્ઞાનિક દીર્ઘોદ્યોગ અને વૈજ્ઞાનિક ધીરજ હોય તો જ તે દિશામાં પ્રયોગો આદરજો. અને તે પદ્ધતિનું રહસ્ય (Spirit) પકડી શકો તેટલો તેની સાથે પરિચય કર્યા પછી જ તેના પ્રકાશમાં ચાલીને ફેરફાર કરવાનો વિચાર કરજો.

મારી દૃષ્ટિએ કયા ફેરફારો પહેલી તકે કરવા જેવા છે તેનું થોડું સૂચન અહીં કરું. પણ તે પહેલાં એક બીજી વાત કહી લઉં. મે. એજન્સી એજ્યુકેશનલ ઑફીસર સાહેબ અને બીજા ઇન્સ્પેક્ટરો અહીં બેઠેલા છે તેથી આ વાત અહીં છેડું છું.

શાળામાં કોઇ પણ જાતના સુધારા કરવા હોય તો એકલા શિક્ષકની ઇચ્છાથી તે થઇ શકતા નથી. શિક્ષકને ઇન્સ્પેક્ટરોની હૂંફની જરૂર હોય છે. શિક્ષકની લાયકાત જોઇ શિક્ષકો જે કાંઇ સુધારા કે ફેરફારો કે પ્રયોગો કરવા માગતા હોય તે કરવાની તેમને છૂટ મળવી જોઇએ; એટલું જ નહિ પણ ઇન્સ્પેક્ટર પાસેથી શિક્ષકને દિશાસૂચન પણ મળવું જોઇએ. તેમના જ્ઞાનનો લાભ શિક્ષકને મળે તો તે પોતાની શાળામાં નાના પાયા ઉપર ઘણું ઘણું કરી શકશે. આજે સામાન્યતઃ આવી સ્થિતિ દેખાય છે ને શિક્ષકો કહે છે: "અમારા ઉપર ઉપરી અમલદાર છે, પરીક્ષકો છે, નિરીક્ષકો છે. તેઓ જે પરિણામ માગે તે લાવી દેવા અમે બંધાએલા છીએ તેથી અમે કાંઇ પણ કરી શકતા નથી." અને પરીક્ષકો અને નિરીક્ષકો એમ કહે છે કે ગમે તેટલાં સાધનો પૂરાં પાડીએ, ગમે તેટલી સૂચનાઓ

* રાજકોટના શિક્ષિકા સંમેલનમાં આપેલા ભાષણનો સાર.

કરીએ તો પણ કોઇ કાંઇ કરતું નથી. એ તો જે હોય તે ખરૂં. મારે કોઇનો વાંક કાઢવો નથી. હું તો એટલું જ કહેવા માગું છું કે આપનામાંથી કેઇ પણ કાંઇ પણ સાચેસાચ ને કરવા માગતાં હો તો પરીક્ષકો અને શિક્ષકના સહકારથી જ તે બની શકે. એટલું જ નહિ પણ શિક્ષક પરીક્ષકો પાસે દિશાસૂચનની પણ અપેક્ષા રાખે તે યોગ્ય જ છે. પરીક્ષકોએ પોતાની પરીક્ષા લેવાની રીત ઘણી બદલવી પડશે. અને ફેરફારો લાભાર્થે થયા છે કે નહિ તેનું માપ કાઢવાની બીજી રીતો અજમાવવી પડશે.

ફેરફારોમાં પહેલો ફેરફાર હું આખા દેશમાં એક જ માગું, ને તે સ્વચ્છતાની કેળવણી--સ્વચ્છતાની ટેવો. આજે તમામ પ્રાથમિક શાળાઓ અને તેમના નિરીક્ષકો આ એક કામ ઉપાડી લે અને જો સાધ્ય કરે, તો દેશનું ઘણું કલ્યાણ થશે.

આજે આપણે જીવનની ટેવોની સાથે શિક્ષણનો કાંઇ સંબંધ હશે એમ માનતાં જ નથી. આ કોલેજમાં જ બનેલો એક બનાવ મને યાદ આવે છે. હું અહીં કામ કરતી હતી ત્યારે મેં બાળવર્ગ, બાળપોથી અને પહેલા ધોરણમાં કાંચરી અને અરીસો દાખલ કર્યાં. કોલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓને વર્ગમાં પેસતાંવેંત કરવાનું કામ સમજાવી દીધું. કામ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો. નાના પાયા ઉપર આ કામ સામે નિષેધ દર્શાવવામાં આવ્યો: એક સૈદ્ધાન્ય બળવો થયો કહીએ તો ચાલે. મેં કોલેજમાં એક ચર્ચા ગોઠવી. ચર્ચામાં ઘણી વાતો ચર્ચાઇ. તેમાં સામાન્યતઃ ખૂંચનારી વાતો બે લાગી--એક તો આ તેડાગર બાઈ જોગતું કામ શું અમારે કરવું ? ને બીજું વધુ નો અભ્યાસ પૂરો કરી લેવો પડે છે, તે આમાં રોજ વખત કાઢીએ તો અભ્યાસ ન થાય અને પરિણામનો ટક્કા ન લેવાય. આ બેઉ વાતોમાં બહુ સાર છે એમ હું માનતી નથી. પણ મને લાગે છે કે આ બાબતમાં ઇન્સ્પેક્ટરોએ શિક્ષકને રાહત આપવી જોઇએ કે આ કામ કરાવતાં અભ્યાસ થોડો ઓછો થાય તો તે ચલવી લેશું; એટલું જ નહિ પણ આ કામ ન થાય અને અભ્યાસ થાય તો તે થયો ગણશું જ નહિ શિક્ષિકાને હું એમ કહેવા માગું છું કે તમે પરીક્ષકોનું બ્હાનું બતાવશો નહિ. પરીક્ષકો તો સ્વચ્છતા માગે છે એ તમે જાણો છો માટે જ પરીક્ષક આવવાના હોય તે દિવસે તો સારાં ને ચોકખાં લુગડાં પહેરેલી છોકરીઓ હાજર કરો છો. અભ્યાસની સાથે આગલે દિવસે સૂચના આપો જ છો કે "કાલે પરીક્ષક આવવાના છે. સારાં લુગડાં પહેરીને આવજો." એ રોજ તો ગમે તેવી સ્થિતિમાં છોકરીઓ આવે તે ચલવી લો છો. માથું આઠ આઠ દિવસ ન ગોળેલું તમારાં ઇતિહાસ ભૂગોળની આડે આવતું નથી. આંખ નાક અસ્વચ્છ હોય તોયે મૂળાક્ષરશિક્ષણ ચાલી શકે છે. તમારી પોતાની સૂગ મરી ગએલી હોય છે. એ હવે નહિ ચાલે. શાળામાં દાખલ કરવાની પહેલી શરત તો માબાપો પાસેથી એ જ લેવી જોઇએ કે બાળકને રોજ નહવરાવીને, રોજ ધોએલાં કપડાં પહેરાવીને જ નિશાળે મોકલે.

આ બાબતમાં તમે પોતે શોખ કેળવો અને બાળકોમાં શોખ જગાડો તો જ કામ થાય તેમ છે. ગમે તેવાં ગંદાં ને ફાટલાં કપડાં પહેરીને બાળક આવે, આંખમાં ચીપડા હોય, નાકમાંથી શેડા ચાલ્યા જતા હોય, માથું ગંધાતું હોય તેને તમે એકડો કે કક્કો કેમ જ કાઢી આપી શકો? પહેલી તપાસ સ્વચ્છતાની જ હોય. ને તે વાત સિદ્ધ થયા પછી જ કોઇ પણ જાતના ભણતરની શરૂઆત થઇ શકે એ વાત તમારે ચોક્કસપણે ધ્યાનમાં લેવાની જરૂર છે.

સ્વચ્છતા સિદ્ધ કરવી તમે ધારો છો એટલી

ઠક્કર સ્મૃતિ ગ્રંથાલય ભાવનગર 17529

અઘરી વાત નથી. બાળાઓમાં જો આ વાતનો શોખ જગે એવું કરશો તો તમારું કામ સહેલું થશે. પોતે પોતાની મેળે કેમ સ્વચ્છ થવાય તે રસ્તો બતાવશો તો બાળાઓને સ્વાધીનતાને રસ્તે દોર્યાનો લાભ ઉપરાંત તમારું કામ સરલ થશે. શાળામાં એક અરીસો વસાવજો. બાળા આવે કે અરીસામાં ચહેરો જોઇ પોતાનું માથું કેવું દેખાય છે તે જોઇ લે, પોતાની આંખો નાક વગેરે પણ તપાસી લે; સાથે જ એક કાંચકી વસાવજો. અને આંખ નાક સાફ કરવા માટે એક પાણીની ડોલ રૂમાલ અને કળશો અથવા લોટકો રાખજો, ને બાળાઓને બતાવજો કે જેના વાળ સારા ન હોય તે કાંચકીથી સરખા કરી લે, આંખ નાક મોઢું સાફ ન હોય તે ડોલમાંથી પાણી લઈ સાફ કરી શાળામાં દાખલ થાય. પાસે જ એક નાની કાતર ને કચરાની ટોપલી રાખજો. સાફસુફ પછી દરેક પોતાના નખ તપાસી વધ્યા હોય તો ઉતારીને પછી જ શાળાના ઓરડામાં કે જે સરસ્વતીમંદિર છે ત્યાં દાખલ થાય. એવી એક વાર પ્રથા પાડશો એટલે આ બધી વાત આજે લાગે છે એટલી અઘરી છે જ નહિ તેની ખાત્રી થશે—ખાસ કરીને બાળાઓ તો આ વાત એકદમ ઝડપથી ઉપાડી લેશે એ બદલ મને ખાત્રી છે.

બહેનો, આટલું કામ એકનિષ્ઠાથી કરજો અને જરૂર માનજો કે આ કામ પુરું થયે ઇશ્વરની ઉત્તમ સ્તુતિ થઇ છે. ઇશ્વર તો નિર્મળતાની મૂર્તિ છે. આપણે બાળાઓને ગંદકીમાંથી દૂર કરી નિર્મળ થઇ સરસ્વતીની ઉપાસના માટે દાખલ કરીએ તેમાં ઇશ્વરની પ્રાર્થના કે સ્તુતિ આવી જ જાય છે. આ વાત સાદી છે, સહેલી છે ને થોડા પ્રયત્ને સાધ્ય છે. માત્ર તમારે ઈચ્છા કરવાની જ વાર છે.

ફેરફારની દૃષ્ટિએ બીજી વાત કહું. એક ચેતવણી આપું. 'મોન્ટીસોરી પદ્ધતિ' એ શબ્દ ઉચ્ચારતાની સાથે પહેલો વિચાર મનમાં આવતો હોય તો તે સ્વાતંત્र्यનો છે. ડૉ. મોન્ટીસોરીનો જો કોઇ અદ્‌ભુત સિદ્ધાંત હોય તો તે કેળવણીમાં સ્વાતંત्र्यનો છે. છતાં હું આપ સૌને ચેતવણી આપું છું કે મોન્ટીસોરીની દૃષ્ટિએ બીજી ગમે તે ફેરફારો દાખલ કરો, આ સ્વાતંત्र्यના સિદ્ધાન્તને અડતાં નહિ. મોન્ટીસોરી સંમેલનમાં સવાલ પૂછ્યો હતો ને ઘણી જગ્યાએ શિક્ષકો એ જ પૂછે છે કે બાળકોને સ્વાતંત्र्य આપતાં તેઓ ઉચ્છૃંખલ નહિ બની જાય? સ્વાતંત्र्यના સિદ્ધાન્તનો પૂરતો ખ્યાલ ન હોવાથી આ પ્રશ્ન ઉદ્ભવે છે.

પ્રાથમિક શાળામાં બધે સમૂહશિક્ષણ છે. મોન્ટીસોરીનો સ્વાતંત्र्યનો સિદ્ધાંત વ્યક્તિગત શિક્ષણની અપેક્ષા રાખે છે. વ્યક્તિ સમૂહમાં આવે એટલે તેના ઉપર સમૂહનાં અમુક બંધનો આવી જ પડે છે. સમાજમાં અમુક મર્યાદાની અંદર જ મનુષ્ય પોતાને અને સમાજને લાભાર્થે જીવી શકે. તે મર્યાદા કબુલ ન હોય તો માણસે સમાજ છોડી દેવો ઘટે ને કાં તો સમાજે તેને બહાર કાઢી મૂકવો ઘટે, વગેરે સમૂહગત વ્યક્તિજીવનના નિયમો જાણ્યા વગર સ્વાતંત्र्યના સિદ્ધાન્તનો યોગ્ય વ્યવહાર શક્ય નથી. માટે આ સિદ્ધાન્તને છોડી દેવાની જ હાલ તુરત તો હું સલાહ આપું. અર્ધદગ્ધતાથી લાભ કરતાં હાનિ જ વધારે થાય છે. જેના પ્રત્યે હું અત્યંત પ્રેમ ધરાવું છું, જે મારો જીવનધર્મ બન્યો છે, જેનો પ્રચાર કરવાનું મેં મારું જીવનકાર્ય બનાવ્યું છે, તે મહાન્ સ્વાતંત्र्યના સિદ્ધાન્તને જ છોડી દેવાનું કહેતાં મને ખેદ તો થાય છે; પણ તેમ કરીને હું તેનો સાચો પ્રચાર જ કરું છું એમ હું માનું છું.

જરૂર સમૂહગત શિક્ષણમાં પણ સ્વાતંત्र्યનો ઉપયોગ થાય ખરો—ખાસ કરીને સમૂહમાં જે ઘણી વ્યક્તિઓનેનું કલ્યાન પહોંચે છે તે બાબતમાં થોડો

એક વ્યક્તિગત વિચાર કરીને અમુક છૂટ આપી શકાય છે. આપણી પાસે ભણતાં બાળકોના ત્રણ વર્ગ પડે છે. મોટો વર્ગ સામાન્ય સમઘારણ બાળકોનો હોય છે ને મોટે ભાગે સામાન્ય અભ્યાસ-ક્રમમાં ગોઠવાઇ જાય છે ને સામાન્ય શિક્ષણપદ્ધતિમાં પણ સામાન્યતઃ કાંઇક લાભ મેળવી જાય છે. બીજો વર્ગ પછાત બાળકોનો અને ત્રીજો સામાન્ય કરતાં ઉંચાં ને વધારે ચાલાક ને વધારે બુદ્ધિશાળી બાળ-કોનો. આ બે પ્રકારનાં બાળકોને સમૂહશિક્ષણમાં વધારેમાં વધારે નુકશાન પહોંચે છે. પછાત બાળકોને વર્ગ સાથે કાયમ દોડવું પડે છે, ને તેથી તેઓને હમેશ થાક ને નિરુત્સાહ રહ્યા કરે છે; એટલે એમાં તેમની મંદતાને દવા મળી તેઓ આગળ વધે એવું થવાને બદલે તેઓ ઉલટાં વધારે મંદ બને છે. સામા-ન્યથી ઉંચાં બાળકો હોય તેઓ પણ સામાન્ય અને મંદની સાથે રહેવાથી આળસુ ને નિરુદ્યમી રહે છે. આપણી નંબર આપવાની પદ્ધતિમાંથી તો તેઓ ખોટું અભિમાન પણ મેળવે છે, કારણ પોતાની શક્તિના પ્રમાણમાં જરાક બુદ્ધિ વાપરીને તેઓ પહેલો નંબર રાખ્યાનું માન મેળવે છે; ગુરુની પ્રીતિ પણ સંપાદે છે. અને ખરી રીતે વિકાસની દૃષ્ટિએ સામાન્ય બાળકો જ્યારે પાંચ પગલાં જાય છે ત્યારે તેઓ એક પગલું પણ આગળ જતાં નથી. આ બે પ્રકારનાં બાળકો માટે સમૂહશિક્ષણ છતાં વ્યક્તિગત વિકાસના માર્ગો શિક્ષકે શોધવાના રહ્યા. ડૉલ્ટન પ્લૅન જેવી યોજના આવા સમૂહગત વ્યક્તિવિકાસ માટે જ રચાએલી છે. પણ તેનો અમલ પણ ઉંડા અભ્યાસ વગર કરી શકાય નહિ. અહીં અર્ધા કલાકમાં હું સમજાવી દઉં ને તમે જઇને અમલ કરો ને બાળકોને સ્વતંત્ર બનાવી દો એ તો મારા સ્વપ્નામાંયે આવતું નથી. તેથી જ તમને આ સ્વાતંત્ર્યના સિદ્ધાન્તને છોડી દેવાની ભલામણ કરું છું.

પણ તે છોડી દેવાનું કહું છું ત્યારે મારા અંતરમાં કેટલું દુઃખ થતું હશે તે તમે કલ્પી નહિ શકો. જ્યારે મારા અંતરની અભિલાષા આ બધી શાળાઓ સ્વાતંત્ર્યનું શિક્ષણ આપતી, એક માત્ર સ્વાતંત્ર્યમાં જીવી શકે એવી પ્રજા નિર્માણ કરતી જોવાની હોય ત્યારે સ્વાતંત્ર્યને છોડી દેવાનું હું કયા અર્થમાં કહેતી હોઇશ તે તમે સમજી શકશો.

ત્રીજો ને આજની ઘડીએ અત્યંત મહત્ત્વનો ફેરફાર હું સૂચવું તો તે શાળામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓને સ્થાન આપવાનું કહીશ. ગઇ સાલે જ એક પ્રશ્ન આવ્યો હતો કે ગામડામાં એક શિક્ષક હોય અને તેની પાસે સાઠ બાળકો હોય તો કામ કેવી રીતે લેવું. અહીં શિક્ષણશાસ્ત્રના આધારે તેનો યોગ્ય જવાબ અપાયો હતો. પણ હું તેનો જવાબ જરા જુદી રીતે આપત. શાળામાં જુદા જુદા ઉદ્યોગો રાખો અને બાળકોને જો પોતપોતાની પસંદગીથી ઉદ્યોગે ચડવા દો તો એક શિક્ષક ઘણાં બાળકોને વ્યવસ્થિત ને શાંત રાખી શકે છે એવો અમારો અનુભવ છે. શાળામાં એક બાજુમાં સુથારીનાં સાધનો હોય, એક બાજુએ માટીના પીંડા પડયા હોય, એક તરફ રેંટીયો હોય ને નાનાં બાળકો માટે કાગળ કાતર હોય, એક બાજુ શીવવાનાં સાધનો હોય, બાગકામનાં સાધનો હોય ને ચિતરવાનાં સાધનો હોય: તો જરૂર બધાં બાળકો પોતપોતાને ગમતી પ્રવૃત્તિ ઉપર ચડી જશે, ને સાઠ બાળકોને એક શિક્ષકે સાચવવાની વાત તદ્દન સહેલી થઈ શકશે.

પણ હું આ પ્રવૃત્તિની ભલામણ કરું છું તે શિક્ષકોને આવી કફોડી સ્થિતિમાંથી ઉગારવાને માટે કે બાતાને ખોટી દિશામાં કરકસર કરતાં શીખવવા માટે નહિ. હું તો ભલામણ કરું છું એટલા માટે કે એ પ્રવૃત્તિઓ સ્વતઃ જ એટલી મહત્ત્વની છે. આપણે ત્રી આર્સ (વાચન, લેખન ને ગણિત)નું

મહત્ત્વ એટલું વધાર્યું છે કે તેની આગળ જીવનની અનેકાનેક મહત્ત્વની જરૂરીઆતો ભૂલી ગયાં છીએ. માત્ર બૌદ્ધિક વિષયોના ઉપાસના ઘણા દ્વિવસ ને ઘણા સૈકા સુધી કરી છે હવે તે બસ છે. મનુષ્યની મૌલિકતાને ભોગે, સર્જનને ભોગે, ઉદ્યમતાને ભોગે આપણે એને સેવ્યાં છે. હવે તે બંધ કરી દિશા બદલવાની જરૂર છે. હું કહું છું ભલે એકાદ બે આર્ટ્સ એ છ થઇ જતા (ગણિત કે લેખન જરા કાચું રાખીને), પણ સર્જનાત્મક પ્રવૃત્તિને પહેલું સ્થાન આપીએ. નિશાળના પાંચ કલાકમાંથી અઢી કલાક તો એવી પ્રવૃત્તિઓમાં રોજના ખર્ચાવા જ જોઇએ. કોઇકે વિચારેલું જાણી લેવામાં, કોઇકે શોધેલું આપણા મગજમાં ભરી લેવામાં, કોઇકે સર્જેલું માત્ર માથે ચડાવવામાં શિક્ષણ બહુ જ થોડું રહેલું છે. પાંચ ચોપડી ભણીને મેળવેલી માહિતી કરતાં અર્ધો કલાક સ્વતઃ મહેનત કરીને ઉપજાવી કાઢેલા એક માટીના ઘાટને કે ચિતરેલા ચિત્રને વધારે કિંમત છે.

આપણે આજે પચાસ પોણોસો વરસોથી ભણીએ છીએ ને અંતે જોઇએ છીએ કે આપણામાંથી મૌલિકતા કેવળ ચાલી ગઇ છે. ઉદ્યોગશીલતા કે જેના ઉપર આપણો જીવવાનો આધાર છે તેનો તો સદંતર નાશ થયો છે. એટલું જ નહિ પણ બૌદ્ધિક વિષયોમાં પણ જાતે વિચારવાની શક્તિ આપણે છેક જ ખોઇ બેઠા છીએ. કારણ એ છે કે આપણે કયાં એક પાંચ મિનિટ પણ જાતે વિચારવાની ફુરસદ કે અવકાશ આપણા શિક્ષણમાં રાખ્યો છે? ફલાણા આમ કહે છે; ફલાણું આમ છે; એમ તૈયાર માલ ગળે ઉતારવાનું જ કર્યા કર્યું છે.

અહીં બેઠેલ કેળવણી ખાતાના અધિકારીઓને ખાસ તો કહેવાનું કે આપ આ દિશામાં ફેરફાર કરાવી શકશો. કાંઈ નહિ તો કોઇ શિક્ષક કરે તો તેને કરવા દેવાનું તો કરજો જ. ને શિક્ષકો અને શિક્ષિકાઓને વિનવું છું કે તમે એ વાત ધ્યાનમાં લેશો તો તમારી પાસે છે એટલા વખતમાં પણ ઘણું કરી શકશો. એનું મહત્ત્વ ધ્યાનમાં લેશો અને રસ્તો કાઢશો તો માર્ગ તો આપોઆપ જડશે જ. **તા.**

આ જન્તુનું શું કરવું?

ઘરના વચલા ઓરડામાં બે ચાર જણાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં.

શંકરલાલ: "માસ્તર અમારે આ જન્તુનું શું કરવું? એને તમારી નિશાળે આવવું જ ગમતું નથી. અહીંથી ધકકેલીને ત્યાં મોકલીએ છીએ તો રસ્તામાં પેલા ભીમજીની દુકાને બેસી રહે છે."

રાધા: "અને બીજી વાત એમ છે કે ઘરમાં કોઇનું ચીંધ્યું કામ કરતો નથી ને ભીમજી જે કહે છે તે ઝટપટ દોડતો કરે છે. પાંચ કરવો માથાનો ઘા થાય એટલું જ નહિ પણ અમસ્તું શાક સુધારવું કે નાની બહેનને રાખવું એ પણ ન ગમે."

શંકરલાલ: "વાત તો એમ જ છે. આખો દિવસ ભીમજીકાકા આમ ચીતર કાઢે છે ને તેમ પીંછી ફેરવે છે એવી વાતો કર્યા કરે છે. ને વાત કોઇ ન સાંભળે તો એકલો એકલો બોલ્યા કરે છે."

માસ્તર: "તો પછી એને ચિતારો થવું ગમતું હશે. અત્યારથી જ એને ભીમજીને ત્યાં મૂકી દો. એ એની નિશાળ."

રાધા: "અરે ચિતારો થઇને શું દિ' વળે! એવું કામ કાંઇ આપણાં છોકરાંનું છે? જુઓને, આપણા સુંદરલાલભાઇનો દીકરો બી.એ.માં

પહેલા કલાસમાં પાસ પંડ્યો. તે હવે વકીલ થવાનો છે. ને સંતોકબેનનો છોકરો ગયે વર્ષે ડાક્તર થઇ ગયેા તે પાસા રૂપીઆ દોઢસોની નોકરીમાં જોડાઇ ગયેા."

શંકરલાલ: "માસ્તર સાહેબ, એને ગમે તેમ કરીને ભણતો કરવો જોઇએ. તમને ઠીક લાગે તો તમે રોજ ભણાવવા આવો. મને લાગે છે કે એના ઉપર એવો જાપતો રાખું કે તે ભીમજીને ત્યાં જાય જ નહિ. અને નિશાળમાંથી તો એને ચસકવા જ ન દેવો. અત્યારથી એક વાર રખડુ થઈ ગયેા પછી તો બાજી હાથ-માંથી જ જવાની."

માસ્તર કહે: "જોઇએ, મારી કયાં ના છે ? છોકરાએ ભણવું તો જોઇએ ના. તમારા જેવાના છોકરા તો મોટા મોટા ઓફિસરો કે કારભારીઓ હોય તો શોભે. ચિતારો થાય એમાં તો કાંઈ નહિ."

રાધા: "એ તો ભાઇ, એને બરાબર હાથમાં જ લેવો. એમ તો હુશિયાર છે. એક નિશાળમાં મન નથી."

માસ્તર સાહેબ સાથે એક તેનો મિત્ર હતો. તે અહીં પહેલવહેલો જ આવ્યો હતો. તે આ બધું સાંભળતો હતો. આખરે તે બોલ્યો: "માફ કરજો; જોને કે મારે આમાં કંઇ બોલવું ન જોઇએ પણ મને લાગે છે કે મારો અનુભવ હું આપું."

રાધા અને શંકરલાલનું તેના તરફ બાસ ધ્યાન ખેંચાયું. માસ્તર સાહેબે ઓળખાણ કરાવ્યું: "આ મારા જૂના મિત્ર છે. તેઓ એક સુંદર ગવૈયા છે. કેટલીયે જાતનાં વાજાં પણ વગાડે છે. અત્યારે તો આટલામાં એના જેવો બીજો કોઈ નથી."

રાધા કહે: "ગવૈયા છે ? મેં તો ધારેલું કે કોઈ અમલદાર હશે. એમનો વેશ અને એમની બોલવા વગેરેની ઢબ તો સારા ઘરની છે."

માસ્તર કહે: "એ સારા ઘરના જ છે. એમના એક ભાઈ આઈ.સી.એસ. છે; બીજા ડૉકટર છે; ત્રીજા વડોદરા રાજ્યમાં સુબા છે અને પોતે એક પ્રસિદ્ધ ગવૈયા છે."

શંકરલાલ કહે: "પ્રસિદ્ધ ગવૈયા ? ત્યારે તો રમણલાલ વૈદ્ય તો નહિ ?"

માસ્તર કહે: "હા, એ જ રમણલાલ વૈદ્ય."

શંકરલાલ અને રાધાએ પ્રો. વૈદ્યની કીર્તિ સાંભળેલી પણ આજે જ તેને જોયા. જોઇને તેઓ અચંબો પામ્યાં.

રાધાએ કહ્યું: "પણ ભાઈ, તમારા ભાઇઓ મોટા મોટા હોદ્દેદારો થયા ને તમે તો ગવૈયા રહ્યા."

શંકરલાલ કહે: "હા, તમને આખું ગૂજરાત જાણે એ વાત ખરી પણ અમારે તો એક ગાનાર. તમારે પૈસાની કયાં ખોટ હતી કે ન ભણી શકો ? અને વિલાયત જઇને બારિસ્ટર કે એવું પણ ઝટ થઇ શકત."

રમણલાલ: "પણ જોન, મને તો ગવૈયા થવામાં અને હોવામાં જ ખરી મજા છે. ગૂજરાત આખું જાણત નહિ તો પણ હું સુખી જ રહેત. અને બારિસ્ટર કે ડૉકટર તો હું કેમ થઇ શકું ? એમ તો મારાં માતપિતાએ તમે જાતની ચિંતા કરો છો તેમ મારી ચિંતા ખૂબ કરેલી ને મારી પાછળ ખૂબ મહેનત પણ લીધેલી પણ આખરે..."

રાધા: "તમે પણ જાતની જોને તેમ પહેલેથી

ગવૈયાને ત્યાં જઈને બેસતા?"

રમણલાલ: "એમ જ તો. ગવૈયો જ મને સૌથી વહાલો લાગતો. એનું ગીત સાંભળતો ત્યારે મને કંઈનું કંઈ થઈ જતું. ઘરમાંથી નિશાળ માટે નીકળી સીધો ઉસ્તાદને ત્યાં જઈને બેસતો. ઉસ્તાદ મુસલમાન હતો."

શંકરલાલ: "પણ તમને ત્યાં જતા કોઈએ રોકયા નહિ?"

રમણલાલ: "રોકયો? રોકવાને બદલે મારે માથે તો ખૂબ કરેલી. મને ભણવા માટે રોજ પૈસા આપે. ટ્યૂશન રાખેલું ને માસ્તર પણ આવે. બીજા છોકરાઓના દાખલા આપે. પણ ખરું કહું છું કે મારું મન એકેય વાતમાં ઠરતું જ નહિ. મને ઉસ્તાદને ત્યાં જવાની સાફ ના હતી. એક બે વાર છૂપાઈને ગએલો તે માર પણ પડેલા."

શંકરલાલ: "ત્યારે ગવૈયા શી રીતે થયા?"

રમણલાલ: "બધાં બારણાં બંધ થયાં ત્યારે શું કરવું? જેવું તેવું પણ ભણવા લાગ્યો. પણ એકેયમાં પુરું પાધરું આવડે નહિ. એટલે બાપાની લાગવગને લઈ ચોથી અંગ્રેજી સુધી એમ ને એમ ઘકકેલાતો પહોંચ્યો. મારા ભાઈઓ તો કટકટ ભણ્યેજ જાય. નિશાળમાં પહેલા આવે, ઇનામ લે. પણ મારે કહેવું જોઈએ કે એની મને જરાએ અદેખાઈ ન આવે. મને સંગીત સાંભળવાની ના પાડે એ મને ન ગમે."

રાધા: "પછી?"

રમણલાલ: "પછી મને વડોદરા ભણવા મોકલ્યો. ત્યાંની બોર્ડિંગમાં દાખલ થયો. ને ત્યાં આપણા રામ કહે તેમ કરવા લાગ્યા. આખું વરસ ભણ્યો જ નહિ, પણ એક ઉસ્તાદના પગ સેવી થોડું થોડું ગાતાં બજાવતાં શીખ્યો. પરીક્ષામાં તો નાપાસ જ થવાનું હતું. એટલે બાપાને શું મોઢું બતાવું? ત્યાંથી નાઠો ને ઉજ્જન આવ્યો ને ત્યાં એક ઉસ્તાદને ત્યાં તેના નોકર તરીકે રહી તેની પાસેથી પાંચ વર્ષ તાલીમ લીધી. ઉસ્તાદ બહુ ભલો અને ખાનદાન હતો. તેની હાજરી પણ હું એવી જ ઉઠાવતો. એમ કહોને કે એને થૂંકવું હોય તો મારી હથેલીમાં થૂંકાવતો. અને ગુરુજી મારા પર પ્રસન્ન થયા ને મને સંગીતમાં ઊંડી વાતો શીખવી."

રાધા: "એમ? ત્યારે તો મૂળથી જ તમારો જીવ સંગીતનો."

રમણલાલ: "એટલે જો પહેલેથી જ મને સંગીતમાં મૂકયો હોત તો મારાં કેટલાંયે વર્ષો નકામાં ન જાત, ને આજે હું તેના કરતાંયે સારો ગવૈયો થાત."

રાધા: "પણ તમારા ભાઈઓ તો મોટા ભણેલા ગણેલા ને તમે..."

રમણલાલ: "અને હું કેમ અભણ, એમ? શું સંગીત એ વિદ્યા નથી? એ વિદ્યા તો એવી છે કે મારા જીવનું અમૃત છે. એ પ્રથમ મને મારા આનંદ અને વિરામનું સાધન છે."

શંકરલાલ: "પણ એમાં પૈસાનું?"

માસ્તર: "શંકરભાઈ, રમણભાઈના જલસામાં તો ટિકીટો મળતી નથી. એમનું સંગીત સાંભળવા માણસ તલપી રહે છે."

રાધા: "પણ એ કાંઈ અંગ્રેજી ભણેલા ને હોદ્દાદાર ને એવા છે? મહેામાં હુકમ છે?"

માસ્તર: "અંગ્રેજમંગ્રેજ તો એમ ને એમ થઈ ગયું છે, તેઓ બે વરસ યૂરપનું સંગીત

શીખવા ગયા ત્યાં એ તો આવડી ગયું."

રાધા: "હેં! યૂરપ પણ જઈ આવ્યા? ત્યાંનું સંગીત પણ આવડે છે? ત્યારે તો મોટા ગવૈયા!"

રમણ: "મોટા તો ઠીક, પણ ગવૈયો તો ખરો. પણ મારે કહેવાનું હતું કે જનુ એને ખરે માર્ગે જ છે. એને ચિત્ર ગમે છે તો ચિત્રનું કરવા દો ને? શા માટે બીજું કૂટાવો છો? બહુ ધ્યાન કરશો તો બિચારો ચિત્ર પણ નહિ શીખે ને ભણશે પણ નહિ, અને દુઃખીયો થઈ જશે. ને કાં તો મોટો થશે ત્યારે મારી જેમ રખડીને ચિત્રકાર થઈ જશે. પણ એ કેટલો અવળો ને લાંબો માર્ગ?"

શંકરલાલ: "ત્યારે આપણે એને ચિત્રકાર થવાની અનુકૂળતા કરી આપીએ તો?"

રમણ: "મારું તો એમ જ કહેવું છે."

માસ્તર કહે: "રમણભાઈ ઠીક કહે છે."

રાધા: "ઠીક ત્યારે ભલે ચિત્રકાર થાય. પછી આપણે એને એકાદ રાજ્યના ચિત્રકાર તરીકે દાખલ કરાવીશું. રાજની પદવી તો જોઈએ ના?"

રમણલાલ: "પછીની વાત પછી." ગિ.

આ બધું ક્યાંથી આવતું હશે?

નાનાં બાળકો આજે એકઠાં મળીને કંઈક બનાવવાનું કરતાં હતાં.

ચંદન કહે: "શારૂ, દૂર બસને? તને તો કશું આવડતું જ નથી. મને કરવા દે."

શારૂ બિચારી ઠીક ઠીક કામ કરતી હતી પણ ચંદને તેના હાથમાંથી કામ આંચકી લીધું.

વિમલા પાસે બેઠી બેઠી આ જોઈ રહી. તેણે હળવેથી કહ્યું: "શારૂ, આમ આવ. આ સૂપડીમાં આ કચરો ભરી બહાર નાખી આવીશ, બેન?"

શંકરે વાત કરતાં કહ્યું: "જો, મોંઘીબેન, આપણે તો માત્ર પાણી ભરી આવવાના. એ તમારી જેવું છોકરીઓનું કામ હું નહિ કરવાનો. હું કાંઈ બાયલો નથી."

ચાલતાં ચાલતાં જીવીના હાથમાંથી વાસણ પડી ગયું ને તેમાંથી બોર નીચે પડ્યાં.

ચંદન: "પૂરું ચાલતાંયે નથી આવડતું? લ્યો હવે બોર તો ઢોળ્યાં પણ દૂધ ન ઢોળતાં."

વિમલે કહ્યું: "જીવીબેન, રડો નહિ. હું તમને બોર વીણી આપું. હવેથી ધ્યાન રાખજો."

જમના: "પણ હવે નીચે પડેલાં બોર ન લેવાય. જવા દ્યો, એટલાં બોર ભલે ધૂળવાળાં થયાં."

ત્યાર પછી સૌ ઘરતિઘરની વાતો કરતાં છૂટાં પડ્યાં.

રામજી શાક લઈને આવ્યો ને બાબાએ તેને કહ્યું: "રામજી, આટલું બધું મોડું? તને એમ નથી કે કેટલું બધું મોડું થશે? તને ભાન જ નથી લાગતું."

જમના: "એમાં બબડો છો શા માટે? માર્કેટ કેટલી બધી દૂર છે? રામજી, શાકમાં શું શું આણ્યું? તું તો સારું સારું લાવ્યો હોઈશ."

વિજયલાલ: "એવું કૂતરાં હાંકવાનું મને ન કહો. એ કામ તો વાઘરાનું. આપણને તો એવું કામ સોંપો કે..."

ચંદનઃ "તે અહીં ઉન્નણીમાં તો જે મળે તે કામ કરવું જોઇએ."

વિજયલાલઃ "પણ અમે કાંઇ એવું કામ કરવા નથી આવ્યા. તો આ નીકળી જઇશું."

જમનાઃ "અરે વિજયલાલ, એમ તે થાય? લ્યો હું કુતરાં હાંકું. તમે આ ચટણી વાટો."

વિજયલાલઃ "એ તો વાટે છોકરીઓ."

ચંદનઃ "તો નીકળી જ જાઓ."

વિજયલાલઃ "તો આ નીકળ્યા."

રૂખી એક બાજુએ એક અધું કેળું ખાતી હતી.

શંકરે કહ્યુંઃ "એ રૂખડી, સૌના પહેલાં કેમ ખાય છે?"

ચંદનઃ "એ ભૂખલી!"

વિમલાઃ "એને ભૂખ લાગી હશે."

રામજી કહેઃ "એ તો ઠીક, પણ પછીથી એનો ભાગ નહિ મળે."

જમના કહેઃ "જો રૂખી, હમણાં કેળું ખાઇએ તો અમારી સાથે બેસીને શું ખવાય? ને અમે એકલાં બેસીને ખાઇએ ને તું જોઇ રહે એ કાંઇ ઠીક થાય?"

રૂખી કહેઃ "લ્યો ત્યારે હવે નહિ ખાઉં."

શારૂ કહેઃ "આ લાડવો છે; તે ડુંગર જેવડો કયોં હોય તો કેટલા દિવસ ચાલે?"

ચંદન કહેઃ "પણ કોણ તને કરી આપવાનું હતું?"

જમના કહેઃ "એ તો એવી વાત કરે છે. એમાં એમ શું કરવા છો?"

શંકરલાલ કહેઃ "આપણે દાળ નથી ખાવાના. આપણે શાક પણ નહિ. લાડવા માલ ખાવો. ગળ્યો ગળ્યો."

જમના કહેઃ "એ તો જે ભાવશે તે ખવાશે. મને તો બધુંયે ભાવે છે."

છોકરાં વાતો કરતાં હતાં. હું સાંભળતો હતો. મને થયુંઃ "આ જનજનતનો રુચિભેદ અને મતભેદ, આ જનજનતની સજ્જનતા અને કુટિલતા, આ ખીજનળપણું ને સરલતા, આ પહોંચ ને ભોળાપણું બધું કયાંથી આવતાં હશે?"

પણ હું તો આ બાળકોનાં માબાપોને મોટે ભાગે જાણતો જ હતો. મને તો એમને સાંભળીને એમ જ લાગતું હતું કે આમાં બાળકો નથી બોલતાં પણ એનાં માબાપ બોલે છે. બરાબર તેઓએ માબાપના જીવનમાંથી નાની મોટી બધી બાબતમાં દૃઢ છાપ લીધી હતી. તેઓને શીખવા જવું પડયું ન હતું કે રામજીને કેમ ધમકાવવો અગર શારૂને કેમ સમજાવવી, અગર શેહાઈ કેમ કરવી, અગર ડાંડાઈ કેમ કરવી. એ તો એમનાં માબાપ જેમ કરે છે તેમ તેઓ કરતાં હતાં. અહીં તેઓ રમતમાં હતાં. તેઓનો ખરો સ્વભાવ ત્યાં પ્રગટ થતો હતો. હું જે મેહરકારીથી અને અમસ્તો બેઠો હતો તેને બદલે માસ્તર થઇને બેઠો હોત તો તેઓ આવાં બોલત નહિ. અને આ બાળકો આજે આમ બોલ્યાં તેથી મને તો ઘણું જાણવાનું મળ્યું: મુખ્ય તો એ કે માબાપની છાપ બાળકો પર આબાદ પડે છે. ગિ.

મારી સાથે કેમ નહિ

વાત કરતાં રમણલાલે કહ્યુંઃ "ગજાનન, બીજા તારાં છોકરાં તારી સાથે ઝટપટ વાતો કરે છે ને પૂછવું હોય તો પૂછે છે; તારી આસપાસ ફરે છે ને નાચે છે ને તને બો

બતાવે છે ને તે બતાવે છે. ને મારાં છોકરાં તો એવાં જરાએ નથી. નથી મારી સાથે છૂટથી બોલતાં; નથી મને કંઈ સવાલો પૂછતાં; નથી તેઓ કહેતાં કે પોતે શું વાંચે છે કે શું લખે છે; ને રમે છે કે ભમે છે. આનું કારણ શું હશે ?"

રમણે કહ્યું: "એનું કારણ કયું હશે તે એમ પૂરા સહવાસ વિના કેમ કહેવાય ? પણ કંઈ જોઉં છું જાણું છું તે ઉપરથી કહીશ. મને એમ લાગે છે કે એમાં છોકરાંનો વાંક નથી. વાંક કહીએ તો એમાં તારો છે. અને એક રીતે વાંક નહિ પણ અણસમજ કે અણ-આવડત છે."

ગજાનન કહે: "કઈ ? કહે જોઈએ."

રમણ: "એ તારી છોકરાંઓ સાથે પહે-લેથી ન ભળવાની ટેવ. તું જાણે અમલદાર. નોકર ચાકર વગેરે તારાથી દૂર ને દૂર. બીજા નીચેના અમલદારો પણ દૂર ને દૂર. તારો સ્વભાવ પણ અમલદારશાહી. આમ મોઢું ગંભીર રાખીને બેસી રહેવાનો. પણ છોકરાં-ઓને એવો સ્વભાવ નથી ગમતો. તેઓ એવાં માણસથી દૂર ભાગે છે."

ગજાનન: "પણ એમ તો હું એમની સાથે બોલું છું. નિશાળના અને રમતના સવાલો પૂછું છું. વખતે કજીયા થાય છે તો પતાવું છું. એમ કાંઈ સાવ અક્કડ થઈને બેસી નથી રહેતો. એમ તો હું એનો બાપ છું ને તે મારાં છોકરાં છે."

રમણ: "પણ એમ તો બરું ના કે તું એમને પૂછે છે માત્ર. તું એમનો ન્યાયાધીશ થાય છે માત્ર. તું એમનો મિત્ર કાંઈ થોડો થાય છે ?"

ગજાનન: "એટલે ? મિત્ર થવું એટલે ? એ આપથી કેમ બની શકે ?"

રમણલાલ: "એમાં જ મુખી છે ને ત્યાં જ બાળકોના અંતઃકરણની ચાવી છે. એ ચાવી હાથમાં આવી એટલે બધાં તાળાં ઉઘડે છે. તેઓ પછી તો આપણી પાછળ ફરવાનાં. નવા નવા સવાલો પૂછવાનાં. આપણી આગળ નાચવા કૂદવાનાં અને કહીએ તે વેગે વેગે ને હોંશે હોંશે કરવાનાં."

ગજાનન: "પણ મિત્ર થવું શી રીતે ?"

રમણલાલ: "એ તને કહ્યું. છોકરાંના મિત્ર તેમનાં કાર્યોમાં રસ લઈને થવાય. નિશાળે કેટલો નંબર આવ્યો તે પૂછીને મિત્ર નથી થવાતું. પણ નિશાળમાં તેઓને કેવું ગમે છે, માસ્તર કેવા છે, તેને વિષે તેઓ શું ધારે છે, તેની ગમ્મત તેઓ કેમ ઉડાવે છે એવું એવું બધું તેમની પાસેથી જ્યારે જાણવા બેસીએ ત્યારે તેઓ આપણી નજીક આવે છે. તેમને કોઈને પોતાની શાળા વિષે ને ત્યાં ચાલતા કાર્ય વિષે કહેવાનું મન તો હોય જ છે, પણ કોઈ સાંભળનાર ન મળે એટલે પડ્યાં રહે છે. આપણે જરા કાન ધરીએ તો તેઓ બોલે છે."

ગજાનન: "ત્યારે એમ કરી જોઈશ. પણ આ એક જ બાબતમાં મિત્ર થઈ જવાય ?"

રમણલાલ: "આ તો દાખલો આપ્યો. બાળકોના જીવનમાં નાની મોટી અનેક બાબતો હોય છે. તેના વિષે આપણે ઘણી વાતો કરી શકીએ છીએ. બાળકોને ગમતું અણગમતું; શોભતું અશોભતું, ભાવતું નહિ ભાવતું, રૂપાળું અરૂપાળું એવું ઘણું હોય છે. તેના ઉપર તેઓના અભિપ્રાયો; પસંદગી નાપસંદગીનાં

કારણો વગેરે હોય છે: તે જાણવામાં આપણે રસ લઇએ, તેમનાં નાનાં સુખદુઃખો પ્રત્યે સહાનુભૂતિ રાખીએ, તેમની નાની મોટી પ્રવૃત્તિની કદર કરીએ તો તેઓ આપણને મિત્ર તરીકે અનુભવે છે. અને ત્યારે તેઓનું અંતઃકરણ ઠલે છે ને ઉઘડે છે."

ગજાનનઃ "વાત સાચી લાગે છે. તારો અનુભવ ઉંડો લાગે છે."

રમણઃ "હા, છે તો અનુભવની જ વાત. એક બે મારા દાખલા તાજેતરના જ આપું. મારો દીકરો હમણાં સિક્કાઓ અને ટિકીટો એકઠી કરે છે. મને ખબર પડી કે તુરત જ હું તેને મદદ કરવા લાગ્યો છું. મારા મિત્રને મેં કાગળો લખી તેની ઓળખાણ કરાવી છે. મારી પાસે જ્યારે જ્યારે નવી જાતની ટિકીટ આવે છે ત્યારે ત્યારે હું તે તેને માટે સાચવી રાખું છું. તેને મેં સ્ટૅમ્પ-કલેકટીંગ કેમ કરાય તેની કેટલીએક સૂચનાઓ કરી ત્યારે તે ખુશી ખુશી થઇ ગયો. મારી મદદ તેને બહુ ગમી છે. અને એક જોડ જોડા કે ટોપી લઈ દઉં છું ત્યારે ખુશી થાય છે તેના કરતાં એક બે સ્ટૅમ્પથી તે વધારે પ્રસન્ન થાય છે. અમે સ્ટૅમ્પ અને તેના દેશો વિષે વાતો કરવામાં ખૂબ રસ લઇએ છીએ. તે વખતે તે ખીલે છે. તેના સ્વભાવની મને ત્યારે પરીક્ષા થાય છે ને તે વખતે તે મને વધારે પૂજ્ય ભાવથી જુએ છે."

ગજાનન કહેઃ "તું તો ભારે કરે છે. મારે આમ કરતાં શીખવું જોઇશે. ખરેખર, હું તો અમલદાર તે અમલદાર જ. મોઢવા જેમ બેસતાં અને રૂઆબ છાંટતાં આવડે. પણ છોકરાંના મિત્ર થતાં ન આવડે. મારે તે શીખવું પડશે."

રમણલાલઃ "ન આવડે એવું કંઈ નથી. અને એમાં મોટું શીખવા જેવું કશું નથી. પણ આપણું ધ્યાન તે તરફ જવું જોઇએ. આ અમારા પાડોશમાં ત્રિવેણીબેન છે એનામાં બાળકોના મિત્ર થવાની સુંદર આવડત છે. એમ કાંઇ બાળકો સાથે બે કાલાં કાઢતાં નથી. પણ બાળકોના રસના વિષયોને સારી રીતે જાણે છે. પોતે તો સારું ભણેલાં છે ને પાંચમાં પૂછાય છે પણ બાળકો સાથે બેસે છે ત્યારે તો બાળકોને જરાયે ભારે નથી લાગતાં ને છતાં ખૂબ સારાં અને ઉંચાં લાગે છે. તેઓ તો ત્યાંથી વાત કરશેઃ "તમને વડાં ભાવે કે નહિ? કહો ત્યારે આપણે કાલે કરશું? દાળ કોણ વાટશે? કોથમરી કોણ વીણશે? તળવા કોણ બેસશે?" બીજી વાત કાઢશેઃ "આ ચુંદડીનો કસબ કિંમતી છે ખરૂં? અમે નાનાં હતાં ત્યારે ભૂરા રંગની ચુંદડી પહેરતાં. તે વખતે બાદી નહોતી મળતી પણ અમે સૌ મીલનું કાપડ વાપરતાં. તારી ચુંદડી બાદીની લાગે છે, ખરૂં?" વળી ત્રીજી વાત નીકળશેઃ "તમને અંધારામાં ઊંઘ આવે કે નહિ? મને નાની હતી ત્યારે બોટી બોટી બીક લાગતી. પણ એક વાર બાપુએ મને અંધારામાં સુવાડી ને બીક ન લાગી એટલે પછી બ્હીતી મટી ગઇ."

ગજાનન કહેઃ "એ ત્રિવેણીબેન તો ભારે વાતો કરે છે. એ તો બાળકોનો સ્વભાવ બરાબર જાણતાં લાગે છે."

રમણ કહેઃ "એ તો આપણે જરા એ તરફ મન કરીએ તો આપણને પણ ધીરે ધીરે સૂઝે. આપણે એ બાબતમાં આંધળા રહીએ છીએ તેથી બધું બગડે છે."

ગજાનન કહેઃ "વાહ રમણલાલ, આજ તો આપણને ખૂબ નવું મળ્યું. એમ તો મારે હરસુખ અને ચંદ્રા સાથે કેટલીયે વાતો થઈ શકે તેમ છે. તેઓ ક્રિકેટ રમે છે, સીનેમા જુએ છે, નાની નાની વાર્તાઓ વાંચે છે."

રમણ કહેઃ "હું, હવે બરાબર નજર પહોંચી. એમાં જ એમની સાથે વાત કરવાનું કેટલુંયે છે. ને મજા તો એ છે કે એના જ વિષયની વાતો કરતાં કરતાં આપણે તેઓને બહાર ન પડે તેમ કેટલાંયે નવાં દૃષ્ટિબિંદુ બતાવી શકીએ છીએ. અને એમ ઉપદેશથી કે હુકમથી તેઓને ગળે ન ઉતરે તેવું આવી વાત વાતમાં તેઓ કેટલુંયે લઈ લે છે."

ગજાનન કહેઃ "સાચી વાત. સાચી વાત."

રમણલાલઃ "વાહ ત્યારે, આથી વધારે હવે બીજી વાર મળીએ ત્યારે."

ગજાનનઃ "વાહ, રામરામ, રામરામ."

ગિ.

બારીનો કાચ તોડી નાખ્યો

રધા પટાવાળાએ સાહેબને ફરીયાદ કરી કે જીવને બારીનો કાચ તોડી નાખ્યો છે.

જીવનને સાહેબ આગળ ઉભો કરવામાં આવ્યો. જીવન છાતી પર હાથની આદબ વાળી મ્હોં નીચું રાખી સાહેબ પાસે બ્હીતો બ્હીતો ઉભો હતો.

સાહેબે તેને કહ્યું: "જીવન, તને આ માટે શિક્ષા કરવી પડશે. આ માટે તને ચાર સોટી મળશે. દરેક વર્ગમાં તને ફેરવવામાં આવશે ને સૌની સમક્ષ એક એક સોટી પડશે."

જીવન ધ્રૂજતો ધ્રૂજતો આ વાત સાંભળી રહ્યો.

સાહેબે જરા વિચાર કરી જીવનને કહેવા માંડ્યું: "જીવન, જો આ શિક્ષા તને કરવાની મારે ફરજ પડે છે. મારે તને તેમ શા માટે કરવું પડે છે તે સમજાવવું જોઈએ."

રાઘવજી માસ્તર સમજુ હતા. નવા પવનના હતા. ટ્રેનિંગ કોલેજમાંથી શિક્ષણશાસ્ત્રના વિચારો સારી રીતે પકડ્યા હતા. શિક્ષાનું કારણ સમજાવીએ નહિ તો બાકળા જાય તેમ તેઓ માનતા હતા.

માસ્તર સાહેબે આગળ ચલાવ્યું: "જો, કાચ તારો પોતાનો હોત તો પણ તારા બાપ તને શિક્ષા કરત. અને આ તો શાળાનો કાચ છે એટલે એ પોતાની મિલ્કત પણ નહિ. અને એવી પારકી મિલ્કતને તોડી ફોડી નાખીએ તે બોટું જ કહેવાય."

જીવન બોલ્યોઃ "પણ સાહેબ..."

રાઘવજીભાઈએ વચ્ચે પડી કહ્યું: "પણ પછી. એક વાર જે કહું છું તે સાંભળ. અને એમ છોકરાઓ કાચ ફોડી નાખે તે કેમ ચાલે? કાચ તેં ફોડ્યો છે એટલે તેના પૈસા તો તારા બાપાએ ભરી આપવા પડશે. પણ ફરી વાર તું એવું કરે નહિ તે માટે તને શિક્ષા કરવી જોઈએ. એટલું જ નહિ પણ બીજાઓને થશે કે કાચ તોડવાથી શી વલે થાય છે. બીજાઓ તારા પરથી ધડો લેશે. સમજ્યો? આ કારણથી તને શિક્ષા કરવી પડે છે. તારા પર કંઈ દ્વેષ કે ખાર નથી. આમ કરવું એ જ અગત્યનું છે."

મહેતાજી સાહેબ બોલતાં રહ્યા ને કહ્યું: "હવે કહે જોઇએ તું 'પણ' શું કહેતો હતો?"

જીવન કહે: "આ બધું બરાબર. આપે મને શિક્ષા કરવાનું કારણ કહ્યું તે તો ઠીક; પણ કાચ કેમ ફૂટયો તે સાંભળશો–ને? કાચ ફૂટ્યાનું કારણ પણ જોશો ને?"

શિક્ષક: "શું કારણ? ગમે તે કારણ હોય. કાચ ફોડયો તો ખરો ના?"

જીવન: "ના, તે ફોડયો નથી પણ ફૂટી ગયો છે."

શિક્ષક: "તે બધું સરખું. કાચ ફૂટ્યો એ વાત મુદ્દે ખરી ના?"

જીવન: "પણ તે કેમ ફૂટ્યો તે જોવું જોઇએ. પછી ભલે મને સજા કરો."

શિક્ષક: "કહે જોઇએ, જે કહેવું હોય તે કહે."

જીવન: "હા, એક વાત ખરી છે કે મારું માથું બારી સાથે ભટકાયું ને કાચ ફૂટ્યો. પણ રવજી મારી સાથે ભટકાયો તેથી તે બન્યું."

શિક્ષક: "પણ રવજી ને તું બન્ને એમ ભાન વિના કયાં ભાગ્યાં'તા તે રવજી તારી સાથે ભટકાયો?"

જીવન: "અમે બન્ને ઝટઝટ દોડતા દોડતા જતા હતા."

શિક્ષક: "કયાં જતા હતા?"

જીવન: "હું સાંડસી લેવા અને રવજી લાકડી લેવા."

શિક્ષક: "એનું શું કામ પડયું?"

જીવન: "અમારા વર્ગમાં વીંછી નીકળ્યો ને શિવજીભાઈ માસ્તરે કહ્યું કે એલા કોઇ સાંડશી ને ઠબાવવાનું લાકડું લાવો. હું દોડ્યો ને મારી પાછળ રવજી દોડ્યો. રવજી જોરથી દોડતાં મારી સાથે ભટકાયો ને ઉતાવળમાં હું બારી સાથે ભટકાઇ ગયો. ને કાચ ઢીલો હશે કે કોણ જાણે પણ નીકળીને હેઠો પડ્યો ને ભાંગી ગયો."

રાઘવજીભાઈ વિચારમાં પડ્યા. હવે શું કરવું? મુંઝવણ થઇ. તેમણે કહ્યું: "જરા ધ્યાન રાખીને તો દોડવું હતું?"

જીવન: "હું તો બરાબર જ જતો હતો પણ પાછળથી રવજીનો ધક્કો લાગ્યો એટલે બારી સાથે ભટકાઇ ગયો. ઉલટું બારી સાથે મારું માથું અફળાયું ને મને લાગ્યું. જુઓ આ ઢીમણું."

રાઘવજીભાઇ: "પણ તું રવજીની ફરીયાદ કેમ ન લાવ્યો? રવજી કેવો ભાન વિનાનો ને ઉતાવળીયો?"

જીવન કહે: "પણ એમાં એ શું કરે? વીંછી માટે લાકડી લાવવાની ઉતાવળમાં ને ઉતાવળમાં મારી સાથે ભટકાઈ પડયો. એણે કાંઇ જાણીને થોડોક ધક્કો માર્યો'તો?"

રાઘવજીભાઇને વધારે મુંઝવણ થઇ. પોતાનું માથું ભાંગ્યું તો પણ જીવન રવજીને વઢતો નથી. એ તો કહે છે કે ઉતાવળમાં રવજી શું કરે? ત્યારે મારે પણ એમ ન કરવું જોઇએ? મારી શાળાનો કાચ વધારે કે જીવનનું માથું? ને કાચ અને માથું શા માટે તૂટયું? શિવજીભાઇએ કહ્યું કે સાંડસી લાવો, લાકડી લાવો; ને છોકરા દોડયા. એમાં વાંક શાનો?

રાઘવજીભાઇએ કહ્યું: "જા જીવન, તને શિક્ષા નહિ કરવામાં આવે. જા, એ તો એમ બની જાય." મનમાં બોલ્યા: "શિક્ષા કરતી વખતે

શિક્ષા કરવાનું કારણ સમજાવવા જતાં શિક્ષા ન કરવાનું કારણ ઠીક સમજાયું. આવી તો કેટલીયે ખોટી શિક્ષા થઈ બેસતી હશે.

હવેથી શિક્ષા કરવાનું કારણ પ્રથમ સમજવું જોઇશે.

ગિ

પંતૂજીવેડા ન કરીએ

આવું હવે ન ચાલે. આપણે હવે આપણા વેડા છોડવા જોઇએ. એ વેડા છોડવા હું પણ પ્રયત્ન કરી રહ્યો છું. આપણે બધા આવા છીએ એમ નથી પણ આપણામાંના ઘણા આવા છીએ. આપણે તેવા મટવું જોઇએ.

સ્વચ્છતા અને સાદી ટાપટીપના આ જમાનામાં આપણે આઠ દસ દિવસની દાઢી વધારીએ તે ન ચાલે. આપણે ચાર દિવસે દાઢી બોડાવી લઇએ. આપણે પણ સાફસુફ થઇને ચાલીએ.

આપણાં કપડાં ગંદાં ન જોઇએ. અને કદાચ આપણે ગંદા નથી રહેતા તો લઘરા રહીએ છીએ. આપણે દરજીને કપડાં તો આપીએ છીએ પણ બંધ બેસતાં કપડાં કરવા તરફ ધ્યાન નથી આપતા. રંગ અને ભાતમાં કપડું ગમતું ખરીદતા નથી. લંબાઇ ઢૂંકાઇમાં કશો મેળ રાખતા નથી. આ હવે ન ચાલે. આને આપણે કાઢી નાખીએ.

એક બીજી જાતના આપણામાં પંતૂજીવેડા છે–જગાએ અને નહિ જગાએ, જ્યાં ને ત્યાં લોભ કરવાના. આપણે હમણાં ગરીબ છીએ એ ખરી વાત. આપણે પણ લાયકાત પ્રમાણે સંપત્તિવાન થવાના છીએ. નહિતર આપણા જેવી શિક્ષકની ગરીબ જાતને પણ તોફાન કરીને કોઇના પૈસા પડાવી લેતાં આવડશે. વિચિત્ર જમાનો ચાલ્યો આવે છે. પણ આજે આપણે આ લોભીયાપણું છોડી દઇએ. દરેક વેપારી આપણને હસે છે.

પક્કો વાણીયો પણ ભાવતાલમાં જે કસોટી કરે છે તેથી પણ આપણે કસવામાં મૂરખ લેખાઇએ ઠગીએ ને ઠગાઇએ તો છીએ. એ તો જાણે કે લાભમાં લેખું. શાકવાળો પણ હસે, મોચી પણ હસે, દરજી પણ હસે, તાવડી વેચવાવાળો કુંભાર પણ હસે. બધાને મન માસ્તર ભારે લોભી. આ છાપ આપણે ન જોઇએ. લોભમાં જ આ વાત આવી જાય છે: તે એ કે મફત કરાવી લેવા નીકળવું. "એ ભાઈ, જરા એક તાવડી મૂકી જજે." "એ ભાઇ, પાંચ છાણાં નાખી જજે." "એ ભાઇ, આજ પાશેર દૂધ આપી જજે; મહેમાન છે." "એ ભાઇ, જરાક જોડો સાંધી દેજે." ઘણી વાર આપણો વેંત એવો હોય છે કે એમ કરીને આપણે મફત લેવું. આ આપણા વેડા. આથી આપણી પ્રતિષ્ઠા નહિ. આમાં આપણી મોટાઈ નહિ. આપણને પછી કોણ માન આપે?

એક બીજા વેડા તે જેની તેની ખુશામત કરવી. આપણે તો જાણે કોઇને નારાજ જ ન કરી શકીએ. આપણે તો જી લગ્યે હાજીહા જ ભણવાનું. આપણે તો આનેય રાજી રાખવો ને તેનેય રાજી રાખવો. પણ શા માટે? શા માટે ગામ આખાને આપણે રાજી રાખવું? ટટાર ગરદન રાખી ચાલવું ને સાચું હોય તે જરૂરને

પ્રસંગે કહેવું. ખુશામત કરવાનું કોઇ જ નથી કહેતું પણ ખુશામત કર્યા પછી તે નથી કરતા ત્યારે સૌ કહે છે કે આ માણસ જરા ફાટી ગયો છે. સૌ સૌને ત્યાં અધિકાર પરત્વે મોટા. તેમને અધિકાર પરત્વે ઘટતું માન દઇએ. પણ તેની શેહમાં દબાઈ શા માટે ખુશામત કરવી? એ આપણા પોતાના અંતઃકરણની નબળાઇ છે. આપણે લોકોની સેવા કરવી; ખાતાની સેવા કરવી; અમલદારની યોગ્ય સેવા કરવી; પણ ખુશામત શા માટે કરવી?

એક બીજા વેડા પણ છે અને તે નકામી દખલી કૂટવાના, નિંદા કરવાના, ખટપટ કરવાના. આ રોગ આખા દેશનો છે ને આપણે પણ એમાંથી મુક્ત નથી એટલે તેના વધારે ભોગ થઇ પડ્યા છીએ. આપણે આખા ગામની પટલાઇ ડોળીએ છીએ. આખા ખાતામાં શું થયું ને થવાનું છે તેનું કૂટીએ છીએ, અને ઉડતી વાતો ઉપર વધારે વાતો ઉડાડીએ છીએ. આ બધી વાતોમાં જે આવ્યો તેની ખોદણી તો હોય જ છે. અને લગભગ એક પણ એવો માણસ ન જડે કે જેની નિંદા આપણે છોડી દઇએ. આ પ્રવૃત્તિ જાણે કે આપણા ઘણા ભાઇઓને બંધાણ રૂપ છે. ભેગા થઇને 'કાં ઓલ્યાનું આમ થયું, પેલાનું આમ છે ને એનું એવું છે.' એવી વાતો કર્યા વિના પચન જ ન થાય. અને આ નકામા વેડા નહિ તો બીજું શું?

આ બધા આપણા વેડા આપણે છોડી

ગિ.

કોણ માથે લેશે?

હવે ઘણાં ગામો અને ગામડાંમાં પત્રિકાના ગ્રાહકો એટલે મોન્ટીસોરી સંઘના સભ્યો છે. દરેક ગામના સભ્યો દર માસે એકઠા મળે, એક બીજાની ઓળખાણ કરે, તેમાંથી પરિચય વધારે અને પરિચય વધારતાં મિત્રો અને એ કેવું મજાનું છે? જ્યારે સૌ ભાઇઓ એકઠા મળે ત્યારે પોતાના ગામમાં બાલશિક્ષણની બાબતમાં શું કરવું તેનો વિચાર કરે. બાલશિક્ષણની બાબતમાં માબાપોને કેમ જગાડવાં તેની યોજના કરે અને તેનો અમલ પણ કરે. સૌ ભાઇઓ 'પત્રિકા' તેમને વધારેમાં વધારે કેમ ઉપયોગી થાય તેની પણ ચર્ચા કરી અમને લખી જણાવે. પણ આ કામ માટે ગામનો એકાદ જણ તો ખાસ કરીને આગળ આવવો જોઇશે. તેણે સ્થાનિક કાર્યવાહક તરીકે સૌને ભેગા કરવાની તસ્દી લેવી પડશે.

આ કામ કોણ માથે લેશે?

મંત્રીઓને નામ હામ લખી જણાવશો.

વસંત બાલશિક્ષણ પ્રચારમાળા એટલે માબાપો માટેનાં
નાનાં નાનાં ૧૯ પુસ્તકો અને મોન્ટીસોરી પદ્ધતિ.
આ બાગણીશ પુસ્તકો ટપાલ સાથે સવા રૂપીઆમાં મળશે.

વાર્ષિક લવાજમ રૂ. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પારી. બી.બાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૮૫

અંક ૫ મો
આષાઢ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

તમે જો સિપાઇ હો તો સિપાઇનો કાયદો પાળો. બ્યુગલ વાગે ને બધા બગલ થેલો ભરાવી ચાલી નીકળવાની તમારી તૈયારી ન હોય તો તમારો બગલ થેલો બીજાને આપી દો; નકામાં સિપાઇનાં હથિયારો ઘસી ઘસીને તમારો વખત ન ગુમાવો. નકામા સિપાઇ દેખાઇને ખોટી ભરતી ન બતાવો.

તમે જો સિપાઈ હો તો બડે પગે ઉભા રહો. તમારો એક પગ બાંધેલો હોય ને બીજો પગ ઉપાડવાનાં નાહક ફાંફાં મારતા હો અથવા તો સિપાઇગીરી ગમતી હોય ને તમે સિપાઇ થઇ શકતા ન હો તો એમ જ શોધી કાઢો કે સિપાઇગીરી તમને ઉપરથી ગમે છે, દેખાવ માટે ગમે છે, માત્ર સૌને ગમે છે તેથી તમને ગમે છે.

સિપાઈ થાય તેને સિપાઇના કાયદા માન્ય હોય. સિપાઇ થાય તેનું માથું હાથમાં હોય, કોઇના બોળામાં ન હોય.

બહાર જવું હોય તો

માબાપોના હમેશના અનુભવની વાત છે. હમેશની મુંઝવણની વાત છે.

માને કે બાપને કે એટલા જ નિકટના સંબંધીને ઘરની બહાર જવું હોય તો નાનાં બાળકો સાથે જવાની હઠ લે છે; કાં તો તેને બહાર ન જવાનું કહે છે ને મોટાંઓને મુશ્કેલીમાં મૂકી દે છે.

આ પ્રસંગે માબાપોનો સામાન્ય રિવાજ એવો હોય છે કે બાળકને ખોટું સાચું કહીને, ખોટાં સાચાં વચનો આપીને ને તેવી જ લાલચ ધમકી આપીને કામ પતાવવું. કાં તો દરેક વખતે સાથે તેડી જઈને કજીયો પતાવવામાં પણ આવે છે.

પહેલી રીત કરતાં બીજી રીત સારી છે. પણ હમેશાં શક્ય હોતી નથી; અને બાળક કે મોટાં બેઉની દૃષ્ટિએ સગવડભરી પણ હોતી નથી. બીજું; બાળકનો કજીયો આ રીતે જ પતાવવાનું ધારીએ તો ઘણી વાર મોટાંઓને નાનાંઓની ગુલામી સ્વીકારવી પડે છે. બાળક પોતાની માગણી વધારતું જ જાય ને મોટાંઓ તેને સ્વીકારતાં જ જાય તો અગવડનો પ્રશ્ન કોરે મૂકીએ તો પણ બાળકના હિતની દૃષ્ટિએ પણ તે સારૂં તો નથી જ. બધી જગ્યાએ બાળકને લઈ જવા જેવું ન પણ હોય.

ઉપાય તો એક જ હોઈ શકે. બાળકને સાથે લઈ જવા જેવું છે કે નહિ તેનો વિચાર તેની હઠને કારણે નહિ પણ સ્વતંત્ર રીતે કરીને આપણે પહેલેથી જ નિર્ણય જાહેર કરવો જોઈએ; અને કરેલા નિર્ણયને વળગી રહેતા હોઈએ તો બાળકને રડીને હઠ કરવાની જરૂર ન રહે ને ટેવ પણ ન પડે. બાળકના રડવા પછી આપણે એકાદ વાર પણ જો નિર્ણય તેટલા જ કારણે ફેરવીએ તો પછી બીજી વાર નિર્ણય ફરે ત્યાં સુધી રડવાની જરૂરીઆત બાળક પાસે ઉભી થાય છે.

આપણા નિર્ણયમાં બાળકની બહાર જવાની ઇચ્છાને પૂરેપૂરું માન આપીએ ને થોડી અગવડ વેઠીને પણ તેને લઇ જવાનું કરવા તરફ ધ્યાન રાખીએ–એટલે કે ખાસ કારણ વગર બાળકને 'ના' ન પાડી બેસીએ. પણ જ્યાં બાળકને સાથે લેવું અશક્ય હોય અથવા વ્યાજબી ન હોય ત્યાં તેને આડી અવળી વાત કરીને સમજાવવાનો પ્રયત્ન કરવા કરતાં ચોકખે ચોકખી સાચી હકીકત કહીને સાચો નિર્ણય જ આપવો જોઇએ આ ધોરણથી બાળક પહેલાં પહેલાં હેરાન થાય છે ને આપણને તેનું રડવું ને કજીયો સહન કરતાં ત્રાસ થાય છે; પણ આખરે તેથી ફાયદો થાય છે.

ખોટું કહીને બાળકને છાનું રાખવામાં તો બાળકને આપણે મોટી નૈતિક હાનિ પહોંચાડીએ છીએ. ધારો કે માણસ ગામ જવાનું હોય ને તાત્કાલિક કહીએ કે નથી જવાનું. પછી તેની નજર ચૂકવીને તે ચાલ્યું જાય ને બીજે દિવસે બાળકને ખબર પડે કે પેલા ગયા તો બાળકને માબાપના કહેવા તરફ શું માન રહ્યું? એમાં બાળકને માબાપમાં અવિશ્વાસ જ ઉત્પન્ન થાય તો શી નવાઇ! બીજું પોતાને પ્રસંગ આવે ત્યારે નથી કરતો કહીને છાનામાના કરી લેવાની કેળવણી પણ ઠીક ન જ કહેવાય.

લાંચ રૂશવત વિષે કે ફોસલાવવા પટાવવા વિષે તો શું કહેવું? ઘણી વાર કહેવાઇ ગયું જ છે.

બાળકને વિના કારણે દુભવવું ન જોઈએ એ જેટલું સાચું તેટલું જ જ્યાં અથવા જ્યારે દુઃખ સહન કરવું પડે એમ જ હોય ત્યાં સીધી ને સરળ રીતે તે સહન કરી લેવાની તક પણ આપવી જોઇએ.

અસત્ય કે ગમે તે માર્ગે પણ બાળક ન રડે એમ જ જો કર્યા કરીએ તો બાળકમાં નૈતિક અશક્તિ જ આવવાની. જેમ શારીરિક ખડતલપણું ઇષ્ટ છે તેમ માનસિક ખડતલપણું પણ જરૂરનું છે. **તા.**

માત્ર આપ જાણો છો ?

આપનું બાળક કેટલા કલાક ઊંઘે છે ?

આપનું બાળક દર માસે કેટલી વાર માંદું પડે છે ?

આપના બાળકના એકંદરે રોગ કયા કયા છે ?

આપના બાળકને શું ભાવે છે ને શું નથી ભાવતું ?

આપના બાળકનું દર માસે વધતું વજન કેટલું છે ?

આપનું બાળક કયારે પ્રથમ બોલવા લાગ્યું ?

આપના બાળકને કઈ ઉંમરે દાંત આવ્યા ?

આપના બાળકે કઈ ઉંમરે ઉંધા પડવા માંડયું ?

આપના બાળકે કયારે ભાંખરભરીયા ચાલવા માંડયું ?

આપનું બાળક કયારે બેસતાં શીખ્યું ?

આપનું બાળક કયારે ચાલતાં શીખ્યું ?

આપના બાળકને કયા કયા અકસ્માતો નડયા ?

આપના બાળકની અત્યારથી આંખ તેજ છે કે કાન ?

આપના બાળકને સાંભળવું ગમે કે જોવું ?

આપના બાળકને કેટલી તાઢ વાય છે ?

આપના બાળકને દૂધ ભાવે છે કે નહિ ?

આપના બાળકને કયારે બચોટણ કરાવ્યું ?

ગિ.

એ તો બેનો પણ કરે

આપણે બાળકોને ભણવા મોકલીએ છીએ ત્યારે તે કયાં જઇને બેસે છે, વગેરે આપણે કશું જોતાં નથી. પરિણામે ઘણી વાર એમ બને છે કે આપણે માનીએ છીએ કે બાળક ભણી ગણીને હુશિયાર થાય છે ત્યારે બાળક ભીની અંધારી ધૂળવાળી ને જીવ મુંઝાય એવી જગ્યામાં બેસી આંખો બગાડતું હોય છે; ક્ષયના જંતુઓ ફેફસામાં ભરી લેતું હોય છે; હોજરી ને આંતરડાના રોગો લેતું હોય છે. બેનો, એ જોવાનું પુરુષોનુ કામ છે એમ નહિ માનતાં. એ તો આપણું કામ છે. પુરુષોને તો કામકાજમાં ને ધંધા રોજગારને લીધે વખત કે પુરસદ ન પણ મળે. પણ આપણે બપોરે પુરસદ લઇને કોઇ વાર આપણા બચ્ચુ બટુકની કે બબલીની શાળા જોવા જતાં હોઇએ તો ખબર પડે કે આપણું બાળક કઈ હાલતમાં ત્યાં હોય છે. મકાન મોટું આલેશાન હોવું જોઇએ એમ નહિ. ભલેને એકાદ ઝાડ નીચે કે મંદિરની બાજુમાં છૂટમાં બાળકો ભણતાં હોય. જોવાનું એ કે મકાનમાં પૂરતું અજવાળું છે કે નહિ ? જમીન ભીનાશવાળી છે કે કેમ ? જમીન ઉપર ધૂળ કેટલી છે ? મકાનમાં હવા પૂરતી છે કે નહિ ? બાળકોને હાલવા ચાલવા માટે છૂટી જગ્યા કેટલી છે ? હવા પ્રકાશ તેમજ હરવા ફરવા માટે જગ્યાની છૂટ હોય ત્યાં જ બાળકને મોકલજો. તા.

ચંપાને શિક્ષણ

મહેમાન આવવાના હતા. બા અને બાપાએ વિચાર્યું: "આવશે ત્યારે રસોઇપાણી કરીશું. વખતે ન આવે તો?" નોકરે વિચાર્યું: "આવ્યા પછી પાણી ગરમ મૂકીશું. આવ્યા પછી કેટલી વાર?" પણ નાની ચંપા તો મહેમાન આવવાના છે એવી ખબર પડી કે તુરત જ બાગમાં ગઈ ને ફૂલો લઇ આવી. બીજું બધું કામ બાજુએ મૂકી હાર ગૂંથવા બેઠી. હાર ગૂંથતી જાય ને મનમાં મહેમાનના વિચાર કરતી જાય. મહેમાન ન આવ્યા. બધાં કહે: "નકામો વખત ગુમાવ્યો. નકામાં ફૂલો જશે."

ચંપા મૂરખ લાગે છે?

× × ×

મોટીબેન અમદાવાદથી ભણીને આજે આવવાની હતી. તાર આવી ગયો હતો. મોટાભાઇ સ્ટેશને સામે ગયા હતા. બીજાં સૌ બેહાં બેહાં ફડાકા મારતાં હતાં અને ઠંડી હતી તેથી શગડી પાસે બેહાં બેહાં તાપતાં હતાં. ગાડી સાડા આઠે આવવાની હતી ને ત્યાર પછી અરધે કલાકે એટલે નવ વાગે સૌ ઘેર આવે એવી ગણતરી હતી. હજી તો માંડ સવા આઠ થયા હતા. રસ્તા પર ગાડીનો ખખડાટ થાય ને ચંપા બારણું ઉઘાડવા જાય. જરાક બોલાચાલો સંભળાય ને ચંપા બારણું ઉઘાડવા જાય. કંઇક બખડે ને ચંપા બારણે જાય. "રબેને બેન આવે!" બધાં કહે: "જોને ચંપા! હજી તો કેટલીયે વાર છે પણ ચંપા તો કેટલી બધી અધીરી? જરાયે ધીરજ જ નહિ બા. નકામી વારે વારે ઉઠે છે ને હેરાન થાય છે."

ચંપા અધીરી છે?

× × ×

ઘરને આંગણે એક ગરીબ માણસ આવ્યો. બિચારાની સાથે એક બાળક હતું. ગરીબ માણસ ભૂખ્યો હતો ને બાળક પણ ભૂખ્યું હતું. બાએ ઘરમાંથી ટાઢો રોટલો આપ્યો. બાપાએ કહ્યું: "એકાદ ગરમ રોટલી પણ આપોને. આ બાળકથી રોટલો નહિ ખવાય." બાળક અને તેનો બાપ રોટલો અને રોટલી ખાવા માંડ્યા. પણ રોટલી કોરી હતી. બાળક હળવે હળવે ચાવતું હતું. ચંપા ઘરમાં ગઇ ને બરણીમાંથી ઘી લઇ આવી. "લે, છોકરાને ઘી વિના રોટલી નહિ ભાવે." બા અને બાપા ચંપા સામે જોઇ રહ્યાં. બાએ કહ્યું: "આ છોકરીને અક્કલ જ નથી! કોને ઘી દેવાય અને કોને ન દેવાય એ જ ખબર ન પડે. ભિખારીને મોઢે વળી ઘી શું?"

ચંપાને અક્કલ નથી?

× × ×

પાડોશમાંથી જીવીબેનની દીકરી રસુ ચા લેવા આવી. બા એહવાડ કાઢતાં હતાં. મોટાભાઇ લેસન કરતો હતો ને નાનીબેન તો હજી ભૂખી હતી. બાએ બાપુને કહ્યું: "એ આ રસીલાને ચા આપજો પેલા નાના ડબ્બામાંથી." બાપુ કહે: "આ આવ્યો જરા દાતણ કાઢીને." પણ ત્યાં તો ચંપા ત્યાં જ ઉભેલી હતી. એણે મોટો ડબ્બો લીધો ને વાટકી ભરીને ચા આપી ને કહ્યું: "લે, બે દિવસ ચાલશે. આ ચા સારી થાય છે." બા તો સામે જોઇ જ રહ્યાં! રસુ ઉભી હતી એટલે શું બોલે? બાપુ આવ્યા એટલે કહે: "આ ચંપાને કશી વાતનું ભાન જ નથી! ચપટીક

ચાને ઠેકાણે વાટકી ભરીને આપી."

ચંપાને ભાન છે કે નહિ ?

× × ×

ચંપાને ત્યાં સુમતિની બા અને સુમતિ કાંઈક કામ હશે તે રાત રહેવાં. એકાએક રોકાઈ ગએલાં એટલે સાથે કપડાં નહિ લાવેલાં. સવારે ન્હાઈ ધોઈને એમણે પહેરવું શું ? ચંપાની બાએ સુમતિની બાને એક સાડલો ન્હાવા માટે આપ્યો ને કહ્યું: "તમે તમારો સાડલો પહેરી લેશો તો ઠીક પડશે." પણ ચંપા કહે: "સુમતિ, તું તો આજે ન્હાઈને મારાં ઘાઘરી પોલકું પહેરજે. પહેરીને જ ઘેર જજે. કાલે મોકલાવી દેજે." બા કહે: "ચંપા, સુમતિને કંઈક ન્હાવા દેને ? ન્હાઈને એનાં પહેરી લેશે." ચંપા કહે: "ના બા, મારાં કપડાં દઈશ. એનાં તો જરા મેલાં થઈ ગએલાં છે." ચંપાએ સારાં ઘાઘરી પોલકું કાઢ્યાં ને બાને કહ્યું: "આ સારાં છે, ખરું ? આ જ પહેરવા આપું છું." સુમતિની બા ત્યાં બેઠાં હતાં. ચંપાની બાએ આંખો તો કાઢી પણ બોલાયું નહિ. સાંજે ચંપાની બા ચંપાના બાપને કહે: "આ ચંપાને કશી ગતાગમ જ નથી. કોને કયું લુગડું અપાય ને કોને ન અપાય એનું ભાન જ ન મળે !"

ચંપાને ગતાગમ છે કે નહિ ?

× × ×

ચંપા અને એની બા બેઠાં હતાં ત્યાં કાકાનો દીકરો શેરીમાંથી આવ્યો ને ત્યાં બેઠો. ચંપક દાદાનો માધો પણ આવ્યો ને બેઠો. ચંપા કહે: "માધા, આજ તો અમે લાડવા કર્યા હતા !" માધો કહે: "એમ ? ત્યારે તો મારે ત્યાં તારી બાએ ઢાંકયા હશે." ચંપાની બાએ વાત ફેરવી કહ્યું: "અલ્યા માધા, ભોળવાતો નહિ. ચંપા તો તને બનાવે છે." ચંપા કહે: "ના હો માધા, લાડવા કર્યા હતા. ને અમે બધાંએ બાધા હતા. હજી પણ પડ્યા છે." ચંપાની બાને લાડવાનું છૂપાવવું હતું; ઢાંકવા જવાનો વિચાર ન હતો. પણ આખરે ઢાંકવા જવું પડયું. રાતે ચંપાના બાપા આવ્યા ત્યારે બધી વાત કહીને એની બા કહે: "આ ચંપાને સમજણ કયારે આવશે ?"

ચંપાને સમજણની જરૂર છે ?

× × ×

ચંપા અને હીરા એક વાર શાક લેવા ગયાં. હીરાએ એક શેર રીંગણાં લીધાં ને ચંપાએ પણ શેર લીધાં. ઘેર આણીને રીંગણાં મૂકયાં ત્યાં તો હીરાનાં રીંગણાં વધારે લાગ્યાં. બન્ને રીંગણાં તોળી જોયાં તો ચંપાનાં એક શેર ને હીરાનાં સવા શેર ને નવટાંક ! હીરાની મા કહે: "એ તો હીરાને શાક લેતાં સારું આવડે છે." હીરા કહે: "તે આવડે જ ના. કાછીયાનું ધ્યાન નહતું એટલામાં મેં એક રીંગણું ઉપાડી લીધું." ચંપા કહે: "એવું મફતનું રીંગણું શું કામ લઈએ ?" ચંપાની બા કહે: "આ મારી

વસંત બાલશિક્ષણ પ્રચારમાળા

૧૯ નાનાં પુસ્તકો

માબાપો તથા શિક્ષકો માટે

કિં. રૂ. ૧-૪-૦ ટપાલ સાથે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશન-મંદિર : ભાવનગર

ચંપા છે જરાએ હુશિયાર ?"

ચંપા હુશિયાર છે કે ?

× × ×

શેરીમાં છોકરાં રમતાં હશે. રમતાં રમતાં લડી પડ્યાં હશે. એ છોકરાં વચ્ચકે આવ્યાં. ચંપા પાસે ઉભી હતી. એને થયું કે લાવને છોડાવું નહિતર માથાં ભાંગશે. ચંપા છોડાવવા ગઈ ત્યાં એક છોકરે એને જ બચકું ભર્યું. ચંપાને લોહી નીકળ્યું ને ઘેર આવી પાટો બાંધતી હતી. બાપુ કહે: "એ હરામીને પથરો મારવો'તો ના, પથરો. ફરી વાર બચકું ભરવું ભૂલી જાત." બા કહે: "પણ ઈ ચંપા છે જ એવી નમાલી !"

ચંપા નમાલી છે ?

× × ×

ચંપા અને એની બેનપણીઓ દર્શન કરવા ગઇ હતી. મંદિરમાં એક છોકરી રડતી હતી. એની બા દર્શન કરીને ઘેર ગએલી ને પાછળ છોકરી રહી ગએલી. ચંપા કહે: "ચાલોને આપણે એને ઘેર મૂકી આવીએ ?" બીજી કહે: " ના બાપુ, અમારાં માબાપ વઢે." ચંપા મૂકવા ગઇ. છોકરીઓ ઘેર ગઇ ને ચંપાની બાને વાત કરી. અમથીની બા ઉભાં હતાં. "જુઓ છો ને આ ચંપા તો એવી ને એવી રહી ! અત્યારે મૂકવા ગયા વિના શું રહી જતું હતું ? લઈ જાત એની બા, એને ગરજ હોત તો."

ચંપા એવી ને એવી જ રહી છે કે ? ગિ.

બાળકોની કિંમત કરીએ

આપણે ત્યાં મોંઘામૂલાં બાળકો અવતરે છે પણ તેમની-આપણે જરાએ સંભાળ લેતાં નથી. આપણું નાનું સરખું ઘરેણું પણ આપણે અરીસાંથી ઘોઇએ છીએ, લુછીએ છીએ. આપણા સાડલા ચોળીઓ પણ સાબુ દઇને ને ધોકાવીને ધોળાં ફૂલ જેવાં કરીએ છીએ; પણ આપણાં બાળકો—માનતા કરી કરીને માગી લીધેલાં આપણાં બાળકો ધૂળમાં આળોટતાં હોય છે. એમના નાક ઉપર કેટલીએ માખી બેસે છે; આંખોમાં ચીપડા હોય છે; કોઈ ઝબલાની બાંય ચૂસે, કોઈ પેશાબ કરીને તેથી પલળેલી માટીથી રમે, કોઈ ગાળો શીખે તો કોઈ તેથી ગંદી રમતો. ઉપર ચડે એવી હાલતમાં આપણાં બાળકોને આપણે રઝળવા દઇએ છીએ. એ તો આપણી પાસે તેઓ હમેશ હોય છે એટલે આપણે તેમની કિંમત જ કરતાં નથી. એ તો પેલી કવિતામાં છે તેવું આપણું થયું છે. આપણને ચંદન જોઇતું હોય તો બજારમાંથી લેવું પડે છે ને એક રૂપીઓ આપીએ ત્યારે આટલોક કટકો મળે છે, એટલે આપણને એ કિંમતી લાગે છે. પણ જે ડુંગર ઉપર ચંદનનાં જંગલો છે ત્યાં તો ભીલડી રોજ ચંદનનો જ કોટો બાળે છે; તેને કોઈ તેની કિંમત છે ? એવી રીતે આપણે આપણાં બાળકોની સંભાળ લેવામાં બેદરકાર છીએ. આપણે આપણી જવાબદારી સમજવી જોઇએ. તા.

અવલોકન

એક મોન્ટીસોરી શાળામાં એક વિદ્યાર્થી પદ્ધતિનો અભ્યાસ કરવા આવેલો.

અધ્યાપકે તેને એક મહત્ત્વનું કામ સોંપ્યું. "આ બાળકને અવલોકને."

વિદ્યાર્થીને કામ સહેલું લાગ્યું. કદાચ થોડું મામુલી પણ લાગ્યું હશે.

બાળક જોડા ગોઠવતું હતું.

વિદ્યાર્થી તે અગાઉ શિક્ષક તરીકે કામ કરીને આવેલો તેનાથી કેમ રહેવાય? બાળકે ઉંધા ચત્તા પિન્હેડ ગોઠવેલા જોડા ઉભાં ઉભાં કેમ જોવાય? તરત બાળકને જોડા આમ ગોડવાય, આમ નહિ વગેરે કહેવા ગયા. અધ્યાપકે તેને અટકાવ્યો ને ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું. વિદ્યાર્થી ભાઇ જરા મુંઝાયા. સાંજે અધ્યાપક પાસે ગયા ને તેમના વર્તનનું રહસ્ય જાણવા ઇચ્છયું.

અધ્યાપકઃ "મેં તમને અવલોકન ઉપર મૂકયા હતા ત્યાં તમે તો શિક્ષકનું કામ કરવા લાગ્યા; તે કેમ ચાલે?"

વિદ્યાર્થીઃ "હું તો આ પદ્ધતિથી અપરિચિત એટલે બતાવવામાં મારી ભૂલ થઇ હશે. પણ આપે મને ત્યાંથી ચલ્યા જ જવાનું કહ્યું તે મને જરા સાલે છે."

અધ્યાપકઃ "પણ પ્રસંગ જ એવો નાજુક હતો એટલે તમને તેમ કહેવું પડયું."

વિદ્યાર્થીઃ "ત્યાં કયાં બાળક માંદું હતું? નાજુક કેવી રીતે તે સમજાતું નથી. બાળક ગોઠવતું હતું, તેને જરા સરખું ગોઠવવાનું બતાવ્યું. એમ તે. અહીં આપ અને બીજા અધ્યાપકો ઘણું બતાવો છો."

અધ્યાપકઃ "આજે જ તમારા પ્રશ્નનો જવાબ દેવો એ જરા વધારે પડતું વહેલું છે. હું તો એમ જ કહું કે એકાદ વરસ પછી આ સવાલ લાવો—જો તમારી મેળે અકેલ ન થઇ ગયો હોય તો. પણ તમે બહુ મુંઝાએલા લાગો છો એટલે થોડું સ્પષ્ટીકરણ અત્યારે જ કરું.

"પહેલી વાત તો એ કે તમને અવલોકન કરવા મૂકેલા હતા તે કામમાંથી તમે બસ્યા હતા એ વાત તો સાચી કે નહિ? બીજો કશો જવાબ આપ્યા વગર એક જ વાત કહું તો એ કે તમે અહીં શાળામાં નથી પણ એક માનસશાસ્ત્રની પ્રયોગશાળામાં છો. એવું ભાન તમારે ચોવીસે કલાક રાખવું જોઇએ. તો જ તમે શીખી શકો."

વિદ્યાર્થીઃ "આપ કહો છો તે સાચું. પણ હજી મનનું બરાબર સમાધાન થતું નથી. આપે માત્ર અવલોકવાનું કહ્યું ને મેં જરા આગળ જઇને બતાવવાનું કર્યું. એમાં આપની રજા વગર કર્યું એ ભૂલ આપ કાઢતા હો તો ભલે. પણ મને તો લાગ્યું કે વેઠીયા જેમ જોવાનું કહ્યું એટલે જોયા જ કરીએ તો તેની જ ઉલટી આપ ભૂલ કાઢશો."

અધ્યાપકઃ "ના ભાઇ, હું તો એ જ માગું; એમાં વેઠિયાપણું નથી પણ નિષ્ક્રિયતાની તાલીમ છે. એક વાર કાંઇક કરી નાખવું એ સહેલું છે પણ સિપાઇ જેમ હુકમ ન મળે ત્યાં સુધી નીમેલી જગ્યા ઉપર ઉભા જ રહેવું ને કાંઇ કરવું જ નહિ એ વધારે અઘરું છે. એની તાલીમની જરૂર છે."

વિદ્યાર્થીઃ "હા, તાલીમની દૃષ્ટિએ હું આપનું કહેવું સ્વીકારું, પણ પદ્ધતિની કે માનસશાસ્ત્રની દૃષ્ટિએ મારી ભૂલ તો નથી જ ને?"

અધ્યાપકઃ "બેઉ દૃષ્ટિએ છે. તમારે શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક દૃષ્ટિ મેળવવી હોય તો પ્રથમ તો અવલોનની જ દૃષ્ટિ મેળવવી પડે. જે જોઇ શકતો નથી તે જાણી શકતો નથી. બધી વૈજ્ઞાનિક શોધો

અવલોકન–શાસ્ત્રીય અવલોકનને આભારી છે. ને બીજાં વિજ્ઞાનો પરત્વે એ જેટલું સાચું છે તેટલું જ માનસશાસ્ત્ર પરત્વે પણ છે.”

વિદ્યાર્થી: “એ પણ કબુલ કે મારે અવલોકન કરવું જોઇતું હતું ત્યાં મેં શિક્ષકનું કામ કર્યું એ ભૂલ ગણાય. પણ મારા બતાવવામાં સ્વતઃ તો ભૂલ ન જ હતી ને!”

અધ્યાપક: “અવલોકનની ખામી ને માહિતીની ખામીને લીધે તમે ભયંકર ભૂલ કરી બેઠા હતા ને તેથી જ તમને મેં ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું હતું. જે બાબતો તમારા અવલોકનથી તમારી નજરે આવે એમ મેં ઇચ્છેલું તે હવે તમને હું જ કહી દઉં.

“જેલાં બેન આજ છ મહિનાથી મારા અવલોકન નીચે છે. જેને પછાત (backward) બાળક કહીએ એ બનતું એ છે. એનાં કારણો પણ મને હાથ આવ્યાં છે: એની મા મરી ગઇ છે, મોસાળમાં ઉછરે છે ને એવું બધું છે. હવે આજ છ મહિનામાં પ્રથમ જ એ બેન શાંતિથી ને એકાગ્રતાથી કામે લાગી હતી. જોડા ગોઠવવા ગઇ તે પહેલાં તો તમે જોયું હશે કે તે કોઇની માટી ઝુંટવી લઇને નાસી ગઇ હતી તે એમ જ કરતી હતી. કોઇને ચોંટીયા ભરવા, નાનાના હાથમાં કાંઇ હોય તો આંચકીને ભાગી જવું વગેરે. એના ચહેરા ઉપર પણ ચોરટાપણું અથવા હું એને બીકણપણું કહું તે છે. તે આપણી સામે જુએ એટલે કમણાં એને મારશું કે વઢશું એમ માનીને બ્હીતી છતાં સામે થતી હોય એમ જુએ છે.

“મને લાગ્યું કે એને પ્રેમની જરૂર છે. મેં તો એને માત્ર વ્હાલથી બોલાવવી, થોડા ખબર અંતર પૂછવા એ જ ઉપચારમાં રાખેલી. પહેલાં તો એ ઓરડામાં આવે જ નહિ. એટલું જ નહિ પણ ઓરડા પાસેની ઓશરીમાં પણ જાહેર રીતે ન આવે. કોઈ ન દેખતું હોય ત્યારે આવીને કાંઇક ઝુંટવીને કોઈને મારીને ભાગી જાય. એમાં હમણાં પાંચ છ દિવસથી જ એ હાજરીને વખતે અંદર આવીને બેસવા લાગી ને કામમાં તલ્લીન તે આજે પહેલવહેલી જ થઇ. તમે કહેતા હતા ને કે નાજુક કેમ? કાંઇ તે માંદી છે? હા. માંદી જ તો. મહા મુશ્કેલીએ તે આપણા તરફ અભિમુખ થતી હોય, કામ તરફ અભિમુખ થતી હોય એમાં તમે અણસમજણથી કાંઇ કરી બેસો ને ભાગી જાય તો ફરીથી એ અભિમુખતા આવતાં દિવસો જાય. એવાં બાળકો તો અત્યંત નાજુક (over sensitive) હોય છે. આ વાત થઈ માનસશાસ્ત્રની દૃષ્ટિએ.

“પણ શીખવાની દૃષ્ટિએ પણ તમે બતાવો ને એ જોડીમાં જોડા ગોઠવે એના કરતાં એનું પોતાનું ધ્યાન એ વિજોડતા તરફ ક્યારે જાય છે તે તમારે જોવું જોઇએ. જોડાની ભીંત પાસે સરખી હાર કરવી એ વસ્તુ જ એને માટે એક મોટો બૌદ્ધિક વ્યાપાર હતો. એમાંથી એ પસાર થયા પછી જોડી તરફ એનું ધ્યાન જરૂર જાત શિક્ષણ એટલે શું માનો છો? અણઘડતામાંથી સુઘડતા મેળવવી એ શિક્ષણ. જોડા આમ તેમ ઢગલામાં પડ્યા હોય માંથી એક હાર કરવાનું તેને સૂઝ્યું એ જ સુઘડતા તે તરફ જવાનું મોટું પગલું તેની બુદ્ધિએ ભર્યું

વિદેશી મોન્ટીસોરી

મોન્ટીસોરી પદ્ધતિ વિદેશી છે માટે ત્યાજ્ય છે કે નહિ? અને આવા કેટલાયે પ્રશ્નોનો ઉકેલ જેને લાવવાની જીજ્ઞાસા હોય તેઓ અવશ્ય મગાવે ને વાંચે ‘મોન્ટીસોરી નિબંધ સંગ્રહ’ કિં. રૂ. ૧–૦–૦ ટપાલ સાથે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃ ભાવનગર

હતું. એ કલ્પનામાં આવેલી વસ્તુ તે ક્રિયામાં મૂકીને તે ક્રિયાની પૂર્ણતાએ જવા મથતી હતી. એટલામાં તમે તેને બીજું જ કાંઈ બતાવો તો તંદુરસ્ત બાળક પણ મુંઝાય. એથી આના માનસ-ઇતિહાસની મને ખબર હોવાથી તમને ત્યાંથી ઝટ નાસી જવાનું જ મારે કહેવું પડ્યું."

વિદ્યાર્થી: "ઓહો, એક નાની વાતમાં તો ઘણું નીકળ્યું. આપનું કહેવું બરાબર તો નથી સમજ્યું, પણ એટલી ખાત્રી થઇ કે અવલોકનમાં ઘણું છે. તેમ જ આપ આને માનસશાસ્ત્રની પ્રયોગશાળા કહો છો તે પણ વધારે પડતું નથી પણ સાચે જ પ્રયોગશાળા છે."

અધ્યાપક: "જરૂર. રસાયનની પ્રયોગશાળામાં તમે વગર વિચારે અડો ને એકાદ ભડકો કે સ્ફોટ થઈ જાય તો તે સ્થૂળ નુકશાન હોવાથી તમે જાણી શકો છો. અહીં પણ તેટલાં જ ભયંકર પરિણામો આવે છે એ સમજવું સૂક્ષ્મ હોવાથી વધારે અઘરું છે. બાલમાનસના અવલોકન ને સારા પરિચય પછી જ તેની ખબર પડે છે. તમને બોલવાની ચોકખી ના છે તેનું મહત્ત્વ તમે જાણતા નથી. તમને તો નકામી સખ્તાઇ લાગે છે, પણ એ નકામું નથી. એક નવા વિદ્યાર્થીએ અહીં ગણિતની એક બાબ-તમાં બાળકને કાંઇ કહેલું ને તે બાળક આજે બે વરસથી ગણિતનો વિષય જ ત્યજીને બેઠું છે. બીજા એકે એક બાળક બાલિકાને તેનાં વખાણની કવિતા કરી આપેલી તેનું દુષ્પરિણામ તો કોણ જાણે કેટલું ઉંડું હશે. કોઈ તોફાની કહે, કોઇ હુશિયાર કહે; કાંઇ ને કાંઇ બાળકને વગર વિચાર્યે કહી દેવાની આપણી ટેવ હોય છે. અહીં વાણીનો સંયમ એ તો પદ્ધતિના શિક્ષણની અંગભૂત વસ્તુ છે એટલે ના પાડીએ છીએ."

વિદ્યાર્થી: "સાચું. સાવ જુદા જ વાતાવ-રણમાંથી આવીએ ત્યારે આ બધું ક્યાંથી જાણીએ?"

કેવા બાતાથી શિક્ષકો શોભે

જે બાતું માને કે શિક્ષકોથી પોતે છે; પોતાથી શિક્ષકો નથી તેવાથી.

જે બાતું શિક્ષકોની ઉન્નતિની સદા ચિંતા કરે તેવાથી.

જે બાતું પોતાના શિક્ષકોને પૂરતો પગાર આપી તેમને ઉત્સાહ આપે તેવાથી.

જે બાતું પોતાના શિક્ષકોનાં જ્ઞાનસમૃદ્ધિ વધે તે માટે જ્ઞાન મેળવવાની પૂરતી તક અને કુરસદ આપે તેવાથી.

જે બાતું નકામાં દફ્તરો રખાવી શિક્ષ-કોનો કિંમતી વખત ન લઇ લે તેવાથી.

જે બાતું પોલિસબાતાને લાયક હોય એવા શિક્ષકોની ભરતી ન કરે તેવાથી.

જે બાતું શિક્ષકોને પોતાનું ધન સમજી તેના બળ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ યોજે તેવાથી.

જે બાતું શિક્ષકોમાં વિશ્વાસ મૂકી તેમનો સહકાર માગે તેવાથી.

જે બાતું અમલનો દોર કોરે મૂકી નીચે ઉતરી શિક્ષકને માથે આપે તેવાથી.

પત્રલેખન

આપણે ત્યાં પત્રલેખનની કળા હજી અણવિકસી છે. આપણે ત્યારે બીજા દેશના વેપારીઓ, મુત્સદ્દીઓ, કેળવણીકારો, મિત્રો વગેરેના પત્રો વાંચીએ છીએ ત્યારે આ બાબતની ખબર પડે છે. આપણી શાળાઓમાં પત્રલેખનનો વિષય છે ખરો, પણ તેમાં માત્ર મોટે ભાગે જૂની વેપારી રીતના કાગળો લખતી વખતે મથાળું કેમ બંધાય અને અંતે કેમ લખાય તે જ શીખવાય છે. થોડાએક પત્રોના નમુના ગોખાઇ જવામાં પત્રલેખન આવી જાય છે. પરીક્ષા વખતે કે અમસ્તું દરેક બાળકનું પહેલેથી તે છેડે સુધી એક જ ઢબનું લખાણ દેખાય છે. આ ગોખેલું ભણતર પાછળથી ભૂલાઇ જવાય છે અને મોટે ભાગે ઠેકાણા વિનાના પત્રો લખેલા જોવામાં આવે છે.

જ્યારથી બીજા દેશોના પત્રો આપણી જાણમાં આવ્યાં છે ત્યારથી શાળામાં નહિ પણ વ્યવહારમાં પત્રલેખન સારૂં થતું જાય છે. અંગ્રેજી પત્રોમાંથી આપણે ઘણું ઉપાડી લેવા લાગ્યા છીએ અને તેથી પત્રનાં મથાળાં અને અંત ઉચિતતા પ્રમાણે વિવિધ થતાં જાય છે. જરૂરની ઢબનાં લાંબાં મથાળાં નવા લેખકોમાં કયાંય નથી જડતાં. કંકોત્રી કે મેલામાં હજી જૂની પત્રલેખન શૈલી ચાલે છે ને વેપારીઓએ પણ જરૂરની રીત સાચવી છે.

જેમ મથાળામાં આપણા પત્રલેખનમાં ફેરફાર થયો તેમ જ લખવાની શૈલીમાં પણ થયો છે. પ્રત્યેક પત્રલેખક પ્રણાલિને અનુસરતો નથી, માત્ર હકીકતને લખી જતો નથી; પોતાની વિશિષ્ટ લેખનશૈલીથી પોતાના વિચારો લખે છે. આથી પત્ર વાંચવાનો આનંદ વધે છે. પત્રલેખન વ્યવહારનું એટલે ઉપયોગી સાધન થવા ઉપરાંત કલાની કૃતિ પણ થતું જાય છે.

ભાષાજ્ઞાન અને ભાષારસિકતા જેમ જેમ વધતી જાય છે તેમ તેનું પ્રતિબિમ્બ પત્રોમાં પડે છે. વાંચવી ગમે તેવી સાદી, છટાદાર અને જોરદાર ભાષામાં પત્રો લખાતા જાય છે. પત્રોમાં પણ શબ્દોને કાળજીપૂર્વક વાપરનારાઓ પોતાના પત્રોને શક્તિવાળા બનાવે છે.

કેટલાએક મિત્રો પોતાની પત્રલેખન શક્તિનો પત્રો લખી લખી બાસ વિકાસ કરે છે; કેટલાએક જેમ વાર્તા રૂપે લેખ લખે છે તેમ પત્રાવલિ રૂપે પણ લેખ લખે છે.

વળી પત્રલેખનમાં તેની બહારની બાજુ પણ ધ્યાનમાં આવતી જાય છે. ગમે તેવો કાગળ, ગમે તેવી શાહી, ગમે તેવી રીતે મથાળેથી તે છેડે સુધી લખેલું લખાણ એ જતું જાય છે ને તેને બદલે કાગળની, રંગની, કદની, શાહીની, ટાંકણી વગેરેની પસંદગી બદલાતી વધતી અને સુધરતી જાય છે. તારીખ કયાં લખવી ને શરનામું કેમ લખવું એમાં જાતજાતના નમુના ઉમેરાતા જાય છે. શ્રી. બચુભાઇ રાવત અને ભાઇ અનન્ત પંડ્યા ને એવા ઘણા રસિક કલાપ્રિય જનો અક્ષરોના મરોડ અને જગ્યાની ગોઠવણમાં ખૂબ બીલવટ કરે છે.

પરિણામે જેઓ સાહિત્યરસિક છે, જરા વિશાળ દુનિયાના પત્રલેખન સાથે પરિચિત

છે તેઓએ પત્રલેખનની કળા ખીલવવા માંડ છે; અને આપણને વખતે વખતે ટપાલીન હાથમાંથી પોતાના હાથમાં ઝટ લેતાં મન થાય ને એક જાતના આનંદના અનુભવ સાથે સરનામાથી માંડી અંદરના કાગળના છેલ્લા અક્ષર સુધી વારે વારે વાંચી જવાનું ગમે તેવા પત્રો પણ હવે મેળવી શકીએ છીએ.

પણ આવી જાતના પત્રલેખનનું વતુંળ સાવ ટૂંકું છે. અંગ્રેજી ભણેલા, સાહિત્ય-રસિકો ને કલાપ્રિય જનો આ કળા ખીલવી રહ્યા છે. લોકોનો મોટો ભાગ હજી ધૂડીયા જેવા પત્રો લખે છે. વંચાવા આવે તો કોઇ વાર કંટાળાથી વાંચવાનું ગમે તેવા પત્રો ચાલે છે, કારણ હજી નવા પત્રલેખનને શાળામાં સ્થાન અપાયું નથી. શાળામાં હજી જૂની પુરાણી રીત ચાલે છે, અને તેમાં પણ કશું ધ્યાન અપાતું નથી. એક નકામા વિષય જેવો એ વિષય આજે થઇ પડ્યો છે.

શાળામાં પત્રલેખનનો વિષય નવેસરથી દાખલ કરવો જોઇએ; તેમ જ તેને ભાષા, વસ્તુ અને કલા એ ત્રણે દૃષ્ટિથી રજુ કરવો જોઇએ.

ભાષાનો વિષય ભાષાશિક્ષણ સાથે સંકળાએલો છે અને રહે. છતાં પત્રલેખનની ભાષા એ નિબંધની ભાષા નથી તેમજ પુસ્તકની ભાષા પણ નથી. એ ભાષણની ભાષા પણ નથી. પાસેથી દૂર ગએલા માણસ સાથે વાત કરવા માટે પત્ર છે અને છતાં તે ટેલીફોન જેવો નથી. અર્થાત પત્રની ભાષા મુખની જોઇએ ને છતાં તે લખાણમાં શોભે તેવી જોઇએ. પત્રમાં ભાષા એવી રીતે દેખાવી જોઇએ કે જાણે વાંચનારને સ્થળનું અંતર સાલે નહિ. પછી ભલે શૈલી વર્ણનાત્મક હોય, સંવાદાત્મક હોય, ચર્ચાત્મક હોય કે વ્યાખ્યાનાત્મક હોય.

પત્રનું વસ્તુ તો તે જ છે કે જે લખનારનું કથિતવ્ય છે. વસ્તુ પરત્વે કશો નિયમ ન હોય. પણ વસ્તુ સ્વાભાવિક જોઇએ, અંતરમાંથી ઉપજતું જોઇએ; લખવા ખાતર લખેલું ન જોઇએ. અર્થાત વસ્તુ સર્જનરૂપ હોવું જોઇએ. પત્રવ્યવહારનો ઉદ્દેશ માણસજાત પરસ્પર દૂર છતાં પાસે આવે ને તેમ થતાં એક બીજાને વધારે ને વધારે સમજે એ મુખ્ય હોઇ શકે. આથી પત્ર કૃત્રિમ નજ હોઇ શકે. પત્ર ધંધાનો હોય કે પ્રેમનો પણ તે ખરા જીગરનો જોઇએ. આ વસ્તુવિચાર તરફ ભણનારાઓનું ધ્યાન જવું જોઇએ.

પત્રલેખનમા કળા સચવાય માટે સુંદર અક્ષરોનું શિક્ષણ પ્રથમ છે. છાપેલ જેવા અક્ષરો જ સુંદર ગણાય છે એમ નહિ. અક્ષરો મરોડદાર, ચોકખા, એકધારા, સ્પષ્ટ અને આંખે ઉઠે એ સુંદર છે. શબ્દો છૂટા પાડીને લખવું અને યોગ્ય પારાઓ પાડવા એ સુલેખનમાં આવી જવું જોઇએ. પારાઓનું શાસ્ત્ર ખીલવવાની વધારે જરૂર છે. વાચન ઝડપથી થવું જોઇએ. દરેક વિચાર ચોકખે ચોકખો સ્પષ્ટપણે વાંચનાર આગળ દેખાવો જોઇએ. પારા પાડવાની કળાથી આ વિભાગ સારો થાય છે. વિચારે વિચારે પારા જરૂરના છે. જેટલા પારા વધારે તેટલું વાચન સરલ અને ત્વરિત બને છે.

કાગળની ચોકખાઈ, કવર અને કાગળની સાઇઝનો મેળ, બીડવાની ખુબી, સુઘડ શરનામું, એ બધું પત્રલેખન સાથે ખીલવવું જોઇએ ને શાળામાં ભણાવવું જોઇએ.

હવે : આ બધું કરવા માટે પ્રથમ તો ઉત્તમ પત્રલેખનના નમુનાઓવાળી પત્રલેખન-પોથીઓ-ચોપડીઓ બાળકો આગળ ઈતર વાચન રૂપે આવવી જોઇએ. આવી ચોપડીઓ આપણે ત્યાં તૈયાર નથી તો શિક્ષકો પોતાની શાળા પૂરતી તે હાથે લખીને તૈયાર કરી શકે છે. આ નમુના પોથીમાં વિવિધ પત્રો હોય ને તે સુંદર શૈલીથી લખાએલા હોય.

મોટા નાના માણસોના સાચે સાચા સુંદર પત્રોના સંગ્રહો છપાએલા ન મળે ત્યાં સુધી તેને પણ શિક્ષક સંગ્રહે અને બાળકો માટે વાંચવા મૂકે.

આવું ઈતર વાચન પત્રલેખન માટે સારી તૈયારી રૂપ થશે.

બીજુ વર્ગમાં પાટીમાં પત્રો લખાવવા કરતાં બાળકો એક બીજા પર સાચે સાચા પત્રો લખે ને એક બીજાને વંચાવે તેવી પ્રેરણા કરવી. શિક્ષક પોતે પણ રોજ એક બે પત્રો જૂદા જૂદા બાળક પર લખે.

એવું પણ બની શકે કે દરેક બાળક કોઇ ને કોઇના પર રોજ એક પત્ર લખે અને શાળામાં જ રાખેલી એકાદ પેટીમાં નાખે ને એકાદ છોકરો સાંજે પેટી બાલી કરી ટપાલી જેમ વહેંચે. આથી પત્ર લખવાનો અને વાંચવાનો સાચો અનુભવ થશે.

શરનામાં કેમ કરવાં વગેરે સુધડતા માટે શાળામાં નમુના રૂપે પોસ્ટકાર્ડો અને કવરો રાખવાં. કોઈના સારા નમુનાનો પણ સંગ્રહ રાખવો. છોકરાઓ તે જુએ અને તે ઉપરથી પોતાનાં કવરો, કાર્ડો વગેરે ઉપર શરનામાં કરે.

અંદર શું લખવું તે બાબતમાં બાળકોને છૂટાં મૂકવાં. એમને ઠીક લાગે તે લખવા દઇએ. તેઓ પોતાના પત્રોમાં પોતાની વાતો, નાની વાતો, પોતાના દૃષ્ટિબિન્દુએ લખે તે જ સારો પત્રવ્યવહાર છે; તે સાચું પત્રસાહિત્ય છે; તેમાંથી જ તેઓ સાચા પત્રલેખકો થશે. ગિ.

વસંત વ્યાખ્યાનમાળા

(શ્રીમતી તારાબેનનો પ્રવાસ)

વસંત વ્યાખ્યાનમાળાને અંગે ગઇ રજાઓના દિવસોમાં શ્રીમતી તારાબેને કાઠિયાવાડનાં * થોડાંએક ગામોમાં ફરી માબાપો અને શિક્ષકો સમક્ષ વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઉપરાંત તેમની સામે શિક્ષણ વિષયક ચર્ચાઓ પણ કરી હતી. માતાઓના વ્યાખ્યાનોના વિષયોમાં મુખ્યતઃ "બાલમંદિર એટલે શું?" "બહેનોનો બાળક પ્રત્યે ધર્મ" "માતૃત્વની મહત્તા" "માતા શું કરી શકે છે?" એ હતા. આ રીતે આપણી કાઠિયાવાડી બહેનોને તારાબેને સાદી ભાષામાં પોતાનાં બાળકો પ્રત્યેની જવાબદારીનું ભાન કરાવ્યું હતું. સામેથી એનો પણ કાંઈક કાંઈક નવો પ્રકાશ ઝીલતી દેખાતી હતી. બાળકોને આજ દિવસ સુધી સમજ્યાં નહિ એ વાત સાચી જ છે એવી તેમના હૃદયમાં ખાત્રી થતી હતી. ચોરવાડમાં આપેલ એક ભાષણનું અવતરણ અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે.

શહેરના સદ્‌ગૃહસ્થો સમક્ષ તેમનાં ભાષ-

* ચોરવાડ, માંગરોળ, વેરાવળ, ધોરાજી, ઉપલેટા, ગોંડળ તથા આજુબાજુનાં ગામો અને પોરબંદર.

ણેામાં મુખ્ય વિષય દરેક ગામમાં ક્રીડાંગણેા કાઢવાની જરૂર છે એ હતેા. નાનાં બાળકેા શેરીમાં રખડે અને ઘરમાં હડધૂત થાય તે અસહ્ય સ્થિતિ છે. એ સ્થિતિ દૂર કરવાનેા ઉપાય ક્રીડાંગણેા છે. આ ક્રીડાંગણેાની યેાજના શ્રીમતી તારાબેને લેાકેા પાસે મૂકી હતી. ચેારવાડ વગેરે સ્થળેાના લેાકેા પેાતાને ત્યાં ક્રીડાંગણેા કાઢવાના વિચાર પર પણ આવ્યા છે.

મેાન્ટીસેારી પદ્ધતિએ બાલશિક્ષણનેા પ્રચાર કરનાર સામે સ્વાભાવિક રીતે જ મેાન્ટીસેારી પદ્ધતિ 'પરદેશી છે,' 'ખર્ચાળ છે,' વગેરે પ્રકારના પ્રશ્નો આવે છે, તેમ જ શ્રીમતી તારાબેન સામે પણ આવી પડતા હતા, અને સુંદર ચર્ચા અને ઉહાપેાહનેા વિષય થતા હતા.

દરેક વસ્તુ જે અજાણી છે કે અધૂરી જાણેલી છે તે સંબન્ધે ઘણા પ્રશ્નેા ઉપજે છે. એવા બીજા બે પ્રશ્નેા સ્વાતંત્ર્યના, અને નિયમનના પણ તારાબેન સમક્ષ આવતા. લેાકેા સમક્ષ બાલમંદિરનેા ચિતાર આપી એક નાનાં બાળકેાની શાળા આ પદ્ધતિએ કેટલી નિયમન ભરેલી છતાં સ્વતંત્રતા આપનારી છે તેની તેઓ ઝાંખી કરાવતાં હતાં.

શિક્ષકેાને ઉદ્દેશીને કહેલું છે ત્યા ત્યાં તેને પ્રેરણા મળે તે જાતનું બેાલ્યાં છે. આપણા શિક્ષકેા આજે નિરુત્સાહ અને ઉદ્દેશ રહિત થઇ ગએલા છે. પેાતાનામાં અને ધંધામાં વિશ્વાસ વિનાના થઇ બેઠા છે. તેમને તેમણે ઉત્સાહિત કર્યા હતા. તેમનું કહેવું એમ હતું કે આપણી સાચી કિંમત આપણામાં છે. આપણી જવાબદારી અને ગંભીરતા હશે તેા રાજ્યે અને અધિકારીઓએ આપણને અનુકૂળ થયે જ છૂટકેા છે. આપણામાં પેાતાનામાં જે શક્તિ હેાય તેા આપણે ઘણું કરી શકીએ છીએ.

અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રીમતી તારાબેનનેં સર્વ સ્થળે આદર અને આવકાર મળ્યાં હતાં. શિક્ષણ ઉપર કહેનારને આજે આ સ્થાન મળવા લાગ્યું છે તે જાણી કેાને હર્ષ નહિ થાય? પેારબંદર ને ગેાંડળ રાજ્યે જે સગવડ આપી તે માટે તેમના ઉપકાર માનીએ છીએ. ભાઇ ચંદુલાલ બેચરલાલ પટેલનેા તેા ખાસ આભાર માનવાનું મન થાય છે. તેમણે જાતે જ વ્યાખ્યાતા સાથે ફરી શિક્ષકેા અને શહેરીઓને એકઠા કર્યા હતા; અને ગેાંડળ રાજ્યના આજુબાજુની નિશાળના શિક્ષકેાને એકઠા કરી ઘેારાજીમાં નાનું એવું સંમેલન કર્યું હતું.

આ ઉપરાંત જુદાજુદા સ્થળના સેા ઉત્સાહી ભાઇઓએ ઉક્ત વ્યાખ્યાનમાળામાં કરેલી જુદી જુદી સહાયને માટે અમે તેમનાં ઋણી છીએ.

'વસંત વ્યાખ્યાનમાળા'ની આ શરૂઆત માત્ર છે. વળી રજાઓમાં ફરી જૂદે જૂદે સ્થળે વ્યાખ્યાનમાળા શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાને માટે આપણે જેના ઋણી છીએ તેનું નામ જાણીએ. એ ભાઈ હીરાલાલ અમૃતલાલ શેઠ (ભાવનગરના) છે કે જેમણે બાલશિક્ષણના વિચારેા વ્યાખ્યાનેા અને પુસ્તકેા દ્વારા ફેલાવવા માટે રૂ. ૫૦૦૦) જેટલી રકમ શ્રીદક્ષિણામૂર્તિને સેાંપેલી છે. આવા શિક્ષણપ્રેમી શ્રીમન્તેાને અન્તરથી ધન્યવાદ આપ્યા વિના રહી શકાતું નથી.

અમે ઇચ્છીએ છીએ કે વસંત વ્યાખ્યાનમાળાનું કાર્ય ખૂબ વધેા અને આપણી જનતાનું બાલશિક્ષણ અને બાળઉછેર વિષેનું અજ્ઞાન દિન પ્રતિદિન ઘટતું જાએ.

પરાણે મોકલવુ

આપણા જાણવામાં છે ખરૂં કે જ્યારે શાળાએ જાત અને તે કેવું સુંદર કામે લાગત? બાળક ધક્કાધુંબા ખાઇને શાળાએ જાય છે બાળકને શાળાએ મોકલવું એ વાત મહત્ત્વની ત્યારે તેનો તે દિવસ નકામો જાય છે? તે નથી. બાળકને ભણવા મોકલવું એ વાત પણ દિવસે તે ભણવામાં લક્ષ નથી આપતું. તે દિવસ તેનો ગમગીનીમાં જાય છે. તે દિવસ તે મોકલનારની સામે મનમાં ને મનમાં લડ્યા કરતું હોય છે; તે તેની સામે બંડ કરી રહ્યું હોય છે; તે શાળા અને શિક્ષકની સામે કડકાઇથી વારે વારે જોતું હોય છે. લાગ આવે તો બીજાં બાળકને મારી પણ દે. ભણવામાં ચિત્ત ન હોય એટલે ભણતા બાળકને ભણવા ન દે અને કનડે. જેના તેના પર કાંકરી નાખે અને જેનાં તેનાં બડપલાં કરે.

આને બદલે આપણે એને પરાણે ભણવા ન ધક્કેલતા હોત તો? નિશાળે ન જવાનું કારણ શોધી કાઢી તે દૂર કરવાની તક લીધી હોત તો? તે કારણ દૂર થતાં બાળક પોતાની મેળે મહત્ત્વની નથી. બાળક શાળાએ રાજી થઇને જાય અને ત્યાં પોતાની હોંશથી ભણે એ મહત્ત્વનું છે. ધક્કેલીને બાળકને શાળામાં મોકલવાનો વખત આવે ત્યારે ઉભાં રહો; તેને મોકલો નહિ પણ કારણ શોધો. વખતે બાળક માંદું હશે; માંદું પડવાની અણી પર હશે; વખતે મન અસ્વસ્થ હશે; વખતે ઘરમાં તેને આકર્ષી રાખે તેવું કંઇક બનવાનું હશે કે બનતું હશે; વખતે શાળા તેને કડવી લાગી હશે; વખતે પાઠ ભારે પડવાથી નહિ થયા હોય; વખતે શિક્ષકનો ભય લાગ્યો હશે. વખતે કોઇ નિશાળીયાએ માર્યું હશે.

પરાણે મોકલતા પહેલાં આ બાબતો વિચારી જોઇએ તો?

ગિ.

જ્ઞાનની પરબો

કાઠિયાવાડમાં પરબોનો રિવાજ જૂનો છે. આગળ પાણીની પરબો બહુ બંધાતી. આજે પણ બંધાય છે. તરસ્યા વટેમાર્ગુને સ્થળે સ્થળે ખરે ઉનાળે પણ પાણી મળે છે. ધનિકો પરબો બાંધવાનો પોતાનો ધર્મ સમજે છે. પરબો અને એવાં જનહિતાર્થનાં કામો કરી ધનની સાર્થકતા કરે છે.

આ જૂના રિવાજને નવો ઓપ ચડતો જાય છે. હમણાં કાઠિયાવાડમાં જ્ઞાનની પરબો બંધાવા લાગી છે. આ જ્ઞાનની પરબો એટલે કાઠિયાવાડનાં 'જ્ઞાનવર્ધક વાચનાલયો.' કાઠિયાવાડના ગામે ગામે આ પરબો બાંધી દેવાનો જેમ એમના મંત્રીઓ શેઠ હરખચંદ મોતીચંદ અને શ્રી. ગોકળદાસ રાયચુરાનો છે. જ્ઞાન પરબમાં તેઓ લોકભોગ્ય અને હિતકારી વાચનનું જળ પાય છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે અ.પણી પત્રિકાને પણ જ્ઞાન પરબોમાં ઉક્ત ભાઇઓએ માગી લીધી છે. અમે તેમનો અન્તઃકરણથી આભાર માની જ્ઞાનની પરબોને સફળતા ઇચ્છીએ છીએ.

મોન્ટીસોરી સંઘના સભ્યો

(શિક્ષણ પત્રિકાના ત્રીજા વર્ષને અંતે આહકો)

૩૦૬૪ કુલ સભ્યો

૧૦૧૪ ગુજરાતમાં
૧૮૦ કચ્છમાં
૧૦૨૩ કાઠિયાવાડમાં
૧૩૪ સિંધમાં

મોટાં શહેરો

૫૦૧ મુંબઇ

૪૦ કલકત્તા
૨૨ પૂના
૫૫ સુરત
૧૩૦ કરાંચી
૧૫ ગોન્દીયા
૯ મદ્રાસ
૨૦૯ અમદાવાદ
૭૧ વડોદરા
૩ નાગપુર
૧ બનારસ

જુદા જુદા પ્રાંતોમાં સભ્યો

૩ પંજાબ
૧ સીલોન
૫ રાજપૂતાના
૨ સંયુક્ત પ્રાંતો
૯૦ બ્રહ્મદેશ
૧ દિલ્હી

દેશી રાજ્યો

૪૦ વડોદરા
૨૫ ભાવનગર
૨૫ રાજકોટ
૧૫ વાંકાનેર
૧૦ પાલીતાણા
૯ ઈડર
૬ જસદણ
૪૦ કચ્છ
૨૫ પોરબંદર
૧૫ વઢવાણ
૧૦ મોરબી
૧૦ ખંભાત
૬ વાંસદા
૫ જૂનાગઢ

પરદેશના સભ્યો

૩૪ આફ્રિકા
૭ યૂરોપ
૯ એડન

જીલ્લા

૬૦ અમદાવાદ
૩૦ સુરત
૨૫ ભરૂચ
૨૦ ખેડા

એજન્સીઓ

૧૧૬ વેસ્ટર્ન ઇન્ડીયન સ્ટેટસ એજન્સી
૩૪ બનારસ કાંઠા
૩૫ મહીકાંઠા

મ્યુનિસિપાલિટીઓ

૮ સુરત
૧૧ કરાંચી
૩ અંકલેશ્વર
૨૧ ભરૂચ
૧૦ જંબુસર
૩ ડીસા

ટ્રેનિંગ કોલેજો

૩ બોર્ટન ફ્રિમેલ ટ્રેનિંગ કોલેજ; રાજકોટ
૩ હંટર મેલ ટ્રેનિંગ ,, ,,
૨ પ્રે. રા. ટ્રે. ,, અમદાવાદ
૧ મેલ ટ્રેનિંગ કોલેજ; વડોદરા
૧ ફ્રિમેલ ટ્રેનિંગ કોલેજ; વડોદરા

કેળવણીની અન્ય સંસ્થાઓ

૧૫ વનિતાવિશ્રામ; મુંબઇ
૧૨ સેવાશ્રમો, આશ્રમો વગેરે.

કોલેજો

૧ શામળદાસ કોલેજ; ભાવનગર
૧ ગૂજરાત મહાવિદ્યાલય; અમદાવાદ

અન્ય

૪ પ્રોફેસરો
૮૯૭ શિક્ષકો
૨૬ મુસ્લીમ ગૃહસ્થો
૪૩ આજીવન સભ્યો
૮૨૫ શાળાઓ
૧૫૮ પુસ્તકાલયો
૨૬ પારસી ગૃહસ્થો
૨૬૮ બહેનો

૫૬૦ કુલે ગામો

દ.મૂ. મોન્ટીસોરી અધ્યાપનમંદિર

મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાં નીચે જણાવ્યા વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ એક વર્ષના અભ્યાસ માટે આવી પહોંચ્યાં છે. તા. ૧૫ મી જૂનથી વર્ગો શરૂ થયાં છે.

શ્રી. ઉમિયાશંકર; પાલણપુરથી રાજ્ય તરફથી
,, વસંત નાયક; સુરતથી પોતાનાથી
,, પુરુષોત્તમદાસ; અમદાવાદથી
બ્હેન મેરી સેમ્યુઅલ સોલંકી } અમદાવાદ મ્યૂનિસિપાલિટી તરફથી
,, મણિબેન }
,, ત્રિવેણીબેન રામજી; લીંબડી મૂ. જી. કન્યાશાળા તરફથી
,, કુમુદબેન પારેખ } ભાવનગરમાથી
કુમારી અનસુયાબેન ગોપાળજી } પોતાનાથી.

એક ઉદાર બેન

એક ઉદાર બેને ગરીબ અને પત્રિકા વાંચવાને ઉત્સુક એવા પચીસ ભાઈઓને 'પત્રિકા' મોકલવા રૂા. ૨૫) મોકલી આપ્યા છે. કેટલું સ્તુત્ય પગલું! ગરીબ લોકોને આ જાતની મદદ કેટલી આવકારદાયક છે? ગરીબને પણ જ્ઞાનની જરૂર છે. બાલશિક્ષણ અને બાળ ઉછેરની તેને પણ ફરજ છે. પણ ગરીબાઇ ઘણી વસ્તુઓની આડે આવે છે. ગરીબોને 'પત્રિકા' પહોંચાડવાના આ પહેલવહેલા જ પગલાને અમે હૃદયથી વધાવીએ છીએ. ગરીબના ધનિક બેલીઓ ગરીબોને ઘેર ઘેર પત્રિકાને પહોંચાડી દે તો ગરીબાઈના અંધકારમાં એક હુંફાળું સૂર્યકિરણ નાખશે. આપણા શ્રીમંત સંઘીઓ ગરીબોને પણ પોતાના સંઘમાં ભેળવશે અને ઉત્તમ આશીર્વાદ મેળવશે.

બીજો ક્રોધ જાગે તો

ત્રીજા વર્ષે એક ભાઇએ રૂ. ૨૫) મોકલી પચીસ અંત્યજશાળા અને ગરીબોને પત્રિકા પહોંચાડી હતી. આ વખતે એ ભાઇની મદદ આવી શકી નથી. અંત્યજશાળામાં જતી પત્રિકાને મૂકી શકશે. પત્રિકાઓ બંધ પડી છે. ક્રોધ જાગશે અને અંત્યજશાળામાંય ત્રિકાઓ મોકલશે? થોડી એવી મદદ અંત્યજ ભાઇઓના હાથમાં

ઘરમાં મોન્ટીસોરી : લેખક તારાબેન: કિંમત આઠ આના પોસ્ટેજ દોઢ આનો
દરેક માતાએ અવશ્ય જોવું પુસ્તક.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

આજનાં નાનાં બાળકોને આજનાં ગીતો સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવાં ગીતો રચશે.

આજનાં નાનાં બાળકોને આજની કથાઓ સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવી કથાઓ કથશે.

આજનાં નાનાં બાળકોને આજનો ઇતિહાસ સંભળાવો. આવતી કાલે એ જ બાળકો એવો જ ઇતિહાસ ઘડશે.

આજનાં નાનાં બાળકોને આજનાં સ્વાર્પણો સમજાવો. આવતી કાલે એ જ બાળકો એવાં સ્વાર્પણો કરશે.

કારણ કે આજનો નાનો બાળક આવતી કાલનો ધણી છે, આવતી કાલનો સરદાર છે.

તું સાંભળતી નથી

"બા, હું તને પીરસવા માટે ઝીણી ઝીણી ઘણી બાબતો કહું છું પણ તું સાંભળતી નથી ને પછી હું પૂરું બાધા વિના ઉઠી જાઉં છું." જમતાં જમતાં નાની લલી કંટાળા સાથે લાચારીથી બોલી.

નાની લલી સાત વર્ષની છે પણ તેની બુદ્ધિ તેજ છે. તે ઝીણી ઝીણી વાતો સમજે છે ને તેને ભાષા દ્વારા વ્યક્ત કરે છે.

નાની લલીને બીજાં ચાર ભાંડરડાં છે. ચાર ભાંડરડાં અને એક પિતા બધાં સાથે જમવા બેસે છે. બા સૌને જમાડે છે. બાના મનને એમ રહે છે કે ઉની ઉની બાખરી કરતી જાઉં અને સૌને બવરાવતી જાઉં; એમ પણ છે કે સૌ સાથે બેસે અને આખું ઘર વાતો કરતું જાય ને જમતું જાય એ સારું લાગે. પણ જમવાવાળાઓને ઘડીક આ જોઇએ ને ઘડીક તે જોઇએ; વારા ફરતી કંઇ ને કંઇ માગ્યા જ કરે. એકલી બા સૌને પહોંચી વળવા ધારણા રાખે પણ ગરમ બાખરી કરતા જવી ને પીરસતા જવું એ બન્ને ઝટ ઝટ ન જ થાય. આવા સંજોગોમાં નાની લલીએ ઉપલા શબ્દો કાઢ્યા.

જમવાના, વાતોના અને રસોઇના ધોંધાટમાં –અવાજમાં આ શબ્દો કોણ જાણે બીજાએ સાંભળ્યા હોય તો; પણ મેં એ સાંભળ્યા ને મારા મનમાં ભરાઇ ગયા.

હું વિચાર કરવા લાગ્યો: "આનું શું કરવું? સાચે જ લલી બા પાસેથી કંઇ ને કંઇ ઝીણું ઝીણું માગતી હોય છે પણ મોટાંઓની વાતોમાં કાં તો બાને કાંઇ સંભળાય નહિ ને કાં તો બાનું ધ્યાન જ બીજે હોય. બાને માફ કરી શકીએ પણ લલીની મુશ્કેલી દૂર કેમ થાય?"

એક વિચાર એમ આવે છે કે બાએ અગાઉથી બધું રાંધી રાખવું ને પછી બધાંને નિરાંતે પીરસવું. બા કહેશે: "પણ ગરમાગરમ રોટલી કે ભાખરીનું શું કરવું?" હું કહું કે કાં તો એટલી ચપળતા કેળવો કે બધે ધ્યાન આપી શકાય, અને કાં તો જરાક જરાક ઠંડું બાવાનું બવરાવવાનું પસંદ કરો. જમતી વખતે રસોઇ સારી અને ગરમાગરમનો પ્રશ્ન મહત્ત્વનો છે; તેથીએ વધારે મહત્ત્વનો પ્રશ્ન બાળકો તે રસોઇ ધરાઇને બાય, અર્થાત તેમને એવી સરસ રીતે પીરસવામાં આવે કે તેમને બાવાની તૃપ્તિ મળે. બાને ઘેર રસોયો હોય ને બા ગરમાગરમ પીરસવાની વ્યવસ્થા કરે તો ભલે ગરમ રસોઇ આપવાની તેની ઇચ્છાને પાર પાડવા દઇએ. (બગર જો કે બહુ ગરમ રસોઇ બાવા બવરાવવાની ટેવ દાંતને નુકશાનકારક છે ને તે વધાવવા જેવી નથી.) પરંતુ નહિતર તો બા ચૂલે ગરમ રાખી મૂકેલી રસોઇ સૌને હેતપ્રીતથી સૌની માગણી પ્રમાણે પીરસે એ જ સારું છે. એક વિચાર એવો આવે છે કે બાએ રસોઇ તૈયાર કરવી ને પછી બાએ પણ સાથે બેસવું ને સૌએ સાથે જમવું. નાનું એવું કુટુંબ હોય તો બા બેઠી બેઠી પીરસે અને બીજાં આજુબાજુ જમે. બાને પીરસવું ગમે છે કારણ કે તે બા છે, કારણ કે તે પોષણ બાપનારી છે. બાળકોને, જગતને પ્રથમ તે પોતાનામાંથી પોષણ બાપે છે. એ જ અન્નદાતા,

અન્નપૂર્ણા મા સીધી રીતે નહિ તો રાંધી પીરસીને આપણને પોષવાની વૃત્તિ તૃપ્ત કરે છે; એમાં તે પ્રસન્ન રહે છે; એમાં તે પળે પળે માતૃત્વની સંપૂર્ણતા કેળવે છે અને તેનો આનંદ અનુભવે છે.

જેમ ઘવરાવતાં ઘવરાવતાં બાળકે ઉપર ઉમળકો આવે છે ને ધાવણ અમૃત રૂપ થાય છે તેમ પીરસતાં પીરસતાં બાનું હૈયું કોળે છે અને તેના મનમાં આનંદના ઉમળકા આવે છે. એમ કહેવાય છે કે ભલે ટાઢો રોટલો ને મીઠું પણ બા ખવરાવતી હોય ને વાંસા ઉપર હાથ ફેરવતી જતી હોય તો છોકરાને શેર લોહી ચડે છે. ખવરાવતી વખતે બાળકોને પંપાળવાની–ચાટવાની કુદરતી ટેવ ઢોરોમાં પણ છે. બાનો પીરસવાનો ખવરાવવાનો હકક બા પાસેથી દુરાગ્રહથી છોડાવવો ઠીક નથી. બાની જગા રસોયો લઇ લે ને બા માત્ર એક જમનારી શેઠાણી થઇ બેસે એવું બાને ગમે તો બાનું આપણું ઓછું થાય છે કે નહિ તે વિચારવા જેવું છે. છતાં તે પ્રશ્નનો વિચાર બાને જ સોંપીએ. એમ જ બા માત્ર ભઠીયારી બની જાય અને બાળકો માત્ર જમનારાં થઇ પડે એ પણ સારૂં નથી. એ બરાબર જ છે. રસોઇ રસોયો કરી શકે પરંતુ બાનો પીરસવાનો ખવરાવવાનો હકક કાયમ રહેવો જોઇએ.

એવું પણ જોવામાં આવે છે કે બા રસોઇ કરતી નથી; અગર કરે છે તો જમતા પહેલાં જમવાને વખતે બા એક મધ્યસ્થ વ્યક્તિ જેમ બિરાજે છે ને પોતાની પાસે તમામ વાનીઓ રાખી પોતે પીરસતી જાય છે ને જમતી જાય છે. સાથે જમવાના આનંદને તે ગરમાગરમ રોટલી ઉતારીને આપી દેવા કરતાં વધારે ગણે છે, અને સાચે જ તેમ છે. બા સાથે જમે, જમતી જમતી હેતથી પીરસતી જાય, નવી નવી વાતો કરતી જાય, હસાવતી જાય એ ચિત્ર પ્રિય લાગે છે. ઘણી સંસ્કારી માતાઓ એ ઢબે બાળકોને જમાડે છે. બા દેખરેખ રાખી રસોઇ કરાવે ને પછી જમતી વખતે અન્નપૂર્ણા થઇને બેસે એ ખોટું નથી પણ સારૂં છે. તો બા પોતાનાં બાળકોને વધારે જીવન્ત અને પ્રેરક લાગશે.

શ્રીદક્ષિણામૂર્તિ અક્ષરજ્ઞાન યોજનાને મરાઠી ભાષામાં મૂકવાની તૈયારીઓ થઇ રહી છે.

કેટલાંક મોટાં કુટુંબોમાં બાને બીજી ઘણી પ્રવૃત્તિઓ હોય ત્યાં રસોઇ રસોયો કરે છે. ભલે તેમ થતું હોય. બા, બાપા, બાળકો સૌ સાથે બેસે છે અને સાથે વાર્તાલાપ કરતાં કરતાં જમે છે; બાપા કરતાં બાની નજર બાળકોના થાળ પર વારે વારે દોડે છે. પ્રેમભરી દૃષ્ટિથી તે બાળકને પીરસવાનું કે જમવાનું કહ્યા કરે છે. અને જ્યાં રસોયા કુશળ, સભ્ય અને બાનદાર પીરસનારા હોય ત્યાં તો બા પૌષ્ટિક ખોરાકમાં પોતાની મીઠી વાતોથી પૂર્તિ કરે છે ને ખોરાક અને પાચનમાં મદદ કરે છે. આવું પણ પોસાય ત્યાં કબૂલ રાખવા જેવું એટલું જ નહિ પણ વખાણવા જેવું છે.

વિચારો અંતે એમ દોડે છે કે રસોડામાં

બા એક અજાણ વ્યક્તિ ન બનવી જોઇએ. બાએ રસોઇ બનાવવાની ખટપટમાં એટલા બધા ન પડવું જોઇએ કે નાની લલીઓના શબ્દો તેને સંભળાય જ નહિ. બાએ રસોડા-માંથી એટલી હદે નીકળી ન જવું જોઇએ કે છોકરાંને માટે રાંધનાર તો રસોયો ને જમાડનાર તો આયા અથવા ચાકરડી. બાએ અને બાપાએ એ બાબત પર ધ્યાન રાખવું જોઇએ કે મોટાં-ઓની વાતો આડે બાળકોને કોઇ સાંભળે જ નહિ અને નાની લલીઓની ઝીણી ઝીણી વાતો તો મોટા ઘોંઘાટમાં ક્યાંય પડી રહે.

બાળકોને પહેલાં જમાડી લઇ પછી માબા-પોએ જમવું કે કેમ એ વિચાર જોવા જેવો છે. કેટલાંક માબાપોનો શોખ એવો છે કે બાળકો અને પોતે સાથે જમે તે તેમને ગમે. આમાં માબાપોની કુટુંબભાવના પ્રધાન છે. સાથે જમવા બેસવું એ એક કુટુંબગત આનંદ છે. જ્યાં બાળકો અને માબાપોને સાથે બેસ-વાની સારી વ્યવસ્થા હોય, જ્યાં માબાપો જમતી વખતે માત્ર સાથે જમે નહિ પણ સાચે જ સાથે જમે એટલે બાળકોની દુનિયા સાથે ભળી જઇ તેમના આનંદોમાં વધારો કરીને જમે ત્યાં આ રીત સુંદર છે. ઉદ્યોગી માબાપો એકબી સાથે બાળકોના પ્રસંગમાં દિવસ આબામાં થોડાં આવે છે. આ પ્રસંગ સૌને ભેગાં કરવાનો અને સૌનો એક સામાન્ય આનંદનો બની શકે. બુદ્ધિશાળી અને ભાવના-શાળી માબાપો જમવાના સ્થળને ભારે આકર્ષક અને પ્રેરણાત્મક કરી શકે; બાળકોને માટે શરીરનો તેમ જ મનનો ખોરાક મેળવવાનું સ્થાનક બનાવી શકે.

બાળકોને પહેલાં જમાડી દેવામાં પણ કેટલાંક કારણો જોઇએ. માબાપોનું જમવાનું મોડું રહેતું હોય અગર માબાપો સાથે બહાર જમનારાઓ હોય અર્થાત્ જ્યારે બાળકોને માબાપ સાથે જમાડવાનું અનુકૂળ ન હોય ત્યારે બાળકોને વહેલાં જમાડવાનું રાખવું જરૂરનું છે. બાળકો માબાપો સાથે જ એમ વળગી રહેવાની જરૂર નથી. પણ બાળકોને જમાડવાં એટલે એક ઉપાધિમાંથી મુક્ત થવું અને પછી પોતે નિરાંતે, શાંતિથી, આનંદથી ફડાકા મારતાં જમવું એ બરાબ વૃત્તિ છે. બાળકો આપણને જમવામાં કનડે છે માટે કાઢો તેમને નોબાં, એ સ્વાર્થદૃષ્ટિ ત્યાજ્ય હોય. તો તો બાળકોને સુવ્યવસ્થિતપણે શાંતિથી, સફાઇથી જમતાં શીખવવાની અને સાથે જ બેસવાની આપણી ફરજ છે. આપણે જેમ જમવું આવશ્યક ક્રિયા છે તેમ જ બાળકો પરત્વે સમજવું. પણ બીજાં કારણોસર બાળકો આગળ પાછળ બેસી શકે. છતાં જમવાની વ્યવસ્થા, શાન્તિ, બાની પ્રેમપ્રેરણા, બાપાનો ઉત્સાહ વગેરે તો તેમને મળવાં જ જોઇએ. છતાં બા જમાડનાર હોય ને બાળક જમનાર હોય એમ બનતું અટકવું ન જોઇએ. બાની કે બાપાની હાજરી અને દેખરેખ તો અવશ્ય જોઇએ જ જોઇએ. બાળકો જમે એ બસ નથી પણ બાળકો સંસ્કારી વાતાવરણમાં હૂંફમાં, વાર્તાવિનોદ સાથે જમે એ જરૂરનું છે. નાની લલીની ઝીણી ઝીણી વાતો જ્યાં સંભળાય તેમ જમે એ જરૂરનું છે.

નાની લલીના થોડાક શબ્દોએ મારી પાસે જે છૂટા છવાયા વિચારો કરાવ્યા તે અહીં ટાંકયા છે. માબાપો તે જોશે અને પોતાના વિચારો ઘડશે. ગિ.

માબાપ થવું અઘરું છે

વાઢાંરૂઢાં કે વાંઝીયાંને ખબર નથી કે માબાપ થવું બહુ અઘરું છે. થરથરતી જાંગે જણનારી મા જણેતાને જ ખબર પડે છે કે મા કેમ થવાય છે. અંધારામાં ને ગંદકીમાં પણ શેઠની ગાળો ખાઇને કે માર સુદ્ધાંત ખાઇને બે પૈસા લાવીને ઘરનું પેટ ભરનાર બાપને જ ખબર પડે છે કે બાપ કેમ થવાય છે.

બાળકો માંદાં પડે ને તેમની પથારી પાસે અદ્ધર જીવે બેસી રહેનારાં માબાપને જ ખબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને ઉછેરવાં ને મોટાં કરવામાં જે ધરાઇને ધાન ખાતાં નથી ને સુખે પૂરી ઊંઘ પણ લેતાં નથી તે માબાપોને ખબર છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને ભણાવી ગણાવી હુશિયાર કરવાની જે માબાપને ચિંતા છે તેમને જ ખબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને ભણવા કે રળવા પરદેશમાં મોકલી સૂના ઘરમાં એકલાં એકલાં બેઠેલાં ને એકબીજાની સામે જોઇ રડી પડતાં માબાપને જ ખબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને લડવા મોકલનાર માબાપનાં ફડફડતાં કાળજાંને સાંભળનારને જ ખબર પડી શકે કે માબાપ કેમ થવાય છે.

છોકરાંને મેળવીને, ચાહીને, તેમને ગુમાવી દેતાં માબાપને મન શું થાય છે તે જે માબાપે જાણ્યું છે તેમને જ ખબર પડે છે કે માબાપ કેમ થવાય છે.

માબાપ થવું ભારે અઘરું છે. વાઢાંરૂઢાં ને વાંઝીયાંને એની શી ખબર?

અને છતાં માબાપ થવું એ જ જીવનનો લ્હાવો છે. એ જ જીવનનું નવનીત છે. એ જ જીવનનો વિકાસ છે. ગિ.

બાળક મનમાં બોલે છે

આવી નિશાળ નથી ગમતી.

કારણ કે માસ્તર મારે છે.
કારણ કે માસ્તર મેલાં કપડાં પહેરે છે.
કારણ કે માસ્તર તમાકુ ખાય છે.
કારણ કે માસ્તર ભૂંડાં બોલે છે.
કારણ કે માસ્તર વારેવારે ઝોકાં ખાય છે.
કારણ કે માસ્તર ખીજાય છે ને સોટી પછાડે છે.
કારણ કે માસ્તર જેની તેની સાથે વાતો કર્યા કરે છે.
કારણ કે માસ્તર ઘરડા ડોસલા છે.

બાળક મનમાં બોલે છે

આવા બાપા નથી ગમતા.

કારણ કે બાપા ધમકાવે છે.
કારણ કે બાપા તમાચો મારે છે.
કારણ કે બાપા બેસાડી રાખી પાઠ વંચાવે છે.
કારણ કે બાપા રમવા દેતા નથી.
કારણ કે બાપા બા સાથે બાઝે છે.
કારણ કે બાપા તમાકુ ખાય છે.
કારણ કે બાપા વારે વારે 'ચુપ' 'ચુપ' કરે છે ને ડોળા કાઢે છે.

બા મારે છે

"કોને કોને પોતાની બા મારે છે?"

"અમને." "અમને." પચાસ હાથ ઉંચા થયા.

"ચંપક, તમને કેમ મારે છે?"

"ખુરશી ઉપર ચડીને કૂદકા મારીએ છીએ એટલે."

"લીલુ, તમને કેમ?"

"બાને દાંતીએ માથું ઓળીએ છીએ માટે."

"શીવજી, તમને કેમ?"

"અમે બાપાની કલમે લખતા હતા માટે."

"રાધા, તમને કેમ?"

"બાને કીધું મારે ઝટ ખાવું છે માટે."

"કિરીટ, તમને કેમ?"

"અમે તોફાન કરીએ છીએ માટે."

"શું તોફાન કરો છો?"

"કોણ જાણે."

"શૈલેશ, તમને કેમ?"

"બા સાથે સિનેમા જોવા રડીએ છીએ માટે."

"દેવીબેન, તમને કેમ?"

"અમે કજીયા કરીએ છીએ માટે."

"શું કામ કજીયા કરો છો?"

"અમને ખબર નથી." ગિ

માબાપોને શું કહેવું?

બાળકો રમતાં હતાં. હાસમ મંદ થઇને બેઠો હતો.

"હાસમ, ઉઠો ઉઠો, જાઓ પેલા રમે છે તેની સાથે રમો તો."

હાસમે સામેય ન જોયું. એમ ને એમ બેસી રહ્યો.

હાસમને હાથ લગાડ્યો. શરીર ગરમ હતું. થરમોમિટર મૂક્યું તો તાવ ૧૦૧ ડિગ્રી હતો.

ચંદ્રા રડતી રડતી મારી પાસે આવી.

"કેમ રડો છો બેન? શું જોવે છે?"

ચંદ્રા બોલી નહિ. રડવા લાગી.

"ચંદુભાઇ, થરમોમિટર લગાડો જોઇએ. વખતે એને પણ તાવ ન હોય."

ચંદુભાઇ તપાસીને કહે: "૧૦૨॥ ડિગ્રી તાવ છે."

વિનુ રડતો રડતો સૂતો હતો.

"વિનુભાઇ, ઉઠો જોઇએ. ચાલો ચિત્રો બતાવું."

વિનુને હાથ આપી ઉઠાડવા ગયો તો બમણો રોવા માંડ્યો. વિનુને ઉપાડીને તેડ્યો ત્યાં તો ચીસે ચીસ પાડી. શરીરે તાવ તો ન હતો. લૂગડાં કાઢીને જોયું તો સાથળ પર સોજો હતો અને ધામીયું ગુમડું હતું.

રાધા વાર્તા સાંભળતાં સાંભળતાં એકાએક રડવા લાગી. મેં શાન્ત પાડવા માટે બોળામાં લીધી. મારો બોળો ભીનો થઇ ગયો. તેને પાણી જેવા ઝાડા થયા હતા ને પેટમાં વાઢ થતી હતી.

શાન્તાબેન સામે ઉભાં હતાં. માથા સામે જોયું તો તેના માથામાં જુઓ દેખાણી. એક

બે તો ચાલી જતી હતી. એક શિક્ષિકાબેને બે ચાર તો ત્યાં જ લઈ લીધી. શાન્તાબેન બધો વખત માથું ખંજવાળતાં હતાં અને શરીરે દૂબળાં અને નિસ્તેજ પડેલાં હતાં.

* * *

બાલમંદિરમાં આવાં બાળકો પણ આવે છે. ગરીબનાં આવે છે એમ નહિ, પૈસાદારનાં પણ આવાં જ આવે છે. માબાપનું તે તરફ ધ્યાન ખેંચીએ છીએ ત્યારે કોઇ કહે છે: "એમ? એને તાવ હતો? આવ્યો હશે." કોઇ કહે છે: "માળું! તાવ તો એને આવતો નથીને? એ તો ઉતરી જશે." કોઇ કહે છે: "એ તો ઉનાળો ગયો છે એટલે ધામીયું થયું છે. છોકરાંને આ ઋતુમાં ધામીયાં બહુ થાય." કોઇ કહે છે: "એ તો એણે કાચા ઘઉં બાધા હતા એટલે ઝાડા થઇ ગયા હતા. દાકતરે દવા આપી તે નીકળી ગયા."

માબાપો! કહો ત્યારે, મારે અને તમારે શું કરવું જોઇએ? ગિ.

શા માટે મારો છો?

શિક્ષકો અને માબાપો બાળકોને મારે છે એ વાત સાચી જ છે. શિક્ષક કે માબાપને પૂછશું કે શા માટે મારો છો તો તેઓ કંઇ ને કંઇ કારણ બતાવશે. આવાં કુલ કારણો કેટલાં હશે તે જો જાણવા મળે તો તે કારણો સાચાં છે કે ખોટાં તેનો વિચાર કરી શકાય. અને એવાં કારણો પેદા જ ન થાય તો મારવાનું કામ બંધ થઇ જાય. માબાપો અને શિક્ષકો પોતે બાળકોને શાં શાં કારણોથી મારે છે તે જણાવવા કૃપા કરશે?

વળી માર ઘણા પ્રકારના મારવામાં આવે છે. શરીરને અને મનને બન્નેને માર મારવામાં આવે છે. તો મારના કુલ કેટલા પ્રકાર થઇ ચૂકયા છે તેની પણ એક યાદી તૈયાર કરવાની જરૂર છે. જો મારવાનાં કારણો બાજબી નીકળે તો મારના પ્રકારની વિસ્તૃત યાદી દરેક મારનારને ઘણી કામની થઇ પડે એમ ધારી તેને છપાવીને પ્રગટ કરવામાં આવે.

આ બાબતમાં માબાપો અને શિક્ષકો અમને પૂરેપૂરી મદદ કરશે આવી આશા છે.

તંત્રીઓ

અભણ ગરીબની જેમને દાઝ હોય તેમને

અક્ષરજ્ઞાન યોજનાનું સાહિત્ય આપ મંગાવી જોઇ જશો.

અભણ લોકોને મફત ભણાવવાની આ યોજના છે.

આ યોજના દાનશૂર શ્રીમન્તોને આધારે ચાલે છે ને ચલાવવાની છે.

આપ એક પાઇથી માંડી ૧૦૦૦૦ સુધીની વચ્ચેની કોઈ પણ નાની મોટી રકમ આપવા જેટલા શ્રીમંત અવશ્ય છો જ.

આપને ગરીબોની બાતર હૈયે હરિ વસે તો ઠીક લાગે તે રકમ મોકલી આપશો.

ગિજુભાઇ અને **તારાબેન** મુખ્ય તંત્રવાહકો

પ્રશ્નોત્તર

પ્રશ્ન ૧–બાળવાર્તા ભાગ ત્રીજાની કાગડો અને કોઠીણું નામની વાર્તામાં કાગડાએ ચાંચ ધોવા માટે પુષ્કળ પ્રયત્ન કર્યો, પણ આખરે ચાંચ ધોયા વગર જ કોઠીણું કાપીને આપ્યું જ્યારે ખરી રીતે દાતરડું કોઠીણું કાપવા માટે ન હતું, પણ તે વડે ઘાસ વાઢવા, તે ગાયને નીરવા, ગાયનું દૂધ કુતરાને પાવા એ ક્રમમાં છેવટે ચાંચ ધોઇ કોઠીણું આવાનું હતું. વાર્તામાં તેમ નથી થયું. જે કામ જે રીતે કરવું જોઇએ તે રીતે ન કરતાં ગમે તેમ કરીએ તો પણ ચાલે એવો ખ્યાલ આના ઉપરથી બાળકને ન આવે?

ઉત્તરઃ મતલબ તો એ જ છે. વાર્તા બહુ લાંબી થઇ ગએલી એટલે છે તે ટૂંકામાં લખ્યું છે. છતાં ભાવાર્થ એ જ છે કે કાગડો ચાંચ ધોઇને કોઠીણું ખાય છે. છાપવામાં ભૂલ છે. તમારી સૂચના યોગ્ય છે.

પ્રશ્ન ૨–સાત પૂંછડીઓ ઉંદરની વાર્તામાં ઉંદરે બધી પૂંછડીઓ કપાવ્યા પછી ઉંદર સંધાવા ગયો; સુથારે ન સાંધી આપી. હવે જુઓ પાન ૫૦ ઉપરઃ "કાગડાએ ઉંદરભાઇને પૂંછડીએ ઝાલી ઉંચે ઉપાડ્યા." પૂંછડી હતી જ નહિ તો પકડી કયાંથી? આ જ વાર્તામાં કોણબી માને હળે જોડે છે. દુઃખના સમયમાં માબાપ પાસે પણ અયોગ્ય કામ કરાવાય એવો ખ્યાલ આ ઉપરથી બાળકને ન આવે?

ઉત્તરઃ પૂંછડી ન હતી એ વાત ધ્યાન બહાર ગએલી. ધ્યાન ખેંચ્યું માટે ઉપકાર ઘટે છે.

કોણબી માને હળે જોડે છે તે ઉપરથી તેમ કરાય એવો અર્થ નીકળતો નથી. વાર્તામાં તો અનેક રતુલ્ય અને સાન્ય વસ્તુનું વર્ણન આવે. દરેક વખતે આ વાત આવે ત્યારે બાળકો કોણબીને ધિક્કારે જ છે. વાર્તા કહેતી વખતે ધિક્કારભર્યા અવાજે કહી શકાય છે. તેમ જ ઉંદરના મોઢામાં પણ ધિક્કાર સ્પષ્ટ છેઃ "અરે ભૂંડા, આ શું કરે છે? માને તે વળી હળે જોડાતી હશે?"

પ્રશ્ન ૩–પાંચ બહેરાંની વાર્તામાં છેલ્લે બહેરી દીકરી કહે છેઃ "ભાવે તો પરણાવો અને ભાવે તો ઘરઘાવો. એમાં મને શું પૂછો છો?" નાનાં બાળકોને આમ પરણાવવાની બાબતો જણાવવી એ ગેરવ્યાજબી નથી લાગતું? આપ કહેશો કે આડોશીપાડોશી ને સગાંવહાલાંમાં લગ્ન થાય ત્યારે તે જાણે છે જ. એ વાત સાચી તેમ છતાંએ આ વાર્તા વાંચીને બાળક પરણાવવું એટલે શું અને શા માટે એમ પૂછે, ત્યારે શો જવાબ આપવો?

ઉત્તરઃ પરણવાની વાત તમે લખો છો તેમ વાર્તામાંથી કાઢી નાખીએ તો પણ બાળકોની આગળ આવવાની જ અને તેઓ તેને લગતા પ્રશ્નો પૂછવાનાં જ. તે બાબતમાં આપણે બહુ ગભરાવું નહિ એટલે બાળકો આપણને જરાયે મુશ્કેલીમાં મૂકતાં નથી. આપણા જ મનમાં તેમને ન કહેવા જેવો એવો ઉંડો અર્થ હોય છે માટે આપણે જવાબ દેતાં અચકાઇએ છીએ. નહિ તો બાળકોને મન તો લગ્નના વરઘોડા, જમણો ને જાન વગેરે ભારે મજાના અર્થો હોય છે. વાર્તામાં કાંઇક વાંધાવાળો

શબ્દ હોય તો 'ધરઘાવે' છે. તેનો અર્થ તેઓ પૂછે છે. આપણે બીજીવારનાં લગ્નો એમ કહીએ તો તેઓ સમજી જાય છે.

પ્રશ્ન ૪–ભટુરીઆંની વાર્તામાં આવે છે કે રાક્ષસ બારણાં ભાંગી અંદર ગયો; બચ્ચાંને ખાઇ ગયો અને બારણાં બંધ કરી નીરાંતે સૂતો. બારણાં ભાંગી નાખ્યા પછી બારણાં બંધ શી રીતે કર્યાં ? આ ખરેખરી ભૂલ નથી ?

ઉત્તરઃ હા, ભૂલ છે. 'બારણાં બંધ કરી' નહિ પણ બારણામાં સૂઇ ગયો એમ જોઇએ.

પ્રશ્ન ૫–હતું ત્યાં મેલી આવની વાર્તામાંના છોકરાએ ધૂણવાનો ઢોંગ કર્યો. અંદર ભૂત વળગવાની વાત છે. આથી બાળકના મન પર ભૂતના અસ્તિત્વનો અને ધૂણવાનો ખોટો વહેમ ન આવે ?

ઉતરઃ આ વાર્તા અમારે મન વહેમને ઉત્તેજનારી નથી, પણ વહેમને હસી કાઢનારી છે; ભૂત વળગે એ વાત ખોટી છે એવો ભાસ કરાવનારી છે. ને ભૂત વળગ્યાનો ઢોંગ કરનારા વહેમી ને ભોળી ડોશીઓને કેવા છેતરે છે તેની પણ ઝાંખી કરાવે તેવી છે.

પ્રશ્ન ૬–ઘાસકા પૂળા બા જા, ને દૂધકા દોણા ભર દેમાં શિયાળને નાત બહોર મૂકવાનો ડર બતાવ્યો છે. અસલ નાતો ગમે તે કારણથી પડી છે. નાતનો હાઉ વિદ્યાભ્યાસમાં અને લગ્ન વ્યવહારમાં અનેક દખલ કરી રહ્યો છે. એવે વખતે આ વસ્તુ બાળકોને નુકશાન કરનારી ન નીવડે ?

ઉત્તરઃ વાત સાચી છે. પણ બીજી રીતે વાર્તા બાળકોની પ્રિય વાર્તા છે. માટે આવી બાબતમાં ચીકણાઇ ન કરીએ તો ચાલે. એટલું બસ કે "નાતીલાઓ" ને "નાત બહાર મૂકશું" ને "નાત માબાપ છે" વગેરે આપણા મનુષ્યસમાજના કુરિવાજની ભાષા વાપરવાથી આપણી નાત–પટેલીયાના જુલમની વાસ ઉમ્મર થઇ છે. તે ટાળી શકાય. શિયાળીયાઓ તેને મારવા દોડ્યા એટલે શિયાળે કહી દીધું...વગેરે કે એવી કાંઇ પશુઓના જીવનને શોભે એવી ભાષા વાપરી નાનની બીકની વાત ઉડાડી શકાય.

તા.

મોન્ટીસોરી અધ્યાપનમંદિર

નીચેના વિદ્યાર્થીઓ ચાલુ વર્ષમાં આવ્યા છે.

શ્રીમતી બાયમાયણેન નાનાભાઇ
" સરસ્વતીબેન શુકલ
" કાશીબેન મથુરભાઇ
" લીલાવતી ચંદુલાલ
" ગિરિજાબેનઃ ભોગીભાઇ તરફથી સ્કૉલર
શ્રી. ચંદુલાલ મૂળચંદ ઝવેરી
શ્રી. રસિકલાલઃ જૈનશ્વેતાં૦ પોરવાડ જ્ઞાતિ તરફથી
શ્રી. ત્રંબકલાલઃ શેઠ ઝવેરભાઇ તરફથી સ્કૉલર
શ્રીમતી કાન્તાબેન છોટાલાલ
શ્રીમતી જયાબેન પારેખ–ગયા સત્રથી ચાલુ છે.
" અનસુયાબેન હક્કર–વધારે અભ્યાસ અને અનુભવ માટે આગળ.
" કુમુદબેન પારેખ–વધારે અભ્યાસ અને અનુભવ માટે આગળ.

બાળ ક્રીડાંગણ માટે

ત્રણ વિદ્યાર્થીઓ કચ્છના શેઠ સુરજીભાઇ તરફથી સ્કોલરશીપ મેળવીને આવેલા છે.

શિક્ષકો અને પોતાની બાલ્યાવસ્થા

ટોલ્સ્ટોયને મહાન્ તત્ત્વચિંતક તરીકે સૌ કોઈ પિછાણે છે. તે એક શિક્ષક તરીકે પણ પ્રસિદ્ધ છે. તેણે જાતે શાળા ચલાવેલી. શિક્ષણ વિષયક તેના વિચારો મનનીય છે. કોઇ લેખકે લખ્યું છે કે ટોલ્સ્ટોયની શિક્ષક તરીકેની યોગ્યતા અને સફળતા તેની પોતાની બાલ્યાવસ્થાની સ્મૃતિને આભારી હતી. સાચે જ ટોલ્સ્ટોયને પોતાની બાલ્યાવસ્થા સારી પેઠે યાદ હતી. તેને પોતાને પોતાનાં માબાપો અને શિક્ષકોના વર્તનની સ્મૃતિ મજબૂત હતી. બાળક તરીકે તેની આકાંક્ષાઓ, કલ્પનાઓ વગેરે કયાં હતાં અને તેથી વિરુદ્ધ મોટાંઓ કયાં હતાં તે તેને યાદ હતું. બાળકો પ્રત્યે મોટાંઓ કેવી ઘૃણા, બેદરકારી, અસહાનુભૂતિ રાખે છે તેનો તેને થએલો અનુભવ તે ભૂલ્યો ન હતો. બાળકોને શું ગમે છે ને શી શી વસ્તુઓ અને ક્રિયાઓ તેને મન મહામૂલ્ય છે તેનું વિસ્મરણ તેને થયું ન હતું. આમ હોવાથી તે મોટી ઉંમરે શિક્ષક તરીકે કામ કરવા લાગ્યો ત્યારે બાળકોને સારી પેઠે સમજી શકતો. તેણે શિક્ષણશાસ્ત્રના વિચારોમાં ઉમેરો નથી કર્યો; તેણે ખાસ નવીન શિક્ષણ-પદ્ધતિ પણ નથી યોજી. છતાં તેનાં બાળકો તેને બહુ ચાહતાં. તેને દોસ્ત તરીકે સમજી તેના પ્રેમને ઝીલવા તેઓ તેનાથી અળગાં પડતાં જ નહિ. શાળાના વખત પછી પણ શાળામાંથી નહિ ખસનાર બાળકોને તેને પરાણે હાંકી કાઢવાં પડતાં. માબાપો સાથે જેમ બાળકો ખેલગેલ કરે તેમ ટોલ્સ્ટોય સાથે નિશાળીઓ કરતા. ટોલ્સ્ટોય પોતાનાં બાળકોને સોટી અને શીખા-વર્તતાં હતાં. બાળકોના મનોભાવોમાં તે પેસી શકતો અને તેને તે અચ્છી રીતે પોષતો. આ બધાનું કારણ ટોલ્સ્ટોય પોતે માનતો, અને કબૂલ રાખવા જેવું છે તેમ તેને બાલ્યાવસ્થાની સ્મૃતિ હતી.

ઘણુંખરું આપણે બાલ્યાવસ્થાને વિસરી ગએલા છીએ એમ આપણને લાગે છે. સાધારણ રીતે નાનપણના બનાવો સંભારવા બેસતાં તે તુરત યાદ આવતા નથી દેખાતા. કેટલાએકને બાલ્યા-વસ્થાનો વિચાર કરવો કે તે સંભારવી નિરર્થક એટલું જ નહિ પણ હલકું લાગે છે. પોતાની બાલ્યાવસ્થાની કેટલાકને પરવા જ જાણે કે ન હોય તેમ તેના તરફ કોઇ કોઇ જુએ છે.

ખરી રીતે જીવનમાં બાલ્યાવસ્થા જ મહ-ત્ત્વનો કાળ થઇ ગયો. એ અવસ્થાના પાયા ઉપર આજનો વર્તમાન ઘડાયો છે. એ પણ અર્ધ સત્ય છે; ખરું અને સંપૂર્ણ સત્ય તો એ છે કે બાલ્યાવસ્થાને જ મોટા પ્રમાણમાં અને સ્વરૂપમાં આજે આપણે આજની અવસ્થા કહીએ છીએ. બાલ્યાવસ્થા આવી ને ગઇ નથી; એ આવી તે સદાને માટે આપણી સાથે રહી. આનો અર્થ એ છે કે બાલ્યાવસ્થાનાં વર્ષોમાં આપણું જે બંધારણ થયું, માનસિક શક્તિઓનો જે ઉઘાડ થયો, ઇંદ્રિયોએ જે વિકાસ સાધ્યો અને સૌથી વધારે તો નૈતિક, લાગણી વિષયક અને ધાર્મિક વૃત્તિઓ જેવી ઘડાઇ, તેવું જ બધું આજની ઘડી સુધી રહ્યું છે. જે બધું બાલ્યાવસ્થામાં જ મળ્યું યા તો લીધું, તેને

આજે આપણે વધારી અથવા ઘટાડી રહ્યા છીએ; દૃઢ અથવા નિર્બળ કરી રહ્યા છીએ; ઓપ આપી રહ્યા છીએ અથવા ઝાંખું કરી રહ્યા છીએ. બાલ્યાવસ્થામાં બી ઉગ્યું, મૂળ નખાયાં, થડ ડાળી અને પાંદડાં આવ્યાં અને કેવાં ફળ ફૂલો આવશે તેનો પાયો નંખાઇ ગયો. પછીની અવસ્થામાં તો થડ ઉંચું થાય છે, ડાળો મોટી થાય છે, એવાં ને એવાં પાંદડાં વધે છે; તેમ જ માણસ વિષે પણ છે. ટૂંકમાં ૧૦૦ વર્ષ સુધી જીવવાનો માણસ જેમ નવ માસમાં ગર્ભમાં રહી બંધાય છે તેમ જ બાલ્યાવસ્થામાં માણસનું બને છે. માટે આજના પોતાને સમજવાને, પોતાની શક્તિ અશક્તિનાં કારણો જાણવા માટે, પોતાનાં વલણો રુચિઓ વગેરેનાં બળો શોધવા માટે બાલ્યાવસ્થાની પાસે જવું જોઇએ. આજના માનસિક રોગોના વૈદ્યો કોઇ પણ માનસિક રોગનું મૂળ બાલ્યાવસ્થાના કાળમાં શોધવા જાય છે ને ત્યાંથી તે તેમને મળી આવે છે. માણસની અદ્‌ભુત શક્તિ અને વિચિત્ર નિર્બળતાઓની શરૂઆત કેવી રીતે બાલ્યાવસ્થામાં થઇ તેનો અભ્યાસ આજના ઘણા શિક્ષણશાસ્ત્રીઓને રસિક થઇ પડ્યો છે. પાછળની અવસ્થામાં જ્ઞાન વધે છે, બળ વધે છે, વપરાશ વધે છે પણ તેના ચીલાઓ– બીજો તો કયારનાંએ પડી ચૂકેલાં હોય છે.

આટલી મહત્ત્વની બાલ્યાવસ્થાને અવગણી શકાય નહિ. ઉલટું તેને સંભારી આપણી વર્તમાન અવસ્થાનાં મૂળો આપણે શોધવાં જોઇએ. વળી આપણી બાલ્યાવસ્થાને સંભારી આપણે આજનાં બાળકોની બાલ્યાવસ્થા વિષે આદરભાવ રાખતાં શીખીએ. જે બાલ્યાવસ્થા આપણને અત્યંત પ્રિય હતી તે જ બાલ્યાવસ્થામાંથી પસાર થનાર સૌનું આપણે સન્માન કરીએ. જે બાલ્યાવસ્થા પ્રત્યે આપણે માંબાપની અને શિક્ષકની સહાનુભૂતિ, ઉદારતા ને સમજણ માગતાં હતાં અને તે ન મળતાં આપણે અનેક રીતે હિઝરાતાં હતાં તેની પ્રત્યે આપણે તો યોગ્ય વર્તન રાખતાં શીખીએ. ટોલ્સ્ટોય જ્યારે મોટો બની જઇ બાળકો તરફ વર્તવા બેસી જતો હશે ત્યારે બાલ્યાવસ્થાની તેની સ્મૃતિ તેની સામે આવતી હશે અને તે તરત જ જુદો બની જતો હશે. આપણે શિક્ષકો આપણી બાલ્યાવસ્થાને સંભારીએ,તેમાં આપણા વિકાસનાં–અવિકાસનાં મૂળ શોધીએ, બીજાની બાલ્યાવસ્થા જીવનના ઘડતર માટે કેટલી સંભાળવા જેવી વસ્તુ છે તે સમજીએ, અને આપણી મુશ્કેલીઓ સંભારી અન્યની બાલ્યાવસ્થા પ્રત્યે વિશાળ દિલના રહીએ. ગિ.

કચ્છ શિક્ષણ સંમેલન

સ્વાગત પ્રમુખ નીમાયા **કાંતિલાલ મુ.ઘોળકીયા**

કચ્છના આગેવાનો અને વિદ્વાનોનો ઉત્સાહ ચડતો આવે છે. સંમેલનને કચ્છી તમામ પ્રજા સફળ બનાવવા આગળ આવશે જ.

પાંચ હજાર પત્રિકા આશા રાખે છે કે આ વર્ષે તે પાંચ હજાર ગ્રાહકોના હાથમાં મૂકાય. તે માગે છે કે અત્યારનાં ગ્રાહક બાઈબહેનો દરેક એક એક અથવા બે બે નવા ગ્રાહકો મેળવી આપી પત્રિકાની ઇચ્છા પાર પાડે. **તંત્રીઓ.**

ગામડાના શિક્ષકે શું વાંચવું ?

શહેરના શિક્ષકો ધારે તો જાહેર વાચનાલયમાં કે પુસ્તકાલયમાં જઇ શિક્ષણ વિષયક પત્રો કે પુસ્તકો વાંચી શકે. શહેરમાં હરેક જાતનાં પુસ્તકો અને પત્રો એક અથવા બીજે ઠેકાણે મળી શકે છે. પણ ગામડામાં જાહેર વાંચનાલય કે પુસ્તકાલય નથી હોતાં. શિક્ષક પોતે પોતાના ટૂંકા પગારમાંથી ખર્ચ કરી કટકાંયે વાંચવા જેવાં પુસ્તકોમાંથી એકાદ પણ ભાગ્યે જ ખરીદી શકે. એકાદ પત્ર મંગાવવું તેને જરૂર ભારે જ પડે છે.

શિક્ષણના કે હરેક ધંધામાં પડેલ માણસે પોતાનો ધંધો તેજ રાખવા અને સફળ કરવા હમેશ અદ્યતન રહેવું જ પડે. જે પોતાના ધંધામાં વધતી જતી નવી શોધખોળો જાણે નહિ તે પછાત રહી જાય અને તેની કિંમત ઘટતી જાય. એવા સેંકડો શિક્ષકોવાળું કેળવણી ખાતું પોતાના ખાતાના શિક્ષકોને આગળ વધાર્યો ન કરે તો ખાતું પોતે જ પછાત પડતું જાય અને તેની કિંમત બીજાં ખાતાઓની મિસાલે ઓછી અંકાય. આ દૃષ્ટિએ શિક્ષકનું વાચન અદ્યતન જોઇએ જ જોઇએ.

આ વાચન આજે તો ખાતાએ જ પૂરું પાડવું ઘટે છે. ગરીબ શિક્ષકોને આગળ વધારવાની દાઝ ખાતાને જ હોવી જોઇએ છે. ખાતાના સમજુ અને પ્રાગતિક વિચારના અમલદારો આ વાત જાણે છે અને આચરે પણ છે. શિક્ષકોથી શોભનારનો વડો અમલદાર કદિ પણ આ વાત વિસરતો નથી.

શુભાશયી શિક્ષણના વડાઓ શિક્ષકોની શક્તિ તેમને કાયમ સારૂં વાચન પૂરું પાડીને જ વધારશે. તેમના માટે તે આવું કંઇક પોતાની નજરમાં આવે તેમ અને સગવડ પ્રમાણે કરી શકે.

૧ શિક્ષણ વિષયક સારા સારા લેખો—અંગ્રેજી અને ગુજરાતી તેમ જ ઇતર ભાષાના જોઈ જઇ અગર જોવરાવી યોગ્ય લેખોનું ટાંચણ કરાવી તે દર માસે પોતાના ખાતા તરફ મોકલી આપે. આવાં ટાંચણો ટૂંકમાં, મુદ્દાસર બનાવનાર એવા એક માણસની ગોઠવણ કરવી અઘરી નહિ પડે. આવું ટાંચણ બને તો પત્રિકા રૂપે છપાવીને અથવા ડયુપ્લીકેટર પર કે સાઇકલોસ્ટાઇલ પર તેની નકલો કઢાવીને ફેલાવવું. દરેક શિક્ષક તે વાંચીને તેની ફાઇલ રાખે.

૨ ખાતાના ઉપરી પોતે જો નાણાની સગવડ હોય તો પોતાના ખાતા તરફથી એક પત્ર ચલવે. આમાં શિક્ષણ વિષયક ટાંચણો, નાના નાના લેખો અને વિદ્યાધિકારી પોતાનું શિક્ષણ વિષયક દૃષ્ટિબિંદુ રજુ કરી શકે. દરેક વિદ્યાધિકારી પોતાના શિક્ષકનો નેતા છે; વડો શિક્ષક અને શિક્ષણશાસ્ત્રી છે. તેના ઉપર તેના ખાતાના શિક્ષકોનો આધાર છે; તે જેવું દૃષ્ટિબિંદુ રજુ કરે તેવું વલણ શિક્ષકોમાં થવાનું. દરેક ખાતું પોતાનું પત્ર ચલવે એ સર્વોત્તમ વાત છે. એથી ખાતાનું એક જાતનું વ્યક્તિત્વ જન્મશે—અસ્મિતાનું ભાન થશે. વધારે વેગ અને ઉત્સાહથી શિક્ષકો આગળ

વધશે. એ જ રીતે બાતું સારા લેખકો પાસે પોતાના દૃષ્ટિબિંદુને સમર્થન આપે તેવાં પુસ્તકો લખાવી શિક્ષકોને માટેનાં પુસ્તકાલયોમાં મૂકાવે તો તે પણ ઉપકારક વાચન પૂરું પાડી શકે.

૩ જ્યાં બાતું સીધી રીતે કંઈ કરી કે કરાવી ન શકે ત્યાં શિક્ષણ વિષયક પત્રો અને પુસ્તકો ખરીદીને તે શિક્ષકોને પૂરાં પાડે. દરેક શાળા માટે એક પુસ્તકાલય અને એક વાચનાલયની આવશ્યકતા છે. પણ તેમ ન બની શકે ત્યાં પાંચ શાળા વચ્ચે એક જ મધ્યસ્થ શાળામાં પુસ્તકાલય અને વાચનાલય ગોઠવવું જોઇએ. આજુબાજુના ગામડાના પાંચ શિક્ષકો તેનો વારાફરતી લાભ લઇ શકે. એક પુસ્તકની એક નકલ હોય તો પણ ચાલે. એક પત્રની એક કે બે નકલો હોય તો પણ વારાફરતી વંચાય.

આવાં પુસ્તકાલયો તથા વાચનાલયો માટે વિદ્યાધિકારી પુસ્તકોની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખે. માન્ય ગણાતાં પુસ્તકોને બદલે ઉપયોગી પુસ્તકો લેવાં. એમ જ પત્ર વિષે પણ. પુસ્તકો અને પત્રોમાંથી કયો ભાગ ઉપયોગી છે અને કયો નિરુપયોગી છે તેની નોંધ પુસ્તકોની શરૂઆતમાં મૂકાવી શકાય. દરેક પુસ્તક અને પત્ર દરેક વિદ્યાધિકારીને સંપૂર્ણ માન્ય ન હોઇ શકે. ભિન્ન રુચિને સર્વત્ર સ્થાન છે. પ્રામાણિક અને શિક્ષકોને આગળ વધારવાની ઇચ્છાવાળા વિદ્યાધિકારીઓ પોતાના વિચારને પ્રતિકૂળ લેખો ઉપર ટીકારૂપ ટાંચણ મોકલી શકે અને શિક્ષકોને દોરી શકે. દરેક પત્ર કે પુસ્તક સૌને સંપૂર્ણ માન્ય નથી હોતું, તેથી તે ત્યાજ્ય ન ગણાય. પણ માન્ય એટલો ભાગ આપણે વાપરી લેવો જોઇએ. જે બાતું ખર્ચ કરી શકે તે અદ્યતન બધાંય સુંદર પુસ્તકો તથા પત્રો વસાવવાનો આગ્રહ રાખે જ; પણ તેમ ન બની શકે ત્યાં પસંદગીથી પૈસાનો વ્યય કરવો યોગ્ય છે.

પોતાના શિક્ષકો માટે બાતાંઓ આવું આવું કંઇક કરે તો જેમ ઝાડ પાણી બાતર વિના સૂકાય છે ને ફળો દેતાં નથી અથવા જેવાં તેવાં ફળો આપે છે તેમ, સુવાચન વિના ગામડાના શિક્ષકોની જે દશા થઇ છે તેમાંથી તે બચે ને ધીમે ધીમે નવપલ્લવિત થાય.

ગિ.

વસંત માળાનાં જાહેરપત્રો નં. ૧ 'બાળકોને મારશો નહિ.' અને નં. ૨ 'બાળકોને બીવડાવશો નહિ.' વિના મૂલ્યે મળશે. હરકોઇ શાળા અથવા ગૃહસ્થ પોતાના ઘરમાં ચોડવા માટે જરૂર મંગાવે.

અંત્યજ ભાઇઓને વિના મૂલ્યે પાત્રકાઓ માટે જેઓ પૈસા મોકલશે તે સાભાર સ્વીકારશું.

મોન્ટી સોરી સંઘના નિયમો, મોન્ટીસોરી સંઘના મંત્રી—બાલમંદિર ભાવનગર—પાસેથી મળશે. મંગાવનારને વિના મૂલ્યે મોકલાશે.

શિક્ષણ પત્રિકા

ચોથા વર્ષના અંકોની તૈયાર ફાઇલ જેમને જોઇતી હોય તેમને ૧—૪—૦ થી મળશે.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

શું સાચું હશે ?

ગામડાના એક રખડતા છોકરાને મેં પૂછ્યું: "અલ્યા એ, નિશાળે કેમ નથી જતો ? રખડે છે કેમ ?"

છોકરાએ કહ્યું: "પણ, માસ્તરને ભણાવતાં જ ક્યાં આવડે છે ?"

હું આ જવાબ સાંભળીને સડક જ થઈ ગયો ! ગામડાનો એક અગિયાર વર્ષનો છોકરો બોલે છે શું ? મેં ફરીને પૂછ્યું: "શું તું સાચું કહે છે ? માસ્તરને ભણાવતાં ન આવડે એવું તે હોય ? તારે ભણવું જ નહિ હોય."

છોકરે નિડરતાથી અને નિર્દયતાથી જવાબ આપ્યો: "ભણવું તો ઘણું છે પણ ભણાવે છે કોણ ? માસ્તરને ભણાવતાં નથી આવડતું એટલે છોકરાઓને મારે છે, ને તેથી છોકરાઓ ભાગી જાય છે. પછી માસ્તર નિરાંતે બેસે છે."

હું આ વાત માની જ શકયો નહિ, ને હું જી પણ માની શકતો નથી. હું એવા શિક્ષકની કલ્પના કરી શકતો નથી. અને કેમ જ કરી શકું ? અને છતાં એ છોકરાનો ચહેરો પ્રામાણિક હતો, તે અંતઃકરણથી કહેતો હતો, નિડરતાથી કહેતો હતો એવી છાપ તો પડી જ છે.

મેં છોકરાને વળી પૂછ્યું: "પણ એમાં માસ્તરને ફાયદો શો ?"

છોકરો કહે: "માસ્તરને ભણાવવું મટયું. માસ્તર નવરા બેઠા બેઠા ગામના ગપાટા મારી શકે, તમાકુ ખાઇ શકે, પટલાઇ ડોળી શકે."

"પણ, એવી નિશાળ કેટલા દિ' ચાલે ? છોકરાઓ વિનાની નિશાળ બંધ ન થઇ જાય ? પરીક્ષા વખતે પરીક્ષકને ખબર ન પડે કે આ નિશાળમાં છોકરા જ નથી: માટે બંધ કરાવવી જોઇએ ? તું ગપાટા હાંકે છે. મારી મારીને છોકરાને કાઢી મૂકે તો માસ્તર જ મરે ને !"

છોકરો ચબરાકીથી બોલ્યો: "પણ શા'બ વરસ આખું કાંઈ ન મારે. આખું વરસ તો છોકરાઓને ભેળા થવા દે. પણ જ્યારે પરીક્ષા આવે ત્યારે માસ્તરને લાગે કે હવે ભણાવ્યું નથી ને છોકરા તો નાપાસ થશે, ને પરિણામ તો ખરાબ આવશે ! અને પછી ભાઇને કઉં તે માંડે છોકરાઓને ઝૂડવા. સારા સારા પોતાની મેળે મહેનત કરે એવા પાંચ દસ છોકરા રહે, ને બાકીના બિચારા માર ખાણી ઉઠી જાય. પછી દસ છોકરાનું પરિણામ સારું આવે. ઉલટું માસ્તરનું સારું કહેવાય."

હું આ છોકરાની આટલી ઝીણી વાત સાંભળી છક થઇ ગયો. અરે, આ છોકરો તે કેવો હુશિયાર અથવા તો કેવો પહોંચેલો ! કાં તો એને કોઇએ કંઇક આવું બોલતાં અને માસ્તરની નિંદા કરતાં શીખવ્યો હશે; કાં તો છોકરો એવો લુચ્ચો કે વધારે પડતો બુદ્ધિશાળી હોઇ તેની બુદ્ધિનો મનસ્વીપણે દુરુપયોગ કરતો હશે.

મેં પૂછ્યું: "એલા આ બધું સાચું કહે છે કે ?"

છોકરો કહે: "જરીએ જર સાચું." છોકરાએ છાતી ઠોકીને કહ્યું.

પણ મારું મન માનતું નથી. મારે ગળે વાત ઉતરતી નથી. આ વાતને બે ત્રણ વર્ષ વીતી ગયાં છે પણ છતાં શું સાચું તેનો નિર્ણય થઇ શકતો નથી. ઘણી વાર મનને પ્રશ્ન થયા કરે છે: "શું સાચું હશે ?" ગિ.

ખાતાં કરી શકે

કેળવણી ખાતાંઓ પોતાના શિક્ષકોની યોગ્યતા વધારવા માટે શું કરી શકે ?

૧ સામયિક સર્વ શિક્ષક સંમેલનો ભરે.
૨ સામયિક જીલ્લા કે મહાલ શિક્ષક સંમેલનો ભરે.
૩ જીલ્લા કે મહાલ શિક્ષક સંઘો સ્થાપે.
૪ સ્થાનિક શિક્ષક ચર્ચામંડળો યોજે.
૫ સ્થાનિક શિક્ષક અભ્યાસમંડળો સ્થાપે.
૬ સ્થળે સ્થળે શિક્ષણ વાચનાલયો અને પુસ્તકાલયો સ્થાપે.
૭ ફરતાં શિક્ષણ પુસ્તકાલયો ગોઠવે.
૮ શિક્ષણ વિષયક ફરતા વ્યાખ્યાતાઓની વ્યવસ્થા કરે.
૯ શિક્ષણ વિષયક નાની નાની પત્રિકાઓ કાઢે.
૧૦ સામયિક પરીક્ષાઓનો પ્રબંધ કરે.
૧૧ નિષ્ણાત શિક્ષકો પાસે પદાર્થપાઠો અપાવી પ્રત્યક્ષ શિક્ષણનો ખ્યાલ આપે.
૧૨ શિક્ષણ વિષયક પત્ર દરેકને પહોંચતું કરે.
૧૩ નિરીક્ષકો શિક્ષકો સાથે શિક્ષણ વિષયક ચર્ચા, સૂચના વગેરે કરે.
૧૪ ઉપરી અધિકારી સાહેબ શિક્ષકોને મુલાકાત આપી શિક્ષણ વિષયક વાર્તાલાપ કરે.

'કેમ શીખવવું ?'

જો બાળકને ચાલતી પદ્ધતિથી કક્કાબારાખડી અને વાચન બેસતું ન હોય તો માબાપ અગર શિક્ષક 'કેમ શીખવવું' વિના મૂલ્યે મંગાવી લે અને તેની અજમાયેશ કરી જુએ.

મંદ બુદ્ધિવાળાં બાળકો અગર પાછળ રહી ગએલાં
બાળકો માટે 'કેમ શીખવવું' અજમાવવાં જેવું છે.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી માટે પુસ્તકો

પાઠ આપનારાઓને	લે. ગિજુભાઇ
મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ	લે. ગિજુભાઇ
બાલવાર્તાની શ્રેણીઓ	લે. તારાબેન
બાલચારિત્ર્ય	લે. તારાબેન
મોન્ટીસોરી પદ્ધતિ ખર્ચાળ છે	લે. ગિજુભાઇ
કીવણુભરત	લે. તારાબેન

આ છએ ચોપડીઓની કિંમત આના નવ ટપાલ સાથે. છૂટક નકલની કિંમત બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

મોન્ટીસોરી નિબંધસંગ્રહ

કિં. ૦–૧૨–૦ પો. ૦–૨–૦

મોન્ટીસોરી પદ્ધતિનો વિષય ચર્ચતા કેળવણીમાં પ્રતિષ્ઠા ધરાવનારાઓને હાથે લખાએલા પંદર નિબંધોનો સંગ્રહઃ—

મુખ્ય લેખકોઃ કિશોરલાલ મશરૂવાળા; હરભાઇ ત્રિવેદી; ભોગીલાલ ઠાકર; હરિહર પ્રા. ભટ્ટ; ચમનલાલ મા. વૈષ્ણવ; મૂળજીભાઇ હી. ચોકસી; ગિજુભાઇ; તારાબેન, વગેરે વગેરે.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યોજનામાં હજી સુધી ન જોડાયા હોય તેઓ જોડાઇ શકે. ૨૫૦૦ થી વધારે માણસો તેમાં જોડાયાં છે. ભણનારાઓ માટે 'ચાલો વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તો દેશી જનોને ભણાવવાનું સારૂં કામ કરવા તો આજે બેસી જ જાઓ. ઘેર બેઠા ગંગા એમ ઘેર બેઠાં જ આ આ કામ થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યોજનામાં જોડાવા માટે નીચેના નમુનાનું ફોર્મ ભરી મોકલો તથા 'કેમ શીખવવું' નામની ચોપડી મગાવો.

[નમુનાનું ફોર્મ]

તંત્રવાહકો અક્ષરજ્ઞાન યોજના

શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનો ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામઠામો હું વખતો વખત મોકલીશ. આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

અક્ષરજ્ઞાન યોજના— —થોડાએક સમાચારો

મુખ્ય તંત્રવાહકોએ ભાવનગરનાં તળાજા મહુવા મહાલોનાં લગભગ ૩૦૦ ગામોમાં સંદેશો ફેલાવ્યો અને ૫૦૦ જેટલા સ્વયંસેવકો નોંધ્યા.

રૂા. ૨૦૦–૦–૦ શેઠ કેશરી વીજપાળ.
'કેમ શીખવવું' ત્રીજી આવૃત્તિ ૫,૦૦૦ નકલ છપાવી આપી.

૬૨–૮–૦ શેઠ વલ્લભદાસ ખટાઉ.
'ચાલો વાંચીએ' ૧,૦૦૦ નકલ છપાવી આપી.

નોંધાએલી કુલ અક્ષરશાળાઓ લગભગ ૨૫૦૦

ચોરવાડની આજુબાજુમાં

ચોરવાડવાળા: શ્રી. હરખચંદભાઇએ ૨૫ અક્ષરશાળાઓ સ્થાપી છે.

અક્ષરજ્ઞાન યોજનાના પુસ્તકો

'કેમ શીખવવું'
શિક્ષકો માટે વિના મૂલ્યે.

'ચાલો વાંચીએ'
ભણનાર માટે પાઠ્યપુસ્તક કિં. ૦–૨–૦

'આગળ વાંચો'
પહેલી ચોપડી કિં. ૦–૧–૦

'આગળ વાંચો'
બીજી ચોપડી કિં. ૦–૧–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. લીખાભાંઇ ગોપાળજીએ છાપી.

સસ્તી યોજના

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક

તંત્રી : હરિશંકર દુર્લભજી ત્રિવેદી

રૂપીયા ચારને બદલે . . . દોઢ રૂપીઆમાં . . . ૫૦૦ પાનાં

ઘણા શિક્ષક ભાઇઓની કેળવણીનું આ ત્રૈમાસિક મગાવવાની ઇચ્છા અમે જાણીએ છીએ. ત્રૈમાસિકનું વાર્ષિક ચાર રૂપીઆનું લવાજમ શિક્ષકોને ભોંઘું પડે છે એવી ફરીયાદ અમારી પાસે અનેક વખત આવી છે. કેળવણીના વિચારોનો ફેલાવ કરવાનો અમારો અભિલાષ હોઇને ઉક્ત કારણે

શિક્ષકોને ખાસ : : : : સસ્તી કિંમતે મળે

એવી ત્રૈમાસિકની યોજના અમે કરી છે તે આ પ્રમાણે:—

૧) આ યોજનાનો લાભ કોઇ પણ શાળાના માસિક રૂપીઆ ચાળીશ કે તેથી ઓછા પગારવાળા શિક્ષકો (ગૃહપતિઓ પણ) લઇ શકશે.

૨) શિક્ષકોએ ગ્રાહક તરીકે નામ નોંધાવવા માટે પોતે શિક્ષક છે અને માસિક રૂપીઆ ચાળીશ કે તેથી ઓછો પગાર મળે છે એવો દાખલો પોતાના ઉપરીનો અથવા તે તે ગામના કોઇ સદ્‌ગૃહસ્થનો મોકલવો પડશે.

૩) આ પ્રમાણે ગ્રાહક થનાર શિક્ષક યા ગૃહપતિને પોસ્ટેજ સાથે વાર્ષિક રૂપીઆ દોઢમાં ત્રૈમાસિક મળશે.

૪) આ યોજના માટે વર્ષની શરૂઆતથી જ ગ્રાહક થઇ શકાશે; એટલે દરેક ઑગસ્ટથી બીજા વર્ષના જુલાઇ સુધીના અંકો તેને મળશે.

૫) ઑગસ્ટથી વર્ષ શરૂ થયું છે માટે ઉતાવળ રાખશો.

વ્યવસ્થાપક : "શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક : ભાવનગર

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૮૫

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

આ યુગ લાયકાતનો છે. જે લાયકાત વિનાનો છે તે આખરે ચાલી શકવાનો નથી. માત્ર સિફારસે હવે નહિ ચાલે. લાંચ રુશવતે પણ નહિ ચાલે. ઉપરના ડોળડમાકથી પણ લાંબો વખત નહિ ચાલે. લાયકાત પોલાદ જેવી મજબૂત અને રૂપીઆ જેવી ખણખણતી મેળવ્યા વિના છૂટકો જ નથી. લાયકાત વિનાના પડી રહે તો શોચ કરવાનું તેમને જ છે. લાયકાતવાળા આગળ વધે તો અદેખાઈ કરવાનું કોઇને ન હોય. લાયકાત વિના આગળ વધે તો પણ કોઇ ઈર્ષ્યા ન કરે. એની મેળે અટકવું જ પડશે. લાયકાત વધારો. લાયકાત જ આ યુગનું લક્ષણ છે.

બે પત્રો

અમારા પર જાતજાતના પત્રો આવે છે; એમાંથી બે પત્રો નમુના માટે અહીં આપીએ છીએ.

(૧)

મહેરબાન સાહેબ,

શિક્ષણપત્રિકા માસિકનો વર્ષ ચોથાનો ચોથો અંક નથી મળ્યો. તો આ પત્ર વાંચી તાકીદે મોકલી આપશો. અગર તો યોગ્ય ખુલાશો કરશો. અંક નહિ મોકલો તો હેડ-ઓફિસમાં લખવામાં આવશે ને લવાજમ કાપી લેવામાં આવશે. અમારે એમ કરવું ન પડે તે માટે અંક તરત જ મોકલશો.

લી.....

(૨)

મહેરબાન સાહેબ,

શિક્ષણપત્રિકાનો અંક ચોથો અમને મળ્યો નથી. કદાચ આપે તો રવાના કર્યો હશે પણ વચ્ચે કયાંક ગૂમ થઇ ગયો હશે. તો મહેરબાની કરી અંક ચોથો મોકલી આપશો જેથી અમારી ફાઇલ ન તૂટે. ચોથા અંકના આપ કહેશો તે પૈસા મોકલી આપીશ.

લા.....

નોંધ: પહેલી જાતના કાગળો વાંચતાં અમારા મનને દુઃખ થાય છે. 'પત્રિકા' કોઇ પણ રીતે વેપારી વૃત્તિથી કામ કરતી જ નથી. બાળકોનું હિત એ તેનું ધ્યેય અને તેને લગતા જ્ઞાનનો પ્રચાર એ ઉદ્દેશથી તે ચાલે છે. તેથી ખૂટતા અંકો મોટે ભાગે વિના મૂલ્યે જ મોકલી આપીએ છીએ. ગુમ થએલા અંકો પણ એમ જ આપીએ છીએ. તેમ જ કોઇ પણ જાતની ગફલત ન થાય તે માટે શકય તે પ્રયત્ન હમેશ કરતાં રહીએ છીએ. છતાં આવા કાગળો આવે ત્યારે ગમતું નથી. બીજા કાગળમાં અંક ન મળવાનું કારણ લખનારે પોતે જ વિચારેલું છે.

અમે અમારા વાચકો તરફથી માત્ર વિવેક કે વિનય માગીએ છીએ એમ નથી: પણ લાગણી, સહાનુભૂતિ ને ભલમનસાઇની વૃત્તિ તો જરૂર માગીએ—તંત્રીઓ.

ઉઘરાણી જે ગ્રાહકો પાસે લવાજમ બાકી હોય તે મહેરબાની કરી તરત મોકલી આપે.

બાળપ્રવાસ

પ્રવાસનો ઉદ્દેશ અને સ્થળો

૧. ફરવું. ફરવાથી હાથપગને ચલન મળે. બાઠાટેકરા ચડતાં ઉતરતાં સ્નાયુઓ કેળવાય ને શરીર સમતોલ થાય. વળી બડતલપણું આવે ને ખુલ્લી હવામાં કસરત થાય. પરિણામે તંદુરસ્તી વધે.

૨. પ્રફુલ્લતા. શરીરને ગમતી કસરત મળતાં મન પ્રફુલ્લ થાય. ખુલ્લી ચોકખી હવાના શ્વસનથી મન પ્રફુલ્લ બને. કુદરતને બોળે આળોટતાં મન પ્રફુલ્લ થાય. સુંદર કુદરતથી આંખને આરામ મળે ને તેથી મન પ્રફુલ્લ થાય. બુદ્ધિને જાતજાતની શોધબોળ કરવાને અવકાશ મળે ને તેથી મન પ્રફુલ્લ થાય. એકંદરે મનની પ્રફુલ્લતા આવે.

૩. વૈજ્ઞાનિક શોધબોળ. જાતજાતના પથરા ને કાંકરી કાંકરા જોવા મળે. ભાતભાતનાં બડ ને ફૂલપાન નજરે પડે. વિધવિધ રંગી વિધવિધ પ્રકારનાં જીવજંતુ–ઢીડ, પતંગિયાં ને પશુપંખીનું જીવન જોવાય. અનાજ કયાં પાકે, શાકભાજી કયાં થાય, પાણી કયાંથી આવે વગેરે જોવા જાણવાનું મળે. અનેક રીતે વૈજ્ઞાનિક શોધબોળ ને અવલોકનને અવકાશ મળે ને વૈજ્ઞાનિક બુદ્ધિ બીલે.

૪. કલાત્મક વૃત્તિ ને દૃષ્ટિ.

પંખીની પાંખમાં, બડ ઝાડના ડોલનમાં, વેલીના વળાકામાં, ફૂલફળની પ્રફુલ્લતામાં, આકાશની વિશાળતામાં, સૂર્યચંદ્રના તેજમાં ને વાદળાંની મનસ્વી રમતોમાં બાળમન ઉઘડે. તેની આંખો ભાળે, તેના કાન સાંભળે, તેના હાથ સ્પર્શે, તેનું હૃદય સૌંદર્ય ઝીલે. ડોલનાર સાથે ડોલે, ગાનાર સાથે ગાય, નાચનાર સાથે નાચે; ઉડનાર સાથે ઉડે, બીલનાર સાથે બીલે; દુઃખી સાથે દુઃખી બને, હસનાર સાથે હસે, રડનાર સાથે રડે, શાંત સાથે શાંત બને, ધીરગંભીર સાથે ધીરગંભીર બને ને મસ્ત સાથે મસ્તીમાં આવે. પરિણામે સાચી કલાવૃત્તિ બીલે. સૌન્દર્ય જોવાની માનસિક આંખ ઉઘડે. હૃદયની લાગણી ને ભાવના જાગે. એકંદરે મન જડ પથ્થર મટી જીવતું થાય.

૫. કળા, કારીગરી ને ઉદ્યોગ.

ફરતાં ફરતાં જીવન સાથે જોડાએલી કળા કારીગરી જોવાય, જીવનની જરૂરીઆતોમાંથી ઉત્પન્ન થતા ઉદ્યોગોથી પરિચિત થાય. એકંદરે ઉદ્યોગ કારીગરીની દૃષ્ટિ મેળવે.

૬. ભોગોલિક ને ઐતિહાસિક દૃષ્ટિ.

બાડા ટેકરા ભાળે, નદી નાળાં જુએ, કુદ કૂવામાં ડોકાય, ડુંગરની ટોચે ચડે, તળાવ સરોવરને કાંઠે ફરે, દરિયાનાં ઉછળતાં મોજાં જોતાં દિંગ બને ને ભૂ-ગોળનો પ્રત્યક્ષ પરિચય સેવે તેમ જ સ્થળે સ્થળની સાથે જોડાએલો ઇતિહાસ જાણે. ઇતિહાસની કાંઇક કલ્પના લે. ભૂગોળની દૃષ્ટિ બીલવે. ઇતિહાસ ને ભૂગોળને મનુષ્યજીવનનાં અંગો તરીકે ઓળખે.

૭. મનુષ્યજીવન તેના અનેક રંગોમાં જુએ અને જીવતું જાગતું મનુષ્ય બને.

બાળપ્રવાસોની પાછળ આવા આવા ઉદ્દેશો હોય.

દરેક પ્રવાસ વખતે એકાદ ઉદ્દેશ મુખ્યપણે હોય. બાળકની ઉંમર પરત્વે પણ ઉદ્દેશભેદ હોઈ શકે. વ્યક્તિગત બાળક પરત્વે પણ ફેર હોય. માટે કયે વખતે કયાં જવું તે તે વખતની વિશિષ્ટ પરિસ્થિતિ પ્રમાણે નક્કી થાય.

પહેલો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે બાળકોને દૂર દૂર ફરવા લઈ જવાં. તેમની શક્તિના પ્રમાણમાં અત્યંત ભારે ન થાય છતાં પૂરતી કસરત મળે એટલે દૂર ફરવા લઈ જવાં. ખાડા ટેકરા ડુંગરા વગેરે સ્થળે ફરવાથી શરીરનું સમતોલપણું ને ચડતલપણું વધારે આવે. સીધે રસ્તે દૂર દૂર જમીથી ચાલવાના ને દોડવાના સ્નાયુઓ મજબૂત બને. પાણીમાં લઈ જઈ છૂટથી નહાવાની કે તરવાની અનુકૂળતા કરી આપવાથી બહુ જ લાભ છે. ફરવાને સ્થળે ખુલ્લી ને સ્વચ્છ હવા હોય એ તો પ્રથમ જરૂરીઆત ગણવી.

બાગબગીચા, વાડીખેતરો, નદીતળાવો, ડુંગરા વગેરે મનને આલ્હાદ આપે એવાં સ્થળો હમેશ પ્રફુલ્લતા આપે છે. તેમ જ જોવા જાણવાનું ને શોધવા ખોળવાનું મળે ત્યારે બાળકો પ્રફુલ્લ થાય છે. એટલે બીજો ઉદ્દેશ કોઇ પણ બાળયોગ્ય પ્રવાસમાં સધાય જ છે–સધાવો જોઇએ. એને ઉદ્દેશ કરતાં સફળતાની કસોટી ગણવી. બાળકો પ્રફુલ્લતા અનુભવતાં હોય તો જ આપણો પ્રવાસ સફળ ગણવો.

વૈજ્ઞાનિક શોધખોળ માટે ખુલ્લાં મેદાનો, બાગબગીચા, ખેતરો, વાડી, ટેકરા, ખાડા વગેરે અનેક સ્થળો યોગ્ય જ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ રચાએલાં સંગ્રહસ્થાનો પણ ઠીક છે પણ ખુલ્લાં મેદાનો વગેરે સ્થળે જ્યાં બાળકો જાતે જોઇ શોધો કરે તે વધારે કિંમતી ગણવાં. જૂદાં જૂદાં જમીનનાં પડો આવે એવી જૂદી જૂદી જગ્યાએ જઇએ તો પથરા, કાંકરા ને માટી પણ અવલોકનનાં સાધનો બને. પક્ષીના માળા, ઉધઇના રાફડા, ઇયળોના કોશેટા વગેરે અનેકાનેક સાદી લાગતી પણ વૈજ્ઞાનિક જિજ્ઞાસા ખોલતી વસ્તુઓ તરફ બાળક જઈ શકે.

ખેતરો, બગીચાવાડ, વાડીઓ ને વાડાઓમાં અમુક અમુક દિવસને અંતરે હમેશ જવાથી પાકનાં સ્થિત્યંતરો બાળકોની નજરે સહેજે પડે ને તે બાજુની દૃષ્ટિ ઉઘડે.

વર્ષા, વસંત વગેરે જે જે ઋતુમાં તેમ જ સૂર્યોદય, સૂર્યાસ્ત, ચાંદની વગેરે જે કાળે સૃષ્ટિમાતા સુંદર વસ્ત્રો પહેરી બોલે છે તે ઋતુમાં ને તે તે સમયે બાળકોને પ્રવાસે લઇ જવાં ને બાળક મનસ્વી રીતે ફરે ને મસ્ત બની આનંદ મેળવે તે લેવા દેવો. માત્ર બાગબગીચામાં જ સૌંદર્ય આવી રહેલું છે એમ ન માનવું. લીલાંછમ ખેતરો, જંગલો, ડુંગરાઓ, નદીઓ, તળાવો, દરિયાકિનારો એવાં અનેક કુદરતી સુંદર સ્થળો આપણી આસપાસ હોય છે. અનુકૂળતાએ પસંદગી કરી શકાય. આપણી સુંદર વસ્તુની કલ્પના બહુ ટૂંકી ને સંકુચિત હોય છે. વગડામાં ચરતી ગાયો, ભેંશો કે ડુંગરની ધારે ફરતાં બકરાં ઘેટાંનું સુંદર દૃશ્ય આપણા ધ્યાન બહાર જાય છે. એવાં એવાં સહેજે મળી આવતાં અનેક પ્રકારનાં સુંદર સ્થળો ને સુંદર દૃશ્યો બોળી કાઢીએ ને બાળકોને બોળવા દઇએ.

સુંદર કારીગરી ને કળાના નમુના જોવા લઇ જવાય, તેમ જ ગયાં હોઇએ ત્યાં કારીગરીના નમુના કયાં છે તે શોધીને બાળકો આગળ મૂકાય.

એ બાબતમા પણ આપણે ચાલતે ચીલે જશું તો બહુ થોડું જોશું. આબુ કે ગિરનાર જઇશું કે સુંદર મંદિરો જોશું પણ પાસેના કુંભારવાડામાં કુંભાર ચાકડો ફેરવે છે તેમાં અજબ કારીગરી રહેલી છે તે ભૂલી જઇશું. પડખેની વાડીમાં રહેનાર કોળી પાસે બળદની સુંદર ઝૂલ છે કે મેળામાં જતી ઢેડડી સુંદર ભરત ભરેલો ઘાઘરો પહેરે છે તે જોવાનું રહી જશે. કણબીનાં ઘરોમાં આવેલી અનેક જૂની કારીગરી જોવાનું સૂઝશે નહિ.

ઉદ્યોગોમાં કાંઇક જોવાનું છે એ વાત જ ધ્યાન બહાર જાય. સુતારની કોઢ ને લુહારની દુકાન, ધાંચીની ઘાણી ને સોનીની એરણ, સંધેડાના ઘાટ ને કેટલુંય આપણા ગામમાં જ આપણા જીવન સાથે નિકટ રીતે સંકળાએલું જોવાનું પડેલું હોય છે. આપણે પાણી પીઇએ તે પ્યાલો કેમ બને, આપણે બેસીએ તે શેતરંજી કેમ વણાય, આપણે પહેરીએ તે કપડાં કેમ થાય, આપણે વાપરીએ તે બધી ચીજો કેમ બને ને કયાંથી આવે વગેરે આપણી આયાત નિકાસ બધું ફરીને જોઇ શકાય છે. બાળકની તે તરફની દૃષ્ટિ ઉઘડે તેમ કરી શકાય છે.

ભૌગોલિક વ્યાખ્યાઓ ગોખાવવાને બદલે જેની વ્યાખ્યા આપીએ તે નજરે જુએ, કાંઇક ભૂગોલના પ૬ ભાગની પ્રત્યક્ષ કલ્પના લે એવું પણ ઘણું આપણી આસપાસ જ નાના મોટા પ્રમાણમાં હોય છે. ગંગા સિંધુની કલ્પના પાસેના નદી નાળાથીયે થઇ શકે. પાસેની ધાર ઉપર ફરવા જાય તોયે ડુંગરા પર્વતની કલ્પના થઇ શકે. ગિરનારનો ગઢ જોતાં જોનાં રાણકદેવીની વાતો થાય; સોરઠી સોમનાથ નજરે જોઇ મહમદની સ્વારીની વાત થાય ને એવી રીતે ઐતિહાસિક સ્થળો જોઈ ઇતિહાસનો થોડો એવો સાચો ને પ્રત્યક્ષ ખ્યાલ લીધો હોય તો બીજું ઘણુંયે કલ્પી લેવાની શક્તિ આવે. ઐતિહાસિક સ્થળો તરીકે પ્રસિદ્ધ એવા જુનાગઢ કે પાટણ જોઇએ તો જ ઇતિહાસ આવે ને પાસેની વાવ જોઇને તેને લગતા ઇતિહાસની વાતથી ઐતિહાસિક પ્રવાસ ન થાય એમ નથી. ગામના ગરાસિયા! હથિયારો જોઇને તથા તેના પૂર્વજોની હકીકત સાંભળીને પણ ઇતિહાસનો ખ્યાલ આવી શકે છે.

છેલ્લો અને સર્વથી મહત્ત્વનો ઉદ્દેશ મનુષ્યજીવનથી પરિચિત થવાનું આપણે જરાએ ભૂલવું ન જોઇએ. ઘણો પ્રવાસ કરેલો મનુષ્ય બહુશ્રુત, વિદ્વાન ને અનુભવી થાય છે તે એકલાં નદીઓ, ડુંગરા કે પશુપક્ષીઓ જોઇને નહિ. એ મનુષ્યોના પરિચયમાં આવે છે; જીવનના જૂદા જૂદા પંથો જુએ છે; જીવનના આછા

અંત્યજોની વહારે

બીજા બે ભાઇઓ તરફથી પાંચ પાંચ રૂપિયા આવ્યા છે. અંત્યજ શાળાઓની યાદીઓ આવ્યા પ્રમાણે તેમના પર પત્રિકાઓ મોકલાઈ ગઈ છે. કોઇ અંત્યજ શાળા બાકી રહી હોય તો લખી જણાવો. શાળાઓને પત્રિકા પહોંચાડતાં પૈસા વધશે તો તેમાંથી ગરીબ અંત્યજ ભાઇઓને પત્રિકા મોકલીશું.

મદદ આપનાર ભાઇઓને અમે વધાવી લઇએ છીએ.

ઘેરા રંગો ને તેની કાળી ધોળી બાજુઓ તપાસે છે તેથી થાય છે.

બાળકો ફરવા જાય ને ખેડુતોનું જીવન નજીકથી નિહાળે; ગરીબ લોકો કેમ જીવે છે, શું ખાય છે, શું ઓઢે છે તે જાણે; તેમનાં ઘરો જુએ; બજારમાં અનેક ધંધાના માણસો બેસે છે; ઘરડાં ને જુવાન, સ્ત્રીઓ ને પુરુષો બધાંને જુએ; મજુરોને જુએ; ભિખારીને જુએ; મોટરમાં ફરતા શેઠીયાને જુએ; ઘોડા ઉપર રોફથી ફરતા અમલદારને જુએ; મોજમજાસાં ફરતા મીલમાલેકને જુએ; તેની મીલના મજુરો ને તેનાં બાળકો જુએ; પોતાનાં જેવાં જૂદાં જૂદાં બાળકોને જુએ; તેઓ કયાં રમે છે, કેવી શાળામાં બેસી ભણે છે, કેવી શેરીમાં રમે છે વગેરે અનેક બાબતો જુએ. શિક્ષકની પાસે જો જીવનને જોવાની સહૃદયતાભરી દૃષ્ટિ હોય તો બાળકોને ફરવા લઈ જઈ તે તેમની આગળ જીવનના અનેક પડદાઓ ઉઘાડી શકે, અને તે દ્વારા એટલું અમૂલ્ય શિક્ષણ બાળકોને મળે જે વર્ષો સુધી શાળા કે કોલેજમાં ગાળી વિદ્વાન થવા પાછળ ફાંફાં મારવાથી કદિ પણ મળવાનું નથી. એકંદરે પ્રવાસોના અનેક ઉદ્દેશો નજર આગળ હોય તો તે પ્રમાણે પ્રવાસોનાં સ્થળો યોજી શકાય છે. દરેક પ્રવાસ વખતે અમુક ખાસ ઉદ્દેશ તો શિક્ષક આગળ હોવો જ જોઇએ. જેમ કે કુંભારવાડે જાય ત્યારે એક, શેરડીને વાઢે અમુક, ભાભાની વાડીએ અમુક વગેરે.

એક જ પ્રવાસમાંથી અનેકાનેક લાભો લેવાનો મોહ રાખવા જતાં બધું જ ખોવાય છે. માટે મુખ્ય ઉદ્દેશ દૃષ્ટિ આગળ રાખી પ્રવાસ ઉપાડવો. આજુબાજુના લાભો એની મેળે થોડા ઘણા નીપજે તો ભલે, પણ એક તો ઉદ્દેશ પાર પડે જ એટલી વાત ધ્યાન બહાર જવા ન દેવી. તા.

તમે પોતે શું કરો ?

(૧)

ત્રણ વર્ષનું બાળક છે. દવા પીવાની જરૂર છે પણ ગમે તેટલું સમજાવીએ લઈએ છતાં પીતું નથી; ને દવાનું નામ પડતાં હાથપગ પછાડે છે ને રડે છે. એને મારની બીક લગાડીને અગર મારીને દવા પાવી નથી તો શું કરશો ?

(૨)

ચાર વર્ષની બાળા છે. જ્યારે માથે નહાવાનો વખત આવે છે ત્યારે ભારે કજીયો કરે છે. સમજાવી સમજતી નથી. જૂઓ પડશે એ બીકને ગાંઠતી નથી. મારી પણ જોઇ છે પણ મારવાથી તે વધારે હઠીલી થઇ છે. ચાર જણાં પકડી રાખે છે ત્યારે માથું ધોવા દે છે ? આ સ્થિતિમાં શું કરવું ?

નોંધ

આ જાતના પ્રશ્નોને અમે અભિનંદીએ છીએ. આના ઉત્તરો આપવા સૌ યત્ન કરશો. જેના ઉત્તરો સાચા હશે તેના પ્રગટ કરીશું. ઉત્તરો ટૂંકામાં અને દલીલ સાથે આપશો. તંત્રીઓ.

મને ત્યાં જવું નથી ગમતું

[ગતાંકથી ચાલુ]

હું ત્યાં જાઉં છું ત્યારે આંગણામાં જ બે છોકરાંઓને બાઝાબાઝી કરતાં ભાળું છું. તેઓ એકબીજાનાં પેરણો ખેંચતાં હોય છે; બાખોડીયાં ભરતાં હોય છે.

પગથીએ પગ દઉં છું તો મોટાભાઇ ઘાંટા કાઢી નાનાભેનને ડરાવતા હોય છે. "કેમ એલી હજી પાણી ન લાવી કે?"

ઓશરીમાં ચંદન અને દેવો એકબીજાંને વાંચવા દેતાં નથી પણ ચોપડીઓ ખેંચે છે ને નાસે ભાગે છે.

બારણા પાસે નાનો નટવર એં એં એં કરતો પડેલો છે. તેના પર માખીઓ બેઠેલી છે. કોઇએ તેને ચીડવ્યો છે તેથી રડે છે.

રસોડા પાસે જાઉં છું ત્યાં બા રૂખીને ધમકાવતી હોય છે: "આવડી મોટી સોળ વરસની થઇ તોયે હજી શગડી પેટવતાં નથી આવડતી?" રૂખી તોબડો ચડાવીને શગડી પછાડીને ઉભી થતી દેખાય છે.

પાછલે બારણેથી જીવો પાડોશી "કયાં ગઈ રતન, આ રઘુડાને બટકું ભરીને કયાં ગઈ?" એમ કહેતો હપકો દેવા આવ્યો છે.

હું ઉભો છું ત્યાં બહારથી બાપા આવ્યા ને બોલ્યા: "એલા આ શી ધમાલ ચાલી રહી છે? કયાં છે રતન? કયાં છે મંગો? આ છોકરો કેમ રડે છે? રૂખડી કયાં ગઇ? અને કેમ કોઈ સંભાળતું નથી?"

ખરેખર, મને આવે ઘેર જવું જરાયે નથી ગમતું. ગિ.

ઘરમાં સુધારા

ઘરને એકાદ ખૂણે ટોપલી કે ડબલું રાખવું ને તેમાં જ સૌ કચરો નાખે.

આંગણામાં એક ડબલું રાખવું; તેમાં જ દાતણની ચીરો અને પૂંજને નાખવો.

ઘરમાં 'જોડા' એમ કરી એકાદ જગાએ લખવું ને સૌ જોડા ત્યાં જ મૂકે.

આંગણાથી જરા દૂર એકાદ જગ્યા નક્કી કરવી; ત્યાં જ સૌ પેશાબ કરે ને ઉપર ધૂળ નાખે.

પાણીયારે ઘરના દરેક જણને માટે એક એક પ્યાલો ને મહેમાન માટે એક વધારે રહે, ને એક લોટી રહે. સૌ પોતપોતાના પ્યાલાથી પાણી પીએ.

ઘરમાં એક ઠેકાણે 'બાકસ અને બત્તીઓ' એમ કાગળિયું ચોડવું. ત્યાં જ સૌ બાકસ બત્તી પહોંચાડે.

રસોડામાં એક ઠેકાણે ચિઠ્ઠી ચોડવી: "અહીં સાણસી, છરી અને કડછી." કાંઇ રખડતું હોય તો સૌ ત્યાં જ પહોંચાડે.

એકાદ બારી નીચે 'દવાની શીશીઓ' એમ લખવું. આડી અવળી પડેલી શીશીઓ ત્યાં જ સૌ લાવીને મૂકે. ગિ.

બાળકોનું મિલન

શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર દર વર્ષે જૂનાં અને ચાલુ બાળકોનું એક મિલન ગોઠવે છે. આ વર્ષે આસો શુદ ૧૫ ઉપર તેવું મિલન ગોઠવ્યું છે. આ વર્ષના એના પ્રમુખ શ્રી. નરહરિ દ્વારકાદાસ પરીખ, ગૂજરાત વિદ્યાપીઠના મંત્રીમાત્ર, થશે. ગયે વર્ષે ભાઇ જુગતરામ દવે પ્રમુખ હતા.

આંકડા કાઢીએ

(૧)

૧ કેટલાં ઘરોમાં બાળકોને માર પડે છે ?
૨ કેટલાં ઘરોમાં બાળકોને શિક્ષા થાય છે ?
૩ કેટલાં ઘરોમાં બાળકોને બીક બતાવાય છે ?
૪ કેટલાં ઘરોમાં બાળકોને ગાળો દઈને બોલાવાય છે ?
૫ કેટલાં ઘરોમાં બાળકોને શબ્દથી ધિક્કારાય છે ?

(૨)

૧ કેટલાં ઘરોમાં બાળકોને 'ભા, બાપુ' કરીને મોઢે ચડાવાય છે ?
૨ કેટલાં ઘરોમાં બાળકોને ઇનામની કે ઇતર લાલચ અપાય છે ?
૩ કેટલાં ઘરોમાં બાળકો રીસાશે માટે માબાપો બહીને ચાલે છે ?
૪ કેટલાં ઘરોમાં બાળકોને મોઢે તેમનાં વખાણ થાય છે ?
૫ કેટલાં ઘરોમાં બાળકો ગાળો દે છે અને વડીલો સામે ઉદ્ધતાઇ કરે છે ?

તા.

તમે શું ધારો છો ?

(૧)

"બા, મોટીબેન સાથે હું હવેલીએ જઉં ? મારે શ્રીનાથજીનાં દર્શન કરવાં છે."

"ભલે જા."

"બાપા, હું આજે ઉપવાસ કરું ? આજે શિવરાત્રિ છે."

"હા, ભલે કર."

"બા, રસુલ સાથે મસીદમાં જઉં ? નમાજ કેમ પઢાય એ મારે જોવું છે."

"જા, જોઇ આવ."

"બાપા, મેરીબેન સાથે દેવળમાં જઉં ? હું પણ પ્રાર્થના કરવાનો."

"જા, ભલે દેવળમાં જા."

(૨)

"બા, મોતીબેન સાથે હું હવેલીએ જઉં ?"

"આપણે ત્યાં ન જવાય. શિવમંદિરે જા."

"બાપા, હું શિવરાત્રિનો ઉપવાસ કરું ?"

"ના રે, આપણે વળી શિવરાત્રિ કેવી ? આપણે તો એકાદશી કરાય."

"બા, હું રસુલ સાથે મસીદમાં જઉં ?

"મસીદમાં ? મસીદમાં તે જવાય ? તું કાંઇ મુસલમાન છો ?"

"બાપા, મેરીબેન સાથે દેવળે જઉં ? મારે પ્રાર્થના કરવી છે."

"મૂરખા, વિશ્વાસી થઇ ગયો કે શું ? આપણાથી ત્યાં ન જવાય."

ગિ.

બાલઅધ્યાપનમંદિર

ભાઇ દેવરામ મીસ્ત્રી કચ્છમાંથી ત્રણ માસ માટે કન્યાશિક્ષણની બાબતમાં અનુભવ લેવા અધ્યાપનમંદિરમાં આવેલા છે.

બાળકોનો પોશાક

ઝભ્ભી-પસંદ કરવા જેવી. રોજ ધોઇ શકાય એવા કપડાની. ગોઠણથી ઉપર. વચ્ચેથી ખૂબ ઢીલી. કેડે નાડી. (ઢીલી બાંધવી) અથવા ઉત્તમ તો ઉપરના પહેરણ સાથે બુતાનથી જોડાએલી. સખ્ત ઠંડીમાં પહેરવા માટે નીચે સુધી કરવી-ઢીલી ચોળણી જેવી. ગોઠણ ઉપર અટકે નહિ તેમ જ પગમાં આવે નહિ. પડળે ને ખરાબ ન થાય એટલી ઉંચી રાખવી. કેડે બુતાન ન જ કરવાં. બ્રેસેસ (ખભેથી લટકાવવાના પટ્ટા) પણ ઇચ્છવા જેવા ન ગણાય. કેડે નાડી ન રહેતી હોય તો ઉપર પેટી કે પહેરણને બુતાન રાખી ચડ્ડીમાં ગાજ કરી તેની સાથે જોડી દેવી. આ રીત સૌથી સારી ખરી પણ તેમાં વારેવારે બુતાન તૂટી જાય ને ગાજ ઢીલા થઈ જાય ને એવી મુશ્કેલી નડે છે. નાડીની રીત સૌથી સહેલી માલુમ પડી છે.

પહેરણ કે ઝભ્ભો-ખાસ ધ્યાનમાં રાખવાની બાતઃ ૧. બાંય ટૂંકી રાખવી. ૨. ગળું કહણ ન હોય. ૩. આગળ બુતાન ને નાડી. ૪. લંબાઇમાં બહુ લાંબું નહિ.

ધાબળી-બાસ પસંદ કરવા જેવી ન ગણાય કારણ ૧. હીલચાલ છૂટથી ન થઈ શકે. દોડવું રમવું કે કોઈ પણ કામમાં આડે આવે. ૨. નકામું વધારે કપડું વપરાય. સખ્ત ઠંડીમાં [illegible] કવચિત શોખ ખાતર

પસંદ કરવા જેવું ન ગણાય. કારણ શરીર પર બૂલતું હોતું નથી. ઢીલું રાખે તો શોભતું નથી ઠંડીમાં ઠીક ગણાય. ઉઘરસ સળેખમે પણ સારું. પણ આવે પ્રસંગે વધારે સારી ગરમ પેટી.

ફ્રૉક-છાતીએ બંધ બેસતું ને કેડે બંધ બેસતું એવાં તો ન જ પહેરાવવાં. પાછળ બુતાનવાળાં પણ ન જ ચાલે. આ પણાં બાળકોને બહુ શોભતાં નથી કારણ આપણી પરિસ્થિતિમાં તે ભળતાં નથી. આપણા દરજીઓ તેના કટ પણ વિચિત્ર બનાવે છે. ફેશન તો તદ્દન કદંગી મૂકે છે.

કુડતું-બાળકને-છોકરો કે છોકરીને-બાર વરસ સુધી ઉત્તમ બાફક આવે છે કારણ શરીર ઉપર બૂલતું રહે છે. દોડવા રમવામાં ફાવે એવું છે. આગળ બુતાન હોય છે. સરસ બાજુનાં બીસાં આવે છે. થોડા કપડામાં થાય છે. સીવવાનું એકદમ સહેલું ને થોડું-હાથે થાય તેવું. ભરત, છાપ વગેરેથી બાળકને ગમે તેવું કરી શકાય છે. આપણી પરિસ્થિતિમાં ભળે છે.

ટોપી સામાન્યતઃ જરૂર નથી. ઠંડી કે તડકો હોય તો જ નાનાં બાળકો માટે કપડાની આગળ બાંધી શકાય તેવી સાદી રાખવી. મોટા માટે ગાંધી ટોપી ઠીક પડે છે કારણ હમેશ ધોઇને સ્વચ્છ રાખી શકાય છે ને હલકી હોય છે.

રૂમાલ-નાનો ચોરસ કટકો ગળામાં ઢીલો બાંધેલો જરૂર રાખવો. જૂના સાડલા કે ધોતીયામાંથી સારા સ્વચ્છ કટકા વાપરી શકાય.

પારસી ભાઇબ્હેનાન

અમે એક પારસી બ્હેનને લખ્યું જે તમારી કોમમાંથી પત્રિકાના વાંચનારા બહુ થોડાઓ છે તેથી મને દિલગીરી થાય છે. પારસી કોમ પોતાનાં બચ્ચાંની કેળવણીમાં ખૂબ રસ લે છે; તેની પાછળ પૈસા પણ ખરચે છે; છતાં તેઓ પત્રિકા કેમ નહિ લેતાં હોય ? તેઓએ જવાબ આપ્યો કે એલાશક પત્રિકા દરેક માબાપને વાંચવા જેવી છે અને પારસી માતપિતાએ પણ વાંચવી જોઇએ. પણ તમારી પત્રિકાની ભાષા પારસીઓને જરા અઘરી પડે છે તેથી વાંચવાની મુશ્કેલી પડે છે. અમને લાગે છે કે એ ફરિયાદ સાચી છે. જો કે પત્રિકાને છેક સહેલી ભાષામાં પ્રગટ કરવાનો અમારો ઇરાદો છે છતાં જાણે અજાણ્યે અમે અઘરા શબ્દો હમેશની ટેવને લીધે વાપરી દઇએ છીએ. પારસી ભાઇબ્હેનોને અમારે એટલું જ કહેવાનું જે અમે અમારી ભાષા બનતી કોશિશે સહેલી કરીશું જ. અમે તમને પણ અમારા મંડળમાં અમારી સાથે માગીએ છીએ. હજી તમો એટલા બધા થોડા છો તેથી અમોને ઘણું માઠું લાગે છે. તમે ઘણી મોટી સંખ્યામાં વધી જાઓ એમ માગીએ છીએ.

મદદ નહિ કરો ?

આ છઠ્ઠા માસને અંતે આપણે ૩૪૧૫ જણાં પત્રિકાનાં વાંચનારાં છીએ. એમાં ૨૫ પારસી ભાઈબ્હેનો અને ૨૧ મુસલમાનભાઇ બ્હેનો છે. આપણા સંઘમાં આટલા જ મુસલમાન અને પારસી ભાઇ બ્હેનોથી કેમ ચલવી લઇએ ? આપણે એકલા કેમ શોભીએ ? મુસલમાન અને પારસીભાઇઓમાં આપણા ઘણા જાણીતા છે, મિત્રો પણ છે. તે કોમોને પણ બાળકો છે ને તેમને બાળઉછેરના પ્રશ્નો પણ છે. આપણા તે હિંદીભાઇઓ છે ને પાડોશીઓ છે. આપણી પત્રિકા તેમને બતાવીને તે વાંચવા લાગે તેમ નહિ કરીએ ? તેઓને પણ આપણી ભેગા ભેળવવા અને સંઘનું બળ વધારવા એટલી મદદ નહિ કરો ?

મોન્ટીસોરી પ્રશ્નોત્તરી

ક્ષ૦ બાળકોને આઠવાડિક તહેવારની અને વેકેશનની રજા આપવામાં આવે છે તેની આવશ્યકતા ખરી કે નહિ ? તેમાં ફાયદો કે નુકશાન ?

જ૦ ખરી રીતે મોન્ટીસોરી શાળામાં બાળક ઇચ્છે ત્યારે આવે અને ન ઇચ્છે ત્યારે ન આવે. પોતાની મેળાએ તે પોતાની રજા પાડી લે. શાળા વહાલી હોવાથી બાળકોને રજાઓ ગમતી નથી તેમ જાણવામાં આવ્યું છે. અલ્પમત રજાઓ પાડવાથી તેમને હંમેશ થતો લાભ ન મળે પણ શિક્ષકોને રજાઓની જરૂર પડે તો તેઓને રજા મળવી જોઇએ; અને બાળશાળા બંધ ન રહે માટે વિશેષ નોકરોની ગોઠવણ થવી જોઇએ.

ક્ષ૦ મોન્ટીસોરી પદ્ધતિએ શિક્ષણ આપતાં કોઇ બાળક દુર્ગુણ તરફ વળતું હોય તો રોકવું કે નહિ ? અને રોકવું તો કઇ રીતે ?

જ૦ મોન્ટીસોરી પદ્ધતિ અને દુર્ગુણ તરફ વળવાને

સંબંધ નથી: બાળક દુર્ગુણ તરફ જતું હોય તો તેને રોકવું નહિ પણ જવાનું કારણ હોય તે શોધી દૂર કરવું. રોકવાથી દુર્ગુણની ક્રિયા આગળ વધતી નથી ખરી પણ દુર્ગુણનું કારણ પડ્યું જ હોય છે. માટે મૂળ કારણ દૂર કરવું.

સ૦ મોન્ટીસોરી પદ્ધતિમાં ધાર્મિક શિક્ષણ છે કે નહિ? અને હોય કે ન હોય તો શા માટે?

જ૦ હાલની દુનિયામાં જેમ ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે તેમ અપાતું નથી. મનુષ્ય-જીવનના વિકાસ માટે એક સુંદર સ્થાન એટલે મોન્ટીસોરી શાળા. એમાં ધાર્મિક અંગના વિકાસનો સમાવેશ છે. બાળકો નિર્ભયપણે, સંયમથી, પરસ્પર ભ્રાતૃભાવથી પ્રગતિને માર્ગે જાય એ સ્વતઃ ધાર્મિક ક્રિયા લાગે છે. પ્રેમ-ભર્યા સહકારમાં જ્યાં સ્વાવલંબનથી બાળકો પોતાની જાતને પ્રગટ કરે છે–તેનો સાક્षાત્કાર કરે છે ત્યાં તેવી દરેક વ્યક્તિ ધર્મરૂપ છે.

સ૦ ઇનામ કે લાલચને મોન્ટીસોરી પદ્ધતિમાં સ્થાન નથી તેનું કારણ શું છે?

જ૦ કારણ કે મોન્ટીસોરી પદ્ધતિ બાળક પાસે અમુક કામ અમુક વખતમાં શક્તિ હોય કે ન હોય તો પણ પરીક્ષા કે બીજા કારણે કરાવી લેવા માગતી નથી. દરેક બાળક પોતાની શક્તિ પ્રમાણે ચાલ્યું જાય છે. દોડી શકે છે તે ચાલવા માગતું નથી અને ચાલી શકે તેને દોડાવવું તે અત્યાચાર છે. આથી મોન્ટીસોરી પદ્ધતિમાં ઇનામની જરૂર પડતી નથી. ઇનામ ઉત્તેજન રૂપ છે–દારૂ જેવું છે. કેફ ઉતર્યા પછી લેનાર વધારે મંદ થાય છે અને ફરી વાર વધારે દારૂ માગે છે. મોન્ટીસોરી શાળા પીઠું નથી.

લાલચ લોભપણું છે, મોહ પેદા કરનાર છે. લાલચનો માર્ગ લાંચ રૂશ્વતનો માર્ગ, પક્षापક્षનો માર્ગ, મનુષ્યના પતનનો માર્ગ છે સીધે રસ્તે ચાલ્યા જતા બાળકને મોન્ટીસોરી તે રસ્તે લઈ જવા માગતી નથી. ઇનામ આપી મોન્ટીસોરી પદ્ધતિ એકમાં મિથ્યાભિમાન અને બીજામાં પામરતા પેદા કરવા માગતી નથી.

સ૦ મોન્ટીસોરીનો સિદ્ધાંત છે કે વ્યક્તિગત શિક્ષણ આપવું જોઇએ. તો સમૂહશિક્ષણને સ્થાન છે કે નહિ? અને સ્થાન છે તો કયા કયા વિષયોમાં અને કેવી રીતે આપવું?

જ૦ મોન્ટીસોરી પદ્ધતિમાં વ્યક્તિગત વિકાસ મુખ્ય છે. વ્યક્તિગત વિકસેલાં બાળકો સહેજે સમૂહજીવન સફળ કરે છે. મોન્ટીસોરી પદ્ધતિમાં સમૂહગત કે વ્યક્તિગત શિક્ષણ જેવું કંઇ છે જ નહિ.

સ૦ એક ગૃહસ્થ પોતાના બાળક માટે ખાસ શિક્ષક રોકી મોન્ટીસોરી પદ્ધતિથી પોતાના બાળકને કેળવે એ ઠીક કે સારી મોન્ટીસોરી શાળામાં મોકલી કેળવે એ ઠીક?

જ૦ સારી મોન્ટીસોરી શાળામાં કેળવે એ ઠીક. ઘેર એક બાળકને શીખવવાથી બાળકને સમૂહગત જીવનનો લાભ મળતો નથી.

સ૦ ધારો કે એક શિક્ષક પાસે દસ બાળકો છે; એક ચિત્રકામ કરવા જાય છે, બીજું કસરત કરે છે; ત્રીજું બાગકામ કરવા જાય છે. તે સર્વે ઉપર

મોન્ટીસોરી પ્રશ્નોત્તરી

ગયા અંકથી આ પ્રશ્નોત્તરી ચાલુ કરી છે. આ પ્રશ્નોત્તરીમાં જેમ પૂછવામાં આવ્યા છે તેમ અમને અનેક પ્રશ્નો પૂછવામાં આવશે તો અમે હર્ષથી તેને વધાવીશું અને તેનો ઉત્તર આપીશું. આપ આપને મૂઝવતા પ્રશ્નો જરૂર પૂછશો.

એક શિક્ષક કેવી રીતે દેખરેખ રાખી શકે ?

જ૦ અવલોકન કરવાની શક્તિ કેળવીને.

સ૦ મોન્ટીસોરી પદ્ધતિની દૃષ્ટિએ બાળકનું ઘરનું વાતાવરણ કેવું ને કેવી રીતે રાખવું જોઇએ ?

જ૦ વાંચો "ઘરમાં મોન્ટીસોરી" લેખક તારાબેનઃ પ્રકાશક શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર.

સ૦ મોન્ટીસોરી પદ્ધતિ વ્યક્તિશિક્ષણને મહત્ત્વ આપે છે. તો વીસ છોકરાઓની વચ્ચે એક શિક્ષક કેવી રીતે કામ કરી શકે ?

જ૦ આ જોવા માટે કોઇ મોન્ટીસોરી શાળામાં એકાદ દિવસ રહી આવવું

ગિ.

ટોપી

આજની ધૂડી અને પ્રાથમિક શાળાના બાળકોની ટોપીઓ આપણે સૌએ જોઇ છે. શહેરનાં થોડાં બાળકોની ટોપીઓ બાદ કરીએ તો બીજાંની ટોપીઓ કેવી છે ? સડેલી ને ગંદી, તૂટેલી ને ફાટી ગએલી. ટોપીઓ સામે જોઇએ તો વિચિત્રવિચિત્ર દેખાવ નજરે પડે છે. ભેગી કરીને મૂકીએ તો ચીંથરાનો એક ઢગલો લાગે. શાળામાં જાતજાતની અને ભાતભાતની એકંદરે નાખી દેવા જેવી ટોપીઓનો મેળો ભરાય છે.

છોકરાઓએ કંઇક માથે ઓઢીને જ શાળાએ જવું જોઈએ આ નિયમને લીધે છોકરાઓને માથે ટોપીઓ છે. અમસ્થાં નાનાં છોકરાં હરહમેશ ટોપી ઓઢતાં નથી. તેમને સામાજીક કે વ્યાવહારિક કે શારીરિક જરૂર નથી. આથી માબાપો શાળાની ખાતર ગમે તેવી ટોપી લઇ દે છે અને બાળકે તે ઓઢવાની હોય છે. ટોપીનો વારંવારનો ખર્ચ માબાપ પસંદ કરતાં નથી કારણ કે ખરાબ ટોપી ભણતરમાં આડે આવતી નથી. ખરાબ ટોપી ન ચલવવાનો રિવાજ શાળામાં નથી, ખરાબ ટોપીથી બાળક વરવું લાગે છે તે જોવાની આપણામાં દૃષ્ટિ નથી, અને ટોપીમાં અને ટોપી નીચે ગંદકીનું ઘર રહે છે તેનો વિચાર આપણને આવ્યો નથી. શાળાને તો માથે ટોપી જોઇએ; કેવી જોઇએ તેની સાથે લેવા દેવા નથી. શાળાને છોકરા ભણાવવામાં ટોપી આડે આવતી નથી. આથી ગંદી સડેલી ટોપી જીવી રહી છે. પણ આ સ્થિતિ શું ઠીક છે ? અને શું તે ટાળી ન શકાય તેવી છે ?

ટોપી સ્વચ્છ ને સારી રખાવવાની ઉપાધિમાં શિક્ષક પડવા રાજી ન હોય. માબાપોની સાથે ઝગડવા તેને અવકાશ ન હોયઃ અધિકાર પણ ન હોય. પણ શિક્ષક એટલું કરી શકે ને તેણે તે કરવા હિંમત કરવી જોઇએ કે તે પોતાની નિશાળના છોકરાઓને ઉઘાડે માથે જ આવવા દે. માથે ટોપી લાવે તે શાળામાં નહિ. માબાપો તકરાર થોડી કરશે એમ લાગે છે. તેમની ટોપી બચશે. તડકામાં અને ટાઢમાં કે વરસાદમાં છોકરાઓ ટોપીથી બચે છે માટે પહેરીને જ આવશે એમ માબાપ કહે તો સારી ટોપીની માગણી કરી શકાય. પણ તેમ કહેશે જ નહિ કેમ કે છોકરાઓ વગર ટોપીએ દિવસનો અરધો ભાગ રઝળે છે. હવે રહ્યું ખાતું. ખાતાની સામે સભ્યતાનો સવાલ હોય. પણ બાળકો ગંદી ટોપીને બદલે ઉઘાડે માથે આવે, સ્વચ્છ માથે આવે તો તે વધારે સભ્ય નહિ ? ગંદું માણસ સભ્ય કે સ્વચ્છ માણસ સભ્ય ? ખાતું પણ આ સુધારો વિવેકભર્યો હોવાથી સ્વીકારશે જ. પણ જોઇશે માત્ર શિક્ષકની હિમત–શિક્ષકની દૃઢતા.

ટોપી માથેથી જશે એટલે નીચેથી વાળ નીકળશે. દક્ષિણી સ્ત્રીઓ ઉઘાડે માથે રહે છે એટલે તેમને પોતાના વાળ ઓળેલા અને સ્વચ્છ રાખવા

જ પડે છે. એમ જ બાળકોના વાળ સ્વચ્છ થતા લાગશે. ટોપી નીચે ગંદા વાળ, લાંબા ટૂંકા વાળ, ગમે તેવી જાતજાતની ને ભાતભાતની હજામત, જૂઓનાં કારખાનાં, ઉંદરી, ગુમડાં ઢંકાઇ રહે છે. ટોપી જતાં એ બધાં ઉઘાડાં પડશે—તેમને ગયે જ છૂટકો થશે. અંધારામાં અને ગંદકીમાં ઉછરનારાં આ બધાં અજવાળામાં આવતાં નાસી છૂટશે.

આજની ટોપીઓ પહેરેલા બાળકોના વર્ગનો ખ્યાલ સૌને છે. હવે ઉઘાડે માથે પણ ઓળેલા અને સ્વચ્છ વાળવાળાં બાળકોના વર્ગનો ખ્યાલ સૌએ લેવો ઠીક નથી?

ગિ.

બાલમંદિરે આવો ને

ભાઇ, ઘરમાં તો પાંચ બાળકો સચવાતાં નથી ને તમે આ પચ્ચાસ સાઠ બાળકો શી રીતે સાચવો છો?

એક વાર બાલમંદિરે આવો ને!

ભાઇ, ઘરમાં તો બાળકો અંદર અંદર વારે વારે લડી પડે છે ને રડી પડે છે. ત્યાં શું થાય છે?

એક વાર બાલમંદિરે આવો ને!

ભાઈ, ઘરમાં તો છોકરાં દોડાદોડ ને ઉધમાત કરે છે. ઘડીએ હેઠાં બેસતાં નથી. બાલમંદિરમાં એમ કરે તો તો...

એક વાર બાલમંદિરે આવો ને!

બેન, છોકરો ઘરમાં તો એવી હઠ લે છે કે વાત ન કરો. ને તમારી આગળ તો સીધો ચાલે છે. એનું કારણ?

એક વાર બાલમંદિરે આવો ને!

બેન, કહે છે કે તમે તો ભણાવતાં નથી. તે ભણાવ્યા વિના તે કાંઈ આવડે?

એક વાર બાલમંદિરે આવો ને!

બેન, ઘરમાં તો કીધું કોઈ સાંભળતું નથી ને કહે છે કે ત્યાં તો તમે જેમ કહો તેમ કરે છે.

એક વાર બાલમંદિરે આવો ને!

ગિ.

ઠપકો આંખ માથા પર.... પણ?

દૂરના અને નજીકના મારા મિત્રો અને ઓળખીતાઓ મારી પાસેથી મોન્ટીસોરી શિક્ષક અથવા શિક્ષિકા માંગે છે. મારી પાસે એક પણ શિક્ષક ન હોવાથી મારે તેમને નિરાશ કરવા પડે છે. તેઓ મને ઠપકો આપે છે: "તમે બાળશિક્ષણની મહત્તા સમજાવો, બાળજીવનના વિકાસમાં રસ લેતા કરો અને માગીએ છીએ ત્યારે શિક્ષક ન આપો તે કેમ ચાલે?" તેમનો ઠપકો બાળશિક્ષણને માટે પેદા થએલ ધગશને લીધે છે. તે મારા આંખ માથા પર છે. તેમને શિક્ષક ન મળે તો તેમનો વાંક ન ગણાય. હું શિક્ષક ન આપું તે ન ચાલે. પણ મારે શિક્ષક કાઢવો કયાંથી?

મેં મારા હાથનો ઉપાય લઇ લીધો છે. જે કોઇ શિક્ષક થવા આવે તેને હું ભણાવું છું. તેને શ્રીમન્તના ઘરમાં શિક્ષણ આપવા અગર બાલમંદિર ચલાવવા અગર ક્રીડાંગણ ચલાવવા અગર પ્રાથમિક શાળામાં જઈ સુધારા કરવાનું શિક્ષણ આપવાનો મારો પ્રયત્ન છે.

પણ મારી ફરિયાદ એ છે કે ભણવા માટે બહુ થોડા શિક્ષકો આવે છે. તેમાંયે જે થોડા આવે છે તેઓ કોઇની સ્કોલરશીપ લઇને અગર કોઇ શાળા કે સંસ્થામાંથી આવે છે. પોતાને ખર્ચે આવનાર થોડા છે. એમ નથી કે શિક્ષક તરીકે તૈયાર થનારા થોડા જ હોય. એમ પણ નથી કે નોકરી વિનાનો શિક્ષક-વર્ગ ન જ હોય. એમ પણ નથી કે બહારગામ જવા શિક્ષકો તૈયાર ન હોય. પણ એમ છે કે જેઓને શિક્ષક થવાની ઉમેદ હોય છે તેઓ પણ એક વર્ષ સુધી પોતાને ખર્ચે ભણવાને અશક્ત હોય છે. તેમની પાસે મુડી નથી; તેઓના હાથમાં એક વર્ષ જેટલો વખત ટકી રહેવાની તાકાત નથી.

ત્યારે એનો એક રસ્તો એ કે શ્રીમન્તો અને સંસ્થાઓ પોતાના તરફથી સ્કોલરશીપો કાઢે. એક શિક્ષકને માસિક પંદરની મદદ કરીએ એટલે ૨૦૦) રૂપીઆની સ્કોલરશીપમાં તેનું એક વર્ષ પૂરું થાય. એક વર્ષે સ્કોલરશીપ આપનારને એક માણસ તૈયાર મળે. શ્રીમન્તો અને સંસ્થાઓ મારી પાસે આજ ને આજ શિક્ષક માગે છે. તૈયાર થએલ શિક્ષકને થએલો ખર્ચ આપવા પણ રાજીપો બતાવે. "પણ શિક્ષક હમણાં જ લાવો." હમણાં જ શિક્ષક નથી મળતો ને હમણાં હમણાં કરતાં વર્ષ નહિ પણ બે વર્ષ ત્રણ વર્ષ વહી જાય છે ને શિક્ષકની જરૂરીઆત તો ઉભી જ રહે છે. તો આને બદલે વહેલાસર જ સ્કોલરશીપો આપી પોતપોતાને માટે શિક્ષકો તૈયાર કરાવી લે તો? શ્રીમન્તને રૂા. ૨૦૦) જેટલી રકમ રોકતાં કે ખર્ચા નાખતાં કેટલી વાર છે? એવી જેટલી સ્કોલરશીપો અમારા હાથમાં આવે તેટલા શિક્ષકો અમે શોધીને તેમને સ્કોલરશીપ આપનારની શરતે તૈયાર કરીએ.

આ વાત તો સંસ્થા અને શ્રીમન્તો શિક્ષકો માગે તે માટેની થઇ. પરંતુ આપણા શિક્ષકોને મારે કંઈક કહેવું જોઇએ. ભલા માણસો, જીંદગીમાં થોડું એક સાહસ તો કરી જુઓ? ઘરના ખર્ચે સારા શિક્ષકો તો થઇ જાઓ? અત્યારે મોન્ટીસોરી શિક્ષકની માગણી છે. તમે પગ્યા નથી રહેવાના. તમારો ખર્ચ અને વખત અમસ્થાંએ કંઇ નકામાં નથી જ જવાનાં. તમારી શક્તિ વધશે એ તો વધારામાં જ લેખાય. તમે બીજી નોકરીઓ કે જ્યાં એક જોઇએ ત્યાં ૫૦ અને ૧૦૦ માણસની અરજીઓ પડે છે તે માટે શા સારૂ તૈયાર થાઓ! છો? જ્યાં હજી સેંકડો માણસની જરૂર છે ત્યાં એક પણ કેમ આગળ નથી પડતા? પણ આપણી પ્રકૃતિ ટૂંકી બુદ્ધિની છે. તૈયાર પર એકના ટુકડામાં સૌએ ભળવાની છે. નવાં ક્ષેત્રોમાં સાહસ કરી ઘૂમવાનું જાણે કે આપણા લોહીમાં જ નથી રહ્યું. કલ્પના ખાતર ખર્ચવાનું અને ખપવાનું બોધ જ બેહા છીએ. નવા માર્ગો ઉઘાડવાનું તો ઠીક, પણ તે માર્ગે ચાલવાનું પણ નથી સૂઝતું. અમારો તો વિશ્વાસ છે કે જેટલા શિક્ષકો તૈયાર થશે તેટલા તુરત ઉપડી જશે–ખપી જશે. પણ ગુજરાતના શિક્ષકોમાં કે ભાઇબહેનોમાં સાહસ કરનારાં છે કે કઈ?

ગિ.

એક પ્યાલે પાણી પીવાય ?

મેં એક જણને ટપારીને કહ્યું: "ભલા આ છોકરાં એક જ પ્યાલે પાણી પીએ છે તે ઠીક નહિ. એમાં તો એક બીજાના મ્હોંના અને બીજા રોગો એક બીજાને વળગે."

તે કહે: "એ તો ભાંડરડાં કહેવાય; એનું કાંઇ નહિ."

મને તેમનું કહેવું સાચું લાગતું નથી.

તમને વાંચનારાઓને શું લાગે છે ?

ડાક્ટર કહે છે: "એમ ન પીવાય. સૌએ સૌના પ્યાલા જૂદા રાખવા, અથવા ખોબાથી પીવું અથવા અદ્ધરથી પીવું."

પણ આપણે શું જોઇએ છીએ ? અનેક ઘરોમાં સૌ એક બીજાને પ્યાલે પાણી પીએ છે; કોઇ એ તરફ ધ્યાન પણ આપતું નથી.

મેં પોતે બાલમંદિરમાં અને ઘરમાં તો સૌ સૌના પ્યાલા જૂદા રાખ્યા છે. આ વાંચનારાઓ શું કરશે ? દરેકને માટે પ્યાલો જૂદો રાખવો એટલે થોડો જ વધારે ખર્ચ: બહુ જ થોડો. ને મોટો એવો ફાયદો. એક બીજાના ચેપી રોગોમાંથી બચવું અને સ્વચ્છતા અને શિષ્ટતા બન્ને સાચવવાં. કોઇ પહેલી તકે સૌ સૌના પ્યાલા જૂદા કરી નાખશે ? ગિ.

દૂધ ન જ ભાવતું હોય તો ?

બાળકના ખોરાકમાં દૂધનું સ્થાન કેટલું મહત્વનું છે તે આપણે ઘણી વાર જાણ્યું હશે. પત્રિકામાં પણ એ વિષે ખૂબ આગ્રહ ને ભારથી લેખો આવેલા છે. ખરી રીતે એ વિષયમાં લખવા કરતાં કરવાનું જ રહે છે.

આજે એ જ વિષયની એક બીજી બાજુ વિષે થોડું એક તપાસીએ.

બાળકોને દૂધ ભાવે જ. દૂધ ભાવે એ જ સ્વાભાવિક છે. જ્યાં શહેરી ચ્હા પાણીનો વા નથી લાગ્યો ત્યાં મોટાંઓ પણ ભાવથી દૂધ પીએ છે. ત્યાં બાળકોને દૂધ નથી ભાવતું એમ મોટે ભાગે બનતું નથી.

પણ આજે શહેરી કુટુમ્બોમાં મોટી ફરીઆદ બાળકોને દૂધ ન ભાવવાની છે. ને જ્યારે આ ફરીઆદ ઉભી જ છે ત્યારે બાળકોને દૂધ ભાવે જ એમ કહેવાથી કામ સરતું નથી. માટે બાળકોને દૂધ ભાવે એ રૂપમાં દૂધને ફેરવવાના જૂદા જૂદા પ્રયત્નો ને પ્રયોગો કરી જોવા જોઇએ.

બાળક ચોકખા દૂધનું શોખીન થાય તે માટેના પ્રયોગ અને પ્રયત્ન સૌથી પહેલા થવા જોઇએ.

પ્રથમ તો બાળકને માટે ચોકખું અને ભેળ વિનાનું દૂધ મેળવવાનો પ્રયત્ન થવો જોઇએ. ઉત્તમ ઉપાય તો ઘેર દુભાણું રાખવાનો છે પણ એવી સગવડ બધે ન હોય ત્યારે ચોકખું દૂધ મેળવવાની ખાસ કાળજી રાખવી—એ પાછળ ગમે તેટલી મહેનત થાય. ઘણી વાર હલકું, પાણીવાળું, નિ:સ્વાદ દૂધ જ ન ભાવવાનું કારણ હોય છે. એમ છતાં ઉપાયો કર્યા છતાં બાળકને શુદ્ધ દૂધ ન ભાવે તો ત્યાં પૂર્ણ વિરામ મૂકીને ચા, કોફી આદિ કે એવાં પીણાં શરૂ ન કરતાં જે જે રૂપમાં પોષણ મળે તે રીતે અને ભાવપૂર્વક બાળકો દૂધ ખાઇ શકે તેવી શોધો કરવી જરૂરી છે.

નીચે થોડાએક પ્રકારો આપ્યા છે. મને આ મુશ્કેલી મારા પોતાના જ બાળક પરત્વે નડી હતી. તેને દૂધ ન ભાવતું કારણ કે તે oversensitive હતું—તેનામાં ઇંદ્રિયની તીવ્રતા હતી. હમેશની

ભેંસથી અન્ય ભેંસનું દૂધ આવે તો તેને તરત જ ખબર પડે. પરગામ જાય ત્યારે તો મોટે ભાગે તે દૂધ લે જ નહિ. કોઇ દૂધમાં વાસ આવે, કોઇમાં સ્વાદ ન આવે. કોઈ વાસ દૂધની પોતાની હોય તો કોઇ વાસ ગરમ કરવામાં બેઠેલી હોય. તેને નીચે આપેલ કોઇ પ્રકારો કરી આપીએ તો તે જ દૂધ ચાલી શકે છે.

૧ **દૂધની રાબ.** નાની બે ચમચી ઘઉંનો લોટ થોડા ઘીમાં શેકી તેમાં અર્ધો શેર દૂધ ને બે ચમચા ખાંડ નાખવી. દૂધને ઉભરો આવે કે હલાવીને રાબ ઉતારી નાખવી.

૨ **દૂધનો સાથવો.** શેકેલા ઘઉં અને શેકેલા ચણા અથવા ડાળીયા સરખા ભાગમાં ભેળવી દળેલો લોટ તે સાથવો. એક પ્યાલા ગરમ દૂધમાં બે ચમચી સાથવો ને ખાંડ ભેળવીએ તો જેમ કોકોથી દૂધનો સ્વાદ ફરી જાય છે તેમ સાથવાથી ફરે છે. બાળકને તેની સાથેનું દૂધ ભાવે છે.

૩ **દૂધપૈંઆ.** એક પ્યાલા, દૂધમાં સાર પૈંઆ ધોઇને એક મૂઠી નાખવા. પલળ્યા પછ બાળક મનગમતા પ્રમાણમાં ખાંડ નાખી ખાશે.

૪ **દૂધની ખીર.** પૈંઆને બદલે રાંધેલા તાજા ભાત ચમચીથી ચોળી તેમાં દૂધ નાખવું. એ ઉભરો આવે ત્યાં સુધી રાખવું. પછી ખાંડ નાખી જરા ઉકાળવું. બાળકને આ પણ ભાવશે.

૫ **દૂધ શકરીઆં.** શકરીઆં બાફી તેને છૂંદી નાખવાં. પછી તેમાં દૂધ ને ખાંડ ભેળવી તેની ખીર તૈયાર કરવી. શકરીઆંને બદલે સૂરણ પણ વાપરે. શકરીઆંની ખીર બાળકને વધારે મીઠી લાગે છે.

૬ **રાતાં કેળાંની. ખીર.** કેળાંના કટકા કરી માંહીને એમાં દૂધ ને ખાંડ ભેળવીને ખીર થાય છે. એ જ રીતે દૂધી ખમણીને બાફીને એની ખીર થાય છે.

૭ **કાચી કેરીનો-શિખંડ.** કાચી કેરી બાફી તેને ઘોળી તેમાંથી ખાટો રસ કાઢી લેવો. બરાબર ઠર્યા પછી તેમાં દૂધ ને ખાંડ ભેળવીએ એટલે સ્વાદીષ્ટ એવો શિખંડ તૈયાર થાય છે.

૮ **કેળાંનું શિકરણ.** પાકાં કેળાં છૂંદી તેમાં દૂધ ને ખાંડ ભેળવીએ એટલે રોટલી સાથે ખવાય એવું સરસ શિકરણ તૈયાર થાય છે.

૯ **થૂલીનો દૂધપાક.** ઘઉંની થૂલી પાણીમાં રાંધી તેના બે ત્રણ ચમચા દૂધમાં નાખી સાકર મેળવી દૂધ અને થૂલી ઉકાળવાં. જરા ઘટ્ટ થાય એટલે ઉતારી લેવું.

આ જ જાતના બીજા પ્રકારો બાળકને ભાવતી વસ્તુઓ કરતાં જઇને શોધી શકાય. એટલું ધ્યાનમાં રાખવું કે આ રસ્તે ત્યારે જ ચડવું કે જ્યારે એકલું દૂધ બાળકને ન જ ભાવે. દૂધમાં એલચી કે કેસર નાખવાથી બાળકને તે ભાવે છે પણ તે જરા મોંઘું પડે તેમ છે. રાબ, સાથવો સસ્તો પડશે. રાબ સાથવો અન્ન બરોબર પણ છે. રાબ, સાથવો વગેરે મોઢે માંડી પીવાનાં નથી; તે ચાંગળીથી કે ચમચીથી ધીરે ધીરે ચાટવાનાં છે. ચાટવાથી મ્હોંમાંથી લાળ છૂટવાથી પાચન સહેલું થાય છે. તા.

ઘરમાં મોન્ટીસોરી

તારામેન

કિંમત આઠ આના
પોસ્ટેજ દોઢ આનો

બાળઉછેરના પ્રશ્નોની મુશ્કેલીઓનો તોડ ઘેર બેઠાં જ કાઢવો હોય તો આ પુસ્તક ખરીદો. સ્ત્રીઓ પણ સહેલથી વાંચી શકશે. ગૂજરાત બહારનાં માબાપોને ખાસ ઉપયોગી.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

સસ્તી યોજના

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક

અંક ૮ મો
આશ્વિન

તંત્રીઃ નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ

વાર્ષિક લવાજમ ચાર રૂપીઆઃ પોસ્ટેજ સાથે

હજી સસ્તી યોજનાનો લાભ લઈ શકાશે.

એટલે ૪૦ રૂપીઆની અંદરના પગારવાળા

શિક્ષકોને આ ત્રૈમાસિક ૧–૮–૦માં મળશે.

આ યોજના માટે હજુ ૨૫ જેટલાં ગ્રાહકો નોંધી શકાય તેવી સગવડ છે. જે શિક્ષક ભાઇઓ આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા હોય તેઓ

વિલંબ ન કરે.

લખોઃ

વ્યવસ્થાપક : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભાવનગર

હમણાં જ બહાર પડયું છે

રખડુ ટોળી

એટલે

સાહસભરી અદ્‌ભુત વાર્તા

ઉતારનાર: ગિજુભાઇ કિંમત આઠ આના : પોસ્ટેજ ૦-૧-૬

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

...ઈ, સરસ્વતી, ઈ-૨૪૬૬, ઈ...

ગુજરાતી ઉપન્યાસ ૨૬ ગ્રંથો :

પીળી પીતાંબરી પોપ મેરેથી પીળી

પાળીયાદના પ્રથમ પીરની મુકુટ

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૮૫

અંક ૮ મો
આશ્વિન

: તંત્રી
ગિન્નુભાઇ
તારાબેન

માની માણસ માન આપે.

ગુમાની માણસ માન માગે.

માની માણસ બીજાની યોગ્યતા સમજે.

ગુમાની માણસ પોતાની જ યોગ્યતા માને.

માની માણસ નમ્ર હોય.

ગુમાની માણસ અક્કડ હોય.

માની માણસ શીખવા બેસે.

ગુમાની માણસ શીખવવા બેસે.

માની માણસ ચડતો જાય.

ગુમાની માણસ પડતો જાય.

માતાનો એકરાર

મારા બાળકને મેં માર્યું.

બાળકની આઠ વર્ષની જીંદગીમાં મેં એક જ વાર માર્યું પણ તેનું કડવું સ્મરણ મારા હૃદય પર હજી કોતરેલું છે. મારા બાળકને પણ તેનું દુઃખદ સ્મરણ છે. સ્મરણ તાજું થાય ત્યારે તેનું મહાન્ અપમાન થયું હોય એવી રીતે તે દુઃખી થાય છે ને તે જોઇ હું શરમાઉં છું.

વાત એમ બની કે મારી દીકરી છએક વર્ષની હતી ત્યારે તેની વૃત્તિ કાંઇક એવી બનતી જતી હતી કે પોતાને ગમે તેમ કર્યા કરવું. તેને કયાંઇ જવું હોય તો મને કહ્યા વગર એ ચાલી જ જાય. ગમે ત્યાં જાય. ગમે ત્યારે પાછી આવે. ગમે ત્યાં બાઇ લે. રાત પડે સૂવા વેર આવે ખરી. કોઇ પણ નાની કે મોટી બાબતમાં તેને મને પૂછવાની જરૂર જણાતી નહિ કે હું કહું તે માનવાનું પણ તે પસંદ કરતી નહિ. મને એ સ્થિતિ ભયંકર લાગી. તેની સાથે દલીલ કરીને તેને સમજાવાય તેમ ન હતું ને તે જે કરતી હતી તેમ કરવા દેવું પણ તેના હિતની દૃષ્ટિએ જ ઇષ્ટ ન હતું.

હું મૂંઝાઇ. ઘણો વિચાર કર્યો; ઘણા ઉપાયો લેવાનો વિચાર કર્યો; પણ ઉપાય હાથ આવે નહિ. એની સાથે હું ન બોલું તો એને શિક્ષા કરી કહેવાય. એને હું વઢું તો પણ ઠીક નહિ. સમજાવું તો તે સમજતી ન હતી. તેને કાંઇ લાલચ આપવાનું કે ભય બતાવવાનું યે મને પસંદ ન પડયું. એકે ઉપાય મને સૂઝયો નહિ.

મને થયું કે નાનાં બાળકો પ્રાથમિક મનુષ્યો કહેવાય. તેમની સાથે પ્રાથમિક રીતે વર્તીએ તો જ તે સમજે. દલીલો કે આત્મસંયમનો ઉપદેશ વગેરે તેમને શા કામનાં? મેં એને કહ્યું કે હવેથી એ ન માને તો એને હું મારવાની છું. એને ઘણું કરીને તે સાચું નહિ લાગ્યું હોય. અથવા બને તો એમ હશે કે તેને તે વખત સુધી મારનો અનુભવ ન હોવાથી હું મારીશ એટલે કેવું લાગશે તેની બબર જ નહિ હોય. એટલે તેને કાને મારા શબ્દો પડ્યા પણ તેનો અર્થ તેના મગજમાં નહિ ઉતર્યો હોય.

એક દિવસ તે કૂંડીમાં નહાવા પડી. એક કલાક રમત ગમત ચાલી. પછી મેં તેને કહ્યું: "હવે બહાર." ત્રણ વાર કહ્યું પણ તેના હમેશના રિવાજ પ્રમાણે તેણે ધ્યાન ઉપર લીધું જ નહિ. મેં મારનો પ્રયોગ અજમાવવાનું નક્કી કર્યું. પહેલાં એને કહ્યું કે હવે તે બહાર ન નીકળે તો હું તેને મારીશ. તે તો વધારે ઉંડા પાણીમાં જઇ રમત કરવા લાગી. મેં તેને બહાર કાઢી અને વાંસા ઉપર એક બે ત્રણ ધબ્બા માર્યા. તેણે મારા તરફ જોયું. મેં તેના તરફ જોયું. તે રડી પડી. હું પણ રડી પડી. હું ત્યાંથી ચાલી ગઇ. તેની દૃષ્ટિમાં ચોકખો ધિક્કાર હતો. મારા હૃદયમાં તેની તે દૃષ્ટિ બાણની જેમ આરપાર નીકળી ગઇ. હું સમજી કે એ જડ એવી પ્રાથમિક દશામાં નથી પરંતુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવના ગ્રહણ કરી શકે એવી સંસ્કારક્ષમ દશામાં છે.

તે દિવસે મને કામકાજ ગમ્યું નહિ. કોઇની

સાથે વાતચીત ગમી નહિ. મારા હાથ સામે જોતાંયે હું શરમાતી હતી. પણ જોઉં નહિ તો પણ મારો જ હાથ મારાથી કયાં દૂર ખસેડાય એમ હતો? તેની અંદર બાલિકાના વાંસા ઉપર પડેલા મારનું કાંઇ વિલક્ષણ સંવેદન ચાલતું હતું. હાથ ચોંટીનેય તે જતું ન હતું. ભૂંસવાના પ્રયત્ન છતાં તે ભૂંસાતું ન હતું. બે ત્રણ કલાક બાલિકા મારી પાસે આવી નહિ. હું પણ તેની પાસે જઇ શકી નહિ. અમે બે જણાં સામસામાં આવી જઇએ તો પણ તે ધિક્કારયુક્ત કટાક્ષ ફેંકીને ચાલી જતી. મારું ગુનાહિત મન તેણે પારખ્યું હશે? રાત્રે અમે ભેગાં થયાં. એક બીજાંને ભેટી પડ્યાં. ભેટતાં ભેટતાં રડી પડ્યાં. બાલિકા તો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. મેં એને છાતીએ ચાંપી. તેનું કરુણ રુદન હૃદયભેદી હતું.

ધણી વાર પછી તે શાંત પડી. રડતાં રડતાં ઊંઘી ગઇ.

રાત્રે સ્વપ્નામાંયે તે હુમકાં ભરતી હતી અને મને વળગી પડતી હતી.

મને તે રાત્રે ઊંઘ કયાંથી હોય?

તા.

ઉઘરાણી

હજી જેઓના લવાજમના પૈસા બાકી હોય તેઓ તુરત મહેરબાની કરી મોકલી આપે.

બાળકોના આરોગ્યની ચાવી

સ્વચ્છતા

સ્વચ્છતા એ આરોગ્યનો આધારસ્તંભ છે. સ્વચ્છતા એટલે જ પવિત્રતા.

અંગની સ્વચ્છતા એટલે ચોકખું શરીર, ચોકખી ચામડી, ચોકખા હાથ, ચોકખા નખ, ચોકખા દાંત તથા વાળ અને ચોકખી હોજરી.

માટે દરરોજ નહાવું. જમતા પહેલાં હાથ ધોવા. નખ મેલ વિનાના અને કઢાવેલા રાખવા. વાળ ચોકખા અને વારંવાર ઓળેલા જોઇએ.

હોજરી ચોકખી રહે માટે તાજું પાણી ખૂબ પીવું. ખોરાક તાજો ખાવો. તાજું દૂધ, તાજાં શાક, તાજાં ફળો, તાજું ઘી માખણ અને સારું અનાજ વાપરવાં.

ખૂબ ચાવી ચાવીને ખાવું.

પેટને રોજ સાફ રાખવું–નિયમિત શૌચ.

ચોકખી હવા

વાસી એટલે વપરાએલી હવા નુકશાન કરે છે માટે બારી બારણાંઓ ખૂલ્લાં રાખવાં. ગીચ વસ્તીનાં સ્થળો અને ઓરડાને બદલે ખુલ્લાં મેદાનો, બાગ બગીચાઓ અને ખુલ્લા પ્રદેશોમાં હરવું ફરવું. નાક વાટે લાંબા શ્વાસ લેવા.

સૂર્યનો તડકો

સૂર્યનો તડકો બળદાયક છે; જંતુ મારનાર છે. માટે જ્યાં કામ કરતા હો ત્યાં અને રહેતા હો ત્યાં પુષ્કળ પ્રકાશને આવવા દો. સવારનો સૂર્યનો તડકો બહુ જ ગુણકારી છે. કાચની બારીઓથી તડકો રોકાઇ રહે છે.

કસરત

કસરતથી શક્તિ વધે છે. શરીરમાંથી કચરો નીકળી જાય છે અને મન સ્ફુર્તિમાં આવી જાય છે. માટે ખુલ્લી હવામાં રોજ કસરત કરવી. રમવું, ચાલવું, દોડવું, સાઈકલ ઉપર ફરવું, તરવું, હોડી ચલાવવી એ બધી સારી કસરતો છે. કસરત પછી શરીર ઘસવાથી કે ન્હાવાથી વધારે લાભ થાય છે.

આરામ

સ્નાયુઓને આરામની જરૂર પડે છે. મગજને નિયમિત અને પૂરતી ઊંઘ જોઇએ. માટે વહેલા સૂવું અને વહેલા ઉઠવું.

સવારની તાજી હવાથી મગજ પ્રફુલ્લ થાય છે અને કૂણો સૂર્યનો તાપ પ્રાણ પ્રેરે છે.

બેઠક

માણસે ટટ્ટાર બેસવું જોઇએ. માટે ઉભા રહેવું તો ટટ્ટાર, બેસવું તો ટટ્ટાર; માથું ઊંચું અને ટટ્ટાર રાખવું.

શારીરિક સ્વસ્થતા

બીજા પ્રત્યેની આપણી ફરજ છે કે આપણે સ્વસ્થ રહેવું જોઇએ. આપણે આપણી તબિયત બરાબર રાખવી જોઇએ. માટે આટલા નિયમો અવશ્ય પાળોઃ દારૂ અને તમાકુનો ત્યાગ કરવો; ન્હા અથવા કોરી સાથે પુષ્કળ દૂધ લેવું; મીઠાઇ જેવી ચીજો વધારે પ્રમાણમાં ન ખાવી.

ચેપને ફેલાતો અટકાવો

આપણે ચેપને ફેલાતો અટકાવવો જોઇએ. માટે રોગના મિત્રો ધૂળ, કચરો, ગંદકી અને માખીઓને હદ પાર કરવામાં તમારી મદદ આપો.

બાગ બગીચાઓ, ખુલ્લાં મેદાનો, ગામડાંઓ, દરિયા કિનારાઓ વગેરેને સુંદર અને સ્વચ્છ રાખવામાં મદદ કરવી. તમને ચેપી રોગ થયો હોય તો તમે બીજાની સાથે ભળો નહિ. તમને શંકા હોય કે ચેપી રોગ થયો છે તો દાક્તરની સલાહ લેવી.

થૂંકો નહિ જ. ઉધરસ આવે ત્યારે કે છીંક આવે ત્યારે મ્હોં અને નાક આગળ રૂમાલ ધરી રાખો. તમારાં મ્હોંમાં આંગળીઓ, પેન, પેનસિલો વગેરે નાખી રાખો નહિ.

શરીર અને મન

જેનું શરીર તંદુરસ્ત છે તેનું જ મન તંદુરસ્ત છે. માટે આનન્દી થાઓ. બધી વસ્તુઓનો સદુપયોગ કરો. બીજાઓનો પહેલો વિચાર કરો. તેમને સુખી થવામાં મદદ કરો. તમે પોતે પણ સુખી થશો.

એક બીજાની સેવા કરો.

ગિ.

બાળકો સ્વચ્છ અને વ્યવસ્થિત કેમ બને?

બાળકને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવા માટે પ્રથમ તો ઘરમાં રહેનાર મોટાંઓને તેમ બનવાની ખાસ જરૂર છે અને તેને માટે કેટલીએક નિયમિતતા પાળવાની જરૂર છે.

૧. નિયમિત રીતે નહાવાની ટેવ પાડવા માટે દરરોજ બાળકને નવરાવવું.
૨. દરરોજ ધોએલાં કપડાં પહેરાવવાં.
૩. તેને લીંટ વગેરે આવે તે લૂંછી નાખવા માટે હમેશાં એક રૂમાલ તેની પાસે આપી રાખવો.

૪. કપડાં નક્કી કરેલે સ્થળે મૂકવાની ટેવ પાડવી.

૫. ઘરમાં જમી ઉઠે કે હાથ લૂછવા માટે એક રૂમાલ નિયમિત સ્થળે બાંધી રાખવો.

૬. જમવા બેસતા પહેલાં હાથ મ્હોં ધોવા માટે પાણીની લોટી વગેરે મુકરર સ્થળે રાખવાં.

૭. હમેશાં દાતણ કરવાની ટેવ પાડવી જોઇએ.

૮. જ્યારે નખ મેલા થાય ત્યારે ઉતરાવવાની ગોઠવણ કરવી જોઇએ.

આ વગેરે જે જે નિયમો ઉપયોગી જણાય તે બધા મોટાંઓએ પાળવાની ટેવ રાખવાથી બાળકને પણ તેવી ટેવ પડે છે.

ત્રિવેણીબેન.

મનુભાઇ રખડે છે ?

મનુભાઇ આખો દિવસ રખડ્યા જ કરે. બાપા કહેશેઃ "મનુભાઇ આખો દિવસ ક્યાં ફરે છે."

નાની બેન કહે છેઃ "મનુભાઇએ આજે સવારે એક બાળકને ઘોડાની હડફેટમાંથી બચાવ્યું."

બા કહેશેઃ "મનુભાઇ આખો દિવસ રખડે જ છે. રખડુ થઇ ગયો છે."

મનુભાઇના મામા ખબર આપી ગયાઃ "મનુને ઘણું જ સારૂં તરતાં આવડે છે. આજે ગામના તળાવમાં એ સારી રીતે જુદી જુદી 'તર' થી તરતો હતો."

મનુભાઇની ફઇ કહે છેઃ "મનુ તો આખો દિ' રખડે છે."

મનુના કુઆએ ખબર આપ્યાઃ "આજે મનુ સૌ દોડતા હતા એમાં એક્કો નીકળ્યો."

મનુભાઇ રખડે છે ? ઉમિયાશંકર.

મને ત્યાં જવું નથી ગમતું

આંગણામાં શેરીની બે બેનો એકઠી થઇ છે અને સામસામા લાંબા હાથો કરી લડે છે. આસપાસનાં નાનાં મોટાં બાળકો તે જોઈ રહ્યાં છે.

ઘરના પગથિયા આગળ નોકરને શેઠ ધમકી ઉપર ધમકી આપી રહેલ છે ને નોકર નીચું ઘાલી ઉભો છે. મ્હોં ગંધાય એવું શેઠ બોલે છે.

ઓશરીમાં નણંદ ભોજાઇ સામસામે તીખાં વેણ કાઢી રહ્યાં છે. નણંદ ભોજાઇ બન્નેનાં નાનાં બાળકો બોબામાં રડે છે, પણ એકેય તેની સામે જોતી નથી.

ઘરના બારસાખ પાસે મોટાભાઇ ભાભીને વઢી રહ્યા છેઃ "શા માટે તેં આમ કર્યું ને તેમ કર્યું ? એટલું પણ ભાન નથી ?" ભાભીની આંખમાંથી પાણી ચાલ્યાં જાય છે. નાનો દિયર બ્હીતો બ્હીતો પાસે ઉભેલો છે.

ઓરડામાં બા અને બાપા કંઇક 'હા ને ના' ની બેંચતાણ કરી રહ્યાં છે. બા કહે છે તે બાપાને નથી ગમતું ને બીજતા જાય છે; બાપા કહે છે તેની બા ના પાડતી જાય છે ને મ્હોં ચડાવતી જાય છે. છોકરાં જતાં આવતાં બા બાપાને લડતાં જુએ છે ને મનમાં મૂંઝાય છે.

મને આવે ઘેર જવું જરાએ ગમતું નથી. ગિ.

મોન્ટીસોરી પ્રશ્નોત્તરી

[અનુસંધાન ગતાંક પાને ૧૦૮ થી]

સ૦ મોન્ટીસોરી પદ્ધતિમાં બાળકોને સજા કરવાની શા માટે ના છે ?

જ૦ ના નથી. પણ જરૂર રહેતી નથી.

સ૦ બાળકોને પૂર્ણ સ્વાતંત્ર્ય આપવું જોઇએ એટલું સ્વીકાર્યા પછી શિક્ષક તેમની વૃત્તિને વાળવા માટે અમુક સાધનો વગેરેથી જે વાતાવરણ તેમની આસપાસ ખડું કરે છે તેમાં પરાધીનતા નથી આવતી ?

જ૦ પૂછનારને મોન્ટીસોરી પદ્ધતિનો ખ્યાલ નથી. પદ્ધતિ જાણ્યા વિના માત્ર તર્કથી સવાલ પૂછનારાઓ આવા વિચિત્ર સવાલ પૂછે છે તેમની દયા ખાવા જેવું છે. આવા શબ્દોને પકડવાવાળા વ્યાકરણીઓ અથવા વેદીયાઓએ જાતે મોન્ટીસોરીશાળા જોવી અને અભ્યાસ કરવો.

સ૦ મોન્ટીસોરી શિક્ષણ પદ્ધતિ મસ્તકના જુદા જુદા માનસિક વિભાગો સાથે સંબંધ રાખે છે કે કેમ ? મસ્તકવિદ્યા પ્રમાણે એ પદ્ધતિ એનો કાંઇ ખુલાસો કરે છે ?

જ૦ કાંઇ સંબંધ રાખતી જણાતી નથી. મસ્તકવિદ્યા પ્રમાણે કાંઇ ખુલાસો પણ કરતી નથી.

સં૦ પ્રાચીન હિંદમાં ઋષિમુનિઓ જે શિક્ષણ આપતા તે પદ્ધતિમાં બાલમાનસનો વિકાસ હતો એમ આપણે કબુલ કરીએ છીએ. તો બાલશિક્ષણ માટે હિંદને અનુકૂળ એવી જે પદ્ધતિ જૂના કાળમાં પ્રચલિત હતી તેનું સંશોધન આપણે કોઈએ કર્યું છે ?

જ૦ ઉપર લખ્યા પ્રમાણે જેઓ કબુલ કરતા હોય તેઓ તેનું સંશોધન કરે તો તેવી કબુલત કરવાનું છોડી દેશે. જૂના કાળની પદ્ધતિ આપણને જાણીતી નથી કેમ કે તેનો ઇતિહાસ, તેનું દફતર નથી. તેથી તેનું સંશોધન અશક્ય છે. જે હજી સુધી નથી ને નથી જડવાનું તેની પાછળ પડવાનું છોડી દઇએ. આજનાં બાળકોને આજનું શિક્ષણ આપવાનો પ્રશ્ન આપણી સામે છે. આજ અને આજનાં બાળકોમાં ભૂતકાળ અને ભૂતકાળની બધી વસ્તુનો સાર આવી ગયો છે. આજ એ ગઇ કાલનું ફળ છે. હવે ગઇ કાલને વરખોળવા કરતાં આજને સમજીને આવતી કાલ માટે પગલું કેમ આગળ મૂકવું તેનો વિચાર કરીએ. એકંદર આજનું અને તેની પરિસ્થિતિમાંથી બાળકના વિકાસની પદ્ધતિ આપણે શોધવાની છે.

સ૦ સ્વયંશિક્ષણ દ્વારા બાળકને કેળવવા જતાં શિક્ષણ દરમ્યાન તેના પર એક પ્રયોગ જ થતો હોય છે. બાળકનું માનસ પૂરેપૂરું સમજાઇ રહે ત્યાં સુધીમાં આવા પ્રયોગોમાં વખતે ભૂલ થવા પામે તો તેથી બાળકને તેનો ભોગ થવામાં કોઇ નુકશાન થાય એવું બને ખરું ?

જ૦ માણસ માત્રનું સાચું શિક્ષણ સ્વયંશિક્ષણ છે. સ્વયંશિક્ષણ એટલા જ માટે આવશ્યક છે કે માણસનું શિક્ષણ સાચું થાય. સ્વયંશિક્ષણને માર્ગે ભૂલ પણ થાય. પણ તે સુધારીને આગળ જવામાં સાચી કેળવણી છે. કેળવણીની ક્રિયા એટલે પ્રયોગો અને અનુભવ: માણસ માત્ર સુખ વાંચ્છે છે. પ્રયોગમાં ભૂલ થાય ને દુ:ખ મળે તો તે માર્ગ પોતે છોડશે ને સુખનો માર્ગ શોધશે. દુનિયા જેટલે અંશે સાચી આગળ વધી છે તેટલે અંશે તેણે પ્રયોગ અને અનુભવ લીધા છે. જેટલે અંશે અનુભવ વિનાનું પાંડિત્ય દુનિયામાં છે તેટલે અંશે દુનિયા પાછળ છે. ગિ.

મોન્ટીસોરી સંઘ

મોન્ટીસોરી સંઘની સફળતાનો આંક બીજી ઘણી રીતે મૂકી શકાય પણ તેનો ખરો આંક ચાલુ વર્ષ દરમ્યાન મોન્ટીસોરી સંઘ કેવું કામ કરે છે અને આગામી સંમેલન માટે કેટલી તૈયારી કરે છે તેના ઉપર છે.

નામથી મોન્ટીસોરી સંઘ સંકુચિત પ્રવૃત્તિ છે. તેનું કાર્યક્ષેત્ર તો ઘણું વિશાળ છે છતાં સંકુચિતતાની ઉપયુક્તતા તો છે જ. જે વસ્તુની પાછળ ખાસ ઉદ્દેશ અને પ્રવૃત્તિ છે તેની સફળતા માટે મર્યાદાની આવશ્યકતા પણ છે.

મોન્ટીસોરી સંઘ ચાલુ વર્ષમાં શું કરે તો યોગ્ય કર્યું કહેવાય ?

તેણે પ્રથમ તો સંઘના સભાસદો વધારવાના છે. એક રૂપિયો ફી આપી કોઇ પણ માણસ સભાસદ થઇ શકે છે.

મોન્ટીસોરી પદ્ધતિમાં રસ લેનારા, તેના માહિતગારો કે તેમાં કામ કરનારાઓ એ જ માત્ર સભાસદ થાય તો સંઘ સાવ ટૂંકો જ બને. આપણે તો નવી કેળવણીનો સંદેશો ફેલાવવો છે. સંઘ દ્વારા બાળકેળવણીના પ્રશ્નોને જનતા સમક્ષ હજુ કરવાના છે. જનતાને તેમાં રસ લેવડાવવો છે ને તેની પાસેથી કેળવણીના કાર્યમાં ઉત્તમ પ્રકારની સહાય અને સહાનુભૂતિ મેળવવાં છે. સંઘમાં હરકોઈ મનુષ્ય સભાસદ થાય એ જ ઇચ્છવા જેવું છે. સંઘની પ્રવૃત્તિઓથી ધીમે ધીમે વાકેફ થતાં ને પ્રગટ થતું સાહિત્ય વાંચતાં વાંચતાં એ સભાસદ દિનપ્રતિદિન જેમ વધારે ને વધારે કેળવણી રસિક થશે, તેમ સંઘનું કામ આગળ વધશે. સંઘ આગળ આ કામ પહેલું પડેલું છે. સંઘનો પ્રત્યેક સભાસદ બીજા સભાસદો મેળવી આપવા યોગ્ય શ્રમ ઉઠાવશે એવી આશા રાખીએ છીએ.

આગળ જતાં સંઘના સભાસદોના આવી જાતના વર્ગો પાડી શકાય:—

એક વર્ગ જેઓ મોન્ટીસોરી પદ્ધતિમાં ખાસ કામ કરનારા છે તેનો; બીજો એના અભ્યાસીઓ અને તત્ત્વચિંતકોનો; ત્રીજો એની કદર કરનારાઓનો અને એની શિક્ષણ પદ્ધતિના સામાન્ય સિદ્ધાન્તો પ્રત્યે આદર ધરાવરાઓનો; ચોથો વર્ગ કેળવણી આગળ વધે તેવા શુભચિંતક બાકીના જનોનો બને.

પહેલા વર્ગ માટે સંઘ તરફથી ગ્રીષ્મ વ્યાખ્યાનો, નિરીક્ષણ પ્રવાસો વગેરે ગોઠવી શકાય. આ ગ્રીષ્મ વ્યાખ્યાનોમાં પદ્ધતિને લગતાં વ્યાખ્યાનો અપાય, તેના કામમાં થતા અનુભવની આપ લે થાય ને વ્યાખ્યાનને સ્થળે જો મોન્ટીસોરી શાળા ચાલતી હોય તો તેનું પ્રત્યક્ષ કામ જોવાની અને તેનો લાભ લેવાની સગવડતા અપાય. નિરીક્ષણ પ્રવાસો દ્વારા ચાલતી મોન્ટીસોરી શાળાની હકીકતો માલૂમ પડે અને તેની માહિતી સંઘને આપી શકાય. ઉપરાંત નિરીક્ષકો ચાલતી શાળાને યોગ્ય સૂચનાઓ આપી શકે.

અભ્યાસ કેન્દ્રોમાં પદ્ધતિનાં પુસ્તકોનો રીતસરનો અભ્યાસ સભાસદો એકઠા મળીને કરે. હરહમેશનો અભ્યાસ જ્ઞાન વધારવા માટે ભારે ઉપયોગી વસ્તુ છે. અભ્યાસ વધવાથી પદ્ધતિનું જ્ઞાન સ્પષ્ટ થશે, અને તેમ તેમ તેનો પ્રચાર સુલભ થશે.

ત્રીજા ને ખાસ કરીને ચોથા વર્ગ માટે મુખ્યતઃ સંઘ તરફથી સિદ્ધાન્તોની સાદી મીમાંસા રજુ કરતું મોન્ટીસોરી સાહિત્ય લખાવવું અને ફેલાવવું જોઇએ. આવા વર્ગ માટે મોન્ટીસોરી પ્રશ્નોત્તર જેવું પુસ્તક લખાય તો ઠીક. સંઘે આ કામ હાથમાં લેવું જોઇએ.

બધા વર્ગને માટે આવી સાન્નિક પત્રિકા તો

ઉપયોગની જ છે. આ પત્રિકા સંઘના તમામ સભ્યો ઉપરાંત હરેક વાંચનારને ઉપયોગી થઈ પડે એ દૃષ્ટિથી ચાલશે. એમાં નીચે પ્રમાણેનાં લખાણો વખતો વખત પ્રગટ થશે.

૧ મોન્ટીસોરી પદ્ધતિથી શાળા ચલાવનારાઓને વ્યવહાર અને તત્ત્વમાં ઉપયોગી થાય તેવા શાસ્ત્રીય તેમ જ વ્યવહારી લેખો.

૨ પદ્ધતિ રસિક વિદ્વાનોને માટે પદ્ધતિની મીમાંસા અને તત્ત્વજ્ઞાન રજુ કરતું લેખન.

૩ મોન્ટીસોરી માબાપોને ઉપયોગી થાય તેવું સાહિત્ય.

૪ તમામ માબાપોને બાળકોના ઉછેરમાં અને તેમની સાથે કામ પાડવામાં ઉપયોગી થાય તેવું લખાણ.

૫ સામાન્ય જનોને પદ્ધતિ તરફ રુચિ અને આદર ઉત્પન્ન કરે તેવું લખાણ.

૬ શંકાસમાધાનો, ચર્ચાપત્રો વગેરે વગેરે.

જેમ જેમ સભાસદોની સંખ્યા વધતી જશે અને પત્રિકાની ઉપયોગિતા જણાતી જશે તેમ તેમ તેના કદમાં વધારો થતો જશે. આજે તો આટલું કદ બધી રીતે યોગ્ય લાગ્યું છે. પત્રિકાને સંઘની અગત્યની પ્રવૃત્તિ તરીકે ઓળખવાની છે. એ દ્વારા જ સંઘ અત્યારે તો જનતાને મળી શકે તેમ છે. એની સફળતા ઉપર સંઘની એક પ્રવૃત્તિની કિંમત અંકાશે. સૌ સંધીઓ આ પ્રવૃત્તિને પોતાની બધી જતની શક્તિથી વધાવી લેશે અને મદદ કરવા ચૂકશે નહિ. કોઇ પણ સંધી પોતે તો પત્રિકાને વાંચશે જ પરંતુ તે તેનો બને તેટલો ફેલાવો કરે એની જરૂર છે.

પત્રિકાની સફળતામાં સંધી અને બીજાઓ તે પ્રેમપૂર્વક વાંચે ને 'વાહ, સુંદર લખાણ છે!' આમ બોલી ત્યાં જ અટકે તો આપણે આગળ નહિ વધીએ. આપણે તો ક્રિયા કરવાની છે. પત્રિકાના લેખોને યથાશક્તિ યથામતિ જીવનમાં ઉતારવાના છે. આપણી જાતને અને બાળકોને વિચારની અને ક્રિયાની ગુલામીમાંથી મુક્ત કરવાનાં છે. બાળકોને સ્વાતંત્ર્ય આપી આપણે સ્વરાજનું સુખ આપવાનું અને લેવાનું છે. આપણું ઘર, કુટુમ્બ, સમાજ એ બધે સ્થળે નવા પ્રકાશનાં કિરણો આપણે જ ફેલાવવાનાં છે. આપણે ઉત્સાહભર્યા અવિશ્રાન્ત શરીરે અને મને નવીન વિચારોને આગળ ધપાવવા નીકળીએ. આટલું કામ સંઘ આ વર્ષે કરે તો તેણે ઘણું કર્યું કહેવાય. આ ઉપરાંત આગામી સંમેલન કેમ સફળ કરવું તેનો વિચાર સંઘે કરવાનો છે.

બાળકનો જન્મ

બાળક ત્રણ વર્ષનું થાય પછી મોન્ટીસોરી શાળાનું ક્ષેત્ર શરૂ થાય છે. પણ તેનો અર્થ એમ નથી કે પહેલાં ત્રણ વર્ષ બાળકના જીવનમાં ઓછાં મહત્ત્વનાં છે અથવા ધ્યાનમાં લેવા જેવાં નથી. એનો અર્થ એટલો જ છે કે ત્રણ વર્ષ સુધી બાળકે મુખ્યત્વે શારીરિક વિકાસ સાધે છે ને અડી કે ત્રણ વર્ષ પછી પ્રમાણમાં માનસિક વિકાસ વધારે સાધવા લાગે છે; આથી તે ઉંમરથી તેને બૌદ્ધિક, લાગણી વિષયક અને ક્રિયાશક્તિ વિષયક સાધનો મળવાં જોઇએ, જ્યારે ત્યાં સુધી તેની તંદુરસ્તી સચવાય તે તરફ ખાસ ધ્યાન દેવું જોઈએ.

સામાન્યતઃ આ ત્રણ વર્ષમાં બાળકો ઘણે ભાગે કોઇના કોઇ રોગના ભોગ થયા જ કરે

છે. અને અનુભવીઓ એમ જ માને છે કે નાનાં છોકરાંઓનું તો એમ જ ચાલે. પરિણામે બાળકો ઘણી જ ઓછી જીવન શક્તિ (vitality) ધરાવતાં માલૂમ પડે છે.

ખરી રીતે બાળકના જન્મ પહેલાં જ એટલે ગર્ભાવસ્થાથી જ તેની સંભાળ શરૂ થવી જોઇએ. એક રીતે ગર્ભાવસ્થામાં તેની સંભાળ સહેલી છે કારણ તે મોટે ભાગે માતાના હાથમાં હોય છે. પણ તેથી જ તેની ઓછી સંભાળ લેવાતી જણાય છે. ગર્ભધારણને વખતે માતા અને પિતાની શારીરિક અને માનસિક તંદુરસ્તીની આવશ્યકતા છે. વાત બધા જાણતા હોવા છતાં એ બાબતમાં સૌથી વધારે બેદરકારી હોય છે. ખરી રીતે તો બાળઉછેરની સાચી શરૂઆત તે વખતથી જ થવી જોઇએ. આપણે બાળકો મેળવવા માટે અનેક ધર્મકર્મો કરીએ છીએ, અનેક માનતાઓ કરીએ છીએ ને બાધાઓ રાખીએ છીએ; તેને બદલે એક જ બાધા રાખીએ, એક જ ધર્મકૃત્ય આદરીએ તો બસ છે. માતપિતા બેઉની શારીરિક તંદુરસ્તી અને મનની પૂર્ણ પ્રસન્નતા વગર તેમણે સંભોગ કરવો નહિ એ એક જ બાધા બાલલિતકારક છે ને તેથી જ ઇશ્વર પણ પ્રસન્ન થાય તેમ છે.

ગર્ભધારણા પછી માતાએ પોતાની શારીરિક તંદુરસ્તી અને માનસિક પ્રસન્નતા સાચવવાની છે. ખાવાપીવામાં સંયમિતતા, ખુલ્લી હવામાં પૂરતો વ્યાયામ કરવો તેમ જ મનને દુઃખ, ચિંતા કે અતિ હર્ષનો ધક્કો બેસે એવ

હરકોઇ વાંચનાર
મોન્ટીસોરી સંઘનો ત્રણ
વર્ષનો રિપોર્ટ પત્ર લખીને
મંગાવી લેશો.

ચોપડીઓ, નાટક સિનેમા કે વાતચીતો વર્જ્ય કરવી. કજીયા ટંટા કંકાસમાં પણ ન રહેવું. રોજ ન્હાઇ ધોઇ સ્વચ્છ રહેવું. વખત આળસમાં કાઢવો નહિ તેમ જ વિશ્રાંતિ વગર કામમાં પણ નહિ. ઉદ્યોગ અને વિશ્રાંતિનું પ્રમાણ જાળવવું. સહજ પચે તેવો સારો પૌષ્ટિક ખોરાક લેવો. હેળને નામે ગમે તે ખાવાનું રાખવું નહિ. મનને નિર્બળ થવા દઇએ તો હેળ વધારે જણાય ને મન કાબુમાં રાખીએ તો થોડી અસ્વસ્થતા રહે એટલું જ. એવી રીતે ગર્ભાવસ્થાએ માતાએ બાળકનો દેહ અને મન પોષવાનાં છે અને સાચવવાનાં છે.

ત્યાર પછી મુખ્ય સાવચેતી સુવાવડ વખતની છે. મિસ મેયો જેવાં આપણા દેશ ઉપર ટીકાત્મક લખે તે આપણને ગમતું નથી પણ આપણી સ્થિતિ ઉપર આપણે જરાએ વિચાર કરીએ છીએ ખરાં ? સુવાવડ વગેરે સ્ત્રીઓની બાબતમાં મોટા ભણેલા ને વિચારક પુરુષો પણ બેદરકારી બતાવે છે. એ તો સ્ત્રીઓની બાબત ગણી વિચાર ઉપર લેતા જ નથી. સ્ત્રીઓનું આ સંબંધેનું અજ્ઞાન દૂર કરવાનું કામ ચોક્કસપણે ઘરના પુરુષો ઉપર આવે છે. આપણી પ્રજાનો જન્મ એ એકલી સ્ત્રીઓની બાબત કેમ હોઇ શકે ? તેમના અજ્ઞાનને લીધે તે વખતે ગંભીર ભૂલો થાય છે જે બાળકને અને સ્ત્રીઓને આખી જીંદગી સુધી ભોગવવી પડે છે. સુવાવડની બાબતમાં સ્ત્રીઓમાં અજ્ઞાનમૂલક રૂઢિઓ અને વહેમો છે જેની સામે પુરુષોએ ધાર્મિક લડાઇઓ કરવી જોઇએ–ઝુંબેશ ઉઠાવવી

જોઇએ. તેમનું દુર્લક્ષ અક્ષમ્ય છે.

સુવાવડની બાબતમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની છેઃ—

૧ સુવાવડની ઓરડી તાજે ચૂનો છંટાવીને તેમ જ ફિનાઇલના પાણીથી ધોએલી સ્વચ્છ હોવી જોઇએ. સુવાવડ માટે તે તૈયાર કર્યા પછી તેમાં નકામી અવર જવર ન રાખવી.

૨ ઓરડીમાં સ્વચ્છ હવા ને પ્રકાશ હોવા જોઇએ. સૂતારીની ઉપર સીધો પવન ન આવે છતાં ઓરડીમાં રમતો રહે એવી ગોઠવણ જે ઓરડીમાં થઇ શકે તે જ ઓરડી પસંદ કરવી.

૩ આવી ઓરડીની ઘરમાં શક્યતા ન હોય ને પોતાના ગામમાં કે ગામથી નજીક હોસ્પિટલ હોય તો સુવાવડ માટે હોસ્પિટલમાં જવાનો રિવાજ રાખવો. ગરીબ અને મધ્યમ સ્થિતિની સ્ત્રીઓને હોસ્પિટલમાં જવાનું જ પોસાય તેમ છે.

૪ સુવાવડમાં વાપરવાનાં કપડાં આકરાં હોવાં જોઇએ. ભલે જૂનાં હોય, પણ સાબુના પાણીમાં બાફીને સ્વચ્છ ધોઇ તડકે સૂકવીને તૈયાર કરેલાં દરેક સ્ત્રીએ રાખવાં જ જોઇએ. એ સિવાય કોઈ પણ કપડું તે વખતે વાપરવું નહિ.

૫. ગામમાં ટ્રેન્ડ નર્સ હોય તો તેને જ સુવાવડ કરવા બોલાવવી. તેવી ન હોય તો સારી સૂયાણીને બોલાવવી. પણ તેને સ્વચ્છ હાથ પગ ધોઇને જ અંદર આવવા દેવી. બાસ અસ્વાભાવિક કાંઇ ન હોય તો તેને નકામી ડખોડખ કરવા દેવી નહિ. સ્વાભાવિક સુવાવડ થવા દેવી. તે ચપ્પુ, કાતર, દોરો વગેરે જે સાધનો વાપરે તે બધાં આપણે ઉકાળીને તૈયાર રાખવાં. અસ્વાભાવિક સુવાવડમાં ગામમાં નર્સ કે સ્ત્રી ડૉક્ટર ન જ હોય તો પુરુષ ડૉક્ટરની મદદ લેવી, પણ અજ્ઞાન સૂયાણીને ગમે તે કરવા દેવું નહિ.

૬. શેકની પ્રથા નકામી છે. બાસ કરીને ધૂમાડો થાય કે બૂમ અસહ્ય તાપ થાય તેવો શેક તો ન જ લેવો. બીજું અંદર શેક અને બારી બારણાં બંધ કરી અંદરની હવા બગડે તેમ ન થવા દેવું જોઇએ. સુવાવડીની ઓરડીનું અંધારું, અસ્વચ્છ હવા અને અસ્વચ્છ કપડાં સામે બૂમ લડત કરવી પડે તેમ છે, કેમ કે એ બાબતના વહેમો સ્ત્રીઓ એકાએક છોડે તેમ નથી.

૭. બાવા પીવાના વહેમો પણ એવા જ સજ્જડ છે. આરંભમાં સુવાવડીને હલકો અને પૌષ્ટિક ખોરાક જવો જોઇએ. આસ્તે આસ્તે તેની શક્તિ વધે પછી શેરો ને દાટવું જેવા ભારે પદાર્થો બપાય તો હરકત નથી. આરંભમાં લોટની કે થૂલીની દૂધમાં બનાવેલી રાબ ઠીક પડે છે, કારણ પોષણ મળે છે ને છતાં પચવામાં બહુ ભારે નથી. તેમ જ આ બવા આ ન બવાય એ બાબતમાં પણ સામાન્યતઃ પચે તે બધું બાવું એ નિયમ ચાલી શકે છે જેનાથી પેટમાં વાયુ થાય, કબજીઆત થાય ઝાડા થાય એવું કશું ન બાવું. દરેક વ્યક્તિએ પોતાને બાવાનું નક્કી કરવું.

૮ આપણાં બોસડીયાં ને બાળાગોળી સામે બાસ કરીને બાળાગોળી સામે સખ્ત વિરોધ જરૂર છે. સુવાવડ પછી બૂમબૂમાં ગરમ બોસડીયાં બાવાની કશી જરૂર હોતી નથી. કે રોગ થાય તો જ તેની જરૂર ગણાય. બાળાગોળ ઉપર અગાઉ એક વાર આ 'પત્રિકા'માં બ

થઇ ગઇ છે. અરીણ કે એવી દવામિશ્રિત બાળાગોળી ન આપવા સંબંધી તો સરકારી કાયદો થવાની જરૂર છે. એ બી બાળાગોળી દે તેને સખ્ત સજાની જરૂર છે કારણ તેમાં પોતાના બાળકને ઝેર આપવા બરાબર છે.

ત્રણ વર્ષ સુધીના બાળઉછેર અને તેના માનસસંગોપન વિષે હવે પછી.

તા.

શાળાની બીજી મુલાકાત

બીજી મુલાકાતે આપણે નીચેની બાબતો તપાસીએ અગર તે વિષે પ્રશ્નો પૂછીએ.

૧ બાળકો શરીરે સ્વચ્છ છે? એટલે કે તેમની ચામડી ચોકખી, નહિ ગંધાતી, ઓધરા વિનાની અને મેલ વિનાની છે?

૨ બાળકોની આંખો સાજી, ચીપડા વિનાની, સાવાં એટલે ઝીણાં જીવડાં વિનાની છે?

૩ બાળકોના વાળમાં ખોડો, ઉંદરી, ગુમડાં વગેરે કાંઇ છે?

૪ બાળકોના કાનમાં મેલ છે? એમાંથી પાસ વહે છે? કાન સડેલા છે?

૫ બાળકોના નખ કેટલા વધેલા છે ને તેમાં મેલ કેટલો ભરાયો છે?

૬ બાળકોના નાકમાં લીંટ કેટલું ભરાએલું છે ને અંદર બીજો મેલ કેટલો છે?

૭ બાળકોનાં દાંત પીળા ને બવાઇ ગએલા છે કે ધોળા દૂધ જેવા છે?

૮ બાળકોના પગે મેલ કેટલા ચડેલા છે? જ્યાં ત્યાં પગ પડવાથી પાની અને પગ કેટલાં ગંદાં છે?

૯ કોણી અને ઘુંટણ તથા ઘુંટી પર કેટલો મેલ છે?

ગિ.

એક શિક્ષિકા સાથે સંવાદ

"કેમ ભાઇ, આ વખતે કેટલી નિશાળો જોઇ?"

"ઘણી જોઇ. આજ કાલ તારી નિશાળ જોવા આવવું છે. કેમ આવું ને?"

"હંઅં, ભાઇ આવને. હું તો રાજીના રેડ થઇશ."

"પણ ત્યાં જોવાનું શું મળશે?"

"લે, નિશાળમાં બીજું જોવાનું શું હોય? છોડીઓ ભણતી હશે તે જોજે."

"ઠીક. તારી નિશાળની વાત તો કર. મકાનબકાનનો ઠાઠ કેવો છે?"

"મકાન વળી કેવું હોય? ઘર જેવું ઘર. તમારી નિશાળ જેવા બંગલા ક્યાંથી કાઢીએ? અમારે ગામડામાં તો ધૂડિયાં ઘર. ગાર ઉખડી જાય તે કરાવી કરાવીને હરડ નીકળે ને તોયે પાંછી ધૂળની ધૂળ! લૂગડાં તો બગડશે."

"હરકત નહિ. મને મારાં લૂગડાંની બહુ ચિંતા નથી. શાળામાં છોકરીઓની સંખ્યા કેટલી રહે છે?"

"હાજરીપત્રક ઉપર તો સંખ્યા ઠીક છે પણ અત્યારે હાજર સંખ્યા બહુ થોડી છે."

"એમ કેમ?"

"અત્યારે મોસમ છેને! સીમમાં કાપણીનો વખત આવે છે ત્યારે એકેએક છોકરું ઘરને કે ખેતરને કામે ચાલ્યું જાય છે. લોકનાં છોકરાંનું આ મોટું દુઃખ."

"લોકની વસ્તી બહુ લાગે છે."

"હાજ તો. આખું ગામ લોકનું છે. એક ઘર બ્રાહ્મણનું ને એક ઘર વાણિયાનું. બીજાં બધાં લોક."

"પણ એ નાની છોકરીઓ શું કામ કરતી હશે?"

"શું કામ કેમ? મોટી છોકરી ખેતરે જઈ કાપણીમાં મદદ કરે. નાની છોકરી ઘરમાં રહે, વાસીદું વાળે, કળશા ઉટકે; છાશ દે, નાનાં છોકરાંને રમાડે ને બપોર થાય એટલે ભાત દેવા પણ જાય."

"પણ નિશાળે આવતી છોકરીઓ આટલું બધું કામ કરી શકે?"

"હા ભાઈ, એ તો લોકની છોકરીઓ. એની પહેલેથી જ કેળવણી. નાનપણથી એની પાસે બધું કરાવે જ."

"પણ તમારા રાજ્યમાં તો કેળવણી ફરજીઆત છે ને? છોકરાં ગેરહાજર કેવી રીતે રહી શકે?"

"અરે ભાઈ, એની તો મોટી પંચાત છે. લોકોને ફરજીઆત કેળવણી જરાએ ગમતી નથી. એ તો લાગ આવે તો મોટી લાંચ આપીને ખોટી હાજરી પૂરાવે છે. તમે જાણો છો ને કે બાળકની ગેરહાજરીને માટે માબાપે દંડ આપવો પડે છે!"

"આ તો નવાઈની વાત! કેળવણી મફત છે તેથી તે તરફ લોકોનો આદર કંઈક તો વધેલો હશેને?"

"નારે ભાઈ, ઉલટું ઘરમાંથી કદિયું એ કાઢવું ન પડે એટલે કેળવણીનો કોઈ ભાવ પૂછતું નથી. મફત કેળવણી રાખવાથી તો લોકો ઉલટા બેદરકાર બન્યા છે. કંઈક આપવું પડતું હોય તો તો જરાકે ફિકર રહે."

"ત્યારે શું ફરજીઆત કેળવણી લોકોને નથી ગમતી?"

"હા ભાઈ; એમ જ છે. લોકોને કેળવણી જોઈતી જ નથી. જો તમે નિશાળો કાઢી નાખો તો ઘેર ઘેર લાપસીનાં આંધણ મૂકાય."

"એમ?"

"હા ભાઈ."

"પણ લોકોને કેળવણી કેમ નથી ગમતી?"

"ખરું પૂછો તો લોકોને આ કેળવણી જોઈતી જ નથી. તેઓ કહે છે કે અમારી છોકરીઓને ઘરકામ આવડવું જોઈએ; એને સીમનું કામ આવડવું જોઈએ. એ ભરત ભરવાનું અને રોટલા ઘડવાનું ન શીખે ને ભણવા જાય તે પાલવે જ નહિ. અમે તો લેખન, વાચન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, પદાર્થપાઠ ને એવું એવું જે અભ્યાસક્રમમાં મૂક્યું છે તે બધું ભણાવીએ છીએ."

"લોકોયું ભરત નથી શીખવતાં?"

"અભ્યાસક્રમમાં ક્યાં મૂક્યું છે? મેં ગણાવ્યું એટલું બધું ભણતર ભણાવવામાંથી ઉંચે આવીએ ત્યારે ને?"

"તમે ભણાવો છો એ ભણતર એમને કંઈ કામમાં આવશે ખરું?"

"કોણ જાણે. ઇતિહાસ ભૂગોળ તો શીખવીએ છીએ ને ભૂલે છે. ઇતિહાસ છે પણ એવો.

ભૂગોળમાં તો ગોખ્યું હોય તે ભૂલી જ જાયના?"

"પણ ગણિતના ભણતરનો લાભ થાયને?"

"લોકની છોકરીઓને કયાં નામું માંડવા જવું છે કે લેખાં લખવાં છે? મફતના અપૂર્ણાંક ને આણપાણના દાખલા આવે છે. એને તે ધાનો ગોખાવવાની હોય? ભણાવી ભણાવીને માથું દુખે છે."

"ત્યારે તું શા માટે એમનું માથું ફોડે છે?"

"મારું માથું પરીક્ષક ફોડે તેનું શું? મારે તો અભ્યાસક્રમમાં હોય તેમ શીખવવાનું."

"પણ લેખનવાચન તો કામનું ખરું ના?"

"હા, એથી કંઈક તો ફાયદો થાય. છોકરીઓ વાંચતાં લખતાં શીખે. પણ એમાંયે કાંઈ નહિ. મોટી થઈને એને તો ઘરકામમાં પડવું છેને? એ તે ઢોરઢાંખરની આળપંપાળ કરે, રોટલા ઘડે, આણા પરિયાણા માટે ભરત ભરે, ભાત દેવા જાય, વાસીદું કરે કે વાંચે લખે?"

"ત્યારે તું શું એમ ધારે છે કે આ જાતના ભણતરથી તેમને કશો ફાયદો નથી?"

"મને તો નથી લાગતો"

"ત્યારે ગામડાના લોકોને કેવું ભણતર ગમે?"

"અત્યારે તો એવું છે કે ગમે તેવું સારું ભણતર રાખો તોયે લોકો છોકરીઓને નિશાળે મોકલવા રાજી નથી."

"કારણ?"

"છોકરીઓને તેઓ ઘરકામમાં રાખવા માગે છે. શાળા તેમનો બધો વખત લઈ જાય છે."

"પણ શાળાનો વખત બદલીએ તો?"

"હા, એવું કંઈક કરો તો ચાલે. મોસમ આવે ત્યારે શાળામાં રજા જ જોઈએ. આડે દિવસે પણ બપોરે બે ત્રણ કલાક જ શાળા રાખો તો ચાલે. છોકરાં ઘરકામ કરતાં જાય ને ભણતાં જાય તો વળી કંઈક રસ્તે આવે."

"પણ બે ત્રણ કલાકના ભણતરમાં અભ્યાસક્રમ પૂરો થાય?"

"એ કેમ બને? એ માટે તો અભ્યાસક્રમ જ ફેરવાય તો થાય. હા, ઇતિહાસ ભૂગોળને કાઢી નાખીએ તો ચાલે. ગણિતમાં ગણતાં આવડે ને સાદા સરવાળા શીખવાય તો ઠીક. છોકરીઓને માટે તો આટલું ભણતર ઘણું બધું. લેખન વાચનમાં લખવા કરતાં વાંચવા ઉપર ભાર મૂકવો જોઈએ. ડિકટેશન, જોડણી ને સારા અક્ષર એ બધું ગામડામાં કંઈ કામનું નથી. પદાર્થપાઠ તો ફારસ છે, એટલે એને તો રજા જ આપવી. બાકી છોકરીઓનું બરું ભણતર તો છોકરીઓ ઘેર જ ભણે છે. દળવું, ભરડવું, રાંધવું ચીંધવું, સાંધવું, વાળવું, ચોળવું, દુઝાણાનું સંભાળવું વગેરે વગેરે તો એ શેરીમાં રમતાં રમતાં જ શીખે છે ને શરીરને કેળવે છે. નદીએ ધોતાં ધોતાં કે ન્હાવા જતાં તે તરતાં પણ શીખે છે."

"આપણે ભરત, ગુંથણ ને સંગીતને શાળામાં દાખલ કરીએ તો?"

"લોકોમાં જે સારી રીતે ચાલતું હોય તેને વળી શાળામાં શું કામ લાવીએ? ને લોકગીતો તો લોકની છોકરીઓને કયાં ઓછાં આવડે છે? એ તો શેરીમાં રમતાં રમતાં જ શીખી લે છેના? બાકી નિશાળમાં બે ચાર ગીતો સંગીતને નામે શીખવ્યાથી કંઈ વળવાનું નથી."

"ત્યારે હવે બીજું શું રહ્યું?"

"બીજું તો છે જ ના? શાળામાં લખવાનું, વાંચવાનું ને થોડુંક ગણિતનું શિક્ષણ

બસ છે. લોકો સ્વચ્છ કેમ રહે, ઝીણી અક્કલ-વાળા કેમ થાય, અજ્ઞાન મટીને જરા સંસ્કારી કેમ બને તે માટે કંઇક પ્રયાસ થવો જોઇએ."

"પણ તે કંઇ સહેલું છે?"

"ના સહેલું તો નથી. પણ તે થવું તો જોઇએ જ."

"બરી વાત છે. તું છોકરીઓને મારે છે કે?"

"એ દિવસો તો ગયા. એક હાથ અડાડીએ તો ઉપરી સુધી ફરિયાદ જાય ને વગોવાઇએ તે વધારે."

"પણ ત્યારે વ્યવસ્થા કેમ રાખી શકે છે?'

"એ તો કોઇ વાર ઠોંઠ ટાપલી કરવી પડે. પણ સાપનો ફૂંફાડો રાખીએને! ને છોકરીઓ બિચારી તોફાન પણ શું કરે?"

"ઠીક. તું ભણાવે છે કેવી રીતે?"

"કેવી રીતે કેમ? બધાં ભણાવે છે એમ. આપણે ભણ્યાં ત્યારે વળી કેમ ભણાવાતું હતું? વાહ, તું તો ગમ્મત કરે છે!"

"પણ ટ્રેનિંગ કોલેજમાં જઇને શિક્ષણશાસ્ત્ર ભણી આવી હતી તેનું શું?"

"એ તો પોથીમાંનાં રીંગણાં. પરીક્ષાને માટે ગોખેલું હતું તે ભૂલી ગઇ છું."

"ઠીક. પણ તારી નિશાળમાં ઢેઢની છોકરીઓ આવે છે?"

"હા આવે જ ના! અમારે તો ફરજીઆત શિક્ષણનો કાયદો છે તે ક્યાં જાય?"

"પણ એ બધી બીજી છોકરીઓ સાથે બેસે છે?"

"નારે ભાઇ. એને તે સાથે બેસાય? લોકોમાં હો હો થઇ પડેને?"

"ત્યારે તું એમને કેવી રીતે ભણાવે છે?"

"આઘે બેસારીને લખાવીએ કે વંચાવીએ. પાટી બતાવે એટલે લખેલું જોઇ શકીએ."

"તું એમને શા માટે અડતી નથી?"

"આપણે તો બધું ચાલે. તમે બધા અડો જ છોને? પણ લોકોમાં રહેવું એટલે રાખવું પડે."

"ઘેર જઇને ન્હાય છે?"

"હું તો કંઇ ન્હાતી નથી."

"વારૂ, એ છોકરીઓ ભણવે કેવી છે?"

"આપણા બ્રાહ્મણ વાણિયાની છોકરીઓ કરતાં વધારે હોશિયાર છે."

"ઠીક ત્યારે કાલે તારી નિશાળ જોવા આવીશ. જરા ધામધૂમ કરજે. પણ અંત્યજ છોકરીઓને તો હું અડીશ."

"ધામધૂમ શાની? ભાઇ આવે એમાં? ડેપ્યુટી આવવાનો હોય તો ઠીક કે જરા ડોળ કરવો પડે તું તો જેવું હોય તેવું જોજેને! ને અંત્યજ છોકરીઓને અડીશ તો મારે તો કાંઇ વાંધો નથી પણ લોકોને જરા એવું તો લાગશે."

"ઠીક ઠીક, ત્યારે કાલે વાત." ગિ.

શ્રીદક્ષિણામૂર્તિ
બાલમંદિરમાં સંમેલનો

૧ બાલમંદિરનાં જુનાં નવાં બધાં બાળકોનું મિલન. આશો શુદ ૧૨
૨ બાલઅધ્યાપનમંદિરનાં વિદ્યાર્થીઓનું સંમેલન. આશો શુદ ૧૩
૩ બાલસાહિત્ય મિલન

આશો શુદ ૧૪, ૧૫

બાળપ્રવાસ

શિક્ષકે ધ્યાનમાં રાખવાની વાત

વ્યવસ્થા

વ્યવસ્થિત પ્રવાસ જ ઉદ્દેશ પાર પાડી શકે છે, અવ્યવસ્થિત અને કઢંગી રીતે બાળકો પ્રવાસ કરે જ છે. તે જ પ્રથા શાળામાં ચાલુ-વાની હોય તો અવ્યવસ્થાને અમર કરવાનું પાપ શિક્ષકોએ વહોરવાની જરૂર નથી.

પ્રવાસની નવી દિશા ખોલવા માટે અને તે સમાજમાં ઉતારવા સારૂ જ શાળાએ પ્રવાસો હાથ ધરવાના છે.

બાળકોનો સામાન

શક્ય તેટલી ઓછી વસ્તુઓ સાથે લેવી એટલે પ્રવાસમાં પોતાની વસ્તુઓ પોતે ઉપાડી શકાય. તે મોટા વિદ્યાર્થીઓને માફક છે. બાળકને જાતે ઉપાડવા માટે તે મોટી પડે તેમ છે.

નાની કંતાનની બેગ્સ (પાકીટો) જે હાલમાં લગભગ નામશેષ થઇ છે તે પણ સારી, કારણ તેની અંદર બધો સામાન રહી શકે છે અને તેને તાળું પણ દઇ શકાય છે. માત્ર તે સફાઇથી ધોઇ શકાય એમ ન હોવાથી લાંબે કાળે મેલી થઇ જાય છે. તેથી કોથળીઓ અને શેતરંજીનો વીકલ્પ પહેલે દરજ્જે પસંદ કરવા જેવો ગણાય.

ઉપાડવાની દૃષ્ટિએ પગે ચાલીને કરવાની લાંબી મુસાફરીમાં માથા ઉપર અથવા વાંસા ઉપર ભાર ચાલ્યો આવે તે વધારે સગવડભર્યું છે. આગગાડીની મુસાફરીમાં જ્યાં સામાન ફેરવવાની જરૂર જ વધારે હોય ત્યાં હાથે ઉપાડીને મૂકવાનાં બેગ્સ જેવાં સાધનો વધારે પસંદ કરવા જેવાં ગણાય.

પણ જુદી જુદી જાત-

> **આમંત્રણ**
>
> જે ભાઇબેનને બાલસાહિત્ય મિલન ઉપર આવવું હોય તે તુરત લખી જણાવે એટલે વિગતો જણાવવામાં આવે. જેમને આવવું હોય તેમને પ્રેમપૂર્વક આમંત્રણ છે.

ની મુસાફરી માટે જુદાં જુદાં સાધનો ન પોસાય માટે કોથળીઓ કે બિસ્તરાને બંધે બાંધી શકાય તેવી ને જરૂર પડે ત્યાં હાથે ઉપાડી શકાય તેવી પટ્ટાની કે દોરીની ગોઠવણ કરવી; અથવા કંતાનની બેગને વાંસે બાંધી શકાય એવી કરવી.

સામાન્ય સામાન

મુસાફરીમાં કેટલોક સામાન્ય સામાન રાખવાની જરૂર હોય છે.

નીચેની યાદી ૧૦ બાળકો અને સાથે બે

બંધે લટકાવવાની કોથળી બાળકોને ઠીક માફક આવે છે. એક કોથળીમાં બાળકનાં બે જોડ કપડાં, એક ઓછાડ, એક પ્યાલો અથવા કળશો, ભાતાનો નાનો ડબ્બો, દાંતીયો ને સાબુની કટકી એટલો સામાન રહી શકે. શેતરંજમાં આ સામાન બાંધી હાથે ઉપાડવા જેવો નાનો બિસ્તરો પણ સારો.

એકલી દિવસની મુસાફરી કરવી હોય અથવા જ્યાં જઇએ ત્યાં પથારી મળવાની હોય તો એકલી કોથળી ઠીક છે. પણ જ્યાં પોતાની પથારીઓ પોતાની સાથે જ લેવાની હોય ત્યાં શેતરંજીનો બિસ્તરો સારો. જેમાં પથારી પણ રહી શકે એવી મોટી એવડી કોથળી થઇ શકે છે, પણ

મોટાંની સાધારણ લાંબી મુસાફરીની દૃષ્ટિએ આપી છે. બાળકો અને મોટાંઓ વધારે હોય તો તે પ્રમાણમાં જેની સામે ચોકડી છે તે સામાન વધારવો પડે.

× ૧ ડોલ.
× ૧ ઘડો અથવા મોટો કળશો.
× ૧ ફાનસ (રાત રહેવું હોય તો)
× ૨ મીણબત્તી અને દીવાસળીની પેટી.
× ૧ સામાન્ય ભાતાનો ડબો.
× ૨ કળશા. ૧ પાટીયું અને ચૉક.
× ૧ ચપ્પુ. × ૧ લાકડી.
૧ બેન્ઝાઇનની બાટલી ને રૂ. × ૨ પાટા.
૧ ક્વિનીનની ગોળીઓની બાટલી.
૧ બામની બાટલી.
૪ ગાંઠો સૂંઠની, થોડો તજ, અજમા અથવા પેનકીલર.
× ૧ પાથરણું. (નાના મોટાનો ફેર રાખી શકાય.)

બે ત્રણ કલાક ફરી આવવું હોય તો તેને માટે નીચેની યાદી છે.

૧ કળશો. ૧ બેન્ઝાઇન ને રૂ.
૧ ચપ્પુ. ૧ લાકડી. ૧ ભાતાનો ડબો.
૬ પત્રાવળાં અથવા લીલાં પાન.

ભાતા માટે રદ્દી કાગળો વાપરવાની રીત આરોગ્યની દૃષ્ટિએ સારી નથી. મોટી મુસાફરીમાં દરેક જણ પોતાના ડબાના ઢાંકણામાં ખાય. નાની મુસાફરીમાં જ્યાં દરેકનો ડબો ન હોય ત્યાં પાંદડાં સારાં. સગવડ હોય ને સહેલાઇથી લઇ શકાતું હોય તો વાટકા કે રકાબી લઇ લેવાં કારણ બાળકોને પત્રાવળીમાં બહુ ફાવતું નથી. પણ ઉપાડવા વગેરેની મુશ્કેલી હોય ત્યાં પાંદડાં (કેળ, કંદમી, બાબરો, વડ, ગુંદો વગેરે ગમે તેનાં પાંદડાં) ધોઇને વાપરવાં અથવા તેવાં ન મળે તેમ હોય તો સૂકાં પત્રાવળાં અથવા પડિયા પણ ધોઇને વાપરવાં સારાં. તા.

શિક્ષકો જોઇએ છીએ ?

અ પી. આર. ટ્રેનિંગ કોલેજનો સેકન્ડ યર. દશ વર્ષનો શિક્ષણબાતાનો અનુભવ. રાષ્ટ્રીય શાળામાં નોકરી માગે છે.

આ પંદર વર્ષનો શિક્ષણનો અનુભવ. શાળા કાઢી જીવન લોકસેવામાં ગાળવાની ઇચ્છા છે. સંસ્કૃત, રામાયણ અને દેશી વૈદ્યનો અભ્યાસી છે.

ઇ શિક્ષણકાર્યના દશ વર્ષમાં લગભગ પાંચ વર્ષ સુધી અંગ્રેજી ૭ ધોરણ સુધીની શાળામાં હેડમાસ્તર અને આચાર્ય તરીકેનો અનુભવ. કોઇ પણ શિક્ષણસંસ્થામાં પત્રકારિત્વનું, મંત્રીનું કામ જોઇએ છે.

કોઇને આમાંથી એકે પ્રકારના શિક્ષકની જરૂર હોય તો તે માટે પૂછોઃ તંત્રીઓઃ 'શિક્ષણ પત્રિકા'.

અંત્યજોને તમારે માટે દસ રૂપીઆ વધારે આવી પડ્યા છે. જે અંત્યજ ભાઇબેન કે શાળાને પત્રિકા જોઇતી હોય તે લખી જણાવે એટલે તેને એક વર્ષ માટે વિના લવાજમે પત્રિકા આપીશું.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી, ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૪ થું
૧૯૯૬

અંક ૯–૧૦
કાર્તિક–માગશીર્ષ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

ક્યારે હાર્યા ?

જ્યારે પરિશ્રમ વિના થાકયા ત્યારે હાર્યા.
જ્યારે વગર ફિકરે મૂંઝાયા ત્યારે હાર્યા.
જ્યારે અકળાયા વિના રડ્યા ત્યારે હાર્યા.
જ્યારે વગર આપ્યે દરિદ્ર થયા ત્યારે હાર્યા.
જ્યારે સહ્યા વિનાજ દુઃખ લાગ્યું ત્યારે હાર્યા.
જ્યારે વગર ચાલ્યે જ બેઠા ત્યારે હાર્યા.

બાલસાહિત્યકારોને

સાહિત્ય દ્વારા બાળદુનિયાની સેવા કરવા ઇચ્છનારાઓને

બાળકો ગમે તેવી ભાષા બોલે છે, ગમે તેમ વર્તે છે, હસાહસ પસંદ કરે છે, એકબીજાને ચીડવે છે અને મારે છે છતાં સામાન્યપણે બાળકોમાં હીન ભાવો નથી હોતા. એ તો મોટેરાંઓના સહવાસથી અને વિશ્વાસથી તેઓ ગ્રહણ કરે છે. આપણે બાળકો માટે જે સાહિત્ય તૈયાર કરીએ તે રોચક તો હોય જ છે. અને તેથી બાળકોને અસાધારણ રીતે પોતાના કબજામાં લે છે. એ શક્તિનો દુરુપયોગ ન થાય એટલા માટે આપણે ધ્યાનપૂર્વક તપાસવું જોઇએ કે આપણા લખાણમાં હીન વૃત્તિને પોષણ ન મળે. પાપ અને દુર્બળતા મોહક રૂપ ધારણ ન કરે. અજ્ઞાન, દુર્બળતા, સંકુચિતતા અને હીનતા સામે આપણે લડવું છે. એકલા અજ્ઞાન સામે થઇએ અને બાકીનું બધું દરગુજર કરીએ તો અચૂક સેવાને બદલે અસેવા જ થવાની.

ધૂળ જેવાં નકામાં રમકડાં વેચનારા લોકો બાળકોની રુચિનો લાભ લઇ માબાપોને લૂટે છે. આપણે બાલસાહિત્ય તૈયાર કરનારા તેવું નહિ કરીએ.

જેમણે ઉપરની જવાબદારી ધ્યાનમાં રાખી બાલસાહિત્ય નિર્માણ કર્યું છે તેમને દુનિયાના હિતકર્તા તરીકે મારાં વંદન હજો.

કાકા કાલેલકર.

બાલમંદિરમાં ત્રણ સંમેલનો

બાળ સંમેલન

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર તરફથી આસો શુદ બારશથી પૂનેમ સુધી ચાર દિવસ ત્રણ પ્રકારનાં સંમેલનો-મિલનો થયાં હતાં. તેનો અહેવાલ નીચે પ્રમાણે છે.

શુદ બારસને દિવસે બાળ સંમેલન હતું બે વરસ પહેલાં એ જાતનું બાળ સંમેલન બાલમંદિરને આંગણે થયું હતું જેનો ટૂંકો અહેવાલ પત્રિકાના વાચકોને મળ્યો હતો. બાલમંદિરને આજે નવ વરસ થયાં. એટલા વખતમાં કેટલાંયે બાળકો મંદિરમાં આવ્યાં ને ગયાં. તેમાંની કેટલીય આજે સોળ સોળ સત્તર સત્તર વર્ષની થયાં છે. ભાવનગરમાં જ વસવા છતાં ગિજુભાઇનો, મંદિરનો ને તેમનો મળવા પ્રસંગ બહુ ઓછો આવે છે. તેથી વિચાર નક્કી કરવામાં આવ્યો કે વર્ષમાં ઓછામાં ઓછ એક વાર તો જૂનાં નવાં બધાં બાળકોએ બાલમંદિરને આંગણે એકઠાં થવું, ખાવું ને પીવું, રમવું ને કૂદવું, બાલમંદિરનો ખોળો ખૂંદવો ને આનંદ કરવો, જૂના જૂના દોસ્તદારોએ ભેગા થઇ જૂની દોસ્તી તાજી કરવી, જૂનાં

નવાંએ ભેગાં થઇ છૂટો થઇ ગએલો તાંતણો સાંધવો ને બધાંએ મળી લલકારવું—

બાલમંદિરીયું, બાલમંદિરીયું;
અમારૂં સુંદર સોહાય.
વ્હાલું મારૂં બાલમંદિરીયું
ટેકરીને શિખરે મંદિર અમારૂં;
દેરાની જાણે ધજાય.
વ્હાલું મારૂં બાલમંદિરીયું

'મારી શાળા' તો સૌને વ્હાલી લાગે જ કારણ તેની આસપાસ બાળપણનાં મીઠાં સ્મરણો વણાએલાં હોય છે. બાલમંદિર પણ તેનાં બાળકોને તે રીતે વ્હાલું લાગે જ; પણ તેથી વિશેષ પણ લાગે. બાલમંદિર કાંઇ બાળકોની શાળા જ નથી; એ તો તેમનું ઘર છે. તેમનાં બાપાનું ઘર ગામમાં છે ને જ્યારે તેઓ અહીં હોય છે તે દરમિયાન તેમનું પોતાનું ઘર અહીં હોય છે. અહીં તેઓ ભણે છે એટલું જ નહિ પણ રમે છે, નાચે છે, કૂદે છે, ચિતરે છે, ગાય છે, જમે છે, વાસણ ઉટકે છે, સૂએ છે ને ઉઠે છે. ટૂંકમાં એક બાળક ઘરમાં જે છૂટથી—જે પોતાપણાની ભાવનાથી જીવે છે તે ભાવનાથી બાળક અહીં રહે છે. આ તેમનું ઘર કે જ્યાં તેમણે ઘણાંની દોસ્તી કરી છે, જ્યાં સ્વાતંત્ર્ય અનુભવ્યું છે, જ્યાં સન્માનથી જીવતાં શીખ્યાં છે. સાં સૌ ભેગાં થતાં સૌનાં હૃદયો હર્ષથી ઉભરાય તેમાં શી નવાઇ!

સવારે આઠ વાગ્યા ને બાલમંદિરની ટેકરી બાળકોથી ઉભરાઇ ગઇ. અર્ધાએક કલાકમાં ત્રણસો જેટલાં નાનાં મોટાં બાળકો ભેગાં થઇ ગયાં: જાણે કે પંખીઓનું એક મોટું ટોળું! ચારેકોર કીલ્લી કીલ્લી થઇ રહ્યું. રમતના મેદાનમાં બાળકોની હારો પડી. સામે મુરબ્બીઓની ખુરશીઓ. બાળકોનો મોટો મિત્ર—બધાંને એક તાંતણે સાંધનાર ગિજુભાઇ. વાતચીત શરૂ થઇ. જૂની કસરત સંભારી બધાંએ હરખાને હૈયે ઝીલી. પછી આખા દિવસ માટે સૂચનાઓ અપાઇ ને મુરબ્બીઓની ઓળખાણ કરાવાઇ. ગયા બાલસંમેલનના પ્રમુખ ભાઇ જુગતરામ પણ આવેલા. શ્રી. નાનાભાઇ તો હતા જ. અને આ વર્ષના પ્રમુખ ભાઇ નરહરિ-ભાઇ તેમનાં પત્ની વગેરે બધાંને ખુરશી ઉપર ઉભાં રાખી રાખી ગિજુભાઇએ પોતાનાં બાળકોને બતાવ્યાં. ગિજુભાઇને તો કેટલાંયે વર્ષોની વાતો કરવાની. દરેક બાળક સાથેની અંગત વાત સંભારવાની. તેમની વાતો ખૂટે જ શાની! પણ સભામાં મોહુ ન થાય માટે વાતો ત્યાં અટકાવી સૌને રંગીન બાદીનાં ચિન્હો આપવામાં આવ્યાં. બાળકોએ તે પ્રેમથી ધારણ કર્યાં ને ત્યાંથી મોહું સરઘસ મંડપ તરફ જવા નીકળ્યું. મોઢા આગળ બે બુકારાંથી રણસંગીત વગાડતા ગિજુભાઇ, તેમની પાછળ નાનાભાઇ, નરહરિભાઇ, જુગતરામ અને બાળકો ફીડીહારની માફક ચાલવા લાગ્યાં.

બાળકોના આ ઉત્સવમાં ભાગ લેવા અહીંના અધ્યાપનમંદિરના જૂના વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા હતા. જૂના શિક્ષકો મનુભાઇ અને નર્મદાબેન કે જેમણે બાલમંદિરના જીવનના પહેલા પહેલા મહિનાઓ જોયા છે તેઓ પણ હરખાતે મને આવી પહોંચેલાં. બાળકોની એક એક ટુકડી સાથે આ બધાં પણ અંદર ગોઠવાઇ ગએલાં. કોઇ પણ તટસ્થ પ્રેક્ષકને આ દૃશ્ય ભારે આનંદદાયક લાગે તેવું હતું. સાથે સાથે

તેના ગર્ભમાં રહેલ મહાન શક્તિનું ભાન કરાવે તેવું હતું. કારણ આજની આ નાની ફૂલઝરી દશ વર્ષમાં ભાવનગરમાં અને આખા હિંદુસ્થાનમાં એક બાળઉદ્ધારક અર્થાત્ મનુષ્ય-ઉદ્ધારક મહાન્ શક્તિ બની જવાની ઝાંખી આ નાના બનાવમાં પણ થાય તેમ હતું.

નાનો એવો મંડપ પાનફુલની સાદી શોભાથી શોભાયમાન હતો. તેમાં બાળકો આવીને બિરાજ્યાં ને તે અધિક જ શોભી ઉઠ્યો.

બાલમંદિરનાં જૂનાં બાળકો તરીકે અંબુબેન, કુસુમબેન અને લીલુબેને ભૈરવ રાગમાં પ્રાર્થના કરીઃ

આજ મીલ સબ ગીત ગાઓ
ઉસ પ્રભુકે ધન્યવાદ.

બાલમંદિરના પ્રારંભથી સંગીત કરનાર શ્રી. ચુનીભાઇએ દિલરૂબાની સાથ કરી.

એમ ફૂલઝરીનું કામ શરૂ થયું.

શ્રી. નાનાભાઇએ સૌને પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા. બાલમંદિરનાં બાળકોને તેમના દાદા તરીકે તેમણે ખેલવા રમવાનું કહ્યું–પૂરેપૂરાં ખીલવાનું કહ્યું.

ખરેખર! શ્રી. નાનાભાઇના આશિષથી જ શ્રદક્ષિણામૂર્તિની બધી સંસ્થાઓ તેમનાં ઉજ્જવળ દિવસો જોઇ રહી છે અને બાલમંદિર તો નાના બાળકની જેમ આજે તેમને ખોળે ગેલ કરી રહ્યું હતું.

દાદા પંજી કાકા આવ્યા. કાકાસાહેબે પોતાની ભાષામાં બાળકો માટે સંદેશો લખી મોકલ્યો હતો જે ભાઇ જુગતરામે બાળકો સમજે એવી ભાષામાં સ્પષ્ટ કરી બતાવ્યો હતોઃ

"આપણને મન થાય તે નં કરવા દે તેને ખૂબ પજવવાં. મોટી મૂછો કે દાઢી હોય તો તે તાણવી. મા પણ જો કાંઇ કરવા ન દે તો તેને પણ પજવવી. બાપા નામું લખ્યા કરે, પોતાનું કામ કર્યા કરે અને તમને જરાએ દાદ ન દે તો તમારે તેમને પજવવા અને કહેવું કે આ બધું અમારા ગુરુએ કહ્યું છે."

ત્યાર પછી અત્યાર સુધી મહા પ્રયત્ને રોકી રાખેલી વાતોનો ઉભરો ગિજુભાઇએ કાઢ્યો.

ગિજુભાઇની વાતો એટલે તો દિલભર દિલ વાત. બોલનારનું મન આનંદથી નાચે ને સાંભળનારનુંયે નાચે. એમની સામે છસ્સો આંખો વહાલ ને હર્ષથી ચળકતી હતી.

ગિજુભાઇ કહેઃ "આપણે નવ વર્ષ પહેલાં જ્યારે પહેલ વહેલાં મળ્યાં ત્યારે તમે બધા ઘરૂઘર કરતાં ફૂલનાં પારસલો ની જેમ આવી પહોંચ્યાં. તે વખતે મેં ઘણાં રમકડાં ભેગાં કરી રાખેલાં ને તમે એકએક કરતાં બધાં લઇ રમવા મંડી પડ્યાં ને ચારેકોર ધોંધાટ ધોંધાટ થઇ પડ્યો હતો. ને પછી મેં માથું ખંજવાળીને યુક્તિ કાઢી 'છોકરાં રે, હોરે' ની રમત કાઢી. ને આવી રીતે આપણો પહેલો દિવસ શરૂ થયો. તે વખતે તો તમે થોડાં હતાં ને આજે તો ઘણાં બધાં થઇ ગયાં. તે વખતે તમે નાનાં હતાં ને મારી પણ મૂંછમાં એકે ધોળો વાળ ન હતો; આજે તમે મોટાં ઊંટડાં થઇ ગયાં ને મારી મૂંછમાં ધોળા વાળ આવ્યા."

એમ વાતચીત ઉપાડી ને કેટલાંય મીઠાં સ્મરણો સંભાર્યાં. તેમનાં ચિત્રોની ને દાંડિયા-રાસની વાત કરી; શિહોર ને પાલીતાણા, પીલગાર્ડન ને ગધેડીયા ખેતરની નાની મોટી મુસાફરી સંભારી. છેવટે કહ્યું કે હું ઘેરડો થાઉં ને

તમે ઘરડાં થાઓ ત્યારે આપણે નાચવાનું. એક વાત ઉપરથી બીજી ને બીજી ઉપરથી ત્રીજી એમ કરતાં ચિઠ્ઠીવાચન ઉપર આવ્યા. ગિજુભાઇ મોઢેથી બોલે ને બધાં બાળકો કરે. "હસો." "ખડખડ હસો." "એરંડીયું પીધું હોય એવું મોઢું કરો." વગેરે અનેક હુકમો નીકળ્યા અને તરત અમલમાં મૂકાયા. તંબુમાં ભેગાં થએલાં ગિજુભાઇનાં બાળકો જ શું પણ પ્રેક્ષક તરીકે આવેલાં મોટાંઓ પણ 'હસો' કહેતાં હસી પડતાં હતાં. આખું વાતાવરણ હાસ્ય વિનોદથી ગાજી ઉઠ્યું.

પછી નર્મદાબેન અને મનુભાઇએ થોડી થોડી વાતચીત કરી. આ બન્ને જણાં બાળકોનાં જૂનાં દોસ્તો. તેમની સાથે રમેલાં, નાચેલાં ને નાટકો કરેલાં. બધું સંભારતાં તેમને મળવાથી તેમને ખૂબ હરખ થાય તે સ્વાભાવિક હતું.

ત્યાર પછી બાલમંદિરનાં બાળકોનાં ભાષણો થયાં. બે બાળકો અને એક કન્યાએ (ઉંમર વર્ષ ૯, ૭ ને ૫) સરસ ભાષણો કર્યાં. તેમનાં ભાષણો તેમનાં પોતાનાં જ હતાં: શીખવેલાં ને ગોખેલાં નહિ. એ તેની વિશેષતા.

વિનુભાઇ ને બચુભાઇ જે હાલ વિનીતમાં ભણે છે એ તેમના પછી બોલ્યા. વિનાયકે કહ્યું: "આજે મને ઘણું દુઃખ થાય છે અને આનંદ પણ થાય છે. દુઃખ એટલા માટે કે હવે હું મોટો થયો છું તેથી નાનપણની જેમ નાચી શકતો નથી. નાચવા લાગું તો મારી મોટી મા મને વેલણ ફેંકીને મારે ને કહે કે 'આવડો સાંઢડો થયો ને નાચે છે!' ને આનંદ એટલા માતર કે આપણે સૌ મળ્યાં. મને બાલમંદિર બહુ જ ગમતું ને હજીયે ગમે છે, કારણ ત્યાં નાસ્તો મળે છે. (હસાહસ). હું ઘરડો થઇશ તો પણ મને બાલમંદિર સાંભરશે કારણ ત્યાં મને ગિજુભાઇએ લીંટા કાઢતાં શીખવ્યા; ત્યાં મને ચિત્રનો શોખ લાગ્યો જે હજી પણ મારા નવરાશના વખતનો આનંદ ઉદ્યોગ રહ્યો છે."

બચુભાઇ ઉર્ફે નરેન્દ્રે (ગિજુભાઇનો દીકરો) કહ્યું: "હું આવડો ઉંચો થયો તે મને બાલમંદિરે જ કર્યો છે. હું ગામની શાળામાં ગયો હોત તો આવો તંદુરસ્ત ન થાત. તમે સૌ મારા જેવાં ઉંચાં ને આપણા પ્રમુખ જેવાં શરીરે ભરાવદાર થજો."

છેલ્લે મંત્રીઓ શ્રીમતી સુશીલાબેન તથા કુસુમબેન તરફથી કુસુમબેને તેમનું કથન વાંચ્યું. સૌને તેમણે આવકાર આપ્યો. જૂના વખતમાં સૌ સાથે મળી રમેલાં જમેલાં તે યાદ કર્યું અને સૌનો ઉપકાર માન્યો.

સભાના પ્રમુખે આ ભાષણ કરવાનું સ્થાન નથી તે જાણી પોતાના એ બોલ વાર્તા રૂપે જ ઉપાડ્યા ને સૌને રાજી કર્યા. તેમની કુંભારની વાર્તા સૌ બાળકો સમજ્યાં કારણ એકી કુંભાર ને તેનાં બોલકાં એકબીજાંને સારી રીતે પિછાને છે. ગિજુભાઇ સવાને જૂનાં નવાંને ભેગાં કરે છે ત્યારે નાનાં મોટાં બોલકાંને જુદાં જુદાં નામો આપે છે. સૌથી નાનાં તે પીંપીં, જરા મોટાં તે ઘેકૂંક ઘેકૂંક ને મોટાં તે ડ્રેં ડ્રેં ટ્રેં ટ્રેં. એટલે પ્રમુખે કહ્યું: "એક કુંભાર હતો તે ઘણાં બોલકાં રાખતો. તેને થયું લાવ્યને બધાં જૂનાં નવાં બોલકાં ભેગાં કરું. ભેગાં કર્યાં. ને એક બીજા કુંભારને બોલાવી લાવ્યા. પોતે પાતળા એટલે જાડા કુંભારને પસંદ કરી લાવ્યા." વગેરે. બાળકોને બહુ જ મજા પડી. આ

વાર્તા પછી તેમણે પ્રસિદ્ધ કવિશ્રી ટાગોરની ફોજુલીવાલાની વાર્તા કહી ભાષણ પૂરૂં કર્યું.

ગ્રેમ સભાના પ્રમુખે ભાષણો જ કરવાં જોઇએ એ પ્રથા તોડી તેમણે બાળકોને ગમતી નવી પ્રથા શરૂ કરી ને બાળકોએ હસતે મુખે તે સ્વીકારી લીધી.

સભાનું કામ પૂરૂ થતાં બાળકો શ્રીલીલાવતી કલામંદિરમાં મંડળો જોવા હારબંધ ઉપડ્યાં. લીંબડીના શેઠ જગજીવનભાઇ તલસાણીયાએ આ કલામંદિર તેમની કન્યાના સ્મરણાર્થે બંધાવી આપેલું. તેમાં હમેશ બાળકોનો કલાસંગ્રહ રોખવામાં આવે છે ને વખતો વખત માસ મંડળો–પ્રદર્શનો પણ થાય છે. ગયે સંમેલન પ્રસંગે ત્યાં શાક, ફળફુલ ને વાસણોનાં મંડળો ગોહવાયાં હતાં. આ વખતે જૂના ભરતકામનું નાનું એવું પ્રદર્શન શ્રીમતી તારાબેનની દેખરેખ નીચે ગોહવાયું હતું. ભરતકામને ઉહાવ આપે તે માટે થોડી રાંગોળી, થોડા જુવારા અને નાળિયેરવાળી નાની માંડ મૂકવામાં આવી હતી. ચાલવાંના રસ્તાની બેઉ બાજુએ પાણીના રંગ અને રંગીન ચીરોડીથી વેલ કાઢવામાં આવી હતી. ભરતકામના તેજસ્વી રંગોથી આખું કલામંદિર જાણે ઝળહળી ઉહ્યું હોય તેમ લાગતું હતું. આપણી આ જૂની કિંમતી કળા આપણા હાયમાંથી આજે સરી પડે છે. આજે તો સો સો વર્ષનું જૂનું અસલી કામ તેના માલીકો પાણીને મૂલે જરી પુરાણાવાળાને આપી દે છે. અને દુઃખની વાત તો એ કે તે જ નમુના વિલાયતી વેપારને વધારનારા થઇ પડ્યા છે, કેમ કે આ જૂના નમુના મોટી મોટી કિંમત આપી પરદેશી વેપારીઓ ખરીદે છે ને તેના ઉપરથી છાપો ને રંગની મિલાવટ ઉત્પન્ન કરી ઘાઘરા-પાટ ને ચુંદડી ને સાડીઓ અહીં મોકલે છે. હવે તો આપણામાં પણ વ્હાઈલ ને અવળગંડીથી છોમાં શોભે છે. બેના હેતાળ હાથે ભરેલા ઘાઘરા ને કમખા ફેશનની બહારના હોઇ નકામા ગણાયે છે. પ્રદર્શનમાં એક ઘાઘરો સવા બસો રૂપિયાની કિંમતનો હતો. એ તે ભરત છે કે છાપકામ છે તે નક્કી કરતાં મુસ્કેલ પડે એવું એનું મોંચીભરત હતું. એક મોટો ચંદરવો પણ એ જ જાતના ભરતકામનો બહુ જ સુંદર રંગોથી પૂરાએલો હતો. નાના નાના ચાકળા, ઘાઘરા, ઓશલાં, ઝબલાં, કોરો વગેરે પણ એ જ જાતનાં ઉંચા કચ્છી ભરતનાં ભોગાં થયાં હતાં. સાથે સાથે તોરણો, કાંધી, બારસાખીયા, ધાણીયાં, બળદની ઝૂલ ને છતર બધો સામાન વગેરે ઘણું ઘણું સુંદર ભરત હતું કણબીના જીવનમાં બળદ જ કેટલું ઉંચું સ્થાન ભોગવે છે તેનો ખ્યાલ તેના કિંમતી સામાન જોઇ સહેજે આવે તેમ હતો.

જૂનું એટલે old!–નાખી દેવા જેવું, કિંમત વગરનું એમ નહિ પણ જૂનામાં તો બહુમોલ કળા સમાએલી હતી–ઘેર ઘેર ને દીકરીએ દીકરીએ હતી તેનું ભાન કરાવવાના હેતુથી આ મંડળ પૂરાયું હતું. તેની સુંદર છાપ લઇ બાળકો અલ્પાહાર માટે બાલમંદિર ઉપર ગયાં. ત્યાર બાદ સંગીતનો જલસો શરૂ થયો. શ્રી. ચુનીભાઇએ પોતાનાં બાળપરિચીત ગાયનો સંભળાવ્યાં. ગિજુભાઇએ બાલમંદિરનું આદિ ગીત તરીકે ઓળખાતું 'બીલ્લી વાઘતણી માશી' નું ગીત હાવભાવ સહિત ગાયું ને બધાં બાળકોએ પણ તેમ જ ગાયું. મોંઘીબેન, તારાબેન તેમ

જ બાળકોનાં પણ ગીતો થયાં. પછી ભાઇ ભોગીલાલના હરિના પાંચીકડા બધાંએ પ્રેમપૂર્વક વધાવ્યા ને ઇન્દુભાઇની સાથે તેમની રણકોડ-રાયની તાલીમાં સૌ ડોલ્યાં.

જલસા પછી વાર્તાના ડાયરા જમ્યા. બાલ-મંદિરના પ્રિય વાર્તાકાર તો ગિજુભાઇ પોતે જ. તેમણે સાત પૂંછડીયા ઉંદરભાઇને લડાવ્યા ને આખરે બાલમંદિર જ તેને માટે ઉત્તમ બાલ-શાળા છે એમ નક્કી કર્યું. પછી બાળકોમાં વાર્તા કહેનાર તરીકે પ્રિય થઇ પડેલાં મોંઘીબેન, નર્મદાબેન, ગોવિંદભાઇ ને મનુભાઇ એમ ચારની વાર્તાઓ ચાર ખૂણામાં ચાલી.

અહીં વાર્તાનો રસ લૂંટાતો હતો ત્યારે બાળકોના મોટાભાઇ શ્રીદક્ષિણામૂર્તિ ગૃહના વિદ્યાર્થીઓ બાર વાગે સખ્ત તડકામાં નાના-ભાઇઓ માટે પ્રાણી પૂરું પાડવાની મહેનત હોંશે હોંશે કરતા હતા. તડકામાં જમતી વખતે બાળકો તરસ્યાં થશે તો પૂરતું પાણી જોઇએ એની ચિંતા શ્રી. નાનાભાઇ વિના કોને થાય?

બે વાગે બાળકો જમવા પધાર્યાં ત્યારે શ્રીદક્ષિણામૂર્તિ વિનયમંદિરના શિક્ષકભાઇઓએ તેમને વહાલથી જમાડવાનો આનંદ લૂંટ્યો. આમ આખી સંસ્થા આ બાળઉત્સવમાં હૃદયથી ગાંડી બની પોતાનો ફાળો આપતી હતી. જોનારને એમ જ પ્રતીતિ થાય કે આ ઉત્સવની પાછળ જરૂર ઉજ્જવળ ભવિષ્યની આગાહી છે.

લાડવા, જલેબી, કેળાં ને ધરાખનાં રાયતાં વગેરે બાળપ્રિય ભોજન સૌએ પ્રેમથી પીરસ્યું અને સૌ ભાઇબેનો ન્યાતજાત કે બીજા કોઇ પણ બાહ્ય બંધનો વગર એક અંતરના પ્રેમ-બંધનથી બદ્ધ થઇ સાથે બેસી જમ્યાં.

જમણ પછી એકાદ કલાક આરામ, મળવું હળવું, તથા વિનોદ વાતોને માટે છૂટો રાખવામાં આવ્યો હતો.

તે પછી બાળનાટકોનો પ્રિય કાર્યક્રમ શરૂ થયો. બાળવાર્તામાંથી આનંદી કાગડો, દક્ષા તરવાડી અને સાત મૂરખામાંથી પુલકીવાળા મૂરખાનાં નાટકો ભજવાયાં હતાં. 'ઘી ખાતે, ગુડ ખાને, શાને શલતે કયોં નહિ' કહી પગમાં કાપા પાડી પોતાને ખમડાવનાર પીવડાવનાર શેઠની નોકરીમાં વફાદાર રહેનાર આરબનું નાટક પણ હતું. તે સિવાય દાંડમ લુમે ઝુમે છે, અથરક તુથ, ધૂહુલીયો ચડાવને ગિરધારી અને રાસમંડળ વગેરે કાર્યક્રમ હતો. અહીંનાં નાટકોની વિશેષતા એ કે ગોખ્યા વગર મોઢેથી પ્રસંગ અનુસાર ભાષા વાપરીને નાટકો કરવાં. સ્ત્રીપાત્રો પણ ઇચ્છા હોય ત્યાં રંગભૂમિ ઉપર ઉતરે. બાળકોમાંથી પણ છોકરાઓ છોકરીઓ ગમે તે ભાગ લઈ શકે. દક્ષા તરવાડી અને પુલકીવાળાં નાટકો બહુ જ સરસ અભિનયપૂર્ણ ઉતર્યાં હતાં. ગિજુભાઇ દક્ષા તરવાડી અને વઢવાણના ભાઇ ભોગીલાલ રણકોડજી વૃશરામ ભુવો અને રીંગણાં મંગાવનાર ભટ્ટાણીને બદલે તરવાડીની ભત્રીજી જ કામ કરતી હતી. મોંઘી-બેન ગિજુભાઇની ભત્રીજી છે તે જ એ કામ કરતાં હતાં. પુલકીમાં ચપટી વગાડનાર બ્રાહ્મણ ગિજુભાઇ હતા; ભોગીભાઇ લીલકી ગાય આપી પુલકી વેચાતી લેનાર મૂરખ ભરવાડ થયા હતા; મોંઘીબેન અને અનસૂયાબેન સાચેસાચ ભરવાડ-ણોના વેશમાં મૂરખાની બેનો થઇને આવી હતી અને કચ્છના દેવરામભાઇ તેમના દાદા તરીકે કામ કરતા હતા. અન્તમાં ગિજુભાઇ અને ભોગી-

ભાઇનો અભિનય સરસ હતો. બાળકોએ ખૂબ આનંદપૂર્વક નાટકોનો રસ લીધો.

નાટકો પછી લડાઇ કૂચ વગેરે જે બાલ-મંદિરની સંગીત પ્રવૃત્તિ રહી ગઇ હતી તે શરૂ થઇ. જૂનાં નવાં બધાં બાળકોએ તેમાં છૂટથી ભાગ લીધો. પછી એક દાંડીયારાસ ને રાસડો લઇને વિદાય લીધી.

વિદાય આપતાં પ્રમુખે સૌનું હિતચિંતન કર્યું. ગિજુભાઇએ સૌને પૂછ્યું: "બાલમંદિર તમારું છે?" "હા." "તમારે ઘેર છોકરાં થશે ત્યારે પણ તમે અહીં આવશો?" "હા" "તમારાં છોકરાંને ઘેર છોકરાં થશે ને તમે મારા કરતાંયે ઘરડાં થશો ને હું તેથીયે ઘરડો થઈશ ત્યારે પણ આવશો?" એકી અવાજે "હા." એમ બાલમંદિરનાં બાળકોના સંગઠનનું કામ કરી આનંદ સંમેલન પૂરું થયું. સૌ રાજી થતાં ઘેર ગયાં ને વાર્તાની પેઠે કહીએ તો બાકીનું પાછું ને રાજ કર્યું.

: ૨ :

અધ્યાપનમંદિર સંમેલન

બીજે દિવસે સવારે સાડા પાંચથી અધ્યાપનમંદિર સંમેલનનો કાર્યક્રમ શરૂ થયો. તે પહેલાં ચાર વાગે જ સ્વયંસેવકો મંડપમાં આવી વાળવાનું કામ કરવા લાગ્યા હતા. બાલમંદિરે આ સંમેલનો બહુ જ ઓછાં માણસે ચલાવ્યાં છે એમ તો કહેવું પડે. બાલમંદિરનો અધ્યાપકવર્ગ અને દસ વિદ્યાર્થીઓ, એક કારકૂન અને એક કામવાળી એટલા સ્વયંસેવકો. ઘણી વાર તો કલાક પહેલાં હાથમાં સાવરણી ને પછી પ્રમુખની પડખે બેસીને કલમ ઉપડતા ગિજુભાઇને ઘણાએ જોયા હશે. તેઓ અહીંના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે એક પ્રકારની તાલીમ તરીકે સંમેલનો બોલાવે છે; માત્ર એક આનંદ કરવાના પ્રસંગ તરીકે નહિ જ. તેથી આ ચાર દિવસમાં તેમના શિક્ષકવર્ગ અને વિદ્યાર્થીવર્ગને અનેક પ્રકારની જીવનની અલભ્ય તાલીમ મળેલી તે દરેકે અનુભવ્યું છે.

સાડા પાંચ વાગે શાંત શીતળ પ્રભાતે બાલમંદિરની ઓશરી ઉપર વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ભેગા થયા અને ભાવભર્યાં બે ભજનો લલકાર્યાં. શ્રી. નરહરિભાઇએ પ્રસંગોચિત નાનું એવું પ્રવચન કર્યું ત્યાર બાદ એક ભજન ગવાયું અને જીવનમંદિર પૂરું થયું.

છ વાગે જીવનમંદિર જેટલું જ ગંભીર એવું બીજું કામ શરૂ થયું. ટેકરીની નીચે એક ખૂણામાં બોદકામ શરૂ થયું. સામાન્ય મજૂરની જેમ જ કોઇ કોઇ અપવાદ સિવાય સામાન્યતઃ પુરુષવર્ગ બોદતો હતો અને સ્ત્રીવર્ગ તગારાં ઉપાડી બાડા પૂરતો હતો. પ્રસંગોચિત વિનોદ ગમ્મત સાથે બોદવાનું ને માટી ભરવાનું કામ બહુ જ રસિક રીતે પાર પડ્યું. પછી દાતણપાણી માટે એક કલાક રજા હતી. સાડા સાતે બાલમંદિરને આંગણે ગિજુભાઇ ને તેમના ત્રીશેક વિદ્યાર્થીઓ કાવો ને ગાંઠીયા ખાતા અનેક સુરસ વાતો કરતા હતા. વાતાવરણ ઉત્સાહથી ભરપૂર હતું. શ્રી. ગિજુભાઇએ

નવાંજૂનાંની એક બીજાંને તેમનાં ગુણવર્ણન સાથે ઓળખાણ કરાવી. ભજન, અંગમહેનત ને નાસ્તો કરી તાજાં ને ઉત્સાહી બની સૌ સાડા આઠે મંડપમાં અધ્યાપનમંદિર સંમેલનની બેઠકમાં પહોંચ્યાં. પ્રમુખસ્થાને હમેશની જેમ શ્રી. નાનાભાઈ બેઠા હતા. તેમણે ટૂંકમાં વિદ્યાર્થીઓને પોતાનું કથન કહ્યું.

" ... અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓનું સંમેલન તે વળી શું એવો કોઈને પ્રશ્ન થશે. એવો પ્રશ્ન સહેજે થાય તેમ છે. હું સમજું શકું છું કે સંખ્યાબળમાં સરકારી ટ્રેનિંગ કૉલેજોની સાથે આપણે ઉભા રહી શકીએ તેમ નથી. આપણી પાછળ સરકારી તિજોરીનું બળ નથી. આપણા હાથમાં નોકરી આપવાની શક્તિ નથી. પણ મારે કહેવું જોઈએ કે આપણે ચાલુ કેળવણીની પ્રથામાં અને તેની ભાવનામાં ફેરફાર કરવાના મનોરથો ઘરાવીએ છીએ. તે મનોરથ જ અસ્તિત્વને માટે બસ છે. નદીનાં મૂળ ગમે તેવાં નાનાં દેખાય તો પણ આગળ ચાલતાં તે નદી સાગર જેવી મોટી થઈ જાય છે. તે પ્રમાણે આવી પ્રવૃત્તિઓ મૂળમાં ભલે નાની દેખાય તો પણ જો મૂળ પ્રાણવાન હશે તો જરૂર દિવસે મોટી નદીનું રૂપ ધરશે જ ધરશે. x x x એક વાત કહેવાનું મન થઈ જાય છે. મોન્ટીસોરી પદ્ધતિ આજે નવી પદ્ધતિ છે. બજારમાં તેની કિંમત ઉપજે છે. પણ આ પદ્ધતિનો લાભ હિંદુસ્તાનનાં ગામડાંઓ સુધી ના પહોંચે ત્યાં સુધી દક્ષિણામૂર્તિને જંપ કેમ વળે? મેડમ મોન્ટીસોરીએ જે દીનવત્સલતાથી પ્રેરાઈને આ પદ્ધતિનો ઉપયોગ કર્યો તે જ દીનવત્સલતા આપણામાં ન જાગે ત્યાં સુધી આપણું કાર્ય અધૂરું છે. x x x શ્રીદક્ષિણામૂર્તિમાં તાલીમ લેવા આવનારને એક ચેતવણી આપવાની જરૂર છે. બાહ્ય દૃષ્ટિએ દેખાતાં આ મોટાં આલેશાન મકાનો અને તેની સાહ્યબીથી લલચાઈ જશો નહિ. એ બધાં પાછળ કેળવણીનો જીવન્ત પ્રાણ રહેશે ત્યાં સુધી જ તેની કિંમત છે. તમે પણ જ્યાં જ્યાં કામ કરો ત્યાં ત્યાં જીવન્ત પ્રાણની વધારે દરકાર કરજો ને બાહ્ય રૂપરંગને સદા ગૌણ ગણજો."

ત્યાર પછી શ્રી. ગિજુભાઈએ પોતાના વિદ્યાર્થીઓને કહ્યું: " તમને સૌને—મારા વિદ્યાર્થીઓને જોઈને મને અત્યન્ત હર્ષ થાય છે. હું જ્ઞાતિમાં અને સગાંસંબંધીઓમાં નહિ માનનારો આજે તમારી જ્ઞાતિનો બન્યો છું—તમારો સંબંધી બન્યો છું, એ જોતાં આશ્ચર્ય અને આનંદ થાય છે. આખરે જ્ઞાતિ અને સંબંધ મને વળગ્યાં!

" તમને જોઈ જૂનાં અનેક સ્મરણો તાજાં થાય છે. એ બધાંને સંભારી દઉં કિન્તુ કરતાં મનમાં ભર્યાં છે ત્યાં જ રાખું અને મનમાં જ તેની મજા લઉં. તમે પણ તેવો જ અનુભવ કરતાં હશો.

" મારે તમને જે કહેવાનું છે તે આ છે. આપણે થોડાં છીએ તેની ચિંતા ના કરતાં. આપણામાં જો સાચી શક્તિ હશે તો જ આપણી ખરી કિંમત થશે. આપણે લોકકસોટીએ ચડવું જ પડશે. આપણી પદ્ધતિ નવી છે; તેની સામે વહેમો છે, અજ્ઞાન છે, અંગત હિત પણ છે, ગેરસમજણ છે. આપણને આપણામાં જો શ્રદ્ધા હશે અને આપણે અડગ આગળ ધપ્યે જ જઈશું તો સૌ પાછળ આવશે જ. આગળ ધપો, હિંમત

અને દૃઢતાથી આગળ ધપો; નિંદાથી કે કીર્તિથી ઉભાં ન રહો કે પાછાં ન હઠો.

"આપણે કૃત્તેહમંદ થવું હોય તો આપણે પ્રથમ આપણું કામ સંગીન કરવું પડશે. એમાંથી જ સમાજની માગણીને સંતોષ મળશે. આપણી યોગ્યતા અને કાર્યકુશળતા સમાજને પહોંચી વળશે જ. આપણે હમણાં આપણી સામે જુઓ; આપણને બળવાન કરો. સમાજમાં એની અસર એની મેળે જ થશે.

"આપણે જે લીધું છે તેને જ વળગી રહીએ. જે માણસ આડું અવળું જોયા વિના ચાલવા જ માંડશે–ચડવા જ માંડશે તે બીજાઓ વાતો કરતા ત્યાંના ત્યાં જ ઉભા હશે એટલામાં તો શિખરે ચડી જશે. તમે સૌ સ્કૂળતાને શિખરે ચડી શકશો. તમે લીધેલા કામની પાછળ મંડી પડો. જાતનું ભાન ભૂલી જાઓ, ખુવાર થઇ જાઓ. જો તમે ડોલાયમાન રહેશો, એક ડગલું આગળ ભરી બે ડગલાં પાછળ ચાલશો તો તમે હારશો.

"મોન્ટીસોરી પદ્ધતિને સર્વત્ર સ્થાન છે. જેટલું તેને શ્રીમંતને ત્યાં સ્થાન છે તેટલું જ ગરીબનાં ઝૂંપડામાં છે. જેટલું શહેરમાં સ્થાન છે તેટલું જ ગામડાંમાં છે. જેટલું પ્રજામાં છે તેટલું જ રાજ્યમાં છે. આપણે સૌએ જુદે જુદે ઠેકાણે ફેલાઇ જઇ ચારેકોર મોન્ટીસોરી પદ્ધતિનાં બી વેરી દેવાનાં છે. આજે આપણે આટલું કામ કરીશું તો કાલે તો લાખો માણસો તેને ઉઠાવી લેશે.

"આપણે દર વર્ષે આપણો હિસાબ કાઢીએ. આજે હું તમારી પાસે માગું છું કે વર્ષ આખું શું શું નવું કર્યું? કેટલું પ્રાયોગિક કામ કર્યું? કેટલો પ્રચાર કર્યો? અંદરના અને બહારના સફળ અને સુંદર કામ ઉપર આપણે ટકવાનાં છીએ. તમારો હિસાબ મને સંતોષ આપશે જ.

"પહેલાં હું એકલો હતો; હવે તો તમારા ટોળામાંનો એક છું. પહેલાં મારી ગતિ ધીમી હોય; હવે તો તમારી સૌની મને શક્તિ અને હૂંફ છે એટલે આપણે ઉડતી ગતિએ જવું જોઇએ. આપણે સૌ સાથે રહીએ. મોન્ટીસોરી પદ્ધતિનું જે સત્ય આપણને લાધ્યું છે તેની ઉપાસના કરીએ અને તેની પાછળ પડી જીવનને સાર્થક કરીએ. ઓં શાન્તિઃ"

તે પછી વઢવાણના બાલમંદિરના અધ્યાપક શ્રી. ચમનભાઇએ કહ્યું: "મને અધ્યાપક કરતાં વિદ્યાર્થી તરીકે જ તમારી સાથે વાત કરવી ગમે છે. અહીં હું એક જ વાત ઉપર ભાર મૂકું કે મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરવા આવનાર દરેક જણે વિજ્ઞાનમાંથી એકાદ વિષયનો અભ્યાસ કર્યો હોવો જોઇએ. કારણ કે આ પદ્ધતિ વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય છે."

શ્રી. ચમનભાઇ પછી શ્રીમતી તારાબેન બોલ્યાં. તેમણે પોતાની વિદ્યાર્થી અવસ્થા–અહીં ભાવનગરમાં પદ્ધતિનો અભ્યાસ કરવા આવ્યાં તે વખતની વિદ્યાર્થી અવસ્થા સંભારી અને કહ્યું: "સૌએ ભાષણો કરવાની જરૂર નથી. મુ. નાનાભાઇ કે ગિજુભાઇ જેવા આપણા આગેવાન છે ત્યારે આપણે તો આપણા કામમાં ઉંડા ઉતરવું જોઇએ. આજકાલ મોન્ટીસોરી પદ્ધતિ ખૂબ વખણાય છે તેથી આપણે ફુલાવાનું નથી. ઉત્તમ સત્ય વસ્તુ લોકો આગળ ધરવાની આપણી જવાબદારી વધે છે. પદ્ધતિનો

વિરોધ થતો હોય તો પણ આપણે બોલવાની જરૂર નથી. વિરોધ તો આપણો મિત્ર છે. આપણી પદ્ધતિનાં જે વિરોધી તત્ત્વો છે તેનો તે વિરોધ કરે છે. આપણે તો એક જ કામ કરવાનું–આપણા કામમાં ઊંડા ઊંડા ઉતરીને આપણી લાયકાત વધારવી અને બધાંએ એક બની એક નાયકની પાછળ બરાબર વફાદારીથી ચાલવું."

ત્યાં અધ્યાપકોનું કથન પૂરું થયું અને વિદ્યાર્થીઓનું શરૂ થયું. વિદ્યાર્થીઓ એટલે પણ જેઓ એક એક બાલમંદિરના આચાર્ય છે અથવા એકએક ઓરડાના અધિપતિ છે એવા. અમદાવાદના શ્રી. ગોવિંદભાઇએ કહ્યું: "આપણે શહેરની પરિસ્થિતિમાં બંધબેસતાં થઇએ છીએ પણ આપણે ગામડામાં આપણો પેગામ કેમ લઇ જવો તેનો વિચાર કરવો જોઇએ."

અમદાવાદવાળા શારદામંદિરના બાલમંદિરના આચાર્ય શ્રી. વજુભાઇએ પ્રાસ્તાવિક વાતમાં કહ્યું: "મુ. ગિજુભાઇના તપને લીધે આ લીલી વાડી બીલી છે. આપણે અહીં ઘણી દૃષ્ટિઓ મેળવીને જીવનમાં ઉતારવાની છે. હજી બધા સવાલો ઉકલી ગયા લાગતા નથી. શાસ્ત્રીય કે રાષ્ટ્રીય વગેરે અનેક પ્રશ્નો હજી મને અણઉકલ્યા લાગે છે. અહીં ગિજુભાઇ તેનો ઉકેલ લાવે એમ આપણે ઇચ્છીએ છીએ."

અમદાવાદ–રાયપુર બાલમંદિરના આચાર્ય શ્રી. ઇન્દુભાઇ બોલ્યા: "આ સંસ્થાનું ઋણ ઘણું છે. અહીંનો ધ્યાનમંત્ર આપણા જીવનમાં ઉતારીએ તો જ ઋણમુક્ત થવાશે...રાષ્ટ્રીય ને શાસ્ત્રીય વચ્ચે મને વિરોધ લાગતો નથી."

પછી કેટલાએક વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો કહ્યા. તેમાં શ્રી. પ્રભુદાસભાઇએ કચ્છની કેળવણીની સ્થિતિ કેવી છે તેનો ચિતાર આપ્યો ને તેઓ તે સુધારવા માટે હાલ શું કરે છે તે કહ્યું. સુણાવવાસી શ્રી. સોમાભાઇએ પોતાના નવા બાલમંદિરનો અનુભવ કહ્યો. તેમને ત્યાં આદી ફરજીઆત કરી છે તેનો તેમને મીઠો અનુભવ આવ્યો તે વિદિત કર્યો. નવાં સાધનો યોજવાનો તેમનો પ્રયત્ન પણ જણાવ્યો. શ્રી. ઇન્દુભાઇએ શ્રીમંતોનાં ઘરોમાં ચાલતી મોન્ટીસોરી પદ્ધતિ વિષે થોડું એક કહ્યું: "શ્રીમંતો માત્ર ફેશન તરીકે જ એ લે છે એમ નથી. જેમના મનમાં કાંઇક શ્રદ્ધા હોય છે તે જ એ લે છે." પછી મજુરોનાં બાલમંદિરો વિષે કહ્યું. શ્રી. સોમાભાઇનો મજુરશાળાનો અનુભવ ને એમના પ્રયત્નોનું વર્ણન બહુ જ રસિક હતાં.

એટલાં ભાષણો પછી સવારનું અધિવેશન પૂરું થયું ને સૌ શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભુવનમાં ભોજન માટે છૂટાં પડ્યાં.

બપોરે અઢી વાગે ફરીથી સૌ ભેગાં થયાં. બપોરે મુખ્ય કામ ચર્ચાનું ચાલ્યું. નીચે પ્રમાણેના પ્રશ્નો ચર્ચાયા હતા—

૧. નાનાં બાળકો જાતીય વિકૃતિમાં પડી જાય તો તેમને કેવી રીતે અટકાવવાં?

૨. એક બાળક રોજ ચંપલ ઘેર ભૂલી જતું. એક દિવસ ચંપલ માટે જ તેના બાપાએ તેને થપાટ મારી અને બાળક ચંપલ ભૂલી જતું બંધ થયું. આમ કેવી રીતે બન્યું હશે? મારવાથી આવો સુધારો થતો હશે?

૩. ઘ્રાણેન્દ્રિય તથા સ્વાદેન્દ્રિયની કેળવણી માટે વ્યવસ્થિત સાધનનો અભાવ લાગે છે? તે માટે આપણે શું કરી શકીએ?

૪. કઇ શાળાને આપણે મોન્ટીસોરી શાળા કહીએ ? ઓછાંમાં ઓછાં કયાં સાધનો તેમાં જોઇએ ? ઓછામાં ઓછું કેવું વાતાવરણ જામેલ જોઇએ ? અંદર અંદર નક્કી થવાની જરૂર નથી કે અમુક ધોરણે ચાલતી શાળાને જ મોન્ટીસોરી શાળા કહેવાનું સ્વીકારવું ?

૫. બીજાં સાધનોની સરખામણીએ બાળકોને ગાડીગાડીમાં, કૂવા કરવામાં અને ઘરઘર રમવામાં કેવો આનંદ પડે છે ?

૬. વારસામાં મળેલા ગુણો વા અવગુણો કયા ગણવા અને તેના ઉપર કેળવણી કેટલી અસર કરી શકે ?

૭. કેળવણીમાં વાતાવરણનો કેટલો હિસ્સો ગણાય ? અનુકૂળ વાતાવરણના અભાવે શું કરવું ?

૮. શરીર સારું ન હોય છતાં બાળક માનસિક શ્રમ કર્યે જાય તો તેનું શું કરવું ?

૯. લાગણીઓ કેળવવામાં કયાં કયાં સાધનો ઉપયોગી છે ?

૧૦. સ્પર્શનાં સાધનો અધૂરાં લાગે છે ?

૧૧. કર્ણેન્દ્રિયની કેળવણી માટે યોગ્ય એવા ઘંટડીનું સાધન બાદ કરીએ તો બાકીનાં સાધનો પૂરતાં લાગે છે ?

૧૨. બાળકમાં લાગણીની શૂન્યતા દેખાય ત્યાં શું કરવું ? અથવા લાગણી બાળકમાં વધુ પડતી હોય તો શું કરવું ?

૧૩. બાળકમાં અનિશ્ચિતતા જણાય ત્યાં નિશ્ચિતતા કેળવવા શું કરવું ?

૧૪. બાળકમાંથી ભય, ગુસ્સો, ચિંતા, અદેખાઇ, અભિમાન વગેરે ટાળવા માટે મોન્ટીસોરીની દૃષ્ટિએ શા ઉપાય લેવા ?

૧૫. સમાજની અસર મોન્ટીસોરી શાળામાં કેવી જણાય છે ? મોન્ટીસોરી શાળાનું વાતાવરણ જમાવવામાં તે કેટલે અંશે અંતરાય રૂપ નીવડે છે ?

૧૬. Check, suppress અને destroy-નો કેવો અર્થ લેવો ? *

છેવટે શ્રી. નાનાભાઇએ ટૂંકામાં ઉપસંહાર કર્યો અને અધ્યાપનમંદિર સંમેલન પૂરું થયું.

રાત્રે ચાંદનીમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો હળવા મળવાનો અને ગમત રમતનો કાર્યક્રમ હતો. અભિનયકુશલ શ્રી. ગિજુભાઇ, ભોગીલાલ, ઇન્દુભાઇ વગેરેએ માર્મિક વાર્તાવિનોદથી સૌને ખૂબ હસાવ્યા. રાસ રાસડા લીધા ને એમ કરી અગિયાર વાગે સૌ પરસ્પર સ્નેહસંબંધ સારા પાયા ઉપર દૃઢ કરીને છૂટાં પડ્યાં.

આમ અધ્યાપનમંદિર સંમેલનનો એક વધારે દિવસ છતાં સવારે ચાર વાગેથી રાત્રે અગિયાર વાગે સુધી ચાલ્યું. તેથી બે દિવસ જેટલો લાભ સૌ ઉઠાવી શકયાં. આ વખતે સૌને જ એક દિવસ સંમેલન માટે ઓછો લાગ્યો છે તેથી આવતા વર્ષથી બે ચાર દિવસ રાખવાનો વિચાર થયો છે. ઘરાઇ ઘરાઇને સૌ વિદાય થવા કરે, સાથે મળી ફરવા જાય, બાલમંદિરનું ચાલતું કામ જુએ, જરૂર જોઇતા પાઠો અપાય, ખાસ અભ્યાસ કે નવા પ્રયોગો કોઇએ કર્યા હોય તેના ઉપર વ્યાખ્યાનો થાય વગેરે કાર્યક્રમથી સૌ ચાર દિવસમાં અભ્યાસ અને પોતાનો કામ પરત્વે ખૂબ લાભ લે એવી ગોઠવણ કરવાનો વિચાર નક્કી થયો છે.

Check=અટકાવવું. Suppress=દબાવવું.
Destroy=નાશ કરવો.

: ૩ :

બાલસાહિત્ય મિલન

પછીના બે દિવસો બાલસાહિત્ય મિલનના હતા. શ્રીદક્ષિણામૂર્તિવાળાઓએ આ વખતે આ એક નવી પ્રવૃત્તિ આદરી કહેવાય. પ્રથમ મોન્ટીસોરી સંમેલન શ્રીદક્ષિણામૂર્તિને આંગણે થયું; પ્રથમ છાત્રાલય સંમેલન પણ ત્યાં જ થયું ને આ વખત આ પ્રથમ મિલનનું ભાગ્ય પણ તેને જ મળ્યું તેથી તે પોતાને ભાગ્યશાળી ગણે તો યોગ્ય જ છે.

બાલસાહિત્ય હજી ઉગતી અવસ્થામાં છે. હમણાં તો માત્ર તેની શરૂઆત જ થઇ છે તે વખતે બાલસાહિત્ય લેખકો ભેગા મળે, એક બીજાને ઓળખતા થાય, એક બીજાના કામથી વાકેફ થાય, સાચું બાલસાહિત્ય કોને કહેવાય તે વિષે વિચારોની આપલે કરી પોતાનો ખ્યાલ ચોખ્ખો કરી લે, તેમજ તેના આગળના વિકાસની દિશા નક્કી કરે તે જરૂરનું હતું. તે વિચારથી જ શ્રી.ગિજુભાઇએ બાલસાહિત્યકારોને હળવા મળવા નિમંત્ર્યા. જે હેતુથી આ મિલન ઉભું કર્યું હતું તે હેતુ ઘણે અંશે સફળ થયો એમ કહી શકાય.

આ મિલન પ્રસંગે પ્રમુખની જરૂર છે કે નહિ એનો નિર્ણય કરવો જરા અઘરો હતો. આ સંમેલન કે પરિષદ ન હતી; માત્ર મિલન હતું. તેથી પ્રમુખની જરૂર જણાતી ન હતી. ઉલટું પ્રમુખ રાખવાથી તેને કાંઇક formal (દેખાવનું) સ્વરૂપ આવી જવાનો ભય રહેતો હતો અને થોડુંએક તેમ થયું પણ ખરું. બીજી બાજુથી પાંચ પચાસ માણસો મુખી વગર ભેગા થાય તો કામકાજ તદ્દન અવ્યવસ્થિત રૂપ પકડે કે કેમ એની બીક રહેતી હતી. વળી દરેક જણ પોતાનું દૃષ્ટિબિંદુ રજુ કરે ત્યારે તટસ્થતાથી બધાનાં દૃષ્ટિબિંદુઓને તપાસનાર કોઇ પોતે બાલ-સાહિત્ય લેખક ન હોવા છતાં તેને સમજી શકે એવા પ્રમુખની પણ જરૂર લાગી. તે દૃષ્ટિએ શ્રી. ખબરદાર કે શ્રીમતી વિદ્યાબેન ઉપર નજર પડી હતી. બાલસાહિત્યમાં લખવાની જેમણે કાંઇક પહેલ કરી ગણાય તેવા રા૦ બં૦ હરગોવિંદદાસ કાંટાવાળાને પણ સંભારવામાં આવ્યા હતા. પરંતુ તેમને બધાંને કાંઇક કાંઇક અંગત અડચણો હોવાથી ઇચ્છા છતાં તેઓમાંથી કોઇ પ્રમુખપદે બિરાજી શકયું નહિ. આખરે પોતે સુંદર બાલ-સાહિત્ય લખનાર છતાં વૃત્તિથી અને અંગીકૃત કામથી બાલસાહિત્યમાં તટસ્થ એવા શ્રી. જુગત-રામભાઇને પ્રમુખસ્થાન સ્વીકારવાની વિનતિ કરી અને તેમણે તે સ્વીકાર્યું.

ગુરુવાર તારીખ ૧૭ મી એ સવારે નવ વાગે મિલનનો કાર્યક્રમ શરૂ થયો. થોડુંએક સંગીત થયા પછી પ્રમુખની ચુંટણી થઇ ને શ્રી. નાનાભાઇએ બાલસાહિત્યરસિકોને આવકાર આપ્યો. તે પછી ગિજુભાઇએ મિલનના પ્રયોજન વિષે બે બોલ કહ્યા. તેમણે જણાવ્યું કે આપણે હજી થોડા છીએ એટલામાં જ આપણે એકબીજાનો પરિચય કરી લઇ તેમાંથી મૈત્રી કેળવીએ. મૈત્રીના બળમાં આપણે બાલસાહિત્યની સેવા સારી કરી શકશું. આપણે જે થોડો વખત મળીશું તેમાં સાહિત્યની શુદ્ધિ અને વૃદ્ધિ કેમ થાય, બાલ-

સાહિત્યમાં ચર્ચાતા વિષયો ઉપર આપણી સમજણ ચોખ્ખી થાય, સસ્તું અને સુંદર સાહિત્ય કેમ પ્રગટ કરી શકીએ વગેરેનો વિચાર કરીએ ને વધારામાં તો સાથે રહી આનંદ કરીએ.

આટલી વાતો પ્રસ્તાવના રૂપે થયા પછી સહકાર કર્યો હતો.

બાલમંમેલનના પ્રસંગે તારો અને પત્રોથી નીચેનાં ભાઈ બહેનોએ ફૂલેહ પાઠવી હતી:—

પૂ. કાકાસાહેબ
શ્રીમતી સરલાદેવી અંબાલાલ
શ્રીમતી ભારતીબેન અંબાલાલ
Laura F. Austin.
શ્રી. નટવરલાલ રાવળ
શ્રી. માવજી દામજી શાહ
શ્રી. હિંમતલાલ ચુનીલાલ શાહ
શ્રી. કસનજી મણિભાઈ દેસાઈ
શ્રી. ગૌરીશંકર ગોવરધન જોશી
શ્રી. નટવર વીમાવાળા
શ્રીમતી નિર્મળા બકુભાઈ
શ્રી. પુરુષોત્તમ વિ. શાહ
શ્રીમતી પુતલીબાઈ કામરાજી
શ્રી. સીતારામ શર્મા
શ્રી. છોટાલાલ શાહ. ગુજરાત સાહિત્યમંદિર
શ્રી. જોકાલાલ ચૌધરી
શ્રી. કિશોરલાલ મશરૂવાળા
શ્રી. ભીખાભાઈ પુ. વ્યાસ
શ્રી. દેશળજી પરમાર
શ્રી. ઉમિયાશંકર ઠાકર
શ્રીમતી કાશીબાઈ હેરલેકર
શ્રીમતી વિદ્યાબેન રમણભાઈ
શ્રીમતી લીલાવતી મુનશી
શ્રી. ત્રિભોવન ગૌરીશંકર
શ્રી. ચંદ્રકાંત મં. ઓઝા
શ્રી. લલિતજી.
શ્રી. નાગરદાસ ઇ. પટેલ
શ્રી. ઈંદુકુમાર સી. મહેતા: રંગૂન
શ્રી. ભોગીલાલ ઠાકર
શ્રી. મૂળજીભાઈ ચતુરભાઈ પટેલ
શ્રી. ખબરદાર
રા. બ. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા
શ્રીમતી કમળાબેન
શ્રીમતી હંસા મહેતા
શ્રી. બહેરામ ન. બંભાતા
શ્રી. ગુણવંતરાય ગુલાબરાય દેસાઈ
શ્રી. રમણલાલ ના. શાહ
શ્રી. ભાઈલાલ બ્રુ. પટેલ
શ્રીમતી શારદા મહેતા
શ્રી. સંપાદક: 'વિદ્યાસ.'
શ્રી. તંત્રી: 'પાલણપુર પત્રિકા'

ત્યાર બાદ પ્રમુખ શ્રી. જુગતરામ દવેએ સુંદર ભાષણ કર્યું. તેના મુખ્ય મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે આપીએ છીએ:—

બાલસાહિત્યનો બહોળો અર્થ

"કેળવણી એ તો જીવન-જેટલી વ્યાપક છે અને અનેક શાખાઓવાળી છે. તેમાં લેખન વાચનને સ્થાન જરૂર છે. પણ તેનાથી વધારે અસરકારક કેળવણી બીજાં સાહિત્યો દ્વારા

અપાય છે. આ વિચાર જો આપ સૌ ભાઇઓને ગળે ઉતરે તો પુસ્તકો લખવા ઉપરાંત બાળકો માટે બીજું સાહિત્ય શોધવામાં અને નીપજાવવામાં તમે તમારી શક્તિનો ઉપયોગ કરી શકો.

વાચનમાં મરી મસાલા ન જોઇએ

"આપણે આપણા અનુભવથી અને બાળકોના અભ્યાસથી બાળકો માટે આરોગ્યકારી શું છે તે જોઇ લેવું જોઇએ. જેમ બાળકના ખોરાકમાંથી મરી મસાલાને દૂર રાખવા ઇષ્ટ છે તેમ તેમના વાચનમાં પણ મરી મસાલા દૂર રહે એ જ ઇષ્ટ છે.

પાસાદાર લખાણ

"બાળકો માટે લખનારા આપણે ઉતાવળથી ન લખીએ એ જરૂરનું છે. કોઇ મોટો જબરો ગ્રંથ લખવાનો હોય તેમાં કયાંક ભૂલચૂક રહી જાય, કયાંક અવળસવળ થઈ જાય એ બધું સમજી શકાય; ઉદાર વાંચનાર તેવા લેખકને માફ પણ કરે. પરંતુ બાળલેખક એવી માફી કયા મોઢે માગે? તને તો સાડા ત્રણ પાનાં લખવાનાં હોય. અને પાનાં પણ કેવડાં? બાળકની ચોપડી ટચુકડી જ હોયને? ભાષાની દૃષ્ટિએ, વિચારની દૃષ્ટિએ, મૂકેલા વસ્તુની પસંદગીની દૃષ્ટિએ આપણને આપણું લખેલું છાપતા પહેલાં અનેક વાર વાંચી-વિચારી જવાનું પોસાય તેમ છે. તેમ ન કરીએ અને બહુ આપવાની હોંશમાં કાચું ને કાચું પીરસીએ તો આપણે માફી માગવાનું કોઇ બહાનું રહેતું નથી. બાળકો માટે લખાએલું સાહિત્ય હીરા જેવું તેજસ્વી અને પાસાદાર હોય. વળી બાલસાહિત્યમાં કળા અને વિવિધતા તો આપણા જીવનમાં છે તેટલાં મૂકી શકાય; મૂકનાર કારીગર જોઇએ. પણ તેમાં અર્થ વિનાનાં શબ્દોનાં જાળાં તો ન જ હોય.

ગામડાં માટે ચોપડી આપો

"હું તમારા પાસે ગામડાં માટે ચોપડી માગું છું. જો કે ગામડાંની બરી ચોપડી તો રેંટીયો છે. છતાં આટલા બાલસાહિત્યકારોને પૂછું છું કે હું માગું છું એવી ચોપડી કોણ આપશે?—જે ચોપડી મોટી નહિ હોય, અઘરી નહિ હોય, મોંઘી નહિ હોય, છતાં જે ગામડાંના લોકોના જીવન સાથે જડાઇ જશે, જે સરલ છતાં તેજસ્વી હશે, જે નાની છતાં બળવાન હશે, જેને ગામડાંના લોકો લીધા પછી છોડશે નહિ, વાંચ્યા પછી ફરીથી વાંચશે અને તોયે વાંચતાં પૂરી થશે નહિ. એવી ચોપડી કોણ આપશે?"

આ જ પ્રસંગે બાલસાહિત્યમાંથી સારા સારા ટુકડાઓનું વાચન કરવામાં આવ્યું. અમારી દૃષ્ટિએ સાહિત્યની બેઠકમાં આવા એકાદ કાર્યક્રમની જરૂર છે. સુંદર સાહિત્ય વાંચીને સૌ સાથે આનંદ લે તો જ સાહિત્યમિલન સાર્થક ગણાય. બાલસાહિત્યમાં પરિચય અર્થે પણ એવા વાચનની જરૂર હતી.

આ બેઠકમાં બાલસાહિત્યના ચાર સારા લેખકોમાંથી ટુકડાઓ ચૂંટયા હતા.

પહેલાં શ્રી. જુગતરામભાઇના ગાંધીજીમાંથી બે પાઠ વાંચ્યા. મોટી ચાલણગાડી, નાની ચાલણગાડી, ભેરૂ વગેરેમાંથી પણ સારા સારા પાઠો વાંચી તેમની કલમનું માધુર્ય બતાવવામાં આવ્યું. મહાત્માજીનું ચરિત્ર બાલભોગ્ય ભાષામાં લખવું એ કેટલું અઘરું કામ છે તે સૌ કલ્પી શકે. એ તો જુગતરામ જેવાની કસાએલી અને બાલરસ સમજનારી કલમ જ કરી શકે.

તે પછી શ્રી. ત્રિભોવન વ્યાસની કવિતાઓ ગવાઇ સાગર વિજળી ને રેલગાડી ગિજુભાઈએ વાંચી બતાવી. ચંપકવરણી ઉષાનું ગીત ત્રિવેણીબેને ગાઇ બતાવ્યું અને બીસકોલીને ભાઇ ભોગીલાલે લલકારી. વચ્ચે વચ્ચે કાવ્યની વિશેષતા; સુંદરતા વગેરે વિષે એકાદ લીટીમાં પરિચય કરાવવામાં આવતો હતો. તદ્દન વૈજ્ઞાનિક વાતો સુંદર કાવ્યમય છતાં બાળભાષામાં ગૂંથવાની ભાઇ ત્રિભુવનની શૈલી ખરેખર અદ્‌ભુત છે.

વાદળ ખડખડ બડખડ હસે

અથવા

હું માં જરાય ભાર નહિ
મારા બળનો પાર નહિ

વગેરે ઉચ્ચ કાવ્યના નમુના રૂપ થઇ પડેલી તેમની કવિતા એ આખી સભાએ ખૂબ જ રસથી સાંભળી.

શ્રી. મેઘાણીનાં વેણીનાં ફુલમાંથી પારેવડાંની કવિતા ગાઇ બતાવવામાં આવી અને વીરડાને તથા ચારણકન્યા પણ વંચાઇ. શ્રી. મેઘાણી પ્રમુખપણે તો બીજા ક્ષેત્રમાં કામ કરે છે છતાં વેણીનાં ફુલમાં તો તેઓ બાળકો અને નાની ઉંમરની કન્યાઓ સાથે એકરસ થએલા દેખાય છે. બીજી પણ ઘણી સારી સારી કવિતા વેણીનાં ફુલ ને હિલોળમાં છે પણ વખતને અભાવે વંચાઇ નહિ. તેઓ આ પ્રમાણે વચ્ચે વચ્ચે બાળકો તરફ નજર નાખતા રહેશે એવી આશા રાખીએ.

આ બે કવિની વાનગીઓએ સભાનું ખૂબ ધ્યાન ખેંચ્યું તે પછી શ્રી. ગિજુભાઇના થોડાએક પોકો વંચાયા. છેલ્લે મોર ને પીંપળાની અખંડ દોસ્તીના ભાવભર્યા પાઠથી સવારના વાચનનું કામ બંધ થયું.

સર પ્રભાશંકર પટ્ટણીની બપોરની હાજરીથી કાર્યક્રમને ઓપ મળ્યો હતો તેઓશ્રીએ પારેવડાંની એક સુંદર બાલભોગ્ય કવિતા ગાઇ સંભળાવી બાલસાહિત્ય વાચનમાં પૂર્તિ કરી હતી. તેમણે જે ટૂંકું ભાષણ કર્યું તેમાંથી નીચેનું વાક્ય ખાસ ઉતારી લેવા જેવું છે. "જીંદગીનો સરવાળો કરતાં માલૂમ પડે છે કે હું રાજ્યની પ્રવૃત્તિમાં પડ્યો તેના કરતાં જેમ શિક્ષક હતો તેમ રહ્યો હોત તો અને બાળકો સાથે જીવન વ્યતીત કર્યું હોત તો મારું શિક્ષકનું જીવન વધુ લાભકારક નીવડત."

બપોરના કાર્યક્રમમાં એક શ્રી. ગિજુભાઇનું 'આપણું બાલસાહિત્ય' અને બીજું શ્રી. ઈંદુભાઇ ભટનું એમ બે ભાષણ થયાં.

શ્રી. ગિજુભાઇ આપણું બાલસાહિત્ય અત્યારે કેવી પ્રગતિ કરી રહ્યું છે તે વિષે અને તે બાબતમાં ઉપજતી કેટલીએક શંકાઓ વિષે સમાધાન રજુ કરતાં છેવટે આજની સ્થિતિએ તે કેવું કરવું જોઇએ તે બાબતમાં તેમણે નીચેના ઉપયોગી ઉદ્‌ગારો કાઢયા હતાઃ

"આપણે સૌ મિત્રો છીએ. આપણી પ્રવૃત્તિ દ્વારા આપણે આપણી મૈત્રીને પણ ખેડીએ અને ખીલવીએ. આપણે એકલા શું કરી શકીએ ? આપણને એકબીજાની મદદની જરૂર છે; એક બીજાની સહાયની, હૂંફની જરૂર છે. આપણે સૌ એક રહીને પરસ્પરને આગળ લઇએ અને આપણી પ્રગતિ સાધ્યે જઇએ.

"સાહિત્યસેવક એટલે સરસ્વતીનો ઉપાસક. એને શોભે એટલી લક્ષ્મીની સેવા સાથે આપણે આપણી પ્રવૃત્તિ કર્યે જઇએ. આપણે ચલિત થયા વિના ચાલીએ. આપણે ગરીબીથી ગિરફ-

તાર ન થઇએ. પ્રસિદ્ધિ એ આપણું માપ ન હોય. પ્રસિદ્ધિ સંજોગોને આધીન છે. પ્રસિદ્ધિમાં હમેશ સાચી કિંમત હોય જ છે એમ નથી. પ્રસિદ્ધિ એ લોકદૃષ્ટિ છે–બહિર્ દૃષ્ટિ છે. અંતર્દૃષ્ટિ તો આપણી પાસે છે. તેની જ કસોટીએ આપણે ચડવું જોઇશે. અંતરાત્માનો સંતોષ એ જ મોટું પારિતોષિક સમજીએ. જ્યારે આપણે અંતર્મુખ રહીને આત્માનંદને ખાતર જ આપણી પ્રવૃત્તિ કરીશું ત્યારે તેમાં સાચી શક્તિ આવશે. આજે નહિ તો કાલે તેની પૂરેપૂરી કિંમત અંકાશે. એ કિંમત દ્રવ્યથી નહિ પણ તેના ઉપયોગથી–તેના સ્વીકારથી. આપણે સાચી કિંમત માટે જ આપણી પ્રવૃત્તિ સમજીએ."

શ્રી. ઈંદુભાઇએ બાલસાહિત્યમાં કેટલાએક પ્રશ્નો રજુ કર્યા હતા અને વિચારની દિશાએ ઉઘાડી હતી.

પછી બાલસાહિત્યમાં જે 'લોક સાહિત્ય' છે તેનું વાચન થયું હતું.

પ્રમુખશ્રીએ પોતાનું રચેલ 'હાંરે અમે કાણા !' નું કાવ્ય ગાઇ બતાવ્યું હતું. એ કાવ્ય લોકકાવ્યની ઢબે રચેલું ને લોકગીતને ભૂલાવે તેવું હતું. પછી મોંઘીબેન, ગોપાળરાવ, ઈંદુભાઇ, હેમુભાઇ, નિવેણીબેન વગેરેએ લોકગીતો અને મેઘાણીની વાર્તાઓમાંથી ગાઇ–વાંચી સંભળાવ્યું હતું. લોકસાહિત્યની વિવિધ વાનગી સાંભળવામાં સૌ તલ્લીન હતાં. ભાઇ બહેચરદાસ અઢીડે 'સત્યકાની આપવીતી'માંથી અને તેમની રચેલી પુસ્તિકા 'બાલપત્રો' માંથી થોડુંએક વાંચી સંભળાવ્યું હતું.

ત્યારે બાદ પ્રમુખશ્રીએ પહેલા દિવસના કાર્યનો ઉપસંહાર કર્યો. "આજના કાર્યનો મહત્ત્વનો ભાગ બાલસાહિત્ય વાચનનો ગણું છું. બાલસાહિત્ય ઉગવાને માટે સારામાં સારી ભૂમિ આવું બાલસાહિત્ય કાને સાંભળવું એ છે. જે રસ હું કાળીપરજમાં રામધૂનમાં અનુભવું છું તે જ રસ મેં અહીં બાલસાહિત્યશ્રવણમાં અનુભવ્યો."

રાત્રે નાટકો હતાં. નાટકોમાં 'દો બાઘ દોનો બાઘનીયાં' 'પેમલો ને પેમલી' 'ઝગમગીયું' 'સાંઇબાવા' 'રાસમંડળ' 'રાસડા' અને 'બુદ્ધચરિત્રનું' એક દૃશ્ય વગેરે હતાં.

આ નાટકોમાં ઉતરેલાં પાત્રોમાં ભાઈ ભોગીલાલની શક્તિથી સૌ કોઇ ખુશી થયું જ હતું. ભોગીલાલ અને ગિજુભાઈની જોડી વગર તૈયારીએ સ્વયંસ્ફુરિત સર્જન રૂપ નાટકો કેમ થાય તેની ખાત્રી આપે છે. નાટકમાં પ્રધાન ભાગ અભિનય અને ભાવપ્રદર્શન ત્યારે જ આવે છે કે જ્યારે પાત્રોને ગોખેલું સંભારવાનું નથી હોતું; જ્યારે પાત્રોને શીખેલો અભિનય કરી બતાવવાનો નથી હોતો. અંદરથી સ્થળ કાળ પાત્ર વગેરેને અનુરૂપ જે સ્વાભાવિક ભાવ ઉપજે તે સ્વતઃ ઉપજવા દેવામાં નટ અને પ્રેક્ષક બન્નેને પૂરેપૂરો સંતોષ મળે છે. બાળકોને આ દિશા તરફ લઇ જવાનો પ્રયત્ન આજની નવી કેળવણીની નિશાળો છે. બાલસાહિત્યમાં નાટક રૂપે ભજવી બતાવાય તેવું ઘણું પડયું છે તે તેમ જ બાળકોની ભૂમિકાએ નાટકો કેમ ભજવી બતાવાય તે બતાવવાનો હેતુ આજનાં નાટકો પાછળ કેટલેક અંશે હતો.

બીજા દિવસના કાર્યક્રમમાં શ્રીમતી તારાબેનનું 'શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળાની

યોજના ' વિષે ભાષણ અને બાલસાહિત્ય વાચન હતાં.

શ્રીમતી તારાબેને પોતાના લેખમાં ' બાલ-સાહિત્ય માળા ' ની યોજના વિસ્તારથી વાંચી સંભળાવી હતી. યોજના સમજાવતાં સમજાવતાં તેમણે બાલસાહિત્યના કેટલાએક વિષયો જેવા કે પરીઓની વાતો, બાલસાહિત્યની વિવિધતા, બાલસાહિત્ય પાછળ જોઇતું નવીન બાલશિક્ષણનું દૃષ્ટિબિંદુ, બાલસાહિત્યની શૈલી વગેરે બાબતો પર વિચારો દર્શાવ્યા હતા. પરીઓની વાતો સંબંધેના તેમના ઉદ્‌ગારો અહીં નોંધીશું.

વાર્તાપ્રેમીઓને માળામાં વાર્તા ને તેમાંયે તરંગી કે પરીઓની વાર્તાને કાંઇક ઓછું સ્થાન દેખાશે. વાર્તા બ્યાન બહાર રહી ગએલી નથી પણ અમારી બાળવાર્તાઓના પાંચ ભાગ નીકળી ચૂકેલા હોવાથી જે પ્રકાર બાળકો માટે અમે બહુ જ પસંદ કરીએ છીએ તે પ્રકારની વાર્તાઓ માળામાંથી બાદ થઈ ગઇ. બાળવાર્તાની વાર્તા-ઓમાં બુદ્ધિની ચમક સાથે ગમી જાય તેટલી અદ્‌ભુતતા પણ છે ને વાસ્તવિકતા પણ છે; વિનોદ છે ને સામાજિક ફટકા પણ સારી રીતે છે. તેની આંગળની એટલે જરા લાંબી વાર્તા સામાન્યતઃ કિશોર વાચનને લાયક હોવાથી બને તો બાળવાર્તાની જેમ કિશોરકથાઓ તરીકે બીજા ભાગો નીકળી શકે. ' રામસિંહ ને રૂપસિંહ ' કે ' હજામડી ' ની વાર્તાઓ કાંઇક આ જાતની છે. ' મકનો ને રાક્ષસ ' માં અંગ્રેજી વાર્તા ઉપ-રથી ઉતારેલી અદ્‌ભુત વાર્તાના નમુના છે. કાંઇક શૂરાતન સાથે—માણસાઇ સાથે જોડાએલી અદ્‌-ભુત વાર્તા અમને ઠીક લાગે છે. તેની અદ્‌ભુ-તતા સામે કે તરંગીપણાની સામે અમારો બહુ વાંધો નથી. પણ કેટલીએકે વાર્તાઓ નિર્બળ કે આળસુ ને તરંગી હોય છે. દાખલા તરીકે એક કન્યા હોય; પરી આવીને તેને રાજમહેલ ને સુંદર બાગબગીચા બનાવી આપે છે; હીરા મોતીનાં ઘરેણાં આપે છે ને થોડીએક મુશ્કેલી પછી કોઇ અદ્‌ભુત રીતે સુંદર રાજપુત્ર સાથે પરણાવી દે છે; ખાય છે પીએ છે ને મોજ કરે છે. તે પ્રકારની વાર્તા અમને તંદુરસ્ત લાગતી નથી. જેનામાં કર્તૃત્વ ન હોય, હું કાંઇક કરીશ એવી ઉમેદ ન હોય, તેઓના પડ્યાં પડ્યાં કર-વાના આ તરંગો છે. એ વાર્તાઓ " તળાવકા ઘી બન જાવે, ઓર પત્તેકી રોટી બન જાવે, તો બંદા ઝમોળ ઝમોળકે ખાવે " એ નમુનાની શેખચલ્લી વાતો છે. તરંગ તરંગમાં પણ ફેર છે. કોઇ વૈજ્ઞાનિક તરંગો હોય છે: ' રબ્બુ ટોળી ' એ એ જાતના તરંગની એક તંદુરસ્ત વાર્તા છે. કોઇ કવિ તરંગ હોય છે. ' તમે બનો સાગર પ્રભુ હું બનું મચ્છીયાં રે ' એ આ પ્રકારનો તરંગ છે. કોઇ શેખચલ્લી તરંગ પણ હોય છે. સાહિત્યમાંથી આપણે શેખચલ્લી તરંગને સદંતર ધક્કો મારીએ. અવૈજ્ઞાનિક તરંગને ધક્કો મારીએ. કાવ્ય રહિત તરંગોને પણ ધક્કો મારીએ. કાવ્યમય હોય છતાં શેખ-ચલ્લી હોય-અવૈજ્ઞાનિક હોય તો પણ તેને ન જ રાખીએ. એવા તરંગી કે અદ્‌ભુત સાહિત્યને બાલસાહિત્યમાં સ્થાન છે—મર્યાદા પણ છે. તેમ જ આપણા સાહિત્યમાં પણ તરંગી સાહિત્યને અમુક જ સ્થાન હોય. ઓછી ચોપડીમાં બે-પાંચ એ જાતની હોય ને પંચોતેર બીજી હોય તો હરકત નહિ, પણ પંચોતેર તરંગી વાર્તાઓ ને પાંચ બીજી એવું પ્રમાણ આસ્તે આસ્તે

ન આવી જાય તેનું ધ્યાન રાખવું ઘટે."

આજે બાલસાહિત્ય શૈલીની વિવિધતાની દૃષ્ટિથી વાંચવામાં આવ્યું હતું. ઉપરાંત ભૂગોળ વિજ્ઞાન જેવા વિષયો પણ બાલસાહિત્યની સરસ શૈલી મારફત કેમ ઉતરે છે તે બતાવવાની પણ દૃષ્ટિ હતી.

'ગૂજરાત' ના પાઠે સૌને સારી રીતે બેંચ્યા હતા. એમાં ભૂગોળ તો હતી જ પણ એમાં માતૃપ્રેમ સિંચન હતું. દેશાભિમાનની ભરતી હતી. શૈલીની દૃષ્ટિએ 'બીરબલ મસલી' માંથી, શ્રી. નાનાભાઇના 'સૂતપુત્ર કર્ણ' માંથી, મોંઘીબેનના 'શકુન્તલા' માંથી, ગોવિંદભાઇના 'બચુ' માંથી વાચન થયું હતું. નહિ અનુકરણ કરી શકાય તેવી છતાં સાદી સરલ શૈલીનો નમુનો અવનિંદ્રનાથની કૃતિ 'શકુન્તલા' માં તાદૃશ હતો. વજુભાઇએ મેઘાણીની 'લોકવાર્તા' રસથી વાંચી સંભળાવી હતી.

બપોરનો કાર્યક્રમ ભરચક હતો. શ્રી. ચંદ્રશંકર ભટ્ટે પોતાના વ્યાખ્યાનમાં બાલસાહિત્યમાં સુંદર ચિત્રો અને નિષ્પક્ષપાતી વિવેચન સાહિત્યની આવશ્યકતા પર સારો ભાર મૂક્યો હતો. રા. વલ્લભદાસ અક્કડે બાલસાહિત્યમાં પ્રાંતિકતા કેમ દૂર થવી જોઇએ, તેના વિવેચનના સાહિત્યનું સર્જન, બાલસાહિત્યનાં આવશ્યક લક્ષણો, સંગ્રાહકોએ પસંદગીમાં રાખવી જોઇતી વિવેકબુદ્ધિ વગેરે વિષયો પર ઉડતી નજર ફેંકી હતી. તેમના કથનમાં ખૂબ જોસ હતું અને તેમની વાણીમાં સત્ય સાથે ધગશ હતી. શ્રી. માધવલાલભાઇએ બે શબ્દોથી અને શ્રી. મોહિનીચંદ્રે કાવ્ય સંભળાવી શ્રોતાઓને આરામ આપ્યો હતો.

ત્યાર પછી કેટલાએક વિષયો પર રસભરી અને છતાં બહુ શાન્તિ અને વિનોદયુક્ત ચર્ચા થઇ હતી. ચર્ચામાં મહત્ત્વની વાત સત્યશોધનની જીજ્ઞાસા અને સમભાવ હતો. ચર્ચા કરનારઓમાં ભાઇ યશવંત પંડ્યાએ આગળ પડતો ભાગ લીધો હતો. ઉપરાંત ચર્ચામાં શ્રી. ચંદ્રશંકર ભટ્ટ, શ્રી. વલ્લભદાસ અક્કડ, શ્રી. નૃસિંહપ્રસાદ ભટ્ટ, શ્રી. માધવલાલ, ઇંદુપ્રસાદ, વજુભાઇ દવે, ગિજુભાઇ વગેરેએ ભાગ લીધો હતો. ચર્ચામાં ચર્ચાએલા વિષયોમાં બાલસાહિત્યમાં અશ્લિલતા, ગ્રામ્યતા, પ્રાન્તીયતા અને લગ્નતત્ત્વ, પરીઓની સંકલના રહિતની વાતોની ઉપયુક્તતા, બાલનાટકોમાં પૌરાણિક અને ઐતિહાસિક નાટકોનું સ્થાન, પ્રકાશનમાં કમાણીનો હેતુ, વગેરે ચર્ચાના વિષયો હતા. આ ચર્ચાને વધારે અવકાશ મળ્યો હોત તો સારૂં થાત. વળી આવી ચર્ચા વધારે છૂટથી હરતાં ફરતાં મંડળોમાં ગોકવાઇને કરવામાં આવે તો વધારે સારી નીવડે ને લાભ આપે. બરેબરી રીતે આ કાર્ય પરત્વે 'મિલન' નો અર્થ બરાબર સાર્થ કરવો જોઇએ. આવતા સંમેલનમાં આપણે આ બાબતને મુખ્ય લેખીએ તો પણ બોટું નથી.

છેવટે પ્રમુખશ્રીએ સઘળી ચર્ચા ઉપર પોતાનું મંતવ્ય સંતોષકારકપણે આપ્યું હતું.

પ્રકાશક તરીકે શ્રી. ગોપાળરાવે જે કહ્યું તેનો સાર કંઇક આવો છે. એ ઉપર પણ ભવિષ્યમાં વિચાર થવાની જરૂર તો છે જ.

"હું બાલસાહિત્યના ફેલાવામાં માનું છું પ્રકાશકની દૃષ્ટિ પ્રકાશનને બપાવવાની હોય તેની સાથે જ તેના ફેલાવાની પણ હોવી જોઇએ. જે સાહિત્ય સસ્તું કરવામાં ન આવે તો ફેલાવો શક્ય નથી. ફેલાવવાનું કામ જેટલું અધૂરૂં

કરીએ તેટલી સેવા ઓછી સમજવી.

"પ્રકાશકોના છૂટા છૂટા પ્રયત્નોને લીધે ધન અને કામ કરવાની શક્તિ વેરાઇ જાય છે. પુસ્તકો વેચવાનું અને છાપવાનું કામ એક જ સહકારી મંડળ જેવી સંસ્થા ઉપાડે તો બાલ-સાહિત્ય બધી રીતે સારૂં થાય ને સારાં ચિત્રો, બીજાં વગેરે ગોઠવી શકાય. બધા પ્રકાશકોએ સહકાર કરવાની કોઈ યોજના વિચારવી ઘટે છે."

આવતે વર્ષે મિલન સુરતમાં મળે એવું સુરતના ભાઇઓની વતીનું આમંત્રણ મિલનને શ્રી. વલ્લભદાસ અક્કડ તરફથી આપવામાં આવ્યું હતું જે સૌએ આનંદથી વધાવી લીધું હતું.

સંમેલન મિલન હતું એટલે ઠરાવો કરવા-પણું હતું જ નહિ. પણ આ પ્રથમ મિલન એકંદરે સુંદર સહકારમાં પાર પડ્યું તે સૌ એકત્ર થનાર ભાઇબેનોને આભારી છે.

છેવટે પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં બે દિવસનું કામ સુંદર રીતે પાર પડ્યું તે માટે હર્ષ દર્શાવ્યો. બાલસાહિત્ય થોડું પણ સુંદર નીકળે તે ઉપર ભાર મૂક્યો. "બાલસાહિત્ય સર્જકો ગામડાંને કદિ ન ભૂલે. સાહિત્યપ્રવૃત્તિ કલ્પનાના ઉડ્ડયનમાંથી નહિ પણ બાળકોના સાક્ષાત્ પરિ-ચયમાંથી જન્મે. બાલસાહિત્યની શૈલી બાળ-ભાષામાં અને બાળદુનિયાને યથાર્થ રીતે મૂક-વાને માટે નવી ઘડાય. બાલસાહિત્ય જીવન જેટલું વિવિધ અને વ્યાપક થાય."

નવાં બહાર પડેલાં

બાલ રામાયણ ૦-૧૦-૦

૨૦૦ ઉપરાંત પૃષ્ઠો હોવા છતાં કિં. દસ આના પોસ્ટના બે આના વધારે. : લેખક : **લીલાવતીબેન**

રખડુ ટોળી ૦-૮-૦

પ્રવાસનું–જોખમો અને સાહસભર્યું વાર્તાનું પુસ્તક. પોસ્ટેજનો દોઢ આનો. લેખક : **ગિજુભાઇ**

ભયનો ભેદ (એકાંકી નાટક) ૦-૧-૬

શાળામાં ભજવી શકાય તેવું નાનું નાટક. પોસ્ટેજ સાથે ૦-૨-૦

લેખક : **હરભાઇ**

શ્રીદક્ષિણામૂર્તિ

ત્રૈમાસિકની સસ્તી યોજના

વરસ દહાડે પાંચસો પાનાંનું વાચન આપતા આ ત્રૈમાસિક માટે ઘણા શિક્ષકો તરફથી માગણી થતાં તેનું **ચાલુ લવાજમ રૂા. ચાર હતું તેને બદલે ૪૦ રૂા. થી નીચેના પગારવાળા શિક્ષકોને તે પોસ્ટ સાથે દોઢ રૂપીઆમાં** આપવાનું ઠરાવ્યું છે. આ યોજનાનો લાભ **હજુ ઘણા શિક્ષકો લઈ શકે.**

વ્યવસ્થાપક

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક: ભાવનગર

સ્વાતંત્ર્ય

જગતમાં માનવ જીવનને પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ કાંઇ પ્રિય હોય તો તે સ્વાતંત્ર્ય છે. જગતમાં જુદા જુદા પ્રદેશોમાં અંદર તેમ જ બહાર જે મહાન વિગ્રહો થયા છે તે મોટે ભાગે સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે જ થયા છે. જેવું સમૂહનું સ્વાતંત્ર્ય તેવું જ વ્યક્તિ માત્રનું. મનુષ્ય જાતિને દોરતા બીજા મહાન સિદ્ધાંતોની માફક સ્વાતંત્ર્યને પણ બરાબર સમજવાની તેમજ પચાવવાની જરૂર છે, નહિ તો તે મોટા અનર્થનું કારણ બને છે. જે મનુષ્ય કેવળ પોતાના જ સ્વાતંત્ર્યનો વિચાર કરે છે તે કદિ સાચા સ્વાતંત્ર્યને સમજી શકતો નથી. સાચો સ્વાતંત્ર્યવાદી પોતાના સ્વાતંત્ર્ય જેટલો જ બીજાઓના સ્વાતંત્ર્યનો વિચાર કરે છે, અને તેને અનુકૂળ પોતાનું વર્તન રાખે છે. દરેક મનુષ્ય સ્વતંત્ર છે એ ભાન તેને થતાં તે પોતાના સ્વાતંત્ર્યને નિયમિત કરવા પ્રેરાય છે. અને તે રીતે તે પોતે જ વ્યવહારમાં પોતાની જાત ઉપર અંકુશ મૂકે છે. સ્વાતંત્ર્યની આ થાપી છે. સ્વચ્છંદ અને સ્વાતંત્ર્ય, સ્વેચ્છાચાર અને સ્વાતંત્ર્ય વચ્ચે મોટો ભેદ છે. સ્વચ્છંદી માણસ પોતાની જ અનુકૂળતા જુએ છે; સ્વેચ્છાચારી માણસ પોતાની જાતને જ સંતોષવામાં કૃતિશ્રી માને છે. આનાથી નિરાળો સ્વાતંત્ર્યવાદી જગતના દરેકની સ્વતંત્રતાને જોતો, દરેકની મુક્તિમાં માનતો જાતનું સંપૂર્ણ રીતે નિયમન કરે છે. સાચો સ્વાતંત્ર્યનો પૂજારી બીજાના સ્વાતંત્ર્યનો ભંગ ન થાય માટે પોતાનું દરેક દરેક પગલું વિચારી વિચારીને મૂકે છે, અને એ રીતે પોતાની સ્વતંત્રતા સ્થાપિત કરે છે. જે માણસ આ નથી સમજી શકતો તેને સ્વાતંત્ર્યનો સાચો ખ્યાલ નથી.

બીજી બાજુ સ્વાતંત્ર્યનો ઉપાસક પોતાની જાતની પૂરી કસોટી કરે છે, તેના ઉંડાણમાં ખૂબ ઉતરે છે અને પોતાની અંદરની નિર્બળતાઓથી સ્વતંત્ર થવા પ્રયત્ન કરે છે. નિર્મળ બુદ્ધિ રાખી, નમ્ર બની પોતાના અંતરનાં પડેપડમાં તે ફરી વળે છે, અને ક્યાં ક્યાં નિર્બળતા ભરી છે તે શોધી કહાડે છે અને પોતાને શુદ્ધ કરવા કડક પ્રયત્ન કરે છે. આવા અખંડ સતત પ્રયત્નોથી તે પોતાની જાતને બરાબર ઓળખે છે. પોતાની અનેક ત્રુટીઓનું ભાન થતાં તે નમ્ર, નિયમી, સૌમ્ય અને સાત્વિક બને છે. આકરી કસોટીમાંથી તે અણીશુદ્ધ બહાર નીકળે છે. ત્યારે આમ બાહ્યાંતર શુદ્ધ બનેલો મનુષ્ય જ સાચો સ્વતંત્ર છે-સાચો મનુષ્ય છે.

આવો ઉચ્ચ મનુષ્યાત્મા જરૂર લાગે તો નિયમોને ફગાવી શકે છે કારણ કે તે પોતે શુદ્ધ નિયમોનું ઉદ્‌ભવસ્થાન છે. આવો સ્વતંત્ર મનુષ્ય જગતની સમક્ષ ઉભો રહી પોતાનો આદેશ આપી શકે છે અને તેમાં તે અવિચળ રીતે સ્થિર રહે છે. તેની વાણીમાં, તેના વર્તનમાં, તેના જીવનના પ્રત્યેક કાર્યમાં માનવ જીવનની સંપૂર્ણતા તરફ જવાના શુદ્ધ માર્ગો જણાય છે. તેનું જીવન સમગ્ર જગતના કલ્યાણાર્થે જ હોય છે. આવો શુદ્ધ આત્મા પરમ શ્રેષ્ઠ છે, પૂજ્ય છે, વંદનીય છે.

ભોગીલાલ ઠાકર.

રોજ રોજ વાંચશો ?

બાળકોને ન બીવરાવો

ભૂતબૂતથી ન બીવરાવો.
હાઉઆઉથી ન બીવરાવો.
સિંહ વાઘથી ન બીવરાવો.
દેડકા વીંછીથી ન બીવરાવો.
સિપાઇથી ન બીવરાવો.
માસ્તરથી ન બીવરાવો.
અંધારાથી ન બીવરાવો.
થોંટથપાટથી ન બીવરાવો.
બાપાઆથી ન બીવરાવો.
ભલા થઇને બાળકોને ન બીવરાવો.

બીવરાવવાથી શું થાય ?

બીકથી બાળક ડરપોક થાય.
બીકથી બાળક નામર્દ થાય.
બીકથી બાળક હિંમત ખૂએ.
બીકથી બાળક પાછું પડે.
બીકથી બાળક શક્તિ ખૂએ.
બીકથી બાળક હારી જાય.
બીકથી બાળક નાસી જાય.
બીકથી બાળક માલ ખૂએ.
બીકથી બાળક જાન ખૂએ.
બીકથી બાળક રાજ ખૂએ.
બીકથી બાળક ફરજ ભૂલે.
બીકથી બાળક ધરમ ખૂએ.
ભલા થઇને બાળકને ન બીવરાવો.
બીક લગાડી ન બીવરાવો.
પોતે બીને ન બીવરાવો.
વાતો કરીને ન બીવરાવો.
ન બીવરાવો ન બીવરાવો,
બાળકને ભાઇ, ન બીવરાવો.

બાળકને ન મારીએ

બાળકો તો નાનાં છે. આપણાથી બળવાન નથી. આપણી સામે થઈ શકે એમ નથી. મારશું તો રડીને બેસી રહેશે. ડૂસકાં ભરતું સૂઈ જશે. ભૂખ્યું તરસ્યું સૂઇ જશે.

બાળકોને મારતાં શરમાઇએ

નબળાંને મારવામાં શી વડાઇ ?
અશક્તને મારવામાં શી બહાદુરી ?
પરાધીનને મારવામાં શી હુશિયારી ?
પૂરું બોલીને સમજાવી પણ ન શકે તેને
મારવામાં શી શેખાઇ ?

મારવાથી કશું નહિ વળે

મારવાથી અક્કલ નથી આવતી.
મારવાથી સમજણ નથી ઉગતી.
મારવાથી યાદ નથી રહેતું.
મારવાથી કુટેવ નથી ભૂલાતી.
મારવાથી ડહાપણ નથી આવતું.

પણ

મારવાથી બાળક માંદું પડે.
મારવાથી બાળક મારખાઉ થાય.
મારખાઉ બાળક મારકણું થાય.
મારખાઉ બાળક બૂઠું થાય.
મારખાઉ બાળક બીકણ થાય.
મારખાઉ બાળક જૂઠું બોલે.
મારખાઉ બાળક ગુંડ બને.

રોજની તપાસ
દસ જ મિનિટમાં

આપણે શાળામાં અને ઘરમાં નીચે પ્રમાણેની રોજ તપાસ દાખલ કરી શકીએ ?

બાળકોને અમુક વખતે ભેગાં કરી હારબંધ ઉભાં રાખવાં; પછી તેમની તપાસ શરૂ કરવી.

"આંખો બતાવો." બાળકો આંખો બતાવે.

"દાંત બતાવો." બાળકો દાંત બતાવે.

એવી રીતે વાળની, નાકની, કાનની, જીભની ચામડીની, પગની, કોણીની, એમ આખા શરીરની ને લાર બાદ કપડાંલત્તાંની તપાસ લેવી. ટોપી, પેરણ, કુડતું, ગંજીફરાક, કોટ, વગેરે તપાસવાં. જોડાની તપાસ પણ લેવી.

તપાસ કરતી વખતે જ્યાં જ્યાં બાળકનું ધ્યાન ખેંચવાનું હોય ત્યાં ત્યાં જુદી જુદી રીતે ખેંચવું. જેમ કે મ્હોં કાચમાં દેખાડીને, વધેલા નખ આંખ આગળ ધરીને, મેલાં કપડાં બીજાં સારાં કપડાં સાથે સરખાવીને બાળકની સામે આદર્શ રજુ કરવો. તેને પહોંચવા સ્વચ્છતા વગેરે કેમ રખાય તે બતાવવું. દાખલા તરીકે નખ કાપવા કાતરનો, વાળ ઓળવા દાંતીયાનો, જોડા સાફ કરવા લૂગડાં કે બ્રશનો ઉપયોગ બતાવવો.

બાળકને અપૂર્ણતા માટે વઢવું ખીજવું નહિ. એક બીજાં સાથે સરખાવી નિંદા કરવી નહિ. વખાણ પણ કરવાં નહિ. રોજ આવી તપાસ દાખલ કરવાથી સ્વચ્છતા ખૂબ જળવાશે તપાસ કરતી વખતે જ્યાં જ્યાં બાળકનું માત્ર દસ જ મિનિટનું કામ છે. ગિ.

કોગળા

"મારા દાદા જમીને કોગળા કરતા જ કરતા. મારા બાપાને તો એવી ટેવ કે કંઈક ખાય કે પછી કોગળા કરે જ કરે. અમે જમીને ઉઠીએ કે દાદા કહે: 'અલ્યાઓ, કોગળા કરજો કોગળા કરજો.' બાપા તો એમ જ કહેતા કે 'કોગળા, કોગળા, કોગળા.' મને તો નાનપણથી કોગળા કરવાની ટેવ પડી તે પડી. મોઢામાં કંઈક ગયું ને ચવાયું કે કોગળો. દૂધ કે રાબ કે કાપી કે કાવો કંઈક પીધું કે કોગળો. ધાણા કે સોપારી કે પાન કે કંઈ મુખવાસ ખાધો કે કોગળો. દાડમ કે કેળું કે શકરીયું ખાઈને પણ કોગળો. મોઢાને એવી ટેવ પડી ગએલી કે ખાધા કે પીધા પછી કોગળો ન થાય તો જીભને, તાળવાને, ગલોફાને અને દાંતને કોઈને ચેન જ ન પડે. કોગળા કરું ત્યારે હાશ થાય. ત્યારે મ્હોંમાંથી ઝીણો ઝીણો કચરો નીકળી જાય, ત્યારે મ્હોં હળવું થાય ને આનંદ લાગે. પચાસ વર્ષથી કોગળા કરતો જ આવ્યો છું. જુઓ મારા દાંત સામે. એક પણ ગયો નથી. એક પણ બગડયો નથી. આ બધું કોગળાને પ્રતાપે."

શંકરલાલ કોગળાની વાત કરીને ગયા ત્યાં દાક્તર જટાશંકર આવ્યા. અમે કોગળાની જ વાતો કરતા હતા. એમાં એ પણ ભળ્યા. જટાશંકર દાક્તર દાંતના ખાસ વૈદ્ય હતા. અંગ્રેજી વૈદું તે બરાબર શીખેલા હતા. દાંતના કામમાં તે હુશિયાર ગણાતા હતા. તેમણે કહ્યું: "કોગળા કંઈ પણ મોઢામાં નાખી આવ્યા કે ખાધા

પછી કરવા જ જોઇએ. કોગળા મ્હોં બખડાવીને કરવા કે જેથી બે દાંતની તડ વચ્ચે જે કાંઇ ભરાઇ રહ્યું હોય કે આજુબાજુ ચોંટી રહ્યું હોય તે ધોવાઇને નીકળી જાય. જે કોગળા નથી કરતા તો કચરો ભરાઈ રહે છે ને તે ધીમે ધીમે સડવા લાગે છે. સડો ઘણી વાર દાંતના ઉંડાણ સુધી પહોંચી દાંતને સડાવે છે."

શાંતિલાલ અને ડૉ. જટાશંકરનું કહેવું બરાબર છે. જે બરાબર નથી તે આપણી બેદરકારી છે. આપણે આજે જેટલી મોટી ઉતાવળમાં, જેટલી ઉપાધિ અને ખટપટમાં, જેટલી બધી દોડધામમાં પડ્યા છીએ કે આપણને કોગળા કરવા જેટલીયે જાણે કે નવરાશ ન હોય. કોગળા કરવા કોણ બેસે? એવો વખત કોણ કાઢે? એ બીનજરૂરી વાત ઉપર કોણ ધ્યાન આપે? એવું નવરા જૂના જમાનાનાં લોકો કરતા હતા તો ભલે. લોકોના મોટા ભાગને કોગળા ન કરવાથી થતા નુકશાનની ખબર પણ નથી. નાનપણથી ટેવ નથી પડી તેથી તે પાડવી આકરી પણ પડે છે. જાણવા છતાં વારંવાર તે તરફ અનાદર થઇ આવે છે. આથી પણ આપણે દાંતના જાતજાતના રોગોમાં સપડાઇએ છીએ.

હવે વાત એમ છે કે આપણું તો જે થયું તે થયું. પણ આપણે નવી પેઢીને તો બચાવીએ. તેના દાંત મજબૂત રહે તેનો માર્ગ તો બતાવીએ. કોગળા કરવા એમાં મોટી આવડતની જરૂર નથી. એમાં બાળકોને વિદ્યા શીખવવાની પણ જરૂર નથી. માત્ર આપણે જે કરવાનું છે તે એ કે ઘરમાં સૌએ કોગળા કરવાનો રિવાજ દાખલ કરી દેવાનો છે. જમી ઉઠયાં કે આપણે મોટાંઓ કોગળા કરવા બેઠાં જ છીએ. કાંઇક બાંધું કે આપણે કોગળા કર્યાં જ છે. ચ્હા પીને પણ સ્વચ્છ પાણીએ મ્હોં ધોયું જ છે. આપણને આમ કરતાં આપણાં બાળકો જોશે એટલે તે તેમાં ટેવાશે. તેમને કહીશું કે તમે પણ કોગળા કરો; આવી રીતે કરો, બે ચાર પાંચ ગમે તેટલા કરો તો તેઓ હોંશે હોંશે તે કરશે. કોગળા કરતી વખતે આપણે તેને મ્હોંમાંથી પાણી બહાર કાઢી બતાવી શકીએ કે મ્હોં ધોવાઈને કેટલો કચરો નીકળ્યો ને કેટલો કચરો કોગળા ન કર્યા હોત તો અંદર રહેત અને સડત. કોગળા કરતી વખતે મ્હોં ને દાંત ઘસી ઘસીને કેમ ધોવા તે પણ બતાવી દઇ શકાય. કોગળા ન કરવાની જેવી બુરી ટેવ છે તેવી જ કોગળા કરવાની પણ ટેવ છે. તે એક વાર પડ્યા પછી જતી નથી. દરેક ઘરમાં કોગળા કરવાનું ચાલુ થઇ જાય તો મ્હોંની શુદ્ધિ રહે, મ્હોં વાસ ન મારે, દાંત સ્વચ્છ રહે અને રોગ થતા અટકે. શાળામાં પણ જ્યાં જ્યાં નાસ્તો અપાતો હોય ત્યાં ત્યાં કોગળા કરવાનું દાખલ થઈ જાય. જેમ પાણી પીવાને વાસણ ગોળો વગેરે છે જ તેમ કોગળા કરવા માટેનું જુદું સ્થળ ને પાણી વાસણ વગેરે ઘરમાં તથા શાળામાં જોઇએ જ. ને આપણે આવી દેખીતી નાની નાની બાબતો ઉપર ધ્યાન આપીશું અને તે પણ બાળકોથી જ માંડીને, તો આપણું એકંદરનું આરોગ્યબળ સારી પેઠે વધશે.

ગિ.

બાલમંદિરના બાળકનો એક અનુભવ

અગિયાર વાગ્યા. બાલમંદિરની ગાડી ઘરર ઘરર કરતી આવી. "વસુબેન વસુબેન; ચાલો."

વસુબેન ગાડીએ જવા માટે દોડ્યાં.

રસોડામાંથી બા બોલ્યાં: "વસુ, આજે બાલમંદિર ના જતી."

વસુબેનના વાળ ઓળેલા ન હતા. કપડાં બદલવાનાં હતાં. ધોએલો રૂમાલ બાએ કાઢી આપવાનો હતો.

વસુ કહે: "કેમ?"

બા કહે: "કંઈ નહિ; કાલે જજે."

વસુ કહે: "પણ બા, અમે અહીં રહી કરીએ શું?"

બા કહે: "રમજે."

વસુ કહે: "શું રમીએ?"

બા કહે: "કંઈ નહિ; શાન્તાબેનને ત્યાં રમજે. કમળાબેનને ઘેર જજે; જ્યાં જવું હોય ત્યાં જજે."

વસુ કહે: "ના, પણ અમે ત્યાં કરીએ શું?"

બા કહે: "કરે શું? કંઈક કરીએ; રમીએ."

વસુ કહે: "પણ અમે અહીં શું કરીએ? અહીં તો કંઈ નથી. બાલમંદિરમાં જવા દે. ત્યાં સંગીત થશે, માટીનાં રમકડાં કરીશ, ચિત્ર કાઢીશ, ફરીશ, હાથ ધોઈશ, સસલાં જોઈશ ને તેનાં બચ્ચાંને રમાડીશ. અહીં અમે શું કરીએ?"

વસુની બા મનમાં કંઈક સમજણ પડી. હાથમાંનું વેલણ મૂકી દીધું; વસુને તૈયાર કરી. વાળ ઓળી દીધા; ધોએલાં કપડાં પહેરવા આપ્યાં; રૂમાલ કાઢી આપ્યો.

ગાડીમાં બેસી વસુ બાલમંદિર ગઈ.

વસુની બા મનમાં ને મનમાં બોલી: "એવું છે ત્યારે! છોકરીને ઘરના કરતાં બાલમંદિરમાં રહેવું ગમે. પણ ગમે જ ના!"

વજુભાઈ દવે.

તમે પોતે શું કરો?

'શિક્ષણપત્રિકા'ના ભાદ્રપદના અંકમાં નીચેના બે પ્રશ્નો આવ્યા હતા. તેના જવાબો કેટલાકે ઉત્સાહી ભાઈબહેનોએ આપી અમને આભારી કર્યા છે. તેમાંના થોડાકે જવાબો ઉપયોગની દૃષ્ટિથી અહીં આપીએ છીએ.

પ્રશ્ન પહેલો

ત્રણ વર્ષનું બાળક છે. દવા પીવાની જરૂર છે પણ ગમે તેટલું સમજાવીએ છીએ છતાં પીતું નથી; ને દવાનું નામ પડતાં હાથ પગ પછાડે છે ને રડે છે. એને મારની બીક લગાડીને અગર મારીને દવા પાવી નથી તો શું કરશો?

જવાબ ૧ લો વિજ્ઞાનની શોધો આગળ વધતી જાય છે. બાળક શા માટે દવા પીતું નથી તેનું કારણ તપાસવું જોઈએ. નીચેનાં કારણો હોઈ શકાય.

૧. કડવી લાગવાના અનુભવથી.

૨. કોઈ કડવો અનુભવ થવાથી.

ઉપાય. વિજ્ઞાને દવાઓમાં પણ બહુ જ શોધો કરી છે. લાગણીને અસર કર્યા સિવાય બાળકોને કેમ દવા આપવી તેના અખતરા પાશ્ચાત્ય દેશોમાં થયા છે. ફળ રૂપે હોમીઓપેથી, સ્વાદ વગરનું ક્વીનાઇન કે સુગર કોટેડ ક્વીનાઇન થયાં છે. આવી વસ્તુઓને સ્વાદિષ્ટ દૂધ સાથે ભેળવી બાળ-

ને ગમે તે રીતે આપી શકાય.

દવાની કડવાશ ઓછી કર્યે જ છૂટકો છે. જરાય ન ગમે. બાળકને દવા પાવી જ ન પડે એવું થાય એ સૌથી ઉત્તમ. છતાં એ સ્થિતિ હાલ નથી. મારા ઘરમાં અને મારા મિત્રોના ઘરમાં મને જુદા જુદા અનુભવો થયા છે. મારા ઘરમાં બાળકો રાજીખુશીથી દવા પી જાય છે સુદર્શન અને કવીનાઇન જેવી દવા પીને પાણી પીવાની દરકાર પણ રાખતાં નથી. છતાં કેટલીક વખતે દવા પીવાની આનાકાની કરે છે. બીજી જગ્યાઓએ બાળકોને દવા માટે પત્રિકામાં જણાવ્યા પ્રમાણે વર્તતાં મેં જોયાં છે. આ તફાવત શાથી? એમ શોધવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે તે નીચે રજુ કરું છું.

બાળકો દવા પીતાં રડે છે તેનાં કેટલાંક કારણો નીચે પ્રમાણે જણાય છે:—

(૧) દવા કડવી છે; કુદરતી વસ્તુ નથી અને જીભને તેનો સ્વાદ તથા નાકને તેની ગંધ રૂચિકર નથી હોતાં.

(૨) બાળકોના માતા કે પિતા અથવા બન્ને પોતાને દવા પીવાની હોય છે ત્યારે ખૂબ યા થોડો અણગમો કે કંટાળો બતાવતાં હોય છે. તેમનું જોઇ બાળકની ટેવ બંધાય છે.

(૩) બાળકની આસપાસ એવી વાતો થતી હોય છે કે 'બળી દવા!' 'ભાઇશાબ! દવા પીવી તો બહુ જ ખરાબ.' વગેરે. આ વાતાવરણમાંથી બાળક શીખે છે.

(૪) બાળકને દવા પાવાની હોય છે અને બાળક ના કહે છે એટલે માબાપ નારાજ થઇ જઇ બાળકને પટાવે છે, ફોસલાવે છે, લાલચ આપે છે, ધમકાવે છે, ગાળો દે છે કે મારે છે. એક બાજુ પોતે દૃઢ થઇ શકતાં નથી અને બીજી બાજુ વેવલાઇ તથા અસ્થિર મન બતાવી બાળક પાસે પોતાનું પોચું મન બતાવી દે છે. બાળકના અંતરમાં આ વસ્તુ સમજાઇ જાય છે અને તેમના બોલમાં કે વર્તનમાં બાળકને વિશ્વાસ હોતો નથી. વળી માબાપ જીદ લે છે અને બાળક સામે જીદ લે છે.

(૫) બચપણમાંથી જ બાળકના હાથપગ ઝાલી રાખી દવા પાવાની ઘણીં માતાઓને ટેવ હોય છે. આ ટેવ બાળક મોટું થતાં આમ ફાલે છે.

(૬) માબાપ દવા પાતી વખતે જહાંગીરી કરે છે પરંતુ બાળકને રોગ અને દવા પીવાનું કારણ સમજાવતાં નથી.

(૭) દવા પાતી વખતે માબાપ ખૂબ ઉતાવળાં અને અસ્થિર મનનાં થઈ જાય છે. તેઓ બાળકને દવા પીવાનું કહે છે. બાળક પણ મનુષ્ય છે. તેને ન ઇચ્છતી વસ્તુ કરવા માટે—પોતાના મન ઉપર કાબુ લાવવો પડે એ સ્વાભાવિક છે અને તેમ કરવામાં સમય જાય છે. દવા પાનાર તે સહન કરી શકતાં નથી, ધીરજ રાખી શકતાં નથી, દૃઢતા બતાવી શકતાં નથી અને પરિણામે બાળક એવું થાય છે કે ચાર જણ પકડે ત્યારે મહા મુશીબતે દવા પાઇ શકાય અને તે પણ ભાગ્યે જ પેટમાં જાય. અરધે રસ્તે જતાં ઉછાળો મારે અને દવા બહાર જાય તથા બધું ખરાબ ખરાબ થઇ જાય.

આ વસ્તુસ્થિતિ દૂર કરવા શું કરી શકાય તે નીચે આપું છું:—

(૧) બાળકોનાં દરદો મટાડવા સારૂ જેવી વ્યવસ્થા થાય, જેવું સાહિત્ય બહાર પડે કે જેથી કુદરતી અને સહેલા ઉપાયોથી જ બાળકોનાં દરદો મટે. તેમનામાં જીવનશક્તિ ઉભરાતી હોય છે એટલે સૂર્યસ્નાન, ફળના રસ વગેરેથી કેટલાંય દરદો દૂર કરી શકાય.

(૨) છતાં હાલમાં એવી સ્થિતિ છે કે દવાઓ વાપર્યા વિના ચાલે તેમ લાગતું નથી. તે સંબધી પણ એક વસ્તુસૂચન કરવું ઇષ્ટ લાગે

છે. બનતાં સુધી બાળકોની દવાઓ સ્વાદ અને ગંધ વિનાની હોવી જોઇએ. હોમીયોપથી અને બાયોકેમીક્લના જેવી.

(૩) ચાલુ દવાઓ પીવાની બાબતમાં પ્રસંગ આવે ત્યારે વડીલોએ દવા પીવામાં કંટાળો બતાવવો ન જોઇએ. શાંતિથી તેમણે દવા પીધી હશે તો જરૂર તેની અસર નાનાં બાળકો પર થશે જ. તેઓ સમજશે કે માંદાં પડીએ ત્યારે દવા પીવાની જરૂર છે જ.

(૪) દવા પાવાની હોય ત્યારે શાંતિથી બાળકને દવા પીતા કહેવું. તેનું કારણ કહી બતાવવું અને પછી દૃઢતાથી કહ્યા જ કરવાનું કે 'દવા પી જાઓ.' દવા પાનારમાં જેટલી સાચી શાંતિ, દૃઢતા અને ધૈર્ય હશે તેના પ્રમાણમાં અસર થશે. મારા એક મિત્રનાં પત્નીને આ રીતે કડવામાં કડવી દવા પોતાના બાળકને પાતાં મેં જોયાં છે. મંજીષ્ઠાદિ ક્વાથ જેવી કડવી દવા એ બાળક રકાબીમાં રેડી હાથમાં લઇ પી જતું.

આપણે દૃઢતાથી 'સૂચના' suggession કરીએ તો તેની અસર થાય છે જ. બાળક તેને પાળે છે. કેટલીક જગ્યાએ બાળકને પાણી ચઢાવીને દવા પાય છે જેમ કે "એ તો બહુ ડાહ્યો છે. હમણાં પી જવાનો. હું આંબો મીક્સીશ એટલામાં પી જવાનો–તમે બધા ગાંડા છો." આ રીતથી બાળક દવા પીએ તો છે પરંતુ હરવખતે તેવું નાટક ભજવવું પડે છે અને એનું નૈતિક પરિણામ ઘણું ખરાબ છે માટે એ રીત ત્યાજ્ય છે.

પ્રશ્ન બીજો

ચાર વર્ષની બાળા છે. જ્યારે માથે નહાવાનો વખત આવે છે ત્યારે ભારે કજીયો કરે છે. સમજાવી સમજતી નથી. બૂમો પડશે એ બીકને ગાંઠતી નથી. મારી પણ જોઇ છે પણ મારથી તે વધારે હઠીલી થઇ છે. ચાર જણાં પકડી રાખે છે ત્યારે માથું ધોવા દે છે. આ સ્થિતિમાં શું કરવું?

જવાબ ૨ લો. (૧) માથે નહવડાવતી વખતે માથામાં નાખવામાં આવતી ચીજો જેવી કે સાબુ, સોડા, ચીકાશડી, માટી વગેરેના રેલા માથા ઉપર થઇ આંખોમાં અને મ્હોંમાં જાય છે. બાળકને તે ગમતું નથી અને આંખમાં જવાથી આંખો બળે છે

(૨) માથે રેડવામાં આવતું પાણી બાળક સહન કરી શકે તેના કરતાં વધારે ગરમ હોય છે

(૩) માથું ચોળતી વખતે વાળને એવા ભાર દઇને ઘસવામાં આવે છે કે જેથી બાળકનું માથું દુખી જાય છે. માતા ઈરાદાપૂર્વક આમ કરતી નથી પરંતુ પોતાને માટે જે જોર વાપરતી હોય છે તેટલું જ જોર બાળક ઉપર વાપરવા જાય છે.

(૪) ચોળવાનો પદાર્થ અને પાણીના રેલા ચારેગમ નીતરતા હોવાથી બાળક ગુંગળાઇ જવા જેવું થઇ જાય છે.

(૫) બાળકને જાતે નહાવાનો શોખ–વૃત્તિ હોય છે. તેની એ સ્વયંસ્ફુરિત ક્રિયાને માતા અવકાશ આપતી નથી. 'તને ન આવડે' કહી દબાવી દે છે અને પ્રતિક્રિયા રૂપે બાળક જીદ કરતું જણાય છે.

(૬) એક વખત આવા કોઇ કારણથી આ કામ તરફ બાળકને અણગમો પેદા થયો એટલે ધીમે ધીમે તેની ટેવ પડે છે, અને એ ટેવ વિકસે છે.

નીચેના ઉપાયોથી આ સ્થિતિ દૂર કરી શકાય છે એમ મારું માનવું છે. મને તેનો થોડો ઘણો અનુભવ મારા ઘરમાં મળેલો છે:—

(૧) બાળક સહન કરી શકે તેટલું જ ગરમ પાણી વાપરવું.

(૨) માથામાં નાખવાનો પદાર્થ નાખી, માથામાં સહેજ પાણી રેડી, હળવે હાથે ચોળી આપવું. જ્યાંતરા રેલા મ્હોં ઉપર આવ્યા હોય તે સાફ કરી નાખવા; પછી બાળક પાસે માથું જરા પાછળ નમાવી, વધુ પાણી રેડી, હળવે હાથે

ચોળવું અને માથું સાફ કરી નાખવું. બાળકને થાક લાગે તો માતાએ પોતાનો એક પગ ઘુંટણમાંથી વાળી તેના ઉપર બાળકનું માથું ટેકવવું. પછીથી ચોળી ખંખાળીને સાફ કરવું. આમ કરતી વખતે કાનમાં રૂનાં પુમડાં ઘાલવા ભૂલવું નહિ. આમ મ થું સાફ કરી પછી આખા ડિલે બાળકને નહવડાવવું.

(૩) બાળકને પોતાની ઇચ્છા થાય તો તે કરી શકે તેટલું તેને કરવા દઇ પછી બીજું આપણે કરી આપવું. તે કરતું હોય તેમાં ખામી હોય તો તે પણ સુધારી કામ સુઘડ રીતે કરતું બાળકને કરવું.

(૪) નાનું બાળક હમેશાં આનંદથી નહાતું જોવામાં આવે છે. બાળકની આ સુટેવને ત્રિકસવા દેવી. શરૂઆતથી જ એવી રીતે કામ લેવું કે બાળકને આ કાર્ય તરફ અણગમો ઉત્પન્ન ન થાય.

(૫) માતાપિતાએ પોતાના વર્તનથી પણ આદર્શ રજુ કરવો. તેમને ગદું માથું રાખવું ગમતું હોય, તેઓ અનિયમિત રીતે માથું સ્વચ્છ કરતાં હોય, બાળકને નહવડાવવામાં નિયમિતપણું રાખવાને બદલે જ્યારે પોતાની મરજીમાં આવે ત્યારે નહાવા બોલાવતાં હોય તો આ કાર્ય તરફ અણગમો ઉત્પન્ન કરવાનું કામ માતાપિતા પોતે જ કરી રહ્યાં હોય છે. માટે આ જાતનું વર્તન હોય તો સુધારવું.

(૬) છેવટમાં આ સ્થિતિ લાંબા વાળને લઇને ઉત્પન્ન થાય છે એટલે કાં તો ઉપર બતાવ્યા પ્રમાણે માતાપિતાએ વ્યવસ્થિત રીતે, સમજીને, શાંતિ અને ધીરજથી કામ લેવું જોઇએ અથવા તો વાળ કાપી નખાવવા જોઇએ જેથી બાળકને માથે નહાવાનું હોય છે ત્યારે તેમના અંતરમાં તેમને જે ત્રાસકો પડતો હોય છે તે દૂર થાય અને આનંદથી નહાય.

જવાબ ૨ જો માથે ન નહાવા પાછળ બાળકનાં નીચેનાં કારણો હોય છે:—

(૧) સાબુ આંખમાં જવાથી દર્દ થાય છે.

(૨) ખૂબ મ થું ઘસવાથી માથું દુખવા આવે છે.

(૩) શરીર આખું લથડે છે.

(૪) સાબુ મે ઢામાં જતાં ખરાબ સ્વાદ આપે છે.

આટલાં કારણો તપાસી આમાંની કોઇ પણ હાલત કે દુ:ખ બાળકને ન થાય તે જોવું.

બાળકને ખાટલા પર સુવાડી કપાળથી આખા મે ઢા પર કાંઈક કપડું બાંધી, વાળ અને માથું બહાર રાખી, નીચે ટબ ગોઠવી સ્વચ્છ સુંદર સુગંધી વસ્તુઓથી બાળકનું માથું બહુ જ નરમાશ અને કોમળતાથી સાફ કરવાથી બાળકને મજા અને આનંદ પડશે, અને ફરી તેમ કરવાનું તેને જ યોગ્ય રીતે બતાવીશું તો પોતે જ સ્વચ્છ કરશે અને મજાદ લેશે. આંખમાં સાબુ ન જાય તેવી યોજના કરવી જ જોઇએ. બાળક માથું સ્વચ્છ કરવાની ક્રિયા જાતે કરે ત્યારે તેની અપૂર્ણતાઓ પર કશી ટીકા કર્યા સિવાય તે ધરાય ત્યાં સુધી તેમ કરવા દઇ ઉપરની રીતે પછીથી સાફ કરી આપવું.

જવાબ ૩ જો. મારી અનસુયા ૩ વર્ષની છે. તેને પણ માથું ચોળાવીને નહાવાનું બહુ દુ:ખ હતું. અમે તે ધીમે ધીમે દૂર કર્યું.

બાળકોને પાણી આંખમાં જાય છે, તેથી બહુ ગભરામણ થાય છે. આમ હોવાથી જો બાળકને બોળા ઉપર ચત્તું સુવાડીને મ થું ચોળવામાં આવે તો આંખમાં પાણી આવતું નથી અને તોફાન કરવાનું ચૂકી જાય છે.

પહેલાં તેને સુવાડ્યા પછી માત્ર ચોટલાના છેડાને જ ધીમે ધીમે ધોવો, પછી તાળવાનો અને કાનની બાજુનો ભાગ લેવો. વાળ બહુ ખેંચાય

નહિ તેની સંભાળ રાખવી. પછી એની મેળે તેને આનંદ પડશે. આંખમાં પાણી નથી જતાં એટલું બાળકને લાગે કે પછી રડશે પણ નહિ. શરૂઆતમાં આગળની ટેવને લીધે રડશે, પણ જ્યારે તેની ખાતરી થશે કે દુઃખ થતું નથી ત્યારે જરૂર વાતે વળગશે.

કેટલીક વખત નાનપણથી જ બાળકને માથું પલાળીને નહાવા દેવામાં આવતાં નથી, તેથી પણ એમ થાય છે. છોકરીઓ બેસતાં શીખે ત્યારથી તેને બેસાડીને માથે પાણી રેડીને નવરાવવી જોઇએ. એટલે મોટપણે માથું ધોતાં રડશે નહિ.

બાળકોને હાથે નાહવાની ટેવ પાડવી. મા અગર બાપ પહેલાં શરીર ચોળી લે, પછી બાળકને થોડું વધારાનું પાણી નહાવા આપવું. આ થી ઉપરના જેવી મુશ્કેલી આવશે નહિ અને હોંશે હોંશે બાળકો નહાશે ધોશે.

ગામડામાં શિક્ષણ

(થોડાએક સાચા કિસ્સા)

[અમારા એક જાણીતા ઉત્સાહી શિક્ષક ગામડામાં જઇ ગ્રામશિક્ષકનું કામ કરી રહ્યા છે. તેમણે એક શાળા સ્થાપી છે. ગામનાં નાનાં મોટાં બધાં છોકરાંને તે લે છે. સવારથી સાંજ સુધી શિક્ષણની પ્રવૃત્તિ ચલવે છે. શિક્ષણ પાછળ નથી દૃષ્ટિ છે, રાષ્ટ્રીય ભાવના છે, શિક્ષક તરીકેની નિર્મળ વૃત્તિ છે. તેમને જે થોડાએક અનુભવો થયા છે તે અહીં આપેલા છે તંત્રીઓ.]

(૧)

છોકરોઃ " બા બાવા દે. "

બાઃ " જા, ઓલ્યા ગંરમામાં ટાઢો રોટલો પડ્યો છે તે ખા. "

છોકરોઃ " ટાઢું મારે નથી ખાવું. "

બાઃ " મારો પીટ્યો બાગલો થતો જાય છે ! નિશાળે જવા માંડ્યો ત્યારથી વાટ જ ઉડી ગઇ છે. કાલથી નિશાળે જવા દઉં તો મને મારા જ સમ છે. મારા મામાનો છોકરો તારા જેવડો જ છે પણ બીશ ઢોર ચારે છે ને કપાસ વીણી લાવે છે, પીટ્યા નમાલા ! "

[બાળક જ્ઞાતે રજપૂત છેઃ ઉમ્મર વર્ષ ૯]

(૨)

નિશાળમાં શ્રુતલેખન લખાવાતું હતું. એક છોકરાને તેનો નાનો ભાઇ તેડવા આવ્યો. " ભાઇ હાલ્યને, વાડીએ જવું છે. " જવાબ મળ્યોઃ " હમણાં આ લખીને આવું છું. "

" ના હમણાં જ હાલ્ય. "

" ઘડીક થમ. "

આમ કીધું ત્યાં તો નાનોભાઇ મોટાભાઇને ધબ ધબ મારવા લાગ્યો ને બોલ્યોઃ " તારે કાંઇ કરવું નહિ ને અમારે જ બધું કરવું ? "

બાપા કહેઃ " સાંળકડીનો પાધરો દફતર લઇને ઘોડે સે તે. "

(૩)

આદર્શ વાચન વંચાયા પછી પા કલાકની રજા પડી. છોકરા ફળીયામાં સીડીએ કસરત કરતા હતા. રસ્તેથી દીવાળીબા નીકળ્યાં. રસ્તેથી જ રાડ પાડીઃ " એ પગીના છોકરા, હેઠો ઉતર્ય, હેઠો. " છોકરો નીચે ન ઉતર્યો. દીવાળીબા અંદર આવ્યાં ને છોકરાને ધમકાવવા લાગ્યાં. મારી સામે જોઇને બોલ્યાંઃ " આ લાકડાં

આંધ્યાં છે ને ઉપર છોકરાં ચડે છે તે કો'ક મરી જશે, મરી."

(૪)

નિશાળની બહાર નિશાળીઆ રમતા હતા. બે જણા ત્યાંથી નીકળ્યા. "જોને આ આજનું ભણતર!" એક જણે કહ્યું.

બીજાએ ટાપશી પૂરી: "એમાં બીજું શું હોય?"

પહેલો: "અમે તો માસ્તરનું નામ સાંભળતા ત્યાં હેબતાઇ જતા. આ આમ તે ભણાતાં હશે? આ તો માસ્તર ઉભો છે ને છોકરા હી હી કરીને દાંત કાઢે છે ને કૂદે છે!"

બીજો કહે: "ભાઇ, ઇ વાતું ગઈ. માસ્તરની હાજરીમાં ચૂં કે ચાં થાય જ નહિ તે. મારી નાખે મારી! એક વાર મારા બિસ્સામાંથી બોર નીકળી તે માસ્તરે જો આ કાંણી ભાંગી નાખી હતી. આ જો હજી ચાલું છે."

(૫)

નિશાળે રજા હતી. બાજરનો દીકરો ઘેર રમતો હતો. તેનો બાપ કહે: "એલા નિશાળ ન હોય તો ભેંશ ચારવા જા."

છોકરો: "માસ્તર હરે નાવા જવું છે."

બાજર: "નાવા નથી જાવું. જો તરવા શીખનારીનો થઇ ગયો છે તે! કો'ક દિ'નો ડૂબી મરીશ. આ છોકરાનાં તો દુઃખ થયાં. ઘડીક વંડીએ ચડે ને ઘડીક લીંમડે ચડે. કો'ક દિ'નો હાથ પગ ભાંગશે. એલા લાલીયા, માસ્તરને કે'જે કે આને ટીંગાટોળી કરીને લઇ જાય ને ત્યાં બાંધી મૂકે. બાવાયે આવવા ન દે ને કયાંઇ ચડવા પણ ન દે."

(૬)

એક રજપૂત બાઇના છોકરાનો પગ વાયે રહી ગયો. રજપૂતાણી કાઠીયાણી સાથે વાત કરે છે: "બાઇ, કોણ જાણે કયાંયે ટાંટીયો મરડ્યો. રોયો નિશાળે દિ' બધો ઠેકડા જ મારે. પછી ભણે શું કપાળ? હવે તો નિશાળે જ નથી મોકલવો."

(૭)

મારો આસિસ્ટંટ શિક્ષક માંદો પડ્યો. તાવ ઉતરતો ન હતો. હું બેઠો હતો એટલામાં જૂઠા ભાભા કુંભાર (વસતા ભાભા જેટલું વેદકમાં જાણનાર) ત્યાં આવ્યા. જરા તપાસીને કહે: "અરે, આ તો નિશાળમાં છોકરા સાથે ઠેકડા મારીને આંટી પડી ગઇ છે!"

(૮)

એક વખત હું શાળાએ આવું ત્યાં છોકરા શાળામાં નાટક કરતા હતા. હું તે જોવા કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના બેઠો. જતા આવતા લોકોએ મહેર કરીને પૂછ્યું: "માસ્તર, નાટક કંપની કાઢવી છે કે?" મેં કહ્યું: "હા, નાટકકંપની કાઢવી છે."

(૯)

એક છોકરો શાળાએ આવતો હતો. બે ચાર વાણિયાઓએ રસ્તે તેને ઉભો રાખી પૂછવા માંડ્યું: "પૈ ાનું શેર તો પાઇનું કેટલું?" છોકરાને જવાબ દેતાં વાર લાગી એટલે વાણિયાઓએ હો હો કરી છોકરાને મૂંઝવી દીધો. એક વાણિયો કહે: "ભાઇ, એને શું આવડતું હતું? ભણતર તો પહેલાંનું. બીક વગર કોઇ ભણ્યા છે?"

(૧૦)

એક છોકરો તીર ફેંકતો હતો. એકાએક

દોરી તૂટી ને આંખને ઇજા થઇ. છોકરાને ચક્કર આવ્યાં. તે તેની બા મારશે એમ ધારી નિશાળે આવ્યો. મેં ગાદી પર સૂવાડ્યો. છોકરો કહેઃ "હું ઘેર નહિ જાઉં. મારી બા મારે." હું તેને મૂકવા ગયો. આડોશીપાડોશી આવીને કહેવા લાગ્યાંઃ "ત્યારે છોકરાને નિશાળે શીદ મોકલો છો?"

(૧૨)

શેરીમાં બે છોકરા સામસામા ભટકાયા. માથાં ફૂટ્યાં. મારી પાસે નિશાળે આવ્યા. મેં પાટા બાંધ્યા. તેઓ ઘેર ગયા. માવતરો કહેઃ "નિશાળે જઇને આવી હડીયું કાઢતાં જ શીખ્યા છો ને?"

(૧૨)

ગામડાના મુખીને ઘેર બીજા ગામનો મુખી આવ્યો. તેણે શાળા વિષે પોતાનો અભિપ્રાય આપ્યોઃ "શું તમારી નિશાળમાં તે ધૂળ છે? છોકરા રખડ્યા જ કરે છે. ઝાડને પાણી પાવાં, નાતાધોતા ફરવું, રેતી લાવવી, ધૂળ લાવવી, દોરડાં કરવાં, ઠેકવું ને રાગડા તાણવા. એ તે કાંઇ ભણતર કહેવાય?"

કાશીરામ મહેતા.

શાળાની ત્રીજી મુલાકાત

ત્રીજી મુલાકાતે આપણે નીચેની બાબતો તપાસીએ અગર તે વિષે પ્રશ્નો પૂછીએ.

૧. બાળકને માથે ટોપી મેલી છે કે ચોખ્ખી? ટોપી ફાટલી તૂટલી છે કે સાજી? ટોપી બંધબેસતી છે કે ગમે તેવી?

૨. બાળકે નકામાં બે ચાર વધારે કપડાં પહેર્યાં છે કે તેના શરીર પર પૂરતાં કપડાં પણ નથી?

૩. કપડાં મેલાં ઘાણ છે કે ધોએલાં? ફાટેલાં છે કે સાંધેલાં?

૪ ગરીબનાં બાળકો કેવાં કપડાં પહેરે છે ને પૈસાદારનાં બાળકો કેવાં પહેરે છે? સ્વચ્છતાની દૃષ્ટિએ તેમાં તફાવત પડે છે?

૫. કપડાંને બુતાન ટાંકેલાં છે? કેવો છે? બાળકો કેવોને ચાવી ગયાં છે? બુતાનને ચાવી ગએલાં છે?

૬. બુતાન આગળ છે કે પાછળ? પાછળ બુતાનવાળાં કપડાં બાળકો જાતે પહેરીને તેનાં બુતાન બીડી શકે છે?

૭. આગળ બુતાનથી સગવડ પડે છે કે પાછળ બુતાનથી?

૮. લીંટ લુવા માટે કેટલાં બાળકો પાસે રૂમાલ છે?

૯. કપડાં સ્વચ્છ અને સાંધેલાં પહેરીને આવવા માટે શાળામાં કોઇ નિયમ છે? શિક્ષકે તેવો નિયમ રાખી કંઇ પ્રયત્ન કર્યો છે? ગિ.

બર્મામાં મોન્ટીસોરી સાહિત્યનો ફેલાવો

પત્રિકાની સેવા કરનારાં એટલાં બધાં ભાઇ બ્હેનો છે કે અમે તેમનાં વ્યક્તિગત નામો મૂકવા જઇએ તો એક આખો અંક ભરાઇ જાય. કેટલાંએક ભાઇબેનો તો પોતાનું નામ બહાર આવવા પણ નથી દેતાં. છતાં કોઇ વિશેષ બાબત પર ધ્યાન ખેંચ્યા વિના રહેવાતું નથી. એવી એક સેવાનું પરિણામ બર્મામાં આજે પત્રિકા અને મોન્ટીસોરી સાહિત્યનો જે પ્રચાર થઇ

રહ્યો છે તે છે. બર્મામાં ૧૦૦ જેટલા સંઘના સભ્યો છે. ત્રણ આજીવનસભ્યો છે અને મોન્ટીસોરી સાહિત્ય મંગાવનારા બીજાઓ તો ઘણા છે. બર્મામાં વસતા હિંદી ભાઇઓ આ રીતે પત્રિકાને આદર આપી રહ્યા છે તે માટે તેમને અભિનંદન ઘટે છે. અમે ઇચ્છીએ કે બર્માનો એક પણ ગુજરાતીભાષી પત્રિકા વિના ન જ રહે. હમણાં હમણાંમાં 'બ્રહ્મદેશ'માં 'બાળવિભાગ' ઉઘાડ્યો છે. એ વિભાગ દ્વારા પણ ત્યાંના ભાઇઓની સેવા સારી થશે જ.

અંત્યજો અને પત્રિકા

કેટલાએક ઉદાર ગૃહસ્થોએ અંત્યજો માટે પૈસા મોકલ્યા અને અંત્યજોને પત્રિકા પહોંચાડી. એકના હાથમાં પત્રિકા જોઇ બીજા અંત્યજ ભાઇને વાંચવાનું મન થયું. બીજાને જોઇ ત્રીજાને મન થયું. હમણાં અંત્યજ ભાઇઓ તરફથી પત્રિકાની માગણી આવે છે. કોઇ પત્રમાં આ પ્રમાણે લખેલું છે.

સવસતાન શ્રી મોટા ટીમલા મધે ઢેઢ બાવલ દેવાની સલામ વાચજો. બીજુ લખવાનું એજ કે મોટા ટીમલાના રહીત ઢેઢ બાવલ દેવા સલામ સાથ ઇ અરજ કે અમોને સીક્ષણ પત્રીકા આપ સાહેબ મફત મોકલાવો સો તો અમારા ગામના વાહને પણ મોકલાવજો એજ અરજ સરનામું વળતાનુ મુ મોટા ટીમલા પોચે ઢેઢ બાવલ દેવાને પોંચે જીલો લીમડી થઇ તાબે ભોયકા તમો મેરબાની કરીને મોકલા વિના રેસો નહિ, સંવત ૧૯૮૬ ના કારતક સુદ ૬ તા. ૮–૧૧–૨૯ અહીં ભણેલ ઘણા સે.

અંત્યજોને માટે: પૈસા કોણ મોકલશે?

બર્માના ભાઇઓ પરિણામે પોતાની ઘરની રહેણીકરણીમાં બાળકોને અનુકૂળ એવો ફેરફાર કરે, સારી બાળશાળાઓ સ્થાપે, સારાં વાચનાલયો રંથાપે તો તેથી કેટલો આનંદ થાય? આ પ્રસંગે બર્માના ત્રણ શિક્ષણ સેવકોનાં નામોજ માત્ર નોંધીએ તો તે ભાઇઓ વાંધો નહિ જ લે. શ્રી. રંગનાથ ધારેખાનઃ તંત્રી 'બ્રહ્મદેશ.' શ્રી ઇંદુકુમાર સી. મહેતા અને ત્રીજા શ્રી. શામળભાઇ બેચરભાઇ. બર્મામાં શિક્ષણની હીલચાલ મુખ્યતઃ આ ત્રણ ભાઇઓને આભારી છે.

સંઘના નવા આજીવનસભ્યો

અગાઉ જણાવી ગયા મુજબ પચાસ આજીવન સભ્યો આપણે મેળવી શકયા છીએ. તે પછી બે નવાં નામો નીચે પ્રમાણે ઉમેરવાનાં છેઃ—

૫૧ શ્રીમતી રતનબેન ગલિયારા રંગૂન
૫૨ શ્રી કારીઆ અંત્યજરાળા કચ્છ

આપણા સંઘમાં દેશી રાજ્યો

૧ ભાવનગર ૮ પોરબંદર
૨ ગોંડલ ૯ કચ્છ
૩ રાજકોટ ૧૦ વડોદરા
૪ મોરબી ૧૧ બાંભાત
૫ વાંકાનેર ૧૨ વઢવાણ
૬ જુનાગઢ ૧૩ પાલીતાણા
૭ જસદણ ૧૪ ધ્રોડર
૧૫ વાંસદા

દેશીરાજ્યો પોતાની શાળામાં પત્રિકાને વંચાવીને આજના શિક્ષકને આવતી કાલના ઉદય કાળ તરફ દિન પ્રતિદિન લઇ જાય છે. એમને સૌને અભિનંદન ઘટે છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીબ લિથોગ્રાફીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૭

અંક ૧૧ મો
શેષ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

જે માતપિતા કે જે શિક્ષક બાળકોને બધી જાતનું શિક્ષણ આપે પણ એક વિશેષ જાતનું શિક્ષણ ન આપે તે તેનાં દુશ્મન છે.

આ શિક્ષણ તે નિડરતાનું ને સ્વાતંત્ર્યનું છે.

નિડર ને સ્વતંત્ર બાળક બધું ભણેલ છે. ડરપોક ને પરાધીન માણસ અભણથી પણ અભણ છે; મૂરખ અને પામર છે.

શિક્ષકો અને માતપિતાઓ! યુગનો આ ધર્મ તમે ન ભૂલશો.

શિક્ષકોને - - ઉપદેશ

વિદ્યાદાનીઓ ! તમને લોકો 'માસ્તર' કહે છે; 'પંતુજી' કહે છે. તમને છોકરાંઓને હાંકવાં ગણે છે. તમને સમાજમાં છેલ્લું સ્થાન આપે છે; ઓછામાં ઓછો પગાર આપે છે ને ઓછામાં ઓછા કામના માને છે. હશે! આપણે એકલા લોકોનો દોષ શું કામ કાઢીએ? તમે તમારી જાતને જ ખૂબ ઉંચી ચડાવો તો લોકોને એની મેળે જ તમને તમારું યોગ્ય સ્થાન આપવું પડશે. આજે તમને સુન્દર તક છે. બાપુજીની લડાઇ એવી તો અદ્‌ભુત છે કે એમાં સૌને સ્થાન છે. સિપાઇને તો હોય જ. પણ વેપારી પણ લડાઇમાં ફાળો આપી શકે; સ્ત્રીઓ કે જે રાજકારણમાં કાંઇ ન સમજે તેમને પણ સ્થાન ને નાનાં બાળકોને પણ સ્થાન. જે જે કોઇ ત્યાગ કરી શકે, જે જે સહન કરવા તૈયાર હોય તે સૌ કોઇ લડાઇમાં કામનાં.

માસ્તરભાંઇઓ અને બ્હેનો, આજે તમારો વખત છે. આજે તમારે તક છે. ઓછા પગારમાં રહીને ઘણું સહન કરીને તમે જે તપશ્ચર્યા સાધી છે તેનો આજે ઉપયોગ કરવાનો છે. બીજાંઓને જે અઘરું પડે તે તમને સહેલું પડવાનું છે. તેથી તમે વધારે કામનાં થઇ પડવાનાં છો.

આજે બારડોલી જલાલપુર અને બીજા તાલુકામાંથી અને જીલ્લામાંથી કેટલાએ બેહુતે પોતાની માલમિલકતો ને શાંતિ છોડીને બહાર જઇને વસ્યા છે. તેમણે જે બધું ત્યાગ્યું તેમ તેમણે પોતાનાં બાળકોનું શિક્ષણ પણ ત્યાગ્યું છે તેમના ભાવિનો વિચાર પણ ત્યાગ્યો છે. તેમના પરત્વે તો તેમનો એ ત્યાગ શોભાદાયક જ છે પણ હવે તેમણે જેની ચિંતા છોડી તેની ચિંત કરવાનું સમાજને માથે આવે છે.

પૈસાદાર પોતાથી બને તે કરવા આગળ આવ્યા છે; સેવકો પોતાથી બને તે કરવા મથી રહ્યા છે; હવે શિક્ષકોની જરૂર ઉભી છે.

શિક્ષક શિક્ષિકાઓને લડાઇમાં જોડાવાનો વખત આવ્યો છે. શિક્ષકના સ્વભાવવાળા ને શિક્ષણના શોખવાળાઓનો વખત આવ્યો છે. ગ્રામ્યશાળાના પ્રયોગ કરવા ઇચ્છનારાઓને પણ તક છે. દરેક ગામમાં એક એક સુન્દર શાળા થઇ શકે એમ છે. કોઇ જગ્યાએ વૃક્ષોની મોટી ઘટા નીચે, તો કોઈ જગ્યાએ બળબળ વહેતી નદીના કાંઠા ઉપર, તો કોઇ જગ્યાએ બજુરીના માંડવામાં સુન્દર ગામ્યશાળાઓ ઉભી થઇ શકે. આવતી કાલના સૈનિકોની આ શાળાઓ સ્વરાજ્યના ઇતિહાસમાં કાંઇ ઓછી મહત્ત્વની ન ગણાય.

શિક્ષક ભાઇ બ્હેનો, વખત આવ્યો છે તો જવા દેશો નહિ. ૧૯૨૧ ની લડતે રાષ્ટ્રીય શિક્ષકોનો એક આખો વર્ગ જ ઉભો કરી રાષ્ટ્રને ચરણે ધર્યો હતો. આ લડતમાં હજી શિક્ષકો પછાત છે; તેઓ હવે આગળ આવે.

આ કામમાં દેશસેવા છે ને શિક્ષણની સેવા પણ છે; અને નવી પરિસ્થિતિમાં કરવાનું હોવાથી તેમાં કાવ્યમય રમ્યતા છે. મૌલિકતાને ખૂબ અવકાશ છે. દેશદાઝવાળાં ભાઇ બ્હેનો જરૂર આ રસિક કામ ઉપાડવા આગળ આવે.

તા.

નવું બાલમંદિર ખુલ્લું મૂકતી વેળા

[અમદાવાદ મ્યુનિસિપાલીટી તરફથી તા. ૧–૧૨–૩૦ ના રોજ શ્રીમતી તારાબેનને હાથે એક મોન્ટીસોરી બાલમંદિર ખુલ્લું મૂકાયું તે પ્રસંગે તેમણે આપેલું ભાષણ.]

આજે આ બાલમંદિર–આ બાલસ્વાતંત્ર્ય-મંદિર ખોલતાં મને હર્ષ થાય છે.

થોડા જ દિવસ પહેલાં અમે એક બાલ-મંદિર–અમારું ભાવનગરનું બાલમંદિર બંધ કરવાની ક્રિયા કરીને આ બાજુ આવ્યાં. તેથી અમે બાળકોના વાંકમાં આવ્યાં છીએ. આજે આ બાલમંદિર ખુલ્લું મૂકીને તે ગુન્હામાંથી કાંઇક અંશે મુક્ત થવાની તક મને મળી છે. આ સુંદર તક આપવા માટે હું અહીંના કાર્ય-કર્તાઓનો ઉપકાર માનું છું.

ખરું જોતાં આજે મેં જે જાતનું કામ માથે લીધું છે તે દૃષ્ટિએ એકાદ દિવસ પણ સીધી રીતે શિક્ષણકાર્ય માટે ભાંગવાની હું ઇચ્છા કરત નહિ. પરંતુ આજની પરિસ્થિતિમાં પણ બાલમંદિરો ખૂલે તે હું જરૂરનું જ ગણું છું. મારા એક મિત્રે મને પૂછ્યું: "હજી પણ બાલમંદિરો ઉઘાડવા જેટલી નવરાશ અમદા-વાદના લોકોને છે શું?" મારા મિત્ર આજે સ્વાતંત્ર્યની લડતમાં જોડાએલા છે પણ તે પહેલાં એક બાલમંદિરના આચાર્ય હતા. મારા મિત્રના મનમાં જે પ્રશ્ન ઉપજ્યો તે ઘણાના મનમાં ઉપજતો હશે. આજે જ્યારે અમારા જેવાં ઘણાં બાલશિક્ષણનું ક્ષેત્ર છોડી દે છે, મોન્ટીસોરી સંઘના પ્રમુખથી માંડીને ઘણાંઓ આ જંગમાં ઝુકાવે છે ત્યારે આવી શંકા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેવી શંકા કર-વાની કશી જરૂર નથી. આજની પેઢીના સ્વા-તંત્ર્ય માટે જ્યારે આપણે કમર કસીને લડી રહ્યાં છીએ ત્યારે આપણાં બાળકોને સ્વાતંત્ર્યના વાતાવરણમાં ઉછેરવાનો પ્રબંધ કરવો એમાં કશી વિસંગતતા નથી, પણ ઊલટી સુસંગ-તતા જ છે. આ બાલમંદિરમાં આવતાં બાળકો સર્વ પ્રકારની શારીરિક, માનસિક કે કોઈ પણ પ્રકારની ગુલામગિરીમાંથી મુક્ત થાય ને સાચા સ્વાતંત્ર્યની કેળવણી તેઓ પામે તેનો પ્રબંધ સર્વ કાળે વધાવી લેવા જેવો જ છે; અને આજે તો તે પૂર્ણપણે યોગ્ય અને જરૂરનો ગણાય.

અમદાવાદનાં બાળકો ખરેખર ભાગ્યશાળી છે. બાલમંદિરોની બહાર પણ તેઓ સ્વાત-ંત્ર્યના ભણકારા સાંભળ્યા કરે છે, કારણ સ્વાતં-ત્ર્યના મોટામાં મોટા પુજારી તો અમદાવાદને આંગણે વસે છે. અમદાવાદનાં બાળકોને તેમના વાતાવરણનો લાભ અજાણપણે પણ મળે જ છે.

બાળકો માટે પ્રત્યક્ષ પ્રયત્ન પણ અમદા-વાદમાં જ પ્રથમ થયો. ભાવનગરનું બાલમંદિર સ્થપાયું પણ ન હતું ત્યારે તમારા અમદા-વાદમાં વસતા એક આદર્શ માતાએ–શ્રી-મતી સરલાદેવીએ પોતાના ઘરમાં પોતાનાં બાળકો માટે ડૉ. મોન્ટીસોરીનાં સ્વાતંત્ર્ય બક્ષનારાં સાધનો આણેલાં હતાં. ત્યાર પછી શારદામંદિરે બાલમંદિર ઉઘાડી સામાન્ય જનતાનાં બાળ-કોને લાભ આપ્યો. અહીં મજુરનાં બાળકો માટે પણ એક બે પ્રયત્નો થઇ ગયા છે. ત્યાર-પછી શ્રી. નિર્મળાબેને એક નવું બાલમંદિર

ગામમાં ચલાવીને ગામનાં બાળકોની સગવડ સાચવી છે. છતાં આજે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ બાલમંદિર ખોલ્યું છે તેમાં વિશેષતા છે. પહેલાંના બધા પ્રયત્નો કરતાં આ વિશેષ વધાવવા જેવો છે. બાનગી પ્રયત્નોની કિંમત હું જરાએ ઓછી આંકવા માગતી નથી. પરંતુ અમદાવાદ જેવા મોટા શહેરનાં તમામ બાળકોનો પ્રશ્ન જો કોઇ હાથમાં લઇ શકે એમ હોય તો તે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થા જ લઇ શકે. બાનગી પ્રયત્નોને સ્વતઃ જ મર્યાદા હોય છે, જ્યારે આવી સંસ્થા ધારે તો ઘણું કરી શકે છે. આજે જેમ મ્યુનિસિપાલિટીએ અહીં એક બાલમંદિર ખોલ્યું તેવાં બીજાં પાંચ સાત બાલમંદિરો ખોલવાનો વિચાર પણ તેઓ જરૂર કરશે અને આગળ જતાં બાળક્રીડાંગણ જેવી યોજના હાથ ધરી ગામનાં તમામ બાળકોના શિક્ષણની સગવડ ઉભી કરશે. બીજું આજે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ આ કામ હાથ ધર્યું ત્યારે કાલે સુરત, ભરૂચ, મુંબઇ વગેરે શહેરોની મ્યુનિસિપાલિટીઓને પણ વિચાર કરવાનું મન જરૂર થશે. એ રીતે પ્રચારની દૃષ્ટિએ પણ આ પગલું બાસ વધાવી લેવા જેવું છે.

આ પ્રસંગે મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાન્તોની ચર્ચા કે સાહિતીમાં ઉંડા ઉતરવાનું મને અસ્થાને લાગે છે. પણ આ પ્રસંગનો લાભ લઇને અમારી પાસે ભણેલાં અમારાં મણીબેન, મેરીબેન અને દાસભાઇ કે જેઓ આ બાલમંદિર ચલવવાનાં છે તેમને બે શબ્દ કહેવાની હું તક લઉં છું.

તમારે માથે આજે એક મોટી જવાબદારી મૂકાય છે. હજી આ પગલાને અહીંના કાર્યકર્તાઓ એક પ્રયોગ કહે છે. જરૂર; અમે જેમ શાસ્ત્રીય દૃષ્ટિએ મોન્ટીસોરી પદ્ધતિને એક પ્રયોગભૂમિ કહીએ છીએ તેમ તેઓ કહેતા હોય તો ઠીક. પણ પ્રયોગ કહેવામાં જો એમના મનમાં આ પગલું યશસ્વી નીવડશે કે નહિ એમ શંકાઓ રહેતી હોય તો તમારે તે શંકાને ભાંગી અને એક સફળ તરીકે સિદ્ધ થએલી વસ્તુ બનાવી દેવાનું છે. આ જવાબદારીનું કામ તમે એક જ રીતે કરી શકશો. તમે શીખેલી પદ્ધતિની પાછળ જે સ્વાતંત્ર્ય સ્વયંસ્ફૂર્તિ આદિ મહાન્ સિદ્ધાન્તો રહ્યા છે તેની શુદ્ધમાં શુદ્ધ ઉપાસના કરજો અને સફળતા બતાવવાનો નહિ પણ સફળ થવાનો પ્રયત્ન કરજો.

વળી ભાવનગરના બાલમંદિરમાં તમે શીખ્યાં છો તો તેવું જ અહીં કરવાનો પ્રયત્ન કરશો નહિ. પણ તેથીએ સુંદર કામ કરવાનો પ્રયત્ન કરજો. અમારામાં તો ઘણી ત્રુટીઓ પણ હશે. માટે તમારે હમેશ અમારા બાલમંદિર કરતાં વિશેષ સરસ કામ કરવાનો પ્રયત્ન કરવો. ગુરુની હમેશની અભિલાષા એ જ હોય છે કે શિષ્ય આપણા કરતાં પણ ચડી જાય. તે જ અભિલાષા અમે તમારામાં રાખીશું.

: બાકી લવાજમ :

ઘણા ભાઇઓનું ચાલુ સાલનું લવાજમ આવવું બાકી છે. 'પત્રિકા'નું વર્ષ હવે પૂરું થવા આવ્યું છે માટે તેઓ વિના વિલંબે મોકલી આપે. સાથે સાથે જ નવા વર્ષનું લવાજમ મોકલવાથી ફાયદો થશે.

: વ્યવસ્થાપક :

સાથે સાથે હું આ બાલમંદિરમાં જેઓ પોતાનાં બાળકોને મૂકવાનાં છે તે માબાપોને પણ એકાદ વાત કહી લઉં. આજે છાપામાં પેલી ગોળમેજી પરિષદ ખૂબ નિંદાય છે. અહીં બેઠાં મને વિચાર થયો કે આ બાલમંદિરનું ગોળ નહિ પણ ચોરસ ટેબલ છે; અને આ ચાર પક્ષમાં ઘણી વાર તાણાતાણ થાય છે તેથી બાલમંદિરનું કામ બરાબર ચાલતું નથી. એક બૂણો બાળકો સંભાળે છે, એક બૂણો બાળકોનાં માબાપોનો હોય, એક શિક્ષકનો હોય ને એક શિક્ષકોના ઉપરીઓનો હોય છે. એમાં ત્રણ પક્ષ જો બરાબર એક બીજાની સાથે સહકાર કરે અને માત્ર બાળકોના હિતને જ સામે રાખે તો અહીં તો આ ચાર બૂણા મટી ગોળમેજ બરાબર સફળ થઇ શકશે.

બાલમંદિરના કામમાં માબાપોના સહકારની બહુ જ જરૂર હોય છે. રોજ ને રોજ બાલમંદિરમાં જે એક પ્રકારના સંસ્કારો અપાય ને ઘરમાં તેનાથી તદ્દન વિરુદ્ધ અપાય તો રોજ લખવા ભૂંસવાનું જ કામ ચાલે અને બાળકના મન ઉપર કશી જ અસર કાયમી રહેતી નથી.

તમારાં બાળકોને તમે બાલમંદિરમાં મોકલ્યાં ત્યાં જ તમારું કર્તવ્ય પૂરું થતું નથી. તમારે આ પદ્ધતિના સામાન્ય સિદ્ધાંતો જાણી લેવા જોઇએ; બાળકોછેરના સામાન્ય નિયમો પણ તમારે સમજી લેવા જોઇએ. તેમ જ શિક્ષકો તેમનું કાર્ય વધારે સુલભ થાય માટે વખતોવખત જે સૂચના કરે કે સહકાર માગે તે તમે પૂરા દિલથી આપજો. આ રીતે તમારાં બાળકોનું શિક્ષણ વધારે સરસ થશે અને પ્રયોગની સ્થિતિમાં ગણાતું બાલમંદિર પણ સફળ પ્રયોગ ગણાશે. માટે તમને એ જ વિનતિ કરવાની કે તમે આ કાર્યમાં પૂર્ણ સહકાર આપશો.

મ્યુનિસિપાલિટીના કાર્યકર્તાઓએ તો આ ઉત્સાહથી ખોલ્યું છે એટલે તેઓ તો તેને યોગ્ય રીતે ઉછેરશે એવી મને પૂરેપૂરી ખાત્રી છે. માટે તેમને વધારે કહેવાપણું રહેતું નથી. નવી સંસ્થા એક નવા બાળક જેવું જ લાલનપાલન માગે છે ને તે તેઓ જરૂર આપશે.

અંતે બાલમંદિરમાં આવવા ઇચ્છનાર જે બાળકો અહીં આવ્યાં છે તેમને કહેવાનું કે "વહાલાં બાળકો! તમે અહીં કૂદતાં નાચતાં આવજો; રમજો, કૂદજો ને મજા કરજો ને આ બાલમંદિરને 'બાલમંદિર તો મારું ઘર છે.' એમ કહેતાં શીખજો. તમારાં ભાગ્ય ઉજળાં છે. તમને મારા અંતઃકરણપૂર્વક આશીષ છે."

અક્ષરજ્ઞાન યોજનાનું પુસ્તક

આગળ વાંચો

બીજી આવૃત્તિ

પ્રગટ થઈ છે.

લખનાર: તારાબેન મોડક

કિં. ૦-૧-૦ : પો. ૦-૦-૬

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર,

ભાવનગર

મૉન્ટીસોરી શાળામાં જોવામાં આવેલો ચિત્રનો ક્રમ

મૉન્ટીસોરી બાલમંદિરમાં બાળકો જે ચિત્રો સ્વયંસ્ફૂર્તિથી દોરે છે તેનો અમુક અનુક્રમ બંધાએલો નજરે પડે છે, તેમ જ તેની જુદી જુદી જાતો પણ જણાય છે. તેની સાદી યાદી અહીં આપેલ છે. બાલમંદિર ચલાવવાવાળાઓ પોતાના અનુભવો આની સાથે મેળવશે અને આ યાદીમાં વધારો અને વિવિધતા ક્યાં ક્યાં બન્યાં છે તેની નોંધ પ્રગટ કરશે તો ઉપકારક થશે.

૧ ભૌમિતિક આકૃતિઓની મદદથી પેન્સિલ વડે માત્ર ભૌમિતિક આકૃતિ દોરવી.

૨ દોરેલી ભૌમિતિક આકૃતિમાં લીંટા પૂરવા–સીધા, પાસે પાસે અને સમાન્તર.

૩ ભૌમિતિક આકૃતિમાં લીંટા: રંગની રસિકતાની દૃષ્ટિએ–ઘાટા અને સુરસિક, આછા અને સુરસિક.

૪ ભૌમિતિક આકૃતિઓમાં લીંટા: રંગની સરખામણી ને ગોઠવણની દૃષ્ટિએ–સામ સામે રંગો, પાસે પાસે રંગો, એક એક ખાનું છોડીને રંગો, જુદી જુદી રીતે રંગોની પૂરણી કે જેથી આકૃતિ એક જ હોવા છતાં નવું ચિત્ર દેખાય.

૫ ભૌમિતિક ઘટનાચિત્રો–ભૌમિતિક આકૃતિ વડે ઘટનાઓ ઉપજાવેલાં ચિત્રો.

૬ ભૌમિતિક ઘટનાચિત્રોમાં લીંટા પૂરવા.

૭ ભૌમિતિક ઘટનાચિત્રોમાં રંગો પૂરવા–સરખામણી, ગોઠવણ અને રસિકતાથી.

૮ શણગારેલાં ભૌમિતિક ઘટનાચિત્રો–(શણગાર ચિત્રો).

૯ ઝાડ પાન અને વેલનાં ચિત્રો.

૧૦ ઝાડ પાનનાં ઘટનાચિત્રો.

૧૧ પતંગિયાનાં ચિત્રો.

૧૨ પતંગિયાનાં ઘટનાચિત્રો.

૧૩ પક્ષીઓનાં ચિત્રો.

૧૪ પક્ષીઓનાં ઘટનાચિત્રો.

૧૫ પ્રાણી ચિત્રો.

૧૬ કુદરતનાં દૃશ્યો.

૧૭ માણસોનાં ચિત્રો.

૧૮ અનુકરણ ચિત્રો.

૧૯ ટ્રેસ કરેલાં ચિત્રો.

૨૦ માત્ર રંગ પૂરવો. (રેખાચિત્રોમાં–ડૉ. મૉન્ટીસોરીએ તૈયાર કરેલાં ચિત્રોમાં તથા કોઇ પણ જાતનાં રેખાચિત્રોમાં.)

૨૧ વાર્તાનાં ચિત્રો.

[૧૮, ૧૯, ૨૦ નાં ચિત્રો બાળકો ગમે ત્યારે કરે છે. તેથી તેનો ક્રમ અચોક્કસ સમજવો.] ગિ.

આડું અને તાડું

સઃ બાળકો બીજાં બાળકોની ચીજો લેવાનું શા માટે કરે છે?

જઃ કારણ કે તે તેમને ગમે છે; કારણ કે તે તેમને જોઇએ છે.

સઃ બાળકને જે ગમે તે બીજાની પાસેથી ઝૂંટવીને અગર ચોરીને લઇ લે તે યોગ્ય છે?

જઃ ના, યોગ્ય નથી.

સઃ ત્યારે તે પ્રમાણે ઉપાડી લે તો શું કરવું?

જઃ જેની જે ચીજ તેણે લીધી હોય તેને

તેની તે ચીજ બાળક પાસેથી લઇને આપી દેવી.

સઃ પણ બાળક રડે કે કજીયો કરે તો ?

જઃ તો કરવા દેવો.

સઃ પણ તેમ કરવાથી બાળકની ટેવ સુધરશે ?

જઃ ના, તેમ કરવાથી ટેવ સુધરશે નહિ; માત્ર બીજા બાળકને અન્યાય થતો અટકશે.

સઃ ત્યારે બાળક ઝૂંટવી લેવાની વૃત્તમાંથી ખસી જાય તે માટે શું કરવું ?

જઃ તે માટે બાળકને આ મારૂં અને આ બીજાનું તેનો ખ્યાલ આપવો.

સઃ તે કેવી રીતે આપવો ?

જઃ બાળકને થોડીએક ચીજો આપવી. તે ચીજોનું તેને સ્વતંત્ર અને સંપૂર્ણ માલિક ગણવું. તે ચીજો તેની જ છે ને બીજાની નથી, તેવી તેને આપણા વર્તનથી ખાત્રી આપવી.

સઃ પોતાની પાસે થોડીએક ચીજો હોવાથી શું તે બીજાની પાસે નવી નવી ચીજો હોય તો પણ લેતું અટકશે ?

જઃ હા. જ્યારે તે બીજાની ચીજ લેવા કરે ત્યારે તેની પોતાની ચીજ બીજાને આપી દેવા તેને કહેવું અગર બીજા પાસે તેની ચીજ લેવરાવવી.

સઃ તેથી શું થશે ?

જઃ તેથી બાળકમાં વિચારજાગૃતિ થાય છે કે જો મારૂં મને ગમે છે તે હું આપું નહિ તો બીજાનું બીજું તેને ગમતું ન આપે; મારૂં તે લઇ શકે નહિ તેમ હું તેનું લઇ શકું નહિ.

સઃ પણ બાળકને હું પણાનો, મમત્વનો, મારાપણાનો માર્ગ બતાવવાથી તે અભિમાની અને સ્વાર્થી તેમ જ એકલપેટું ન બને ?

જઃ ના, નહિ જ અને. પોતાપણું–પોતા વિષેનો ખ્યાલ–વ્યક્તિત્વનું ભાન એ અભિમાન નથી પણ આત્મદર્શન છે. પોતે અને પોતાનું જે જાણે નહિ તે બીજું અને બીજાનું પણ સમજે નહિ. તે પોતા વિષે તેમ જ બીજા વિષે ગોટાળો કરે. તેમાં કશી વ્યવસ્થા અને સુરક્ષિતતા ન રહે. ભેદ જે સમજે નહિ તે અભેદમાં જઈ શકે નહિ.

સઃ પણ માણસ વ્યક્તિત્વમાં વધી જાય તો તે સમષ્ટિની પરવા જ ન કરે. વ્યક્તિવાદનું ફળ ખરાબ આવેલું છે.

જઃ વ્યક્તિ વિષેનો ખ્યાલ–આત્મભાન એ વ્યક્તિવાદ નથી. વ્યક્તિવાદ એટલે હું મુખ્ય અન્ય ગૌણઃ સમાજને ભોગે મારે જીવવું ને ખીલવું. વ્યક્તિભાન એટલે પોતા વિષે તેમ જ બીજા વિષે સમજણ થવું. દરેક વ્યક્તિ એમ આત્મ અને પરલક્ષી બને એટલે સમભાવ આવે. સમભાવ એ સમષ્ટિજીવનની સફળતાની ચાવી છે.

સઃ ત્યારે બાળક મિલ્કતનો માલિક થાય તેથી પરિગ્રહવૃત્તિનો વિકાસ ન થાય ? પરિગ્રહવૃત્તિ તો ખરાબ છે ?

જઃ બાળકે મિલ્કતના માલિક થઇને પોતે અને પોતાની મિલ્કત વિષેનો ખ્યાલ લેવો જોઇએ. તેમ ન લે તો તે બીજાની મિલ્કત વિષે બેદરકાર રહે. પોતાની મિલ્કત વિષે જે સન્માનની આશા રાખે તે જ તે બીજા વિષે આપે. મિલ્કત રાખવાથી પરિગ્રહી થવાય છે તેના કરતાં બીજાની સાથે બીજાના નુકશાને મિલ્કત રાખવાથી પરિગ્રહી થવાય છે. વળી પરિગ્રહના ખ્યાલ વિના અપરિગ્રહનો અર્થ પણ સમજાવાનો નથી. પરિગ્રહમાંથી અપરિગ્રહમાં જવું

એ વિકાસનો ક્રમ છે. પરિગ્રહ જ ન થવા દઈએ તો વિકાસનો માર્ગ જ અટકી પડે.

સઃ બધાં બાળકોને બધી મિલ્કતના સરખા અને એક માલિક બનાવીએ તો તેઓ વ્યક્તિ-પરિગ્રહમાંથી બચે; અને વ્યક્તિપરિગ્રહને લીધે એક બાજુ અતિ પરિગ્રહ હોય છે જ્યારે બીજી બાજુ હોતો જ નથી અને તેથી એક બાજુ શ્રીમંતાઇ અને બીજી બાજુ ગરીબી હોય છે તેવી સ્થિતિ દૂર થાય એમ ન બને? એમ થવાથી સમગ્ર વ્યક્તિઓના સુખમાં વધારો ન થાય?

જઃ ના; એ કલ્પના બરાબર નથી. બધી મિલ્કત પહેલેથી સામુદાયિક ગણાવવાથી વ્યક્તિ-ત્વ જેવું મટી જાય છે. વ્યક્તિઅસ્મિતા એ વિકાસનું મૂળ છે. અસ્મિતા વિનાની વ્યક્તિ-ઓનો સમૂહ એટલે નિર્જીવ ચેતન રહિત જથ્થો. તેની સામુદાયિક મૂડી એટલે ઢગલો. તેને વધારવાની ધગશ વ્યક્તિને ન આવે. વ્યક્તિ બંધારણ અંદરથી ન જાગે. વ્યક્તિ અંદરના વિકાસને કારણે ન દોડે. કાયદા કે ધોરણ માત્રને માન આપવા ખાતર વ્યક્તિ સમૂહ ને સામુદાયિક મિલ્કતનો સ્વીકાર કરે પણ તેનો વિકાસ સાધવા યત્ન ન કરે. વ્યક્તિ પાછળનું બળ ઘટી સમૂ-હની સામાન્ય નિર્બળતા અને મધ્યમ બળ સિવાય તેમાં કંઇ ન રહે. માટે સામુદાયિક મિલ્કતથી વિકાસની શરૂઆત નહિ.

સઃ ત્યારે સામુદાયિક મિલ્કત એ વિચાર જ ખોટો ગણવો? પરિગ્રહત્યાગ એ વિચાર જ ખોટો છે?

જઃ ના, બંને વિચારો સાચા છે ને તેનું દર્શન વ્યક્તિ માત્રને થવું જોઇએ.

સઃ તો કયારે ને કેવી રીતે?

જઃ વ્યક્તિ સ્વતંત્ર અને સંપૂર્ણ થાય ત્યારે—દરેક વ્યક્તિને સંપૂર્ણ અને સ્વતંત્ર કર-વાની શિક્ષણપદ્ધતિ વડે. ગ.

બાળકને નિશાળે બેસાડો તે પહેલાં

બાળકની નિશાળે જાને અને જાણી લેને.

તમારા બાળકને કંઇ કામકાજ આપવામાં આવે છે કે એના એ દાખલા અને શ્રુતલેખન લખાવ્યા કરાય છે? એનો એ નકશો જોવડાવ્યા કરાય છે? એની એ સાલવારી ગોખાવ્યા કરાય છે?

તમારા બાળકને ટુંકારે અને ગાળ દઇને મોસ્તર બોલાવે છે કે માનપૂર્વક આદરભાવથી બોલાવે છે?

તમારા બાળકને કોઇ વાર ન આવડે ત્યારે શિક્ષક થપાટ લગાવી દે છે કે ધીરજથી સમજાવીને શીખવે છે?

તમારા બાળકને શિક્ષક ગમી જાય તેવો સુઘડ, આનંદી અને ખેંચે તેવો છે કે ભડકા-મણો, બીકરામણો, ધુવડ જેવો છે?

તમારા બાળકની આજુબાજુ બેસનારાં અને સાથે રમનારાં ભણનારાં બાળકો તમારા બાળકને લાભ કરનારાં છે કે નુકશાન કરનારાં? તમારા બાળકને નીચે ખેંચી જનારાં છે કે ઉંચે ચડાવનારાં છે? ગંદું, અવ્યવસ્થિત, રેઢી-યાળ બનાવી મૂકે તેવાં છે કે ઉલટું તેનામાં કંઇ કંઇ સારું અને નવું કરવાની પ્રેરણા કરે તેવાં છે? ગિ.

બાળકો અને નખ

ટેવ એવી પડી ગઇ છે કે જ્યાં ફરીએ ત્યાં બાળકો તરફ જોઇએ; અને તેમના તરફ જોઇએ એટલે તેમનાં આંખ, નાક, કાન, નખ વગેરે તરફ નજર પડે. હમણાં હમણાંમાં બાળકોના નખ ઉપર બહુ નજર પડે છે. મનના દુઃખ સાથે કહેવું પડે છે કે બાળકોના નખની બાબતમાં કોઇને જરાએ કાળજી નથી. શ્રીમન્ત માબાપોથી માંડીને ગરીબમાં ગરીબ માબાપો નખની બાબતમાં કશી દરકાર કરતાં નથી. તમામ માબાપો આજે જ પોતાનાં બાળકોને પોતાની સામે બોલાવીને ખાત્રી કરે કે ઉકત કથનમાં કેટલું સત્ય છે. તેઓ જોશે કે બાળકોના નખ લાંબા વધેલા છે, નખની અંદર મેલ છે ને મેલને લીધે નખ કાળા દેખાય છે.

આવા નખો કંઈ નુકશાન કરતા હશે? બેશક, કરે છે; ભયંકર નુકશાન કરે છે. લાંબા વધેલા નખમાં જાત જાતનો મેલ ભરાય છે. આખા દિવસમાં જ્યાં જ્યાં હાથ અડે છે ત્યાંથી, જે જે કામ કરે છે ત્યાંથી, જે જે વસ્તુ હેરવે ફેરવે છે તેમાંથી બાળકના હાથને મેલ ચોંટે છે. એ મેલનો થોડો ભાગ નખમાં જઇને ભરાય છે. થોડે થોડે ત્યાં જથ્થો થાય છે.

સવારે અને સાંજે જ્યારે બાળક જમે છે, દાળ કઢી શાક વગેરેમાં આંગળાં બોળે છે, ત્યારે નખમાં ભરાએલો મેલ ઓગળે છે. ઓગળીને ધીમે ધીમે અન્ન સાથે ભળીને તે પેટમાં જાય છે.

આપણે બાળકોને કહીએ કે થોડોએક મેલ રોજ ને રોજ બાશો? બાળકો ચીડાઇને નારાજ થશે; તેમને માઠું લાગશે. આપણે માબાપોને કહીએ કે રોજ તમે તમારાં બાળકોને થોડો થોડો મેલ બવરાવો છો, તો તેઓ ઘુરકશે અને કહેશે કે તમે અમારા પર બોટું આળ મૂકો છો. આપણે દાકતરોને કહીએ કે માબાપો રોજ રોજ થોડો થોડો મેલ પોતાનાં બાળકોને અન્ન સાથે બવરાવે છે તો તેવાં માબાપોને તે વિચિત્ર ધારશે, સમજણ વિનાનાં બાળકોનાં દ્રોહી ધારશે. અને છતાં હકીકત તો ઉભી જ છે કે માબાપોની બેદરકારીને લીધે જ બાળકોના નખ વધે છે અને તેમાં ભરાતો મેલ બાળકોના પેટમાં જાય છે.

અને એ મેલ બેતરની માટીનો નહિ પણ ગંદકીનો. રસ્તા ઉપર ઉડતી જંતુઓથી ભરેલી ધૂળનો, ફરનીચર પર પડેલી ધૂળનો, ન્યુસપેપરો પર ચડેલી ધૂળનો, શેરીમાં પગ નીચે બૂંદાતી ધૂળનો; ટૂંકમાં ગંદામાં ગંદી ધૂળ અને કચરાનો એ મેલ હોય છે—કાળો મેશ જેવો: કઇક જાતના રોગો ઉત્પન્ન કરે તેવો.

ધારો કે બેતરની માટી જરાક બાઇએ. તો તે થોડું નુકશાન કરે—માત્ર માટી બાવાથી થતું નુકશાન કરે. પણ આ કચરો તો જંતુઓનો જથ્થો! સડાનો ઉકરડો! એ પેટમાં જઇને શું ન કરે?

માબાપો, આટલું વાંચીને તુરત તમારાં બાળકોને બોલાવો અને તેમના નખ તુરત જ ઉતરાવો. બાળકોનાં આંગળાં ચોકખાં થશે; તેઓ જંતુઓની બદીથી બચશે.

વળી નખ વધે છે અને જો કદિ તેમાં મેલ ભરાતો નથી તો પણ તે ઉપાધિ રૂપ રહે છે. જેમ વાળ બહુ વધવાથી એક જાતનો ભાર લાગે છે તેમ જ નખ વધવાથી આંગળાંને એક જાતનો બોજો લાગે છે. તપાસીને જોશો તો માલુમ પડશે કે જ્યારે નખ ઉતરાવીએ છીએ ત્યારે આપણા હાથ હળવા હળવા લાગે છે. બાળકોને રોજ ને રોજ આવું હળવાપણું આપો, બોકબાઇ આપો, મેલમાંથી બચાવો.

ઉપરાંત વધેલા નખને બાળકો દાંતથી કાપ્યા કરે છે. આ એક કઢંગી અને ખરાબ ટેવ છે. એથી નખ બેડોળ રહે છે ને કચરો મ્હોમાં પડવાનો સંભવ છે. નખ કાઢી નાખેલા હોય છે ત્યારે આંગળાં રૂપાળાં રહે છે ને બાળકોને આવી કુટેવ પડતી નથી.

માબાપોએ બાળકના નખ નાનપણથી જ ઉતારવા. નાના બાળકને તો ઘણી વાર પોતાને જ નખ લાગી જાય છે ને તેથી જ તે રડી ઉઠે છે. ઘણી વાર નખ તાળવામાં લાગવાથી સારી પેઠે પીડા થાય છે.

નખ ઉતરાવવાનો બાળકોમાં શોખ જગાડવો. કાતરથી કે નખ કાપણીથી નખ ગોળ મજના ઉતારવા. ખડબચડા હોય તો જરા ઘસીને સુંવાળા કરવા. બાળકને તેથી મજા આવશે ને નખ ઉતરાવવા દોડયું આવશે.

દર બે ચાર દહાડે નખ ઉતારવા જ ઉતારવા. કામ નાનું એવું છે પણ રહી જાય છે. રહી ગએલું નાનું એવું કામ ગંભીર નુકશાન કરવાની પણ શક્તિ ધરાવે છે. ગિ.

ઘરમાં મોન્ટીસોરી સાધનો

ઘરમાં માત્ર મોન્ટીસોરી સાધનો રાખવાથી બહુ લાભ નથી. માતા અથવા પિતાએ મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરવાની જરૂર છે. બાળકો પ્રત્યે કેવી દૃષ્ટિથી જોવું અને વર્તવું એ સૌથી મહત્ત્વનું છે. એ ન હોય ત્યાં મોન્ટીસોરી સાધનો લાકડાના કટકા સમાન છે એટલું જ નહિ પણ ઉલટું નુકશાનકારક છે.

મોન્ટીસોરી સાધનો વસાવવાં હોય તેઓ કંઇ નહિ તો 'મોન્ટીસોરી પદ્ધતિ' 'સ્વતંત્ર બાલશિક્ષણ' અને 'ઘરમાં મોન્ટીસોરી' એટલાં પુસ્તકો તો વાંચે જ વાંચે.

મોન્ટીસોરી સાધનો વસાવો તો કિન્ડરગાર્ટન અને અન્ય પદ્ધતિઓનાં સાધનોનો ઢગલો ન કરતાં. ઘણાં સાધનોથી કેળવણી મળતી નથી. એકાદ પદ્ધતિના ચોક્કસ સાધનોનો સાચો ઉપયોગ કરવાથી જ લાભ થાય છે.

મોન્ટીસોરી સાધનો વેચાય છે તેથી લેનારાં પદ્ધતિને ચલાવવાને લાયક છે એમ કોઇ ન માને. દવાઓ વેચાય છે તેથી તે લેનાર દાક્તરો નથી બની જતા. એમ જ સાધન વેચનાર મોન્ટીસોરી પદ્ધતિ જાણે છે અને સલાહ આપવાને અધિકારી છે એવું પણ માનવું નહિ. કેમીસ્ટો અને ડ્રગિસ્ટો દાક્તરો કે વૈદો તરીકે કામ ન કરી શકે, અને કરવા જાય તો ભૂલ ખાઇ બેસે તે આપણે સમજીએ છીએ.

મોન્ટીસોરી નિશાળમાં મોન્ટીસોરી સાધનોનો સાચો ઉપયોગ શક્ય છે. બુદ્ધિશાળી અને ખંતીલાં માબાપો સાધનોનો સદુપયોગ કરાવી શકે. પૈસાને બળે માત્ર સાધનો ખરીદીને ઘરમાં રાખનારને લાભ ન થાય. ગિ.

કોઈ વાર પડદા પાછળથી જોશો ?.... કે —

ટ્યૂશન આપવા માટે રાખેલ શિક્ષક તમારા બાળકને ભણાવે છે કે બાળકને જે તે લખાવી તે પોતે છાપું વાંચે છે ?

બાનગી માસ્તર છોકરાંઓ પાસેથી ઘરની છાની વાતો કઢાવી શેઠ શેઠાણીને રાજી કરવા માટે કેવો ઉપયોગ કરવો તેની ખટપટમાં પડ્યો છે ?

કોઈ ન હોય ત્યારે માસ્તર 'શેઠને કહીને માર ખવરાવીશ' એવી ધમકી છોકરાંઓને આપી તેમની પાસે લેશન કરાવે છે ને પોતાની મહેનત ઓછી કરે છે ?

માસ્તર છોકરાંની સાથે ભાઇબંધી કરવાના પ્રયત્નમાં પડેલ છે કે જેથી પોતાનો પગાર વગેરે વધારવામાં છોકરાંની પણ મદદ મળે ?

માસ્તર તોફાની છોકરાંઓની ખુશામત કરે છે ને તેને ભણાવી શકતો નથી અને છતાં દેખાવ રાખે છે કે પોતે ભણાવે છે ?

માસ્તર સાચેસાચ પૈસા લીધા હોય તેના પ્રમાણે ખરા અંતઃકરણથી સારી રીતે બાળકોને ભણાવવા મહેનત કરે છે ? ગિ.

શું શીખવશો ? કાયરતા કે નિર્ભયતા ?

કાયરતાનું શિક્ષણ

એ ભાઇ, આપણાથી એમ નહિ બને.

અરે ભાઇ, એ તે કોણ કરે ?

એ ભાઇ, શીદને ભાલે ભરાય છે ?

એ ભાઇ, ત્યાં ના જતો. જોખમ છે ભાઇ, જોખમ !

એ બાપુ, ઉઠ પાણા પગ ઉપર શું કરે છે ?

અરે ભાઇ, એ આપણાથી ન બને; એ આપણું કામ નહિ.

એ ભાઇ, કયાંક બતા બાશું, બતા.

અરે ભાઇ, ઉલળી ટાંટીયો ના ભંગાય.

અરે ભાઇ, આપણામાં એવું જોર નથી; આપણામાં એવી શક્તિ નથી. આપણે નકામા.

અરે બાપુ, ત્યાં તે શું દાટયું છે ? ત્યાં કાકો મારી નાખશે !

નિર્ભયતાનું શિક્ષણ

ન બને કેમ ? આપણે બનાવ્યે જ છૂટકો છે.

કોણ કરે શું ? આપણે જ કરીશું. બસ, આપણે.

જા, જા, ડરે છે શું ? એમાં શું થઇ જવાનું હતું ?

ઉઠ ઉઠ, સામી છાતીએ આગળ ધસ ! ગળવાં શું ગળે છે ?

એમાં ટાંટીયો શો ભંગાતો હતો ? માર જોસથી કૂદકો કે ટપી જવાય.

છે, છે, તારામાં જ જોર છે ને શક્તિ પણ છે. માંબાઇ થઇને બેઠો છે શું ?

છટ્, ત્યાં કયો તારો કાકો તને કાંધ મારવાનો છે ? નાહકનો ઘરમાં ભરાઇને બેઠો છે તે લાજતો નથી ? ગિ.

ગરીબ અભણનો લાંબો હાથ અક્ષરશાળાઓ એટલે હુન્નરો ગરીબ અભણને માટે ચલવવામાં આવતી શાળાઓ. બે શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં સૌ જે ગમે તે આપજો.
મદદ મોકલવાનું સ્થળઃ **અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય** : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

ભણકારા

બાળકો બોલતા હોય એવા ભણકારા વાગે છે.

" મા બાપો, હવે યુગ પલટાયો છે. એકપક્ષી જવાબદારીનુ રાજ્ય હવે નહિ ચાલે.

" હવે અમે નાના રહેવા નથી માગતાં. અમારે મોટાં થવુ છે.

" એ મોટાઇ ત્યારે જ આવશે કે જ્યારે સ્વતંત્રપણે અમારા જ પગ ઉપર ઉભાં રહીને જગતની સહેલો કરીશુ ને મોટા કામો કરીશુ.

" અમારી તાલીમની તમે બહુ ચિંતા ન કરતાં. હજી સુધી તો તમે અમને તાલીમ આપી શકયાં નથી.

" બોટી ચિંતાઓ તમારી પાસે રાખો અને અમને અમારી પાખે નિર્ભય ઉડવા દો.

" અમે અમારૂ ફોડી લઇશુ. અમારી વચ્ચે આવશો નહિ. તમે તો મારીને અમને ચગદી માર્યા છે.

" ઓ છોકરાંઓ, માબાપોની વ્યર્થ વિધિ-નિષેધની જાળમા સપડાશો નહિ."

× × ×

આપણે માબાપોએ ચેતવું પડશે. **ગિ.**

માબાપોનો

વડવા, ભાવનગર
તા. ૧૪–૧૦–૩૦

પરમ પૂજ્ય .....

વિનતિ જે મારૂ બાળક (રતિલાલ) ત્યાં આવવા તલપી રહ્યું છે. મોઢામા બાલમંદિરના જ શબ્દો રમ્યા કરે છે. તમારૂ નામ ભૂલનો જ નથી પણ મારા કમભાગ્યવશાત્ મારી મોટી છોડી કાન્તા માદી પડવાથી એકલા આજ કેટલાય દિવસથી આવી શકતુ નથી. જો આપ ગાડીની વ્યવસ્થા કરી આપો તો મારા જેવા ગરીબ કોમના માણસ ઉપર મહદ્ ઉપકાર થાય ! એક અપવાદ રૂપે વાળંદ કોમ ઉપર ખાસ મહેરબાની કરી મારી જેવા ગરીબ કોમના બાળકને આપ કેળવણી માટે સગવડતા આપો તો મારી ઉપરનો જીંદગીનો ઉપકાર થશે. આપને આપેલ તસ્દી બદલ માફી માગુ છુ. મંદિર ફરી કયારે ઉઘડશે તે કૃપા કરી જણાવશો.

લે આપનો.

. . ..

નોંધ આ કાગળ સ્વતઃ બસ છે. એના ઉપર વિવેચન કરવાની જરૂર નથી. બાળકોનાં સદ્-ભાગ્ય વધતા આવે છે. વાળંદ જેવી કોમ પણ પછાત રહેવા નથી માગતી. માબાપોને ધન્યવાદ ઘટે છે. ત.ત્રી.

સહકાર

શાળાની બહાર

સારી વાત છે કે શિક્ષકભાઇઓ વિદ્યાર્થીઓને શાળાની બહાર ફરવા લઇ જાય છે. શાળાની ગોધણીમાથી છૂટીને નાચતા કૂદતા વિદ્યાર્થીઓને જોતા આનંદ થાય છે. તેઓને જે થોડી પણ મુક્તિ મળે છે તેથી તેમનાં દિલ ખીલી ઉઠે છે. તેઓ શાળાના શિક્ષક તરફ વધારે પ્રેમાળ અને અભિમુખ બને છે.

આ બહાર નીકળેલા વિદ્યાર્થીઓને શિક્ષકો

શું શું બતાવશે ? શું શું શીખવશે ?

એક તો શિક્ષકો વિદ્યાર્થીઓને શહેર કે ગામની અંદર લઇ-જઇ શકે. બીજું તેઓ તેમને સીમમાં અર્થાત્ ખુલ્લી કુદરતમાં લઇ જઇ શકે.

જો વિદ્યાર્થીઓને શહેરમાં લઇ જવામાં આવે તો ત્યાં તેમને શું બતાવશું ?

પ્રત્યેક ગામ કે શહેરમાં જોવાની જગાઓ છે. અનેક કારીગરોની દુકાનો એ નાના વિદ્યાર્થીઓ માટેનાં પ્રદર્શનો છે. જાતજાતની કારીગરીઓ કેમ ચાલે છે અને નમુના કેમ તૈયાર થાય છે તે જાણવું એ એક કિંમતી જ્ઞાન છે. મોટી ઉંમરે ઘણાઓને ખબર નથી હોતી કે ઇંટો કેમ પડાતી હશે અગર માટીનું કેમ ઘડાતું હશે અગર સાણસી કે સગડી કેમ બનતી હશે. બજારમાં વેચાતી ચીજો કેમ બને છે તે જોવાનું જ્યાં સુલભ હોય ત્યાં તો અવશ્ય બાળકોને તે બતાવવું જોઇએ. આ વિચારથી ગામની અંદરની ધાંચીની, મોચીની, દરજીની, સુતારની, વગેરે વગેરે નાના મોટા તમામ કારીગરોની જગાઓ તેમને બતાવવી જોઇએ.

વળી શહેરની અંદર કારખાનાંઓ અર્થાત્ યંત્રોથી ચાલતી પ્રવૃત્તિઓ હોય છે. આ પ્રવૃત્તિઓ કેમ ચાલે છે તે પણ બાળકોને છેક નાનપણથી જણાવવું જોઇએ. બરફ કેમ બને છે તેની બબર પચાસ વર્ષ સુધી બરફ ખાતાં આવેલ માણસને પણ હોતી નથી. સોડા-લીંબુ કેમ ભરાય છે તે સેંકડો માણસો જાણતાં નથી. મીલમાં કાપડ કેમ થાય છે તે પણ થોડા જ મીલમાં જનારાઓ જાણે છે. ઉપરાંત હમેશની ઉપયોગી ચીજો બનાવતાં કેટલાંયે યંત્રો કેમ કામ કરે છે તેની માહિતી ઘણાને નથી હોતી. આવી માહિતી ન હોવાને કારણે વિદ્યાર્થીઓનું લક્ષ તે તે ધંધાઓ પ્રત્યે જતું નથી. આગળ ઉપર તેઓ સામે માત્ર ભણવું એટલું જ રહે છે. માહિતીને અભાવે ધંધામાં કે કારીગરીમાં પડતાં તેઓ ગભરાય છે.

વળી શહેર કે ગામની અંદર રાજ્યવ્યવસ્થાને અને શહેર સુખાકારીને માટે કેટલાંએક ખાતાંઓ હોય છે. ટપાલ ઓફિસ, કોર્ટ, જેલ, મ્યુનીસિપાલ ઓફિસ, અખાડાઓ, જાહેર બાગો, ન્યાયકોર્ટ, પોલિસખાતું વગેરે વગેરે. એ બધું વિદ્યાર્થીઓને બતાવવા જેવું છે. એ જોવાથી તેમને તંત્રનો ખ્યાલ આવે. વર્તમાન પત્રોમાં તે વિષે આવતી વાતોને તેઓ સમજી શકે. સ્થાનિક બનાવોમાં તેઓ રસ લઇ શકે. એવું સહજ બનતું જોવામાં આવે છે કે મોટી ઉંમરના વિદ્યાર્થીઓને હાઇકોર્ટ કે રેવન્યુ ખાતું, કે એવા ખાતાની કશી ખબર હોતી નથી. એટલું જ નહિ પણ તેનાં નામો પણ ઘણી વાર ભણીગણી રહ્યા પછી જ તેઓ

ઘરમાં મોન્ટીસોરી

તારાબેન મોડક

માબાપો—ખાસ કરીને માતાઓને બાળઉછેર અને બાળકેળવણી માટે ઉત્તમ માર્ગદર્શક થઇ પડે તેવું પુસ્તક.

કિં. ૦-૮-૦ પો. ૦-૧-૬

બહુ જ થોડી નકલો બાકી છે. ઉતાવળે મંગાવી લેશો.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

સાંભળે છે અથવા જાણે છે.

વિદ્યાર્થીઓને ગામમાં લઇ જઇએ ત્યારે તેમને ગામના જીવનનાં અનેક પાસાંઓ પણ બતાવી શકીએ. ગામ સ્વચ્છ છે કે ગંદું, ગામની રચના કેવી છે, ગામનાં વાહનોની વ્યવસ્થા કેમ છે, ગામમાં કઇ જાતનો વેપાર વધારે દેખાય છે, ગામમાં કયો વર્ગ આગળ પડતો અગર ભણેલો છે, કેવી જાતના લોકો નિરુદ્યમી છે તો કેવી જાતના લોકો શહેરીજીવનમાં આગળ પડતો ભાગ લે છે. આ બધું વિદ્યાર્થીઓ આગળ ધીમે ધીમે હુશિયાર શિક્ષક મૂકી શકે છે.

ગામમાં જ્ઞાતિઓ હોય છે; તેમનાં મહાજનો અને પંચ હોય છે; તેમની વાડીઓ હોય છે. એ બધું જોવડાવી લોકોના સામાજીક રિવાજો શા શા છે તે બધું વિદ્યાર્થીઓને બતાવી તેમને સમાજજીવનની પ્રાથમિક જાણ આપી શકાય.

આવી રીતે ગામ કે શહેરની અંદર જ્યારે જ્યારે શિક્ષકો વિદ્યાર્થીઓને લઇ જાય ત્યારે તેમને ઘણું બતાવીને શાળા બહાર ફરવાનો ઘણો કિંમતી લાભ લેવડાવી શકે.

હવે વિદ્યાર્થીઓને જંગલમાં ફરવા લઇ જઇએ ત્યાં તેમને શું બતાવીએ તે જોઇએ. શિક્ષક તેમને પશુ, પક્ષી અને વનસ્પતિ સૃષ્ટિના પરિચયમાં રમત રમતમાં લાવી શકે છે.

એક તો જાતજાતનાં પક્ષીઓ ઓળખાવે. તેમના રંગો, પીંછાં, ઇંડાં, માળા, ઉડવાની રીત, ગાવાની કે અવાજ કરવાની રીત વગેરે વિદ્યાર્થીઓને બતાવે ને તેમાં તેમને રસ લેતા કરે. પક્ષીઓના પરિચયની એક વાર શરૂઆત થઈ એટલે વિદ્યાર્થીઓ જાતે જ તેમાં પડે છે. વિદ્યાર્થીઓને નવાં જોએલાં પક્ષીઓનાં નામો અને તેને લગતી હકીકતોની નોંધપોથી રાખતા કરવા.

એ જ પ્રમાણે જંગલનાં પશુઓના પરિચયને માર્ગે વિદ્યાર્થીઓને લઇ જવા.

જંગલમાં વિદ્યાર્થીઓને રસ્તાઓ શોધતાં શીખવવાનું બહુ અગત્યનું છે. તેઓને તે માટે પશુઓનાં પગલાંની ઓળખ કરાવવી. આ ગાયનાં પગલાં, આ હરણનાં વગેરે. તે ઉપરથી કયે રસ્તે કયું જનાવર ગયું છે તે જોવડાવવું. વળી માણસનાં પગલાંનું પગેરું કાઢતાં શીખવી શકાય; એટલે કે એક માણસ કોઇ રસ્તે ગયો હોય તો તેનાં પગલાં જોતાં જોતાં તેનો પત્તો કેમ લેવો તે બતાવવું. એક ટુકડી એક બાજુએથી ગઇ તો તેની પાછળ આવનારી ટુકડીને માટે ચિન્હો કેમ મૂકી જવાં, રસ્તાઓની દિશાઓ કેમ બતાવવી તે શિક્ષક બતાવી શકે છે. વિદ્યાર્થીઓએ અમુક જગાએથી વિખેરાઇ પાછા અમુક જગાએ આવવું અને તે માટે અમુક ચોક્કસ નિશાનો પારખતાં શીખવું એનું શિક્ષણ બહાર ફરવા જતી વખતે સારી રીતે આપી શકાય.

છોકરાઓને જંગલમાં લઇ જઇએ ત્યારે તેમને જંગલી વનસ્પતિ તેમ જ વનશ્રીનું દર્શન પણ કરાવવું. જાતેજાતનાં ઝાડોનાં નામો અપાય. તેમનાં પાંદડાં એકઠાં કરી તેમને ઓળખવાની રમત રમાય. તેમનાં ફળો મળે તો તેના સ્વાદ પણ લેવાય. અને જંગલમાં જઇને ઝાડો ઉપર ચડવાનું, હીંચકવાનું અને રમવાનું તો નં જ ચૂકાય.

જંગલમાં લઇ ગએલા વિદ્યાર્થીઓને દિશાઓ ઓળવાની જુદી જુદી રીતો શીખવવી જોઇએ.

ધ્રુવ કાંટાનો ઉપયોગ, સૂર્ય ચંદ્ર અને તારા ઉપરથી દિશાનું જ્ઞાન, વગેરે આપવું આવશ્યક છે.

જ્યારે વિદ્યાર્થીઓ જંગલમાં ફરે ત્યારે તેઓ છૂટા પક્ષીઓ જેમ વિચરે. તેમની જીજ્ઞાસા અને શોધક વૃત્તિને પૂરેપૂરી છૂટ મળે. તેઓના ઉપર શિસ્ત કે નિયમનના હુકમો ન છૂટે. તેમને વારે વારે આમ જવું ને તેમ જવું તેમ કહેવામાં ન આવે. તેઓને છૂટા કરવા: "જાઓ, અને જુઓ. શું ભાળો છો ? શું સાંભળો છો ? શું સ્પર્શો છો ? શું જાણો છો ? તમે અવલોકનોથી તમારી નોંધપોથીઓ ભરી લાવો. તમે ચિત્રોથી તમારી સ્કેચબૂકો ચિતરી લાવો. તમે તમારા બિસ્સા નવી નવી સંગ્રહવા લાયક ચીજોથી ઠાંસી લાવો." આવા પ્રેરણાના શબ્દો શિક્ષકોએ આપી વિદ્યાર્થીઓને રવાના કરવા જોઇએ.

વિદ્યાર્થીઓને કુદરતના પરિચયમાં આવતા રોકવા નહિ. નદીઓનાં પાણીમાં તેમને નહાવા દો; ડુંગરાઓ ઉપર ચડવા દો; કોતરો અને ગુફાઓમાં જવા દો. તેમનામાં રહેલ સાહસિક વૃત્તિને બહાર આવવા માટે અનેક ક્ષેત્રો તેમની સામે ખુલ્લાં મૂકો.

જૂનાં મંદિરો, બંડિયેરો, વાવ, કૂવા વગેરે સ્થળો વિદ્યાર્થીઓને અવશ્ય બતાવો. ત્યાંથી તેમનામાં શોધખોળનો શોખ જાગશે. ત્યાં ઉભાં ઉભાં જ તે તે સ્થળોને લગતી ઐતિહાસિક વાતો તેમને કહેજો. એથી વિદ્યાર્થીઓની દૃષ્ટિ વધારે ઐતિહાસિક બનશે.

જંગલમાં ફરતાં ફરતાં કોઈ વાર રાત્રિ રહેવાનો કાર્યક્રમ પણ ગોઠવી શકાય તો તેથી વિદ્યાર્થીઓને વળી વધારે સમૃદ્ધ કરવાની તક મળે. રખડી રઝળીને થાકેલા વિદ્યાર્થીઓને વિધવિધ રસવાળી વાર્તાઓ કહેવાય; ચાંદનીમાં રમતો રમાડાય; વાર્તાલાપ અને વિનોદનો આનંદ લેવડાવાય; દાંડિયારાસ, રાસ, બોટી લડાઇઓ વગેરે પ્રવૃત્તિઓ પણ ગોઠવાય.

આવે પ્રસંગે શિક્ષકો તથા વિદ્યાર્થીઓ બૂબ નજીકના પરિચયમાં આવે છે. વિદ્યાર્થીઓનાં અંતઃકરણો સહેજે ઢળેલાં હોય છે તે વખતે શિક્ષક તેમાં પેસીને તેમાં કાયમી સ્થાન મેળવી લે છે. આવી રીતે પ્રિય થઇ પડેલા આવા શિક્ષકનું શિક્ષણ અને નિયંત્રણ બન્ને ચોક્કસ સફળ થાય છે. **ગિ.**

ગામડામાં મોન્ટીસોરી

ગામડામાં મોન્ટીસોરી એ શબ્દદ્વય વિચિત્ર લાગે તેમ છે. જાણે કે બે અસંબદ્ધ વસ્તુઓ—એક બીજાની સાથે કદિ મેળ ન બાઈ શકે એવી વસ્તુઓ ભેગી મૂકી હોય !

આજે મોન્ટીસોરી શાળા કે મોન્ટીસોરી પદ્ધતિ વગેરે શબ્દોની સાથે જ આપણા મનમાં કાંઇક વિપુલતા, પુષ્કળતાનો બ્યાલ ઉભો થાય છે. કાંઇક ધનસંપત્તિને બળે જ પ્રાપ્ત કરી શકાય એવા શિક્ષણવિલાસોની ગંધ ઉત્પન્ન થાય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિજન્ય એવું, સમાજમાં માત્ર ફેશન કે શોભા તરીકે આવેલું એવું કાંઇક એવો ભાસ સ્પષ્ટ અસ્પષ્ટ થાય છે. પૈસા કયાં નાખવા તેની બબર ન પડતી હોય તેવાંઓએ પોતાની અનેક વિપુલતામાં એક કરવા જેવો વધારો લાગે છે. દરેક શરીરને જેમ બાવું પીવું બોઢવું પહેરવું તેમ દરેક લાગણી—બુદ્ધિ

વાળા પ્રાણીની જીવનની જરૂરીઆત તરીકે આ પદ્ધતિ કોઇ વર્ણવે તો તે વધારે પડતું ને અસમતોલ લાગે. એવી આ મોન્ટીસોરી પદ્ધતિને અને ગામડાને શું લાગે વળગે ? મોન્ટીસોરી પદ્ધતિ એટલે તો વિશાળ મકાનો અને ખર્ચાળ સાધનો અને ખર્ચાળ શિક્ષકો; તેનું અને ગામડાનું કેમ બને ? મોન્ટીસોરી પદ્ધતિ એટલે સાધનસંપત્તિ; તેને ગામડાની ગરીબી, ગામડાનો ભૂખમરો, ગામડાની દરેક જાતનીલાચારી સાથે કેમ જ બને ? મોન્ટીસોરી પદ્ધતિ એટલે સંસ્કારિતા અને સુઘડતા; તે ગામડાની અનઘડતા ને ગંદકીમાં કેમ પોસાય ?

આવી વિચારસરણી સ્પષ્ટ અસ્પષ્ટપણે આજે લગભગ દરેકના મનમાં ઉપસ્થિત થાય તેવું મોન્ટીસોરી વાતાવરણ છે. તેનું કારણ તો એક જ છે. આજે આપણે ત્યાં જે રીતે મોન્ટીસોરી શાળાઓ ચાલે છે તે મોટે ભાગે શ્રીમંતોને પોસાય તેવી દેખાય છે. કેટલાંએક સ્થળે લાભ લેનાર બાળકો મધ્યમ વર્ગનાં ને સામાન્ય સ્થિતિનાં હોય છે, તો પણ શાળાની સાધનસંપત્તિ એકાદ ગરીબ ગામડાને પોસાય તેવી હોતી નથી. સામાન્યતઃ આવો ખ્યાલ આજે જે પાંચ દસ શાળાઓ ચાલે છે તેના ઉપલક અવલોકનથી પેદા થાય તેમ છે. તેથી જ ગામડામાં મોન્ટીસોરી એ શબ્દપ્રયોગ કાનને વિચિત્ર લાગે છેઃ વિસંવાદી જણાય છે.

પરંતુ આપણે મોન્ટીસોરી પદ્ધતિનો આપણો ખ્યાલ જરા સચોટ કરશું તો માલુમ પડશે કે ગામડામાં મોન્ટીસોરી બહુ જ સારી રીતે શોભે તેમ છે; બહુ જ માફક આવે એમ છે એટલું જ નહિ પણ આવશ્યક પણ છે.

હા. મોન્ટીસોરીને ગામડામાં લઇ જવામાં આપણી આર્થિક નબળાઇને કારણે કદાચ તેનો થોડો અંશ છોડી દેવો પડે. પણ તેના સિદ્ધાંતો અને તેનો સામાન્ય પ્રકાશ ગામડાનાં ઉગતાં બાળકોને વધારે જરૂરી છે; અને કદાચ પ્રયોગાન્તે એમ પણ કહી શકાય કે ગામડાં જ એને સારી રીતે ઝીલવા યોગ્ય છે. મોન્ટીસોરી પદ્ધતિ જાણનાર અને ગામડાંની પરિસ્થિતિ સમજનાર આ વાતની સાક્ષી પૂરશે. દરેક ગ્રામ કેળવણી રસિકે આ પ્રશ્નનો વિચારી જોવો અને અજમાવી જોવો ઘટે છે.

તા.

એક અંક પૂછી વી.પી.

પત્રિકાનું આ વર્ષ હવે એક અંક પછી પૂરું થશે. બધા ગ્રાહકો વી.પી.ના ચાર આનાના વધારાના ખર્ચમાંથી બચવા માટે લવાજમનો રૂપીઓ એક તુરત મોકલવા માંડે. પરદેશના ગ્રાહકોએ આજથી જ બે શિલિંગ મોકલવા જેથી તેમને અંક વખતસર મળ્યા કરે. અગાઉથી મ. ઓ. થી લવાજમ મોકલવામાં અમને પણ અનુકૂળતા છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજ્જુ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

17529

17529